કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

સાપ્તાહિક

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૨ જૂલાઇ, ૨૦૨૬ રવિવાર
કિંમત રૂા.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૮ ◆વર્ષ : 33 ◆પાના -૧૪ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆GUJGUJ/2008/25151 ◆સંવત ૨૦૮૨ ◆ નિજ જેઠ વદ - ૧૩ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## ઓઈલ – ગેસ સપ્લાય સામે ફરી મોટું સંકટ

# પશ્ચિમ એશિયામાં ફરી યુદ્ધના વાદળો ઘેરાયા



**ઈરાને રવિવારે વિશ્વના સૌથી મહત્ત્વના દરિયાઈ વેપાર માર્ગો પૈકીના એક 'હોર્મુઝ સ્ટ્રેટ'ને આગામી નોટિસ સુધી અચોક્કસ મુદત માટે બંધ કરવાની જાહેરાત કરી : અમેરિકાનો તાબડતોડ વળતો પ્રહાર**

### ટ્રમ્પની ૧૦૦૦ મિસાઈલોની ચેતવણી

નવી દીલ્હી : આ તણાવ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ પોતાનું વલણ વધુ કડક કર્યું છે. તેમણે ચેતવણી આપી છે કે જૂનમાં થયેલો યુદ્ધવિરામ હવે સમાપ્ત થઈ ગયો છે. જો અમેરિકન હિતો પર હુમલો થશે તો કડક સૈન્ય કાર્યવાહી કરવામાં આવશે. ટ્રમ્પે એમ પણ દાવો કર્યો હતો કે અમેરિકાની ૧૦૦૦ મિસાઈલો સંપૂર્ણપણે તૈયાર છે અને જરૂર પડ્યે તેનો ઉપયોગ ઈરાન સામે કરવામાં આવશે. બીજી તરફ, ઈરાને ધમકી આપી છે કે જો સૈન્ય કાર્યવાહી ચાલુ રહેશે તો તે અમેરિકન અને સહયોગી દેશોના સૈન્ય મથકોને નિશાન બનાવશે.

### બંને દેશો વચ્ચે શાંતિના પ્રયાસો

નવી દીલ્હી : એક તરફ યુદ્ધની સ્થિતિ છે, તો બીજી તરફ ઓમાન, કતાર અને પાકિસ્તાન બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરાવવાના પ્રયાસો કરી રહ્યા છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ઓમાનના અધિકારીઓ સાથે મુલાકાત કરી છે. ઓમાને પ્રસ્તાવ મૂક્યો છે કે દક્ષિણ કોરિડોરમાંથી જહાજોને મુક્તપણે પસાર થવા દેવામાં આવે અને ઉત્તરીય માર્ગ માટે ઈરાનની મંજૂરી લેવામાં આવે. જોકે, ઈરાનના નવા સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ મોજતબા ખામેનેઈએ તેમના પૂર્વગામીના મોતનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી હોવાથી તણાવ વધુ વકર્યો છે.

### અમેરિકાનો તાબડતોડ વળતો પ્રહાર

નવી દીલ્હી : ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ બંધ થતાં જ અમેરિકન સેનાએ રવિવારે ઈરાનના સૈન્ય મથકો, IRGC સાથે જોડાયેલા ઠેકાણાઓ અને દક્ષિણી વિસ્તારોમાં વળતા હવાઈ હુમલા કર્યા હતા. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ ના જણાવ્યા અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા સાયપ્રસના કન્ટેનર જહાજ સ/ફ ષ્ઠ્રજી ષ્ઠજ્રીંકટઅ પર ઈરાન દ્વારા કરાયેલા હુમલાના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. ઈરાનના હુમલામાં જહાજ પર ભીષણ આગ ફાટી નીકળી હતી, એન્જિન રૂમને નુકસાન થયું હતું અને એક ક્રૂ મેમ્બર લાપતા છે. અગાઉ કતાર અને સાઉદી અરેબિયાના ત્રણ ટેક્નરો પર પણ હુમલા થયા હતા, જેનો આરોપ અમેરિકાએ ઈરાન પર લગાવ્યો છે.

નવી દીલ્હી : પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો ફરી એકવાર ઘેરાયા છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ હવે સીધા સૈન્ય સંઘર્ષમાં પરિણમતો જોવા મળી રહ્યો છે. ઈરાને રવિવારે વિશ્વના સૌથી મહત્ત્વના દરિયાઈ વેપાર માર્ગો પૈકીના એક 'હોર્મુઝ સ્ટ્રેટ'ને આગામી નોટિસ સુધી અચોક્કસ મુદત માટે બંધ કરવાની જાહેરાત કરી દીધી છે.ઈરાનના આ આક્રમક પગલાના થોડા જ કલાકોમાં અમેરિકાએ ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ પર હવાઈ હુમલાઓ શરૂ કરી દીધા છે,

અનુસંધાન પાના નં.૪ પર

## E20 પેટ્રોલ બંધ નહીં કરે સરકાર? ૧ લાખ કરોડ અને ખેડૂતો સાથે સંકળાયેલો છે આખો મામલો

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ઈ૨૦ પેટ્રોલને લઈને રાષ્ટ્રવ્યાપી બહેસ વચ્ચેકેન્દ્ર સરકારે તેની ઈથેનોલ મિશ્રણ નીતિનો મજબૂત રીતે બચાવ કર્યો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનું કહેવું છે કે, હવે ઈ૨૦થી ઈ૧૦ પેટ્રોલ પર પાછા ફરવાથી ઈથેનોલ ઉત્પાદન અને સંબંધિત માળખાગત સુવિધાઓમાં થયેલા આશરે ૧ લાખ કરોડનું રોકાણ જોખમમાં મુકાઈ શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મંત્રાલયના જણાવ્યા અનુસાર , જાહેર ક્ષેત્રની બેંકોએ વાર્ષિક આશરે ૧ લાખ કરોડનું નાણાકીય પોષણ ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા વધારવા અને તેની સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ માટે કર્યું છે.તાજેતરમાંસોશિયલ મીડિયા પર એવા દાવાઓ સામે આવ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ઈ૨૦ પેટ્રોલથી વાહનની માઈલેજ ઘટે છે અને એન્જિન, ઈંધણ ટાંકી અને રબર પાઈપ જેવા હિસ્સાઓને નુકસાન પહોંચાડી શકે છે. પરંતુ આ દાવાઓ પરમંત્રાલયે સ્વીકાર્યું કે, કેટલાક વાહનો ઈ૨૦નો ઉપયોગ કરતા કેટલાક વાહનોમાં માઈલેજ ૩ થી ૫ ટકા ઘટી શકે છે, પરંતુ એવા કોઈ વૈજ્ઞાનિક પુરાવા નથી કે તે સાબિત કરે કે તે એન્જિન અથવા અન્ય વાહનના ભાગોને નુકસાન પહોંચાડે છે.મંત્રાલયે કહ્યું કે સમય-સમય પર એવી અફવા ફેલાતી રહે છે કે ઈથેનોલથી એન્જિન જામ થઈ જશે, રબરના પાઈપ ખરાબ થઈ જશે અથવા ઈંધણની ટાંકીમાં કાટ લાગી જશે; જોકે, વૈજ્ઞાનિક પરીક્ષણોમાં આવા દાવાઓની પુષ્ટી થઈ નથી. સરકારનું કહેવું છે કે ઈથેનોલ ઉત્પાદન વધારવા માટે ખેડૂતો, સહકારી મંડળીઓ, ખાનગી કંપનીઓ, નાણાકીય સંસ્થાઓ અને સરકારી કંપનીઓએ હજારો કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.

## સ્માર્ટ સિટી અમદાવાદમાં પર્યાવરણીય ક્રાંતિ

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ગુજરાતમાંથી મેગા વૃક્ષારોપણ અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ

**શહેરમાં ૧૦૧ અને ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ૬૧ વિશેષ ઓક્સિજન પાર્ક વિકસાવાયા : કોર્પોરેટ કંપનીઓ CSR ફંડ હેઠળ છોડનું જતન કરશે: રૂ. ૪૦૫ કરોડના વિકાસકામોની ભેટ**






અમદાવાદ : કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે અમદાવાદ અને તેમના સંસદીય મતક્ષેત્ર ગાંધીનગરમાં સાર્વત્રિક વિકાસ અને પર્યાવરણીય ક્રાંતિના એક નવા અધ્યાયનો પ્રારંભ થયો છે. સ્માર્ટ સિટી અમદાવાદને પ્રદૂષણ મુક્ત અને હરિયાળું બનાવવાના ઉદ્દેશ્ય સાથે સાયન્સ સિટી ખાતે એક મેગા ગ્રીન ઈવેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ગૃહમંત્રીશ્રીએ ફેઝ-વાઈઝ સામૂહિક વૃક્ષારોપણ અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે જ શહેરીજનોને રૂ. ૪૦૫ કરોડના વિવિધ વિકાસકામો અને ગ્રીન ટ્રાન્સપોર્ટ લિંકની ભેટ પણ મળી છે.૨૨.૭૧ લાખથી વધુ છોડ વાવવાનું ભગીરથ લક્ષ્યાંક આ ગ્રીન મિશન અંતર્ગત અમદાવાદ શહેરના ૩૫ થી વધુ વ્યૂહાત્મક સ્થળો પર કુલ ૨૨,૭૧,૪૨૨ જેટલા નાના-મોટા છોડ વાવવાનું ભગીરથ લક્ષ્યાંક નક્કી કરી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ હેતુ માટે શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાં ૧૦૧ ઓક્સિજન પાર્ક વિકસાવવામાં આવ્યા છે, જે કુલ ૯,૬૬,૪૨૫ ચોરસ મીટર જેટલી વિશાળ સરકારી જમીનને આવરી લે છે.તેવી જ રીતે, ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં પણ પર્યાવરણને વધુ મજબૂત કરવા માટે ૬૧ વિશેષ પાર્કની અંદર ૬,૪૪,૫૨૨ ચોરસ મીટર એરિયામાં ૧૫,૯૬,૩૦૦ છોડ રોપવામાં આવશે.કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ વૃક્ષોનું જતન માત્ર વૃક્ષો વાવીને છોડી દેવાના બદલે તેના લાંબા ગાળાના

અનુસંધાન પાના નં.૪ પર

# પાદવાની ત્રેવડ નથી ને તોપખાનામાં નામ લખાવા હાલી નીકળ્યા છો! યુદ્ધની ચર ઉપડેલા જનરલ મુનીરને ભારતનો જડબાતોડ જવાબ

**પાકિસ્તાની ડિફેન્સ એક્સપર્ટ્સ પણ સમજી ચૂક્યા છે કે જો આ વખતે પાકિસ્તાને કોઈ અડપલું કર્યું, તો ભારતની આધુનિક હાઈટેક સેના પાકિસ્તાનનો નકશો બદલી નાખશે! : તેવા સમયે જનરલ અસીમ મુનીર ભારત સામે યુદ્ધના બણગાં ફૂંકે તે આત્મઘાતી સાબિત થશે**



નવી દિલ્હી : સિંધુ જળ કરાર મુદ્દે ભારતના કડક વલણના કારણે પાકિસ્તાનમાં અરેરાટી અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. સિંધુ નદીનું પાણી અટકી જશે તો આખું પાકિસ્તાન તરસ્યું મરશે તેવા રઘવાટ વચ્ચે, પાક સૈન્યના વડા જનરલ અસીમ મુનીરે પોતાની નાકામી છુપાવવા ભારત સામે ફરી એકવાર ભયભીત થઈને ડંફાસો મારવાનું અને ગીધડ ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું છે. મુનીરને ભારત સામે યુદ્ધ કરવાની જે નવી ચરવર ઉપડી છે, તેના પર ભારતીય જનતાએ સણસણતો પ્રહાર કરતા કહ્યું છે કે, પાદવાની ત્રેવડ નથી અને તોપખાનામાં ક્યાં નામ લખાવા હાલી નીકળ્યા છો?દેશના આંતરીક લોક અને લશ્કરી ગલિયારાઓમાંથી પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે ભારત સામે યુદ્ધનો વિચાર સુદ્ધાં કરતા પહેલાં પોતાનો ભૂતકાળ ચકાસી લેજો. ૧૯૭૧ના યુદ્ધમાં ભારતીય સેનાના પરાક્રમ સામે ઘૂંટણીયે પડીને પાકિસ્તાનના હજારો (૯૩,૦૦૦) સૈનિકોએ જીવની આજીજી કરી હતી અને હથિયારો હેઠા મૂક્યા હતા, તે શરમજનક ઈતિહાસ પાક સેના આટલી વહેલી ભૂલી ગઈ?'ઓપરેશન સિંદૂર' તો તાજો જ દાખલો છે, ગીધડ ધમકીઓ બીજા પર અજમાવો!ભારતીય સેના આજે આધુનિક ટેકનોલોજી અને 'ઈન્ટીગ્રેટેડ બેટલ ગ્રુપ' જેવા ઘાતક કમાન્ડો ફોર્સથી સજ્જ છે. તાજેતરમાં જ ભારતે પાર પાડેલું 'ઓપરેશન સિંદૂર' એ વાતનો જીવતો જાગતો પુરાવો છે કે ભારત ધારે ત્યારે દુશ્મનના ઘરમાં ઘૂસીને ઓપરેશન કરવાની ક્ષમતા ધરાવે છે.પાકિસ્તાન આજે આર્થિક રીતે કંગાળ થઈ ચૂક્યું છે, લોટ અને વીજળી માટે ત્યાંની જનતા રસ્તા પર લડી રહી છે, છતાં ત્યાંની સેના સત્તા પર ટકી રહેવા માટે ભારત વિરોધી પ્રોપ ગેન્ડા ચલાવી રહી છે. ભારતે સાફ શબ્દોમાં કહી દીધું છે કે આવી ખોટી ધમકીઓ બીજા દેશો સામે અજમાવો, આ નવું ભારત છે જે ગર્જના પણ કરે છે અને જો દુશ્મન સરહદ પાર કરવાનો પ્રયાસ કરે તો તેને ત્યાં જ દફનાવવાની તાકાત પણ રાખે છે!ખુદ પાકિસ્તાનના સુરક્ષા નિષ્ણાંતો પણ જનરલ મુનીરની આ હરકતોથી ચિંતિત છે અને કહી રહ્યા છે કે ભારત સામેનું કોઈ પણ અડપલું પાકિસ્તાન માટે આત્મઘાતી અને વિનાશકારી સાબિત થશે. હવે જોવાનું એ રહેશે કે આ કડક આંતરરાષ્ટ્રીય તમાચા પછી પાક સૈન્ય વડા ભાનમાં આવે છે કે પછી પોતાના જ દેશને બરબાદી તરફ ધકેલે છે!

## તાઈવાન પર ચીનનો 'સાઈલન્ટ' હુમલો? યુદ્ધ વગર દેશને અલગ-થલગ કરી શકે છે ડ્રેગન

નવી દીલ્હી :દાયકાઓથી આપણે યુદ્ધની વ્યાખ્યામાં તોપ, મિસાઈલ અને સૈનિકોના જંગની કલ્પના કરી છે. પરંતુ, તાઈવાનને લઈને ચીનની બદલાતી રણનીતિએ વિશ્વના સંરક્ષણ નિષ્ણાતોને ચોંકાવી દીધા છે. હવે ચીન સીધું આક્રમણ કરવાને બદલે એક એવી રમત રમી રહ્યું છે જેમાં એક પણ ગોળી ચલાવ્યા વગર આખા દેશને 'આઈસોલેટ' અથવા અલગ-થલગ કરી શકાય છે.આ અભિગમ માત્ર સૈન્ય તાકાતનો નથી, પરંતુ આર્થિક, સાયબર અને મનોવૈજ્ઞાનિક દબાણનો એક ઘાતક સમન્વય છે.ડિફેન્સ એક્સપર્ટ્સ આ નવી રણનીતિને 'ગ્રે ઝોન' વોરફેયર તરીકે ઓળખે છે. આ એક એવી વ્યૂહરચના છે જેમાં ચીન સીધું મોટું યુદ્ધ શરૂ કરવાને બદલે, સતત દબાણ વધારતું રહે છે. ચીનનો ઉદ્દેશ્ય તાઈવાન પર રાતોરાત કબજો કરવાનો નથી, પરંતુ તાઈપેઈ (તાઈવાનની રાજધાની) ને એ વાતનો અહેસાસ કરાવવાનો છે કે, ચીન સામે સતત પ્રતિકાર કરવો આર્થિક અને સામાજિક રીતે કેટલો મોંઘો પડી રહ્યો છે.

તાઈવાન એક ટાપુ છે, જે તેના મોટાભાગના ઊર્જા સંસાધનો, અનાજ અને કાચા માલ માટે દરિયાઈ માર્ગ પર નિર્ભર છે. ચીન અહીં જ તેની પકડ મજબૂત કરવા માંગે છે. સીધા હુમલાને બદલે, ચીનની નૌકાદળ અને કોસ્ટ ગાર્ડ તાઈવાનના મુખ્ય બંદરોની આસપાસ 'સુરક્ષા તપાસ' અથવા 'સમુદ્રી નિયંત્રણ' ના નામે જહાજો ગોઠવી શકે છે.

## દેશના ૭૦ ટકા વિસ્તારમાંથી અચાનક વરસાદી વાદળો ગૂમ

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : ભારતમાં અનેક રાજ્યોમાં ધોધમાર વરસાદ પડયો હતો, હવે અચાનક દેશના લગભગ ૭૦ ટકા વિસ્તારમાં વરસાદી વાદળો ગાયબ થઈ ગયા હોવાનું સેટેલાઈટ તસવીરોમાં સામે આવ્યું છે. અને વરસાદ પાછો ખેંચાયો છે. આમ થવા પાછળનું કારણ ચક્રવાત હોવાનું માનવામાં આવે છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સામાન્ય રીતે ભેજવાળા પવન સાથે જોડાયેલુ માનવામાં આવે છે. જે હિંદ મહાસાગરમાંથી આવે છે. જોકે તાજેતરમાં પશ્ચિમ પેસિફિકમાં શક્તિશાળી ચક્રવાતને પગલે આ તમામ ભેજ ખેંચાઈ ગયો જેને કારણે વરસાદી વાદળો નથી બની રહ્યા. આ કારણસર દેશમાં આશરે ૭૦થી ૮૦ ટકા વિસ્તારમાં હાલ વરસાદ નહીવત અથવા બહુ જ સામાન્ય છે.

જોકે તેનાથી ચિંતા કરવાની જરૂર નથી તેમ હવામાન વિભાગે કહ્યું છે, આગામી કેટલાક દિવસોમાં મધ્ય ભારતમાં ભારે વરસાદની શક્યતાઓ છે. નવ જુલાઈ સુધીમાં દક્ષિણપશ્ચિમ ચોમાસાએ સમગ્ર દેશને આવરી લીધો હતો. કેટલાક રાજ્યોમાં ધોધમાર વરસાદ પડયો હવે જ્યારે ચોમાસાએ કેટલાક રાજ્યોમાં આંશિક બ્રેક મારી હોવાથી તાપમાન પણ વધી રહ્યું છે.

## ઓમર અબ્દુલ્લાનો ભાજપ પર પાર્ટી તોડવાનો મોટો આરોપ

(એજન્સી દ્વારા) શ્રીનગર : જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ભાજપ પર અત્યંત ગંભીર આરોપ લગાવ્યો છે. તેમનો દાવો છે કે 'ભાજપે તેમની સરકાર પાડવા માટે નેશનલ કોન્ફરન્સના એક ધારાસભ્યને ૨૦થી ૩૦ કરોડ રૂપિયા આપવાની લાલચ આપી હતી. સાથે જ પક્ષ બદલવાના બદલામાં તેમને મંત્રી પદ અને રાજ્યનો દરજ્જો બહાલ કરાવવાનો ભરોસો આપવામાં આવ્યો હતો'. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનું કહેવું છે કે, તમામ હથકંડા અપનાવ્યા પછી પણ, ભાજપ તેમના એક પણ ધારાસભ્યને તોડી શકી નથી, તેથી કેન્દ્ર સરકારે તેમની શરાફત કે શાંતિને નબળાઈ સમજવાની ભૂલ બિલકુલ ન કરવી જોઈએ. આ મામલો સામે આવ્યા બાદ, રાજ્યના રાજકારણમાં ફરી એકવાર ભારે ગરમાગરમી જોવા મળી રહી છે.શ્રીનગરના હઝરતબલમાં આયોજિત કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરતા મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ જોરદાર ભડાસ કાઢી હતી. તેમણે મંચ પરથી

અનુસંધાન પાના નં.૪ પર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૪૯મી રથયાત્રાની પૂર્વ તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાની ઉચ્ચ સ્તરીય સમીક્ષા કરી



ગાંધીનગર : અમદાવાદ મહાનગરમાં ૬ મિની રથયાત્રાઓ સહિત રાજ્યભરમાં વિવિધ સ્થળોએ યોજાતી ૨૩૦ રથયાત્રાઓ શાંતિ અને સલામતિ પૂર્વક પાર પાડવા મુખ્યમંત્રીશ્રીએ માર્ગ દર્શન આપ્યું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં પરંપરાગત રીતે યોજાતી રથયાત્રા અંતર્ગત ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા આગામી અષાઢી બીજના ૧૬ જુલાઈના દિવસે ઉમંગ અને ઉત્સાહ સાથે શાંતિ, સલામતિ અને સફળતા પૂર્વક પાર પાડવા માટેની પોલીસ અને મહાનગરપાલિકા તંત્રની તૈયારીઓની ઝીણવટ પૂર્વકની સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં વિવિધ સ્થળો જે ૨૩૦ જેટલી રથયાત્રાઓ નીકળે છે તે શાંતિ પૂર્વક, સલામતિ-સુરક્ષાના વાતાવરણમાં પૂર્ણ

અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
**કચ્છ ઉદય**

**તંત્રી સ્થાનેથી....**

**નિજ જેઠ વદ-૧૩, તા.૧૨ જૂલાઇ, રવિવાર**

## મોદીની વૈશ્વિક મંચ પર ગર્જના : કોને આપ્યો કડક સંદેશ?



ઓપરેશન સિંદૂર તો માત્ર ડેમો હતો.“સ્થાનિક વહીવટ ભલે કુંભકર્ણની નિદ્રામાં હોય, પરંતુ આંતરરાષ્ટ્રીય કૂટનીતિના મંચ પર ભારતની તાકાતનો ડંકો વાગી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના પોતાના ત્રીજા સત્તાવાર પ્રવાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવાસી ભારતીયોને સંબોધતા આપેલું નિવેદન. ઓપરેશન સિંદૂર તો માત્ર ડેમો હતો, અસલી પિક્ચર હજુ બાકી છ. તે નવા ભારતના બદલાયેલા મિજાજનો પુરાવો છે. પીએમ મોદીએ આ એક જ વાક્યથી સરહદ પારના દુશ્મનોને ચેતવણી આપી દીધી છે કે ભારત હવે પોતાના નાગરિકો અને હિતોની રક્ષા માટે વિદેશી ધરતી પર પણ ઓપરેશન કરવાની ક્ષમતા ધરાવે છે. સાથે જ ગ્લોબલ રોકાણકારોને સંકેત આપ્યો છે કે ભારતની આર્થિક ક્રાંતિ તો હજી શરૂઆત છે. વિદેશની ધરતી પરથી મળેલો આ મજબૂત રાજકીય મેસેજ દર્શાવે છે કે આગામી દિવસોમાં દેશની અંદર કે બહાર મોટા અને કડક નિર્ણયો લેવામાં સરકાર જરાય અચકાશે નહીં.અંતમાં એટલું જ...“આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની મજબૂત છબી અને પીએમ મોદીનું અસલી પિક્ચર હજુ બાકી છે” તેવું વિઝન ત્યારે જ સાર્થક થશે જ્યારે દેશની અંદરનું સ્થાનિક પ્રશાસન પણ એટલું જ પ્રમાણિક અને મજબૂત બનશે.

# કચ્છમાં પવનનું જોર યથાવત : વાહનચાલકો પરેશાન

**હવામાન વિભાગની આગામી ત્રણ દિવસ ભારે પવન ફૂંકાવાની આગાહીઃ દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ૬૦ કિલોમીટર સુધી પહોંચવાની સંભાવના**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. જિલ્લાભરમાં તીવ્ર ગતિએ ફૂંકાયેલા પવનના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. ભારે પવનના પગલે સમગ્ર પંથક ધૂંધળો બની ગયો હતો અને જાણે ધૂળનો વરસાદ થઈ રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. પવનના પ્રકોપના કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં વીજ કંપનીના કર્મચારીઓને ભારે દોડધામ કરવી પડી હતી. આ વેગીલા વાયરાના લીધે માર્ગો પર સતત રજકણો ઊડતી હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે ઘરોમાં ધૂળ ભરાઈ જવાથી ગૃહિણીઓની મુશ્કેલીઓમાં પણ વધારો થયો હતો. ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી, નખત્રાણા અને મુંદરા સહિતના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અને ખાસ કરીને રણ સરહદ નજીકના ગામડાઓમાં પ્રતિ કલાક ૩૫ થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો.સ્થાનિક હવામાન કચેરીના અહેવાલ મુજબ હાલ સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ વિરામ લીધો છે, પરંતુ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાના કારણે ચોમાસુ પવનો ભારે જોર પકડી રહ્યા છે. આ પરિસ્થિતિ આગામી ત્રણ દિવસ સુધી યથાવત્ રહેવાની શક્યતા છે, જેમાં કચ્છ સહિતના વિસ્તારોમાં પવનની ગતિ ૪૦ કિલોમીટર સુધી રહી શકે છે, જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં આ વેગ વધીને ૬૦ કિલોમીટર સુધી પહોંચવાની આશંકા છે. આ તીવ્ર પવનના કારણે ખેતરોમાં ઉભેલા કુમળા પાકને મોટું નુકસાન થવાની ચિંતા ખેડૂતો સતાવી રહી છે.

### ભુજમાં વૃક્ષ ધરાશાયી થયું

ભુજ : ભારે પવનના કારણે પાટનગર ભુજના સરપટ નાકા નજીક એક મોટું વૃક્ષ રસ્તાની અધવચ્ચે જ જમીનમાંથી ઉખડીને ધરાશાયી થયું હતું. બપોરનો સમય હોવાથી સદનસીબે કોઈ જાનહાનિ કે મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ વાહનોની અવરજવર માટેનો મુખ્ય માર્ગ બંધ થઈ ગયો હતો. આ ઉપરાંત શહેરના માર્ગો પર ડિવાઈડર પર લગાવેલા વૃક્ષોના લોખંડી પાંજરા અને કેટલાક નાના સાઈનબોર્ડ પણ પવનના વેગમાં નમી ગયા હતા.

### ચોમાસાની જમાવટ ઓસરી : આગામી સાત દિવસ વરસાદની નહિવત સંભાવના

ભુજ - કચ્છઉદય : ગુજરાતમાં વરસાદની જમાવટ હવે ઓસરી ગઈ છે. હવામાન વિભાગની નવી આગાહી અનુસાર, આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં માત્ર હળવાથી સામાન્ય વરસાદની જ શક્યતા છે. સેટેલાઈટ તસવીરોમાં વાદળો ગાયબ થઈ જતાં વરસાદની ગેરહાજરીને કારણે હવે ફરી ગરમી અકળાવશે.

બીજી બાજુ, હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર જુલાઈના મધ્યથી લઈને ઓગસ્ટની શરૂઆત સુધી રાજ્યમાં ફરી વરસાદી માહોલ જામવાની શક્યતા છે. ૧૩ જુલાઈથી ૧૬ જુલાઈ દરમિયાન રાજ્યમાં લોકલ વેધર સિસ્ટમ સક્રિય થવાના કારણે અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદની સારી શક્યતા છે. આ સાથે ૨૭ જુલાઈથી ૩૦ જુલાઈ દરમિયાન વરસાદનો વધુ એક મજબૂત રાઉન્ડ આવી શકે છે. આ સમયગાળા દરમિયાન કચ્છ - સૌરાષ્ટ્ર, દ્વારકા, જામનગર, પોરબંદર તેમજ દક્ષિણ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## ગાંધીધામ એ-ડિવિઝન પોલીસનો જુગાર પર પ્રહાર : ચાર જુગારીઓ ઝડપાયા



ગાંધીધામ : ગાંધીધામ શહેરમાં જુગારની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા એ-ડિવિઝન પોલીસે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પોલીસ અધિક્ષક સાગર બાગમાર અને નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. રાઠોડની આગેવાનીમાં સર્વેલન્સ સ્ટાફે ખાનગી બાતમીના આધારે નવી સુંદરપુરીના તલાવડી ફળિયામાં દરોડો પાડી જુગાર રમતા ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં દશરથભાઈ મુળજીભાઈ પ્રજાપતી, મનોજભાઈ વાઘજીભાઈ ઠક્કર, રસીલાબેન ઉર્ફે બોડી દોલતગર ગુંસાઈ અને ધર્માબેન ખોડાભાઈ ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી રૂ. ૧૩,૭૦૦ની રોકડ રકમ અને ગંજીપાનાં પત્તા કબજે કર્યા હતા. આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ભુજના કંઢેરાઈ ગામે ખારેક ઉતારતા સમયે કરંટ લાગતા યુવાનનું મોત

**ભારે પવનના કારણે લોખંડની સીડી ફંગોળાઈને વીજતારને અડી જતા બન્યો બનાવ**

ભુજ - કચ્છઉદય : એકતરફ હાલ સમગ્ર ગુજરાતમાં ખેતરોમાંથી પસાર થતા વીજ વાયરોનો વિરોધ થઈ રહ્યો છે. કારણ કે વળતર ઓછું અને જોખમ વધારે છે અને છેલ્લા બે દિવસથી વરસાદ ઝંખતા કચ્છમાં ભારે પવન ફુંકાઈ રહ્યો છે. રોડ પર ઉભા રહો તો પણ જીવનું જોખમ રહે છે. જયારે ટુ વ્હીલર ચાલકોને સતત ધુળના કારણે વાહન હંકારવું મુશ્કેલ બની રહ્યું છે. ગઈકાલે ભુજ તાલુકાના કંઢેરાઈ ગામે ભારે પવનના કારણે યુવાનને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. પધ્ધર પોલીસમાંથી મળતી વિગતો મુજબ મુળ રાજસ્થાનના હાલે રેલડી કંઢેરાઈ વિસ્તારમાં રહીને મજુરી કામ કરતા પરિવાર પર આઘાત આવી પડયો હતો. હતભાગી ૨૬ વર્ષિય મહેશભાઈ રાજુભાઈ કટારા ખારેકના ઝાડ પર લોખંડની સીડી વડે ચડીને ખારેક ઉતારતા હતા, એ દરમ્યાન નીચે ઉતરતી વખતે ભારે પવનના કારણે લોખંડની સીડી ફંગોળાઈને વીજતારને અડી જતા કરંટ લાગ્યો હતો. તાત્કાલિક સારવાર માટે જી.કે. માં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી છવાઈ જવા પામી હતી. હાલમાં કચ્છના મોટા ભાગના ખેતરો અને વાડી વિસ્તારમાં આ પ્રમાણે વીજ તારો પસાર થાય છે. ભારે પવન અને વરસાદની સ્થિતિમાં વાયર તુટી પડવા, જીવંત વીજ પ્રવાહ સહિતની ઘટનાઓ બનતી હોય છે ત્યારે તકેદારી રાખવી જરૂરી બની રહી છે.

## માતાનામઢ મંદિર સામે આવેલ બંધારાની તાકીદે મરામત કરો

**વધુ પડતા વરસાદમાં કોઈ જાનહાની થાય તે પહેલા કામ કરવા ગ્રા.પં. વહીવટી તંત્રને તાકીદ કરી**





નખત્રાણા - કચ્છ ઉદય : તીર્થધામ માતાનામઢ આશાપુરા મંદિર સામે આવેલ ગામના બંધારાની અત્યંત જર્જરિત અને જોખમી હાલત હોતા ગ્રા. પં. માતાનામઢના સરપંચ કાસમભાઈ કુંભારે વહીવટી તંત્રને જાણ કરતા સિંચાઈ ટીમ નિરીક્ષણ કર્યું હતું.

ગ્રા.પં.ના સુકાની કાસમભાઈ કુંભારે કહ્યું કે, મા.મઢ મંદિર સામે આવેલ સિંચાઈ વિભાગ હસ્તકનો બંધારાની હાલત અતિ જર્જરિત છે. ગત વર્ષે ભારે વરસાદમાં બંધારામાં મોટા પ્રમાણમાં તિરાડો પડી હતી અને નુકસાન જોવા મળ્યો હતો. ગત વર્ષે સતત વરસાદના કારણે પાણી ભરાવાના લીધે બંધારો ગમે તે ઘડીએ તુટી પડે તેવી ચિંતાજનક દહેશત ઊભી થઈ હતી. આ બાબતે સિંચાઈ વિભાગને રજૂઆત પણ કરી છે.

હવે જો વરસાદ ભારે પડે તો આ બંધારાનું ધબાય નમઃ નકી. જો બંધારો તુટે તો ગામની ખેતીની જમીનો, રહેણાક વિસ્તાર, માર્ગ, મંદિર, પશુધન, જાનમાલને નુકસાન થઈ શકે છે. આ બાબતે આજે સિંચાઈ ખાતાના જવાબદારોએ બંધારાની મુલાકાત પણ લીધી છે. આગળ આ બંધારાની તાકીદે મરામત કરવા ગ્રા.પં.ની સરપંચ સહિત તમામ અધ્યક્ષો સાથે રાખી સ્થળ નિરીક્ષણ પણ કર્યું હતું.

## લાખોંદ ટોલગેટ પાસે જમીન બાબતે મારામારી

ભુજ - કચ્છઉદય : તાલુકાના લાખોંદ ટોલગેટની પાસે ઠક્કર લોજ નજીક જમીન બાબતે મારામારી થઈ હતી. ફરીયાદી લાખોંદમાં રહેતા રવજીભાઈ જેસંગભાઈ બરાડીયાના જણાવ્યા પ્રમાણે ગામના આરોપી ઈશ્વર વાલજી બરાડીયા, માધવ હીરજી બરાડીયા, દિપક કરશન ઉર્ફે શંભુ બરાડીયા સામે ગુનો દાખલ કરાવ્યો હતો. ફરીયાદી અને આરોપીના મોટા બાપા વચ્ચે દોઢ મહિના અગાઉ જમીનના રસ્તા બાબતે બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખીને ફરીયાદીને લાકડાના ધોકા વડે માર મારી છરી વડે ઈજા પહોચાડવામાં આવી હતી. જે બાબતે પધ્ધર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

--------





### ભુજમાં છુટાછેડા બાબતે ધાક ધમકી કરાઈ

ભુજ - કચ્છઉદય : શહેરમાં છુટા છેડા બાબતે ધાક ધમકી કરવામાં આવતા ફરીયાદ નોંધાઈ હતી. આ બાબતે એ ડીવીઝન પોલીસમાંથી મળતી વિગતો મુજબ ફરીયાદી પુજાબેન રમણીકલાલ પલણે જણાવ્યું કે, તેમણે આરોપી સચીન રમેશભાઈ જેઠી સાથે છુટાછેડા લીધા છે. જે બાબતનું મનદુઃખ રાખીને ફરીયાદી સાથે ધાક ધમકી કરી બોલાચાલી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાબતે એ ડીવીઝનમાં ગુનો દાખલ કરાયો હતો.

---------

### ભુજના આરટીઓ સર્કલ પાસે સપ્તાહ અગાઉ થયેલા અકસ્માતમાં ફોજદારી

ભુજ - કચ્છઉદય : શહેરના આરટીઓ સર્કલ પાસે પટેલ ટ્રાવેલ્સની ઓફીસ સામે સપ્તાહ અગાઉ અકસ્માત થયો હતો. જેમાં છકડા રીક્ષા ચાલકે ફરીયાદ નોંધાવી છે. જેષ્ઠાનગરમાં રહેતા કમલેશ લધારામ ભાનુશાલીએ બી ડીવીઝનમાં જણાવ્યું કે, કાર નંબર જી.જે.૩૯ ટીસી ૦૦૩૮ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે ચલાવી રીક્ષાને ટક્કર મારતા ફરીયાદીને ફ્રેકચર સહિતની ઈજાઓ પહોંચાડી હતી. જયારે રીક્ષામાં બેઠેલા પેસેન્જર રાહુલભાઈ, કૌશિકભાઈ, રાજાભાઈ, રાહુલસિંહને ઈજાઓ થઈ હતી અને રીક્ષામાં નુકશાન થયું હતું. અકસ્માત સર્જીને ચાલક ભાગી ગયો હતો. જે અંગે બી ડીવીઝનમાં ગુનો દાખલ કરાયો છે.

-------

## મુંદરામાં અદાણી સોલાર કંપનીના કેબલ યાર્ડમાંથી ૭.૮૪ લાખનો કેબલ ચોરાયો

ભુજ - કચ્છઉદય : જિલ્લામાં મુંદરા અને ખાવડા વિસ્તારમાં ચોરીની ઘટના સામે આવી છે. જેમાં ૧૨ લાખ જેટલો મુદ્દામાલ ચોરાયો હતો.

મુંદરા વિસ્તારમાં આવેલ અદાણી સોલાર કંપનીમાં આવેલ ઓપન સ્ટોરેક કેબલ યાર્ડમાંથી ચોરી થઈ હતી. ફરીયાદી મુળ મોરબી જિલ્લાના જેતપરના દિનેશકુમાર ઠાકરશીભાઈ અમૃતીયાએ જણાવ્યું કે, કોઈ ચોર ઈસમો દ્વારા કંપનીમાં યાર્ડમાં રાખવામાં આવેલ ૨૦૦ મીટર આઈકોર બ્લુ વાયર કિંમત રૂા. ૨,૯૩,૪૦૦ તથા અન્ય ૧૫૦ મીટર વાયર ૪,૯૦,૮૦૦ મળી કુલ્લ ૭,૮૪,૨૦૦ ના મુદ્દામાલની ચોરી કરવામાં આવી હતી. જે અંગે મુંદરા પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

**આરઈ પાર્કમાં કોપર બસબાર અને પટીઓનો ચાર લાખનો મુદ્દામાલ ચોરાયો**

આ તરફ ખાવડા અદાણી પાર્કમાં રેન્જ પાવર ઈન્ફ્રા કંપનીમાંથી ૨.૫૦ લાખની ૨૫ કોપરની બસબાર અને ૧૫૦ કિલો કોપર પટ્ટીઓના ગુંચડા કિંમત રૂા. ૧.૫૦ લાખ મળી કુલ્લ ૪ લાખના મુદ્દામાલની ચોરી કરવામાં આવી હતી. જે અંગે ખાવડા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## તુણામાં પાણીની તીવ્ર અછત વચ્ચે મુખ્ય માર્ગ પર પાણીનો વેડફાટ

**તંત્રની ઘોર ઉદાસીનતા સામે ગ્રામજનોમાં આક્રોશ**

અંજાર - કચ્છઉદય : અંજાર તાલુકાના તુણા ગામમાં પીવાના પાણીની વિકટ સમસ્યાએ હવે અત્યંત ચિંતાજનક સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા લાંબા સમયથી ગામના અમુક ચોક્કસ ફળિયા અને શેરીઓમાં પાણી ન પહોંચવાના કારણે ગ્રામજનો દૈનિક જરૂરિયાતો માટે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગામના કેટલાક વિસ્તારોમાં છેલ્લા એક મહિનાથી પાણી મળ્યું નથી, તો વળી કેટલાક ફળિયામાં તો છેલ્લા એક વર્ષથી પાણીની પાઈપલાઈન માત્ર શોભાના ગાંઠિયા સમાન બનીને રહી ગઈ છે. એક તરફ આખું ગામ પાણીના એક-એક ટીપાં માટે તરસતું હોવાથી હાહાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે, તો બીજી તરફ વહીવટી તંત્રના અંધેર વહીવટના કારણે ગામના મુખ્ય માર્ગ પર જ પીવાના પાણીની લાઈનમાં મોટું લીકેજ હોવાથી રોજ હજારો લિટર પાણીનો બેફામ બગાડ થઈ રહ્યો છે.

આ ગંભીર પરિસ્થિતિ અંગે સામાજિક કાર્યકર ખીમજી પરમાર દ્વારા તલાટી-કમ-મંત્રી અને સ્થાનિક તંત્રને અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્રની ઘોર ઉદાસીનતાને કારણે પરિસ્થિતિ આજે પણ ‘જૈસે થે’ સ્થિતિમાં જ જોવા મળી રહી છે. સરકારી તંત્ર દ્વારા પાણીના આ ગંભીર બગાડને રોકવા કે ગ્રામજનોને પૂરતો પાણી પુરવઠો પૂરો પાડવા માટે અત્યાર સુધી કોઈ નક્કર કે સકારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી.

આ અંગે સામાજિક કાર્યકર ખીમજી પરમારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગામમાં એક તરફ લોકો પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે અને બીજી તરફ મુખ્ય રોડ પર કિંમતી પાણી વહીને વ્યર્થ જઈ રહ્યું છે, જે તંત્રની ગંભીર બેદરકારી દર્શાવે છે.

તેમણે ચીમકી ઉચ્ચારતા વધુમાં જણાવ્યું હતું કે, જો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી પાણી પુરવઠો નિયમિત કરવામાં નહીં આવે અને પાણીનો થઈ રહેલો બગાડ અટકાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ગ્રામજનોને સાથે રાખીને સ્થાનિક તંત્ર સામે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

## વોંધમાં જુગાર રમતા પાંચ શખ્સ ઝડપાયા, રૂ. ૩૧,૧૫૦નો મુદ્દામાલ જપ્ત

ભચાઉ : ભચાઉ પોલીસે વોંધ ગામ નજીક રામદેવપીર મંદિર પાસે જાહેરમાં ગંજીપાનાં વડે પૈસાની હારજીતનો જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડી તેમની પાસેથી કુલ રૂ. ૩૧,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે યુવરાજસિંહ દીપસિંહ ઝાલાની ટીમે વોંધ ગામના પુલ નજીક લીમડાના ઝાડ નીચે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન માનસંગભાઈ છગનભાઈ કોલી (ઉ.વ.૪૦), કાનાભાઈ છગનભાઈ કોલી (ઉ.વ.૨૬), જીતુભાઈ અરજણભાઈ કોલી (ઉ.વ.૩૦), અનવર ઈબ્રાહીમ કુંભાર (ઉ.વ.૩૨) અને અકબર ફકીરમામદ ખલીફા (ઉ.વ.૩૧), રહે. મહારાષ્ટ્ર કોલોની, વોંધ, જાહેરમાં જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૫,૧૫૦ની રોકડ, પાંચ મોબાઈલ ફોન કિંમત રૂ.૧૬,૦૦૦ તથા ગંજીપાનાં પાનાં મળી કુલ રૂ.૩૧,૧૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બનાવ અંગે જુગારધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી એએસઆઈ રવજીભાઈ બાબુભાઈ લોંચા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### રાપરનો યુવાન આદીપુર જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ ગુમ

રાપર : રાપરના તિરુપતિનગર વિસ્તારમાં રહેતો એક યુવાન પોતાના મામાના ઘરે આદીપુર જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ ગુમ થઈ જતા રાપર પોલીસમાં ગુમ થયાની નોંધ કરવામાં આવી છે. ફરિયાદ મુજબ વિશાલભાઈ સંજયભાઈ મકવાણા (ઉ.વ.૩૦), રહે. તિરુપતિનગર, રાપર, તા. ૯ જુલાઈના રોજ બપોરે ઘરેથી આદીપુર જવાનું કહી નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ પરત ફર્યા ન હોવાથી પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. કોઈ ભાળ નહીં મળતા આખરે રાપર પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવવામાં આવી છે. રાપર પોલીસે ગુમ થયેલા યુવાનની શોધખોળ શરૂ કરી છે અને તેના અંગે કોઈ માહિતી મળે તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અપીલ કરી છે.

## અંજારના મેઘપર કુંભારડીમાં ઓફિસમાં ઘૂસી તોડફોડ કરતા બે શખ્સો સામે ફરિયાદ

અંજાર : અંજાર તાલુકાના મેઘપર કુંભારડી વિસ્તારમાં આવેલી એક ઓફિસમાં ઘૂસીને તોડફોડ કરવા તેમજ ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ બે શખ્સો વિરુદ્ધ અંજાર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ અનુસાર, અંજારના મેઘપર બોરીચી (વિજયનગર) ખાતે રહેતા અને ખાનગી નોકરી કરતા ૨૯ વર્ષીય રામકૃષ્ણ ઉર્ફે લાલો ગિરજાશંકર વ્યાસને ગત તારીખ ૦૯/૦૭/૨૦૨૬ની રાત્રે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં મુકેશ રાણા અને પ્રિન્સ ગોસ્વામી નામના બે શખ્સોએ ફોન પર બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, આ બંને શખ્સોએ રામકૃષ્ણભાઈના કામના સ્થળે એટલે કે મેઘપર કુંભારડી ખાતે આવેલી ‘શિવમ એન્ટરપ્રાઈઝ’ નામની ઓફિસમાં જઈ ભારે તોડફોડ કરી આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. આ બનાવ અંગે ભોગ બનનારે અગાઉ પોલીસમાં અરજી આપી હતી, જેના આધારે ગઈકાલ તારીખ ૧૧/૦૭/૨૦૨૬ના રોજ વિધિવત ગુનો નોંધવામાં આવ્યો છે. અંજાર પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કલમ ૩૨૪(૧), ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. માધાભાઈ કાનજીભાઈ ચૌધરી અને હેડ કોન્સ્ટેબલ જયકિશનસિંહ જશુભા ઝાલા ચલાવી રહ્યા છે.

## ભુજમાં એક વર્ષથી ફરાર સજા વોરંટનો આરોપી ઝડપાયો





ભુજ : શહેર બી ડિવિઝન પોલીસે એન. આઈ. એક્ટ કલમ ૧૩૮ હેઠળ સજા પામ્યા બાદ છેલ્લા એક વર્ષથી ફરાર રહેલા આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ભુજ કોર્ટના ફોજદારી કેસ નં. ૫૭૨/૨૦૨૨માં સજા વોરંટ ઈશ્યૂ થયા બાદ આરોપી સંજયભાઈ મસાભાઈ ભરવાડ (રહે. હરિપર, તા. ભુજ) નાસતો ફરતો હતો. નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે તેને ઝડપી લીધો. પી.આઈ. એ.એમ. હેરમાના માર્ગદર્શન હેઠળ ટીમે કાર્યવાહી કરી હતી.

## કચ્છમાં આયોજિત રાષ્ટ્રીય લોક અદાલતમાં ૧૬,૨૧૫ કેસોનો નિકાલ

**૩૧ કરોડના એવોર્ડ જાહેર**



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાની તમામ અદાલતોમાં તા. ૧૧ જુલાઈના રાષ્ટ્રીય લોક અદાલતનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના મુખ્ય સંરક્ષકશ્રીના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય જિલ્લા ન્યાયધીશ મહિડા દિલીપ પી.ની સીધી રાહબરી હેઠળ કચ્છના તમામ તાલુકાઓમાં તથા ફેમીલી કોર્ટમાં આ લોક અદાલત યોજાઈ હતી.

આ રાષ્ટ્રીય લોક અદાલતમાં સમગ્ર કચ્છ જિલ્લામાં કુલ ૧૧,૪૫૨ પ્રી-લીટીગેશન કેસો, ૧,૧૩૮ સમાધાન લાયક ફોજદારી તથા દીવાની કેસો અને સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં ૩,૬૨૫ કેસો મળીને કુલ ૧૬,૨૧૫ જેટલા મોટી સંખ્યામાં કેસોનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો હતો, જેમાં કુલ ૩૧ કરોડ રૂપિયાના એવોર્ડ પસાર કરવામાં આવ્યા હતા.

આ લોક અદાલતને સફળ બનાવવામાં જિલ્લાના તમામ ન્યાયાધીશો દ્વારા લગ્ન વિષયક કેસો, ચેક બાઉન્સના કેસો, સિવિલ દાવાઓ, વાહન અકસ્માત વળતરના કેસો તથા અન્ય સમાધાન લાયક કેસોમાં અગાઉથી જ સઘન સમાધાનની પ્રક્રિયા હાથ ધરીને કેસોના ત્વરિત નિકાલની કાર્યવાહીઓ પૂર્ણ કરવામાં આવી હતી. આ સફળતાના તબક્કે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ અને સિનીયર સિવિલ જજ બી. એમ. પ્રજાપતીએ ન્યાયાલયના તમામ કર્મચારીઓ, વકીલશ્રીઓ તેમજ આ પ્રક્રિયા સાથે જોડાયેલા તમામ સ્ટેક હોલ્ડર્સનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## ભચાઉના લુણવા ગામે ખેતરમાંથી ૨૫ હજારની કિંમતના વાયરની ચોરી

ભચાઉ : ભચાઉ તાલુકાના લુણવા ગામે એક ખેતરમાં રાત્રિના અંધકારનો લાભ લઈ કોઈ અજાણ્યો તસ્કર પાણીના બોર નજીક રાખેલો કિંમતી વાયર ચોરી ગયો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ખેતીકામમાં વ્યસ્ત હોવાના કારણે ખેડૂતે બનાવના દિવસો બાદ મોડી ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, લુણવા ગામે સર્વે નંબર ૧૩ માં આવેલ ખેતરના માલિક જેઠાભાઈ વાલાભાઈ વરચંદ (ઉ.વ. ૬૫) ગત તારીખ ૩૦/૦૬/૨૦૨૬ની રાત્રે ૧૦:૩૦ વાગ્યાથી તારીખ ૦૧/૦૭/૨૦૨૬ના વહેલી સવારે ૦૧:૦૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા, ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમે તેમના ખેતરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરે પાણીના બોરની બાજુમાં રાખેલો આશરે ૭૦૦ ફૂટ લાંબો કાળા કલરનો લાઈટનો વાયર, જેની કિંમત રૂ. ૨૫,૦૦૦/- થાય છે, તેની ચોરી કરી નાસી છૂટ્યો હતો.

ખેડૂત પોતાના ખેતીના કામમાં રોકાયેલા હોવાથી તેઓ તુરંત ફરિયાદ નોંધાવી શક્યા ન હતા. આખરે ગત રોજ તારીખ ૧૧/૦૭/૨૦૨૬ના રોજ તેમણે ભચાઉ પોલીસ મથકે આ અંગે વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૩૦૩(૨) મુજબ ગુનો નોંધી એ.એસ. આઈ રવજીભાઈ બાબુભાઈ લોંચા તથા પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. ઝાલાના માર્ગદર્શન હેઠળ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ભુજમાં ચણા ચટપટી વેચતા યુવાનને લૂંટી લેવાયો

**વાડીમાં પ્રોગ્રામ છે તેમ કહી અવાવરૂ રસ્તે લઈ જઈ ઢોર માર મરાયો**

ભુજ - કચ્છઉદય : શહેરમાં રાત્રીના સમયે ચણા ચટપટી વેચતા યુવાનને લૂંટી લેવામાં આવ્યો હતો. આ બાબતે જી.કે. જનરલ હોસ્પીટલમાંથી મળતી વિગતો મુજબ કેમ્પ એરીયા ડીપી ચોકમાં રહેતા ૩૮ વર્ષિય રણવીર ઓમપ્રકાશ રાઠોડે વિગત નોંધાવી હતી. તેના જણાવ્યા મુજબ ગઈકાલે રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં દંતેશ્વર મહાદેવ મંદિરની પાછળ આ બનાવ બન્યો હતો. ભારાપરથી ચટપટી વેચીને આવતો હતો ત્યારે મુંદરા રોડ પર શનિદેવ મંદિર પાસે પહોંચતા એક્ટિવામાં ત્રણ જણા આવ્યા અને ઉભો રખાવી, અમારી વાડીમાં પ્રોગ્રામ છે. અમારી સાથે ચટપટી લઈને ચાલો, તેમ જણાવતા આ યુવાન ગયો ત્યારે મંદિરની પાછળ માથાના ભાગે પથ્થર મારી ઈજા પહોંચાડી મોબાઈલ ફોન, રોકડ રકમ લૂંટી લેવામાં આવી હતી. જે બાબતે બાદમાં જી.કે.માં સારવાર માટે દાખલ થતા એ ડીવીઝન પોલીસ સમક્ષ નીવેદન નોંધાવ્યું હતું. આ પ્રમાણે રાત્રીના સમયે પરપ્રાંતિયને લૂંટી લેવામાં આવતા પોલીસની ધાક સામે સવાલો ઉઠયા છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# કચ્છના પશુધનને બચાવવા વન વિભાગનું ઘાસ આપવા પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાની મુખ્યમંત્રી સમક્ષ સંવેદનશીલ રજૂઆત



ભુજ : કચ્છ જિલ્લામાં સર્જાયેલી ઘાસચારાની કટોકટી અને પશુપાલકો ની મુશ્કેલીઓનો કાયમી ઉકેલ લાવવા માટે શાસકો અને સ્થાનિક સંગઠનો દ્વારા રાજ્ય સરકારમાં વ્યાપક રજૂઆતોનો દોર શરૂ કરાયો છે. કચ્છના પશુધનની વહારે આવવા માટે સૌપ્રથમ પૂર્વ રાજ્ય મંત્રી વસનભાઈ આહીર દ્વારા પ્રારંભિક રજૂઆત કરવામાં આવી હતી. જે બાદ આ મુહીમમાં સરપંચ સંગઠન, ગૌશાળા અને પાંજરાપોળના વિવિધ ફેડરેશનો તેમજ ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ સહિતના અગ્રણીઓએ પણ સચોટ રજુઆત કરી હતી. અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવા માંગ કરી હતી.

આ તમામ રજૂઆતોને પગલે કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ તાત્કાલિક એક્શન મોડમાં આવી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી પશુધનના વ્યાપક હિતમાં વન વિભાગ હસ્તકનું ઘાસ પૂરું પાડવા સંવેદના સભર રજૂઆત કરી છે.પ્રભારી મંત્રીએ મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં કલેક્ટર કચેરી, કચ્છના સત્તાવાર અહેવાલનો હવાલો આપતા જણાવ્યું છે કે, કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે તેમજ પાછલા વર્ષોના અલ્પ વરસાદને કારણે ઘાસચારાની તીવ્ર અછત ઊભી થઈ છે. ખાસ કરીને રાપર તાલુકાના નિલેશ ગઢવી અને કિડીયાનગર ગામો, મુંદ્રા તાલુકાનું ગેલદા ગામ તેમજ ભચાઉ તાલુકા ખાતે આવેલી શ્રી રામદેવ મહાદેવ ગૌશાળા (કાંડરાઈ)માં થઈને કુલ ૩,૨૦૦ જેટલા પશુઓ આશ્રિત છે. આ પશુધનના નિભાવ માટે રોજિંદા આશરે ૧૨,૮૦૦ કિલોગ્રામ જેટલા ઘાસચારાની આકસ્મિક અને તાકીદની જરૂરિયાત ઊભી થઈ છે.પત્રમાં અંતે વિનંતી કરાઈ છે કે, પશુધનની કથળતી સ્થિતિને ધ્યાને રાખી વન વિભાગ પાસે ઉપલબ્ધ ઘાસના જથ્થામાંથી અસરગ્રસ્ત માલધારીઓ તેમજ ગૌશાળાઓને તાત્કાલિક ધોરણે ઘાસનું વિતરણ કરવાની મંજૂરી આપવામાં આવે, જેથી અબોલ જીવોનું રક્ષણ થઈ શકે. સ્થાનિક નેતાઓ અને સંગઠનોની સળંગ રજૂઆતો બાદ પ્રભારી મંત્રીની આ ઉચ્ચ સ્તરીય રજૂઆતથી કચ્છના માલધારી આલમમાં વહેલી તકે રાહત મળવાની આશા જાગી છે.

## ઉર્જા ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પહેલ

# મીઠીરોહર ગેસ પાઈપલાઈનનું સફળતાપૂર્વક જોડાણ : દેશની ગેસ સપ્લાય વ્યવસ્થામાં મોટું છોગું ઉમેરાયું



**ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ સ્થીત એલપીજી બોટલીંગ પ્લાન્ટસને ગેસ પુરવઠો વધુ સુવ્યવસ્થિત રીતે અને ઝડપથી પહોચતો થશે : વિદેશથી આવતા ગેસને પાઈપલાઈન મારફતે સુરક્ષિત-ઝડપી પહોચાડી શકાશે**

ગાંધીધામ : ભારત સરકારના ઉપક્રમ આઈએચબી લી. દ્વારા મીઠીરોહર સ્ટેશન ખાતે એમકેપીએલ મુંદરાથી મીઠરોહર પાઈપલાઈન અને કેજીપીએલ કંડલાથી ગોરખપુર પાઈપલાઈન વચ્ચે ગેસ પાઈપલાઈનનું મહત્વપૂર્ણ જોડાણ સફળતાપૂર્વ્ણ પૂર્ણ કરવામા આવ્યું છે. આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થતા ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ સ્થિતી એલપીજી બોટોલીંગ પ્લાન્ટોને ગેસ પુરવઠો વધુ સુવ્યવસ્થિત અને વિશ્વસનીય રીતે ઉપલબ્ધ થશે. આ પ્રોજેક્ટ ઉર્જા ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબીત થશે.

આ પ્રસંગે આઈએચબી લી.ના ડીજીએમ નરેન્દ્ર તિવારી, ચીફ મેનેજર સુનીલ મુગદદમ, મીઠીરોહર સ્ટેશનના સુમિત બિસ્તના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમે સફળતાપૂર્વક કામગીરી પૂર્ણ કરી હતી. આ કાર્યક્રમમાં સિનીયર ઈન્જીનીયર શ્રી રાહુલ ઠાકુર, ડે.મેનેજર શ્રી રાહુલ અધીકારી, સિનિયર એન્જીનીયર શ્રી પ્રશાંત નાયર, એચએસઈ ઓફીસર શ્રી મોહિત સોલંકી, સિનિયર ઈન્જીનીયરશ્રી ચૈતન્ય જૈસવાલ, એન્જી. શ્રી રોહિત સિંઘ, શ્રી શંકર કમાર, તુષાર દાશ, મદનકુમાર તેમજ અદાણી ટીમના અધિકારીઓ અનેકર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આઈએચબી લી. દ્વારા સુરક્ષા ધોરણોનું સંપૂર્ણ પાલન કરીને આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામા આવી હતી. જે કંપનીની કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે.

# ભુજમાં કચ્છ કાઠીયાવાડ ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજનો પ્રથમ સ્નેહ મિલન સમારોહ યોજાયો







**સમાજના તેજસ્વી તારલાઓ માટે સરસ્વતી સન્માન અને જ્ઞાતિના ઉદાર દિલના દાતાઓનો સન્માન સમારોહ સહિતના કાર્યક્રમ યોજાયા**

ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે ગત રવિવારે શ્રી કચ્છ કાઠીયાવાડ ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા પ્રથમ સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ-કચ્છમાં મુન્દ્રા રી-લોકેશન સાઈટ પર ભાટીયા સમાજવાડીની બાજુમાં આવેલ ભુજ કચ્છી પુષ્કર્ણા બ્રાહ્મણ સમાજવાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજની ઉન્નતિ અને પરસ્પર સ્નેહભાવ વધારવાના હેતુથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સાંજે ભુજ સ્વામિનારાયણ મંદિરમાંથી પધારેલા પૂજ્ય સંતો મુખ્ય કોઠારી શાસ્ત્રી દેવવિહારીદાસજી, શાસ્ત્રી ધર્મવત્સલ દાસજી સ્વામી અને શાસ્ત્રી વ્રજજીવનદાસજી સ્વામીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. સંતોએ આ અવસરે જ્ઞાતિજનોને આશીર્વચન પાઠવ્યા હતા. ત્યારબાદ સમાજના તેજસ્વી તારલાઓ માટે સરસ્વતી સન્માન અને જ્ઞાતિના ઉદાર દિલના દાતાશ્રીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમના અંતે તમામ જ્ઞાતિજનોએ સાથે મળીને પ્રીતિભોજનનો આનંદ માણ્યો હતો.

આ કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા સંભાળવામાં સમાજની કાર્યકારી કમિટી અને સલાહકાર કમિટીએ ભારે જહેમત ઉઠાવી હતી. આ વ્યવસ્થાપનમાં કાર્યકારી કમિટીના પ્રમુખ ઘનશ્યામભાઈ મનસુખભાઈ ગેડિયા, ઉપપ્રમુખ કૈલાશભાઈ ભરતભાઈ ચાવડા, મહામંત્રી કૌશિકભાઈ મહેશભાઈ ગેડિયા, મંત્રી જયેશભાઈ મનસુખભાઈ ગેડિયા, ખજાનચી મયુરભાઈ હંસરાજભાઈ ગેડિયા, સહખજાનચી ચતુરભાઈ મનજીભાઈ ચૌહાણ તેમજ સભ્યો તરીકે ડૉ. ઋષીભાઈ રસીકભાઈ સોલંકી અને મીતભાઈ પ્રવિણભાઈ ખરસાણીએ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત સમાજના વડીલો અને સલાહકાર કમિટીના સભ્યો હીતેશભાઈ રવજીભાઈ ગેડિયા, મહેશભાઈ બચુભાઈ ગેડિયા, ભરતભાઈ આંબાભાઈ ચાવડા, હંસરાજભાઈ ખોડાભાઈ ગેડિયા, દીપકભાઈ નટવરલાલ પરમાર અને મનસુખભાઈ બચુભાઈ ગેડિયાએ પોતાના અનુભવ અને માર્ગદર્શન હેઠળ કાર્યક્રમની વ્યવસ્થાઓને આખરી ઓપ આપીને તેને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે રાજેન્દ્રસિંહ હકુમતસિંહ જાડેજા, પ્રફુલસિંહ જાડેજા સહિતના આગેવાનો હાજર રહ્યા હત. સમાજના નવગઠિત સંગઠનને મજબૂત બનાવવાના આ ભગીરથ પ્રયાસને સમગ્ર કડિયા સમાજે હૃદયપૂર્વક બિરદાવ્યો હતો.

## વીજ લાઈનો અંગે સરકારનો મોટો નિર્ણય

# કચ્છના જગતના તાતના લાંબા ગાળાના પ્રશ્નોનું કાયમી નિવારણ લાવવાને બદલે માત્ર વચગાળાનો મલમ?

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ખેતરોમાંથી પસાર થતી મોટી વીજ ટાવર લાઈનો અને હાઈટેન્શન વાયરો સામે ખેડૂતો દ્વારા વ્યાપક વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો હતો. વિન્ડ મિલ અને સોલાર પાવરના હબ બનેલા સરહદી કચ્છ સહિત રાજ્યના અન્ય જિલ્લાના ખેડૂતોની આ લાંબા સમયની લડત અને રજૂઆતો સામે આખરે રાજ્ય સરકારને નમતું જોખવું પડ્યું છે. સરકારે વીજ ટ્રાન્સમિશન ટાવર અને હાઈટેન્શન લાઈનના વળતરમાં મોટો વધારો કરવાનો મહત્વનો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણય અંતર્ગત હવે વીજ પોલ ઊભા કરવા માટે જૂની જંત્રી પ્રણાલીના બદલે જમીનના વર્તમાન બજારભાવના બમણા દરે ખેડૂતોને વળતર ચૂકવવામાં આવશે. કચ્છ જેવા વિશાળ ભૌગોલિક વિસ્તાર ધરાવતા જિલ્લામાં જ્યાં અસંખ્ય વીજ લાઈનો પસાર થાય છે, ત્યાં આ જમીનની વાસ્તવિક બજાર કિંમત નક્કી કરવા માટે એક વિશેષ 'માર્કેટ રેટ કમિટી'ની રચના કરવામાં આવશે. આ કમિટીમાં કચ્છ જિલ્લા કલેક્ટર, વીજ કંપનીના પ્રતિનિધિઓ અને અસરગ્રસ્ત

**જાહેરાત પાછળ આગામી રાજકીય ગણતરીઓ અને ખેડૂત સંગઠનોના ઉગ્ર આક્રોશને શાંત કરવાનો સરકારી પ્રયાસ હોવાની ચર્ચાઓએ પણ કચ્છમાં જોર પકડ્યું : સમિતિમાં કલેક્ટર અને ટ્રાન્સમીશન વીજ કંપનીઓના અધિકારીઓનો દબદબો રહેવાના કારણે ખેડૂતોનો સાચો અવાજ દબાઈ જવાની ભીતિ : કચ્છ સહિત રાજ્યના ખેડૂતોને હવે જંત્રીના બદલે બજાર ભાવથી બમણું વળતર મળશે : ઊર્જા કોરિડોરથી પ્રભાવિત કચ્છી ખેડૂતો માટે મહત્વની જાહેરાત : વળતર નક્કી કરવા કલેક્ટરના વડાપણ હેઠળ સમિતિ રચાશે**

ખેડૂતોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે. પ્રથમ દ્રષ્ટિએ આ નિર્ણય ખેડૂતોના હિતમાં લાગી રહ્યો છે, પરંતુ આ જાહેરાત પાછળ આગામી રાજકીય ગણતરીઓ અને ખેડૂત સંગઠનોના ઉગ્ર આક્રોશને શાંત કરવાનો સરકારી પ્રયાસ હોવાની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. વર્ષોથી જંત્રીના નજીવા ભાવે કચ્છી ખેડૂતોની કિંમતી જમીનો મેળવી લેતી નીતિઓ બાદ હવે સરકાર ઉદારતા બતાવી રહી છે, જે વાસ્તવમાં ભૂતકાળની અન્યાયી નીતિઓનો સ્વીકાર હોવાનું ખેડૂત વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. આ નવી નીતિ મુજબ જમીનની બજાર કિંમત નક્કી કરવા માટે જે 'માર્કેટ રેટ કમિટી' બનાવવાની જાહેરાત કરાઈ છે, તેને લઈને કચ્છી ખેડૂતોમાં ભારે આશંકાઓ સેવાઈ રહી છે. કચ્છમાં સરકારી તંત્ર અને મોટી ઊર્જા કંપનીઓની સાંઠગાંઠ જગજાહેર છે, ત્યારે આ સમિતિમાં કલેક્ટર અને ટ્રાન્સમીશન વીજ કંપનીઓના અધિકારીઓનો દબદબો રહેવાના કારણે ખેડૂતોનો સાચો અવાજ દબાઈ જવાની પૂરી સંભાવના છે. સ્થાનિક સ્તરે એવી વ્યાપક ભીતિ છે કે વીજ કંપનીઓ પોતાના નાણાકીય ફાયદા માટે જમીનના બજાર ભાવો નીચા રાખવા વહીવટી તંત્ર પર દબાણ લાવશે, જેનાથી પારદર્શિતાના તમામ સરકારી દાવાઓ પોકળ સાબિત થઈ શકે છે. સરકારે ગર્વભેર એવી પણ જાહેરાત કરી છે કે ૭૬૫ કે.વી.ની વિશાળ લાઈનોમાં હવે ૬૨૫ ચોરસ મીટરના બદલે ૭૨૯ ચોરસ મીટરનું વળતર ચૂકવાશે. જો કે, કચ્છના વાસ્તવિક ખેડૂતો આને માત્ર ગણિતની માયાજાળ ગણાવી રહ્યા છે. કચ્છના પથરાળ અને ફળદ્રુપ એમ બંને વિસ્તારોમાં એકવાર જો મોટો વીજ ટાવર ઊભો થઈ જાય, એટલે તેની આસપાસની એક એકર જેટલી જમીન ખેતી માટે કાયમ માટે નકામી બની જાય છે. ત્યાં આધુનિક ટ્રેક્ટર કે અન્ય કૃષિ સાધનો ચલાવી શકાતા નથી, વળી કાયદાકીય મર્યાદાઓના કારણે ભવિષ્યમાં તે જમીન વેચી શકાતી નથી કે તેની કોઈ બજાર કિંમત ઉપજતી નથી.

આમ, થોડા ચોરસ મીટરનો નજીવો વધારો આપીને સરકાર ખેડૂતોને થતા કાયમી આર્થિક નુકસાનની ભરપાઈ ક્યારેય કરી શકે નહીં તેવી ફરિયાદો ઉઠી રહી છે. કચ્છ જિલ્લો મુખ્યત્વે ગ્રામીણ સંસ્કૃતિ અને ખેતી પર નભતો હોવાથી, અહીંની બહુમતી જમીનો ગ્રામ્ય વિસ્તારમાં આવે છે. વીજ લાઈનોનો સૌથી મોટો ભોગ પણ સરહદી ગામડાઓના ખેડૂતો જ બને છે, છતાં તેમને સૌથી ઓછું વળતર આપીને સરકારે પોતાની ગ્રામવિરોધી માનસિકતા છતી કરી હોવાનો આક્રોશ સ્થાનિક સ્તરે ફાટી નીકળ્યો છે. અગાઉ ફાઉન્ડેશન, ઈરેક્શન અને વાયરિંગ એમ ત્રણ તબક્કામાં વિલંબથી અપાતા વળતરના બદલે હવે શરૂઆતમાં જ ૧૦૦ ટકા ચૂકવણું કરવાનો દાવો કરાયો છે, પરંતુ કચ્છની સરકારી કચેરીઓની ઢીલી નીતિ અને ભ્રષ્ટાચારથી ખદબદતી વહીવટી પ્રક્રિયા જોતા, આ નાણાં સમયસર વાસ્તવિક ખેડૂતોના હાથમાં આવશે કે કેમ તે મોટો સવાલ છે. જે ખેડૂતોના કામો હાલ પ્રગતિમાં છે તેમના માટે જૂની નીતિ લાગુ થશે કે નવી, તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા ન હોવાથી ભવિષ્યમાં વહીવટી ગૂંચવાડા અને કોર્ટ-કચેરીના ધક્કા વધવાની પૂરી સંભાવના છે. એકંદરે, આ નવી યોજના કચ્છના જગતના તાતના લાંબા ગાળાના પ્રશ્નોનું કાયમી નિવારણ લાવવાને બદલે માત્ર વચગાળાનો મલમ લગાવવાનો સરકારી પ્રયાસ હોય તેમ દેખાઈ રહ્યું છે તેવું કચ્છના જાગૃત નાગરિકો જણાવી રહ્યા છે.

# ભુજમાં જાહેર શૌચાલયોની દુર્દશા

**ઘણા શૌચાલય બિસ્માર હાલતમાં, ક્યાંક પાણીનો અભાવ તો ક્યાંક ગંદકીનો ત્રાસ : નવા બનાવવાની જાહેરાતો કાગળ પર, હાલના શૌચાલયોની જાળવણીનો અભાવ**

### મહાદેવ નાકા પાસે શૌચાલય બનાવવા ટાંકો તોડાયો પણ શૌચાલય ન બન્યું !

મહાદેવ નાકા વિસ્તારમાં ભુજ નગરપાલિકાએ જૂનો પાણીનો ટાંકો તોડી ત્યા જાહેર શૌચાલય બનાવવાની જાહેરાત કરી હતી. વેપારીઓ અને રાહદારીઓને તેનો લાભ મળશે તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી હતી. જોકે એક વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી બાંધકામની શરૂઆત પણ થઈ નથી. હાલમાં અહીં બાઉન્ડ્રી વાળી દેવામાં આવી છે દબાણ થાય તે પહેલા અહીં શૌચાલય બનાવવામાં આવે તે જરૂરી છે.

### સરકારી કચેરીઓમાં લઘુશંકા માટે જવું હોય તો મોઢા પર રૂમાલ ઢાંકવો પડે!

સરકારી કચેરીઓમાં કલાસ-૧ ઓફીસરની કેબીનમાં જ શૌચાલય હોય છે. જયારે સામાન્ય પબ્લિક માટે જાહેર શૌચાલય હોય પરંતુ તેમાં લઘુશંકા માટે જવું હોય તો મોઢા પર રૂમાલ ઢાંકવો પડે તેવી પરિસ્થિતિ છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, બહુમાળી ભવન, મામલતદાર કચેરી, પીજીવીસીએલ સહિતમાં આવી હાલત છે. ખુદ સરકારી કર્મચારીઓ પાન - ગુટખા ખાઈ તેની પીચકારી શૌચાલયમાં ફેંકે છે. હવે આવા કર્મચારીઓ પાસે સ્વચ્છતા અભિયાનની અપેક્ષા શું રાખી શકાય. ?

ભુજ -કચ્છઉદય : સ્માર્ટ સિટી અને સ્વચ્છતા અભિયાનની વાતો વચ્ચે ભુજ શહેરમાં આજે પણ જાહેર શૌચાલય જેવી પાયાની સુવિધાનો અભાવ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં જાહેર શૌચાલય તો છે, પરંતુ તેની હાલત એવી છે કે લોકો તેનો ઉપયોગ કરવાનું ટાળી રહ્યા છે. ક્યાંક ગંદકી, ક્યાંક પાણીનો અભાવ, ક્યાંક તૂટેલી દીવાલો તો ક્યાંક વર્ષોથી બંધ પડેલા શૌચાલયના કારણે નાગરિકો, વેપારીઓ અને બહારગામથી આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

હોસ્પિટલ રોડ પર કલ્પતરુ નજીક આવેલું જાહેર શૌચાલય તેની દુર્દશાને કારણે ચર્ચામાં છે. અહીં ખાસ કરીને પુરુષોની મુતરડી એટલી ગંદી અને દુર્ગંધયુક્ત છે કે અંદર ઊભા રહેવું પણ મુશ્કેલ બની જાય છે. બીજી તરફ બહારની દીવાલો તૂટી જતાં મહિલાઓને પણ અણગમતી અને શરમજનક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. લાલ ટેકરી નજીક આવેલી મુતરડીની સ્થિતિ પણ ચિંતાજનક હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અહીં સ્વચ્છતા કરતાં અસામાજિક પ્રવૃત્તિઓ વધુ જોવા મળે છે. દેશી દારૂની ખાલી કોથળીઓ અને ગંદકીના કારણે સામાન્ય લોકો તેનો ઉપયોગ કરવાનું ટાળી રહ્યા છે.

શહેરના વ્યસ્ત બસ સ્ટેશન રોડ વિસ્તારમાં પણ જાહેર શૌચાલયનો અભાવ છે. અગાઉ છઠ્ઠીબારી પાસે આવેલું જાહેર શૌચાલય બંધ કરી દેવામાં આવ્યું હતું. હાલ કોઈને જરૂર પડે તો બસ સ્ટેશનની અંદર આવેલા શૌચાલય પર જ આધાર રાખવો પડે છે. વીડી સ્કૂલ સામે આવેલું શૌચાલય એક ખાનગી સંસ્થા દ્વારા સંચાલિત હોવાથી તેની સ્થિતિ પ્રમાણમાં સારી હોવાનું લોકો કહે છે. જ્યારે લેક્વ્યું અને ખેંગાર પાર્ક વિસ્તારોના શૌચાલયોમાં પાણી અને સફાઈની સમસ્યા વારંવાર સામે આવતી રહે છે. બજાર વિસ્તારમાં જૂની શાક માર્કેટ તથા ઘી વાળી દુકાન સામે જાહેર શૌચાલય છે, પરંતુ અનમ રિંગ રોડ, સ્ટેશન રોડ અને અન્ય વ્યસ્ત વિસ્તારોમાં જાહેર શૌચાલયની સુવિધા લગભગ નથી.

કેમ્પ વિસ્તારની જૂની મેન્ટલ હોસ્પિટલ રોડ પર વર્ષો પહેલાં સુલભ શૌચાલય બનાવવામાં આવ્યું હતું, પરંતુ લાંબા સમયથી તે બંધ હાલતમાં પડ્યું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. સરકારી ખર્ચે ઉભી કરાયેલી આવી સુવિધાનો ઉપયોગ ન થતો હોવાને કારણે પણ સવાલો ઊભા થયા છે. નગરપાલિકા દ્વારા અગાઉ શહેરના વિવિધ વિસ્તારોમાં નવા જાહેર શૌચાલય તેમજ મહિલાઓ માટે ખાસ પિંક ટોયલેટ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે હાલની સ્થિતિ જોતા મોટાભાગના નાગરિકોનું કહેવું છે કે નવા શૌચાલય બનાવવાની સાથે હાલના શૌચાલયોની નિયમિત સફાઈ, પાણીની વ્યવસ્થા, લાઈટ, સુરક્ષા અને સમયસર રિપેરિંગ વધુ જરૂરી છે. ભુજમાં દરરોજ હજારો લોકો સરકારી હોસ્પિટલ, બજાર, બસ સ્ટેશન અને વેપારી વિસ્તારોમાં આવે છે. મહિલાઓ, વૃદ્ધો, દિવ્યાંગો અને બહારગામથી આવતા મુસાફરો માટે જાહેર શૌચાલય પાયાની જરૂરિયાત છે. છતાં આજે પણ આ સુવિધાના અભાવે લોકો મુશ્કેલી વેઠી રહ્યા છે.

ભુજના નાગરિકોનું કહેવું છે કે, સ્વચ્છ શહેરની શરૂઆત જાહેર શૌચાલયોની સ્વચ્છતા અને ઉપલબ્ધતાથી થાય છે. કરોડોના વિકાસકામો વચ્ચે આ પાયાની સુવિધા તરફ પણ તંત્રએ એટલું જ ગંભીરતાથી ધ્યાન આપવું જરૂરી બની ગયું છે.

## લોકોમાંથી ઉઠતી મુખ્ય માંગ

- બંધ પડેલા તમામ જાહેર શૌચાલય તાત્કાલિક શરૂ કરવામાં આવે.
- હાલના શૌચાલયોની દૈનિક સફાઈ અને જાળવણી સુનિશ્ચિત કરવામાં આવે.
- પાણી, વીજળી અને સુરક્ષાની વ્યવસ્થા કાયમી કરવામાં આવે.
- બસ સ્ટેશન રોડ, અનમ રિંગ રોડ, આરટીઓ અને અન્ય વ્યસ્ત વિસ્તારોમાં નવા જાહેર શૌચાલય બનાવવામાં આવે.
- મહિલાઓ માટે જાહેર કરાયેલા પિંક ટોયલેટના પ્રોજેક્ટનો તાત્કાલિક અમલ કરવામાં આવે.

# ગઢશીશા કન્યાશાળાના શિક્ષકનું પુસ્તક 'રાજાનો ન્યાય'નું વિમોચન કરાયું

**દાતાઓના સહયોગથી માંડવી તાલુકાની બસો શાળાઓમાં પુસ્તક ભેટ સ્વરૂપે આપવામા આવશે**





ગઢશીશા - કચ્છઉદય : માંડવી તાલુકાની ગઢશીશા ગામના શિક્ષક કાનજી મહેશ્વરીના પુસ્તક 'રાજાનું ન્યાય'નું વિમોચન કરવામાં આવ્યું હતું. કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. તીર્થદાન રોહડિયાના અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય ગઢશીશા અંબેધામના પૂજ્ય આઈ શ્રી ચંદુમાના હસ્તે કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ગુજરાતી વિષયના લેખક માવજી મહેશ્વરી રહ્યા હતા. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કમલેશભાઈ ખટારીયા, ડૉ. ફાલ્ગુનીબેન જે. પોમલ, નખત્રાણા ગ્રામ પંચાયતના સરપંચ કોમલબેન ગોસ્વામી, તાલુકા પંચાયત સદસ્ય અંકિતગીરી ગોસ્વામી. જિ. કે. નિ માંડવી કિશોરભાઈ વેકરીયા, માંડવી તાલુકા બીઆરસી મેહુલભાઈ શાહ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય જસ્મીનબેન એન. ગોસ્વામીએ મહેમાનોને આવકાર્યા હતા. ત્યારબાદ મંચસ્થ મહેમાનોના પુસ્તકનું વિધિવત વિમોચન કરવામાં આવ્યો હતા. માંડવી તાલુકા ની બસો શાળાઓમાં પુસ્તક પહોંચશે તે બદલ દાતા પાર્વતીબેન નારણ વિશ્રામ રામાણી ફાઉન્ડેશન (ગઢશીશા - મુંબઈ), મંગળાબેન માધવજીભાઈ ગોસ્વામી પરિવાર, પ્રેમિલાબેન નવીનગીરી ગોસ્વામી પરિવાર હસ્તે જસ્મીનબેન ધર્મેશગીરી ગોસ્વામી પરિવારે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. લેખકના આ બીજા પુસ્તકના વિમોચન પ્રસંગે વાલીઓ, ગ્રુપ શાળાના શિક્ષકો, વિવિધ સામાજિક આગેવાનો વગેરે અભિનંદન પાઠ્યા હતા . કાર્યક્રમમાં અબ્દુલ ઉંમર રાયમા, જયેશભાઈ વ્યાસ, નીતાબેન આચાર્ય, હરજીભાઈ વિગોરા, વિજયભાઈ પટેલ, પ્રતાપ પુરી ગોસ્વામી, સંજયગીરી ગોસ્વામી, ખુશીબેન ચોથાણી, દિલીપભાઈ જોશી, આરતીબા જાડેજા, કંચન મહેશ્વરી, માહીબા જાડેજા, રાજવી બારોટ, ધર્મેશગીરી ગોસ્વામી, મેહુલ ગોસ્વામી, ભીમજીભાઈ મહેશ્વરી, ધનજી બુચિયા લક્ષ્મણ ધોરીયા વગેરે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ જગતમાંથી પ્રજ્ઞેશ ત્રિવેદી, નારણ ઓઢાણા, વિનોદ સોની, વાલજી માતંગ, સી.આર.સી હિરેન વાસાણી, દિનેશ ડોરૂ, ભરતભાઈ ભર્યા, ભાવેશ રામાણી કુંદન પટેલ, કેતન પટેલ, જીતેન્દ્ર પ્રજાપતિ તેમજ આજુબાજુની શાળાઓના આચાર્યો અને શિક્ષકો હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સ્ટાફ ધનજીભાઈ ચંદે, રીન્કુબેન સેંઘાણી, સુનીતાબેન ભગત, ચિરાગભાઈ સેરસીયા, કાજલબેન બાંભણિયા, નીલમબેન વ્યાસ, ભવ્ય ધોળુ, અક્ષ રાયમાં વગેરે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સંચાલન લોકસાહિત્યકાર રમેશ જોષી તેમજ મણીલાલ પટેલે કર્યું હતું. આભારવિધિ પુસ્તકના લેખક કાનજી મહેશ્વરીએ કરી હતી.

# વડીલોના ચહેરા પર ખીલ્યો ભક્તિ અને આનંદનો અજવાસ

ભુજ - કચ્છઉદય : માનવજ્યોત સંસ્થા, ભુજ સંચાલિત એલ. એમ. ભક્તા વડીલોનો વિસામોદ્વારા એક સદગૃહસ્થ દાતાશ્રીના સહયોગથી ૬૦ વૃદ્ધવડીલો માટે પવિત્ર તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રા દરમિયાન વડીલોએ પુંઅરેશ્વર,માતાનામઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, કટેશ્વર તથા કમલેશ્વર મહાદેવના પવિત્ર દર્શન કરી આધ્યાત્મિક શાંતિ અને પરમ આનંદની અનુભૂતિ કરી હતી.

યાત્રાની શરૂઆત સંસ્થાના પૃથ્વીરાજસિંહના હસ્તે યાત્રા બસને લીલીઝંડી આપી કરવામાં આવી હતી. સમગ્ર પ્રવાસ દરમિયાન વડીલોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ભજન-કીર્તન, ધૂન અને રાસ-ગરબાની રમઝટથી સમગ્ર યાત્રા ભક્તિમય બની હતી. વડીલોએ જીવનભરની યાદગાર બની રહે તેવી આ તીર્થયાત્રા બદલ દાતાશ્રી અને સંસ્થાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. નારાયણ સરોવર ખાતે માનવજ્યોત સંસ્થા દ્વારા જાગીરના મહંતશ્રી સોનલલાલજી મહારાજનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંતશ્રીએ માનવજ્યોત સંસ્થા દ્વારા વડીલો, નિરાધાર અને માનસિક દિવ્યાંગો માટે વર્ષોથી થઈ રહેલી નિઃસ્વાર્થ સેવાપ્રવૃત્તિઓને બિરદાવી સમાજ માટે પ્રેરણારૂપ ગણાવી હતી.

યાત્રા દરમિયાન નખત્રાણા ખાતે સંસ્થાના કાર્યકરજયંતિભાઈ દવેઅનેજયેશભાઈ સોનીનું તેમજ દોલતપર ખાતેકરણદાન ગઢવીનું બહુમાન કરી તેમની સેવાભાવનાને બિરદાવવામાં આવી હતી. સમગ્ર તીર્થયાત્રાનું આયોજન અને વ્યવસ્થાપનપ્રબોધ મુનવર, સહદેવસિંહ જાડેજા, આનંદ રાયસોની, કનૈયાલાલ અબોટી, દેવેન્દ્ર જીવાણીતથા સંસ્થાના




કાર્યકર ભાઈ-બહેનોએ સુચારુ રીતે સંભાળ્યું હતું. વડીલોના ચહેરા પર ઝળહળતો આનંદ અને ભક્તિભાવ આ સમગ્ર યાત્રાની સૌથી મોટી સફળતા બની રહ્યો હતો. કીર્તિભાઈ વોરા (સમર્પણ સ્ટોર) ભુજ દ્વારા દરેક વૃદ્ધ વડીલોને નવી સાડીઓ અર્પણ કરવામાં આવી હતી.

# સુરત પોલીસનું 'ઓપરેશન રેમ્બો' : ઓનલાઈન હથિયારો મંગાવનારા અને અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી

સુરત : સુરત શહેર પોલીસ દ્વારા ગુનાખોરી પર અંકુશ લાવવા અને અસામાજિક તત્વો સામે ઝીરો ટોલરન્સની નીતિ હેઠળ 'ઓપરેશન રેમ્બો' હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન દરમિયાન સોશિયલ મીડિયા અને ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે ગેરકાયદેસર રીતે હથિયારો અથવા હથિયાર જેવા ઘાતક સાધનો મંગાવનારા તત્વોને પોલીસના રડાર પર લેવામાં આવ્યા છે.



પોલીસે આવા તત્વોની ઓળખ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ગુનાખોરીમાં ઉપયોગ થઈ શકે તેવી વસ્તુઓ ઓનલાઈન મંગાવી કાયદો અને વ્યવસ્થાને પડકારવાનો પ્રયાસ કરનારાઓ સામે પણ કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.

જમીર ઈન્ચાર્જ પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા આ વિશેષ અભિયાનમાં શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ, ગુનાહિત ઈતિહાસ ધરાવતા તત્વો પર નજર, તેમજ ટેક્નિકલ સર્વેલન્સ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સુરત પોલીસે નાગરિકોને પણ અપીલ કરી છે કે કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ, ગેરકાયદેસર હથિયારોની ખરીદી-વેચાણ અથવા અસામાજિક પ્રવૃત્તિ અંગે માહિતી મળે તો તાત્કાલિક પોલીસને જાણ કરે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આવા અભિયાન આગામી દિવસોમાં પણ યથાવત રહેશે.

# જિલ્લા ભાજપ પ્રમુખે મુંદરાના વોર્ડ નંબર ૫ લોકસંપર્ક કાર્યાલયની મુલાકાત લીધી



મુંદરા - કચ્છઉદય : કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે મુંદરાની મુંદરાની મુલાકાત લીધી હતી. જિલ્લા ભાજપ પ્રમુખે મુન્દ્રા બારોઇ નગરપાલિકાના વોર્ડ નંબર -૫ના ધર્મેન્દ્ર જેસરના લોક સંપર્ક કાર્યાલયની મુલાકાત લીધી હતી. એડવોકેટ ધર્મેન્દ્ર જેસર, મુન્દ્રા ખારવા સમાજના ઉપપ્રમુખ દિનેશ માલમ, ભરત ચાવડા અને સૂરજ માલમ જિલ્લા ભાજપ પ્રમુખનું શાલ ઓઢાળીને સન્માન કર્યું હતું. જિલ્લા યુવા ભાજપ મોરચાના પ્રમુખ રામભાઈ ગઢવીનું સન્માન કરાયું હતું.

આ વેળાએ મુન્દ્રા સુધરાઇના કારોબારી ચેરમેન ધમભા ઝાલા, શહેર ભાજપ મહામંત્રી હિરેન સાવલા, સુધરાઇના શાસક પક્ષના નેતા દિલીપ ગોર, કાઉન્સિલર નરેન્દ્રસિંહ પરમાર હાજર રહ્યા હતા.

## રવિવારે રજાના દિવસે પણ દબાણ હટાવ કામગીરી ચાલુ

# મુરૂ અને દેશલપર (ગુંતલી)માં કોમર્શિયલ દબાણો દૂર કરાયા

નખત્રાણા - કચ્છઉદય : તાલુકામાં દબાણ હટાવવાની કામગીરી રવિવારે પણ ચાલુ રહી છે. આજે ૮,૮૯,૨૫૦ રૂપિયાની ૭૭૦૦ ચો.મી. દબાણ દૂર કરાયા હતા. આજે વહેલી સવારે તાલુકાના મુરૂ અને દેશલપર (ગુંતલી) ગામે રોડ ટચ સરકારી કિંમતી જમીન પર ઉભા કરાયેલી હોટલ, રેસ્ટોરેન્ટ જેવા દબાણો પર દાદાનો બૂલડોઝર ફરી વળ્યું હતું.

બંને ગામોમાંથી ૮,૮૯,૨૫૦ રૂપિયાની ૭૭૦૦ ચો.મી. દબાણ જમીન ખુલ્લી કરી હતી. વહિવટીતંત્રના અધિકારી ના.મા. નિકેશ



જોષી, નવીનભાઈ પ્રજાપતિ, નખત્રાણા પીઆઈ એમ.જે. પટેલ, પીએસઆઈ સામરાભાઈ સહિતની ટીમે આ દબાણ હટાવ કામગીરીમાં જોડાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ કોટડા (જ.), બિબ્બર સહિતના વિસ્તારોમાં વહિવટીતંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર થયા હતા. આજે રવિવારે પણ આ કામગીરી ચાલુ રહી હતી.

# સામખિયાળીની રૂ. ૯.૪૦ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

**ઘરની વહુએ જ રચ્યું કાવતરું, મુંબઈથી આરોપી ઝડપાયો; રૂ. ૬.૮૯ લાખનો મુદ્દામાલ કબજે**

ગાંધીધામ,: પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચે સામખિયાળી વિસ્તારમાં થયેલી રૂ. ૯.૪૦ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો છે કે ઘરફોડનું કાવતરું ઘરની જ વહુએ પારિવારિક અણબનાવને કારણે રચ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ, સામખિયાળીના પટેલ રેસિડન્સીમાં રહેતા શશાંક ધર્મપ્રકાશ શર્માના ઘરે ૬ જુલાઈએ અજાણ્યા શખ્સે પ્રવેશ કરીને કબાટના તાળા તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. ૯.૪૦ લાખની ચોરી કરી હતી. આ અંગે સામખિયાળી પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫ અને ૩૩૧(૩) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.




પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છના પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ એલસીબીના પીઆઈ જે. એમ. વાળાની આગેવાનીમાં અલગ-અલગ ટીમોએ ટેકનિકલ વિશ્લેષણ, હ્યુમન સોર્સ અને ખાનગી રાહે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ફરિયાદીની ભાભી રૂબીને પરિવાર સાથે અણબનાવ હોવાથી તેણે પોતાના જ ઘરે ચોરી કરવાનું કાવતરું ઘડ્યું હતું. તેણે મુંબઈમાં રહેતા પોતાના પિતરાઈ ભાઈ અમરકુમાર ભૈરવસિંહને સામખિયાળી બોલાવી પરિવારના સભ્યો ઘરની બહાર હોય તે સમયે ચોરી કરાવી હતી.

તપાસમાં આરોપી અમરકુમાર ચોરી બાદ મુંબઈ ભાગી ગયો હોવાનું સામે આવતા એલસીબીની ટીમ વસઈ પહોંચી હતી. ત્યાંથી આરોપીને ઝડપી તેની પાસેથી ચોરીનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી બાદ વધુ તપાસ માટે સામખિયાળી પોલીસને સોંપવામાં આવ્યો છે.

પોલીસે આરોપી પાસેથી સોનાના હાર, વીંટીઓ, મંગળસૂત્ર, ટીકા, નથણી સહિત વિવિધ સોનાના દાગીના, ચાંદીના આભૂષણો અને ચોરીમાં ઉપયોગમાં લેવાયેલ બેગ સહિત કુલ રૂ. ૬.૮૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સમગ્ર કામગીરી એલસીબીના પીઆઈ જે. એમ. વાળા, પીએસઆઈ ડી. જી. પટેલ તથા સ્ટાફે સફળતાપૂર્વક પાર પાડી હતી.

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા સફળ રક્તદાન કેમ્પ યોજાયો






લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા સીબર્ડ CFS, મુન્દ્રાના સહયોગથી તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ (શુક્રવાર)ના રોજ સફળ રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન અંદાજે ૧૧૮ યુનિટ રક્તનું સંગ્રહ કરવામાં આવ્યું હતું.

પ્રોજેક્ટના ચેરપર્સન લલિત ધલવાણી ના સફળ આયોજન અને માર્ગદર્શન તેમજ સંદીપ ભગિયા દ્વારા સ્થળની સુવિધા ઉપલબ્ધ કરાવવા બદલ ક્લબે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. ઉપરાંત સીબર્ડ CFSની સમગ્ર ટીમ, IMAની મેડિકલ ટીમ, તમામ રક્તદાતાઓ, લાયન્સ સભ્યો અને સ્વયંસેવકોના સહયોગથી આ સેવા પ્રકલ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

આ પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામના પ્રમુખ તેમજ ક્લબના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ મયુર આહીરે તમામ રક્તદાતાઓ, સીબર્ડ CFS, IMAની ટીમ, તથા પ્રોજેક્ટને સફળ બનાવવા સહભાગી બનેલા તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

# મારવાડી યુવા મંચ, ગાંધીધામ દ્વારા દ્વિતીય સામૂહિક લગ્નોત્સવનું ભવ્ય આયોજન






ગાંધીધામ :મારવાડી યુવા મંચ, ગાંધીધામ તથા મારવાડી યુવા મંચ જાગૃતિ શાખા દ્વારા સમાજસેવા અને જનકલ્યાણના ઉદ્દેશ્ય સાથે દ્વિતીય સામૂહિક લગ્નોત્સવનું ભવ્ય આયોજન સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું. આ પ્રસંગે ૬ જરૂરિયાતમંદ વર-વધૂ યુગલોના લગ્ન વૈદિક વિધિ-વિધાન અને સામાજિક પરંપરા અનુસાર સંપન્ન કરાવવામાં આવ્યા. નવદંપતિઓને તેમના નવા દાંપત્ય જીવનની સુખદ શરૂઆત માટે સંપૂર્ણ કરીયાવર (ગૃહઉપયોગી સામગ્રી) ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યો.આ ભવ્ય કાર્યક્રમમાં અખિલ ભારતીય મારવાડી યુવા મંચના રાષ્ટ્રીય અધ્યક્ષ સુરેશ એમ. જૈન, ગુજરાત પ્રાંતીય મારવાડી યુવા મંચના અધ્યક્ષ અજય અગ્રવાલ, કચ્છના સાંસદ વિનોદ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી, કારોબારી ચેરમેન તેજસ શેઠ, મંચના સ્થાપક અધ્યક્ષ નંદલાલ ગોયલ, અધ્યક્ષ પવન ગોયલ, મંચના તમામ હોદ્દેદારો, પૂર્વ અધ્યક્ષશ્રીઓ, ભામાશાહો તથા અગ્રણીઓની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નવદંપતિઓને આશીર્વાદ પાઠવવામાં આવ્યા તેમજ ભામાશાહોના સહયોગ અને સમાજના સહકારથી આ સેવાયજ્ઞને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.મારવાડી યુવા મંચ, ગાંધીધામ દ્વારા ભવિષ્યમાં પણ સમાજના જરૂરિયાતમંદ પરિવારોના કલ્યાણ માટે આવા સેવાકીય અને જનહિતના કાર્યો સતત આયોજિત કરવામાં આવશે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી.

# કાશ્મીરમાં અનંતનાગ-પહલગામમાં આભ ફાટતાં પૂરની સ્થિતિ, હોટેલ-ઘર બધુ પાણીમાં ગરકાવ

(એજન્સી દ્વારા)શ્રીનગર : જમ્મુ-કાશ્મીરમાં કુદરતનો પ્રકોપ જોવા મળ્યો છે. અહીં બે અલગ-અલગ જગ્યાએ વાદળ ફાટવાની ઘટનાઓ સામે આવી છે, જેના કારણે મોટા પાયે નુકસાન થયું છે. વાદળ ફાટ્યા બાદ આવેલી અચાનક પૂરના કારણે લોકોના ઘરો, ખેતરો અને હોટલો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ પહેલા ડોડામાં પણ વાદળ ફાટવાના કારણે ભારે તબાહી મચી હતી.

હવામાન વિભાગે હજુ પણ જમ્મુ-કાશ્મીરના ઘણા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી જાહેર કરી છે.પ્રાથમિક માહિતી અનુસાર, દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં શનિવારે મોડી સાંજે બે અલગ-અલગ સ્થળોએ વાદળ ફાટવાની ઘટનાઓ બની હતી. આ આકાશી આફત બાદ આવેલી ફ્લેશ ફ્લડના કારણે શંગસ અને પહલગામ વિસ્તારોમાં અફરાતફરી મચી ગઈ હતી. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, આ બંને ઘટનાઓમાં ખેતીની જમીન, બગીચાઓ, ઝૂંપડીઓ અને કેટલીક હોટલોને મોટું નુકસાન પહોંચ્યું છે.

પહેલી ઘટના શંગસ વિસ્તારના ચિટરગુલ (ચાટેરગુલ)ની ઉપરની પહાડીઓમાં બની હતી. અહીં વાદળ ફાટ્યા બાદ આરિપથ (અરપત) નાળાનું જળસ્તર અચાનક જોખમી રીતે વધી ગયું હતું.

# ભગવાન જગન્નાથની રથયાત્રાને લઈને પોલીસ તંત્ર એલર્ટ

**કાયદો અને વ્યવસ્થા જાળવવા યોજાયું સઘન ફૂટ પેટ્રોલિંગ**



ગાંધીનગર : પેટલાદ શહેરમાં આગામી ગુરુવારના રોજ પરંપરાગત રૂટ પર ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીની રથયાત્રા નીકળનાર છે. આ ધાર્મિક મહોત્સવમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોવાથી અને રથયાત્રા શહેરના મિશ્ર વસ્તી ધરાવતા વિસ્તારોમાંથી પસાર થતી હોવાથી સુરક્ષા વ્યવસ્થાને ચુસ્ત બનાવવી અનિવાર્ય છે.

# ભગવાન જગન્નાથજીના 'રજવાડી વાઘા'ની વાજતે-ગાજતે મંદિરમાં પધરામણી

**શોભાયાત્રામાં ઉમટ્યું ભક્તોનું ઘોડાપૂર**



અમદાવાદ : અમદાવાદની શાન સમાન જગન્નાથજીની વાર્ષિક રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સમગ્ર જમાલપુર મંદિર પરિસર ભક્તિના રંગે રંગાઈ ગયું છે. રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજી જે પવિત્ર અને ભવ્ય પોશાક પહેરીને નગરચર્યાએ નીકળવાના છે, તે વિશેષ 'રજવાડી વાઘા' આજે વિધિવત રીતે મંદિરમાં લાવવામાં આવ્યા છે.દર વર્ષની પરંપરા મુજબ, આ વાઘાને સીધા ગર્ભગૃહમાં લઈ જવાના બદલે સૌપ્રથમ એક સુંદર શોભાયાત્રાના સ્વરૂપમાં મંદિરની આસપાસ ફેરવીને વાજતે-ગાજતે પધરામણી કરાવવામાં આવી હતી.આ વાઘા યાત્રામાં મંદિરના શણગારેલા ગજરાજો (હાથીઓ) સૌથી આગળ ચાલતા હતા, જેમના આશીર્વાદ લેવા સ્થાનિકો ઉમટ્યા હતા.

# ડો .બી.સી રોય જન્મદિને નામાંકિત તબીબોનું સન્માન

ગાંધીધામ : અંજાર જાયન્ટ શક્તિ સહેલી દ્વારા પૂર્વ કચ્છના નામાંકિત તબીબોનું સન્માન કરવામાં આવ્યું. પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને સેવાભાવી તબીબ ડૉ. બી. સી. રોયનો જન્મદિન સમગ્ર ભારતમાં "ડોક્ટર્સ ડે" તરીકે ઉજવાય છે. સમાજમાં સેવાભાવી તબીબ ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે.આ દિવસે સેવાભાવી તબીબોનું સન્માન કરી સમગ્ર માનવજાત ગૌરવની લાગણી અનુભવે છે.આ રીતે પુષ્પરૂપી સન્માન કરી સેવાનું ઋણ ચૂકવવાનો પ્રયાસ કરે છે. આના અનુસંધાને અંજાર જાયન્ટસ શક્તિ સહેલી દ્વારા પૂર્વ કચ્છના સેવાભાવી તબીબો




સર્વશ્રી ડૉ.નરેશ જોષી, ડૉ. જીગ્નેશ મહેતા, ડૉ.પ્રસાદ ટેમકર ,ડૉ. શિવાની પટેલ આયર, ડૉ. અવની રિઝવાની,ડૉ. હિના રામનાની,ડૉ. સુનિતા દેવનાની, ડૉ.પાર્થ ઠક્કર,ડૉ. વિરેન્દ્ર ઝોટા,ડૉ. ભુવનેશ દવે, ડૉ. જવલિત મોરખીયાનું સન્માન સંસ્થાના પ્રમુખ હેતલ ઓઝા,દિશા ધારક,અલકા ઝોટા અને ગીતા ભાનુશાળી દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રમુખ હેતલ ઓઝાએ તબીબોની નિસ્વાર્થ સેવાભાવનાને બિરદાવી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## પહેલા પાનાથી...

### પશ્ચિમ એશિયામાં

જેના કારણે દુનિયાભરમાં તેલ અને ગેસના સપ્લાય પર ગંભીર ખતરો ઊભો થયો છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે, એક જહાજે નિર્ધારિત દરિયાઈ માર્ગનું ઉલ્લંઘન કર્યું હતું અને પોતાની નેવિગેશન સિસ્ટમ પણ બંધ કરી દીધી હતી. વારંવારની ચેતવણીઓ છતાં જહાજે રસ્તો ન બદલતા તેની પર કાર્યવાહી કરાઈ છે. IRGC નો એવો પણ દાવો છે કે અન્ય ઘણા જહાજો પણ મંજૂરી વગરના રસ્તાઓ પરથી પસાર થવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આથી, જ્યાં સુધી વિસ્તારમાંથી અમેરિકન દખલગીરી બંધ નહીં થાય ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ બંધ રાખવાનો નિર્ણય ઈરાને લીધો છે.

### ગુજરાતમાંથી મેગા

જતન અને ઉછેર માટે તંત્ર દ્વારા એક વિશેષ રોડમેપ તૈયાર કરાયો છે. પ્રશાસને આ માટે જાણીતી કોર્પોરેટ કંપનીઓ જેવી કે ITC ઈન્ડિયા લિમિટેડ, વિશ્વનાથ રિયલ્ટર્સ, શીતલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એસોસિએશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ સાથે સીધા કરાર કર્યા છે. આ કંપનીઓ સીએસઆર ફંડ હેઠળ વાવવામાં આવેલા આ વૃક્ષોનું સંપૂર્ણ પાલનપોષણ કરશે. સાયન્સ સિટી ખાતેના મુખ્ય કાર્યક્રમ બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતે ગોતા-ગોધવી કેનાલ, ભાડજ, સરખેજ અને વાડજ જેવા વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. તેમણે ગ્રાઉન્ડ લેવલ પર જઈને જાતે વૃક્ષારોપણ કર્યું હતું અને સ્થાનિક વહીવટીતંત્રની કામગીરીની સમીક્ષા કરી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### ઓમર અબ્દુલ્લાનો

દાવો કર્યો કે, જમ્મુના તેમના એક ધારાસભ્યને સુપ્રીમ કોર્ટના એક વકીલ મારફતે ઘણા મોટો પ્રલોભન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ આખી ઓફરમાં ૨૦-૩૦ કરોડ રૂપિયા કેશની સાથે-સાથે રાજ્યનો જૂનો દરજ્જો પરત અપાવવાનો ભરોસો પણ સામેલ હતો.

જોકે, નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યોએ આ સોદાબાજીને સંપૂર્ણપણે ફગાવી દીધી. તેમનું સ્પષ્ટ કહેવું છે કે, જો ભાજપ ભવિષ્યમાં તેમના દરેક નેતાને ૧૦૦ કરોડ રૂપિયાની પણ લાલચ આપે, તો પણ કોઈ પોતાની પાર્ટી છોડીને જવાનું નથી.ન્યૂઝ એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, રેલી દરમિયાન સીએમ ઓમરે જમ્મુ-કાશ્મીરને ફરીથી પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાનો મુદ્દો ખૂબ જ આક્રમક અંદાજમાં ઉઠાવ્યો હતો. તેમણે કેન્દ્ર સરકારના એ જૂના નિવેદન પર આકરા પ્રહારો કર્યા, જેમાં વારંવાર 'યોગ્ય સમય' પર દરજ્જો બહાલ કરવાની વાત કહેવામાં આવે છે. તેમણે સવાલ પૂછ્યો કે, આખરે તે યોગ્ય સમય ક્યારે આવશે, તેનો કોઈ સ્પષ્ટ માપદંડ નક્કી છે ખરો? શું જનતાના લોકતાંત્રિક અધિકારો પરત આપવા માટે હજુ કંઈક બીજું કરવાનું બાકી રહી ગયું છે? તેમણે સ્પષ્ટ કહ્યું કે, લોકોએ ચૂંટણીમાં ઉત્સાહભેર ભાગ લીધો, નવી સરકાર પણ બની ગઈ, છતાં દિલ્હી પોતાનો વાદો પૂરો કરવામાં સતત વિલંબ કરી રહ્યું છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે

થાય લોકો રથયાત્રાના દર્શન ઉલ્લાસ ભેર કરી શકે તેમજ કોઈ પણ પ્રકારના અનિચ્છનીય બનાવ ન બને તેની સંપૂર્ણ તકેદારી રાખવા પોલીસતંત્રને આ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. અમદાવાદમાં રથયાત્રાના રૂટ પર આવતી જર્જરિત ઈમારતો અને મકાનો આસપાસ લોકો રથયાત્રાના દર્શન માટે ભીડ ન કરે તે માટેની ચૂસ્ત વ્યવસ્થાઓ કરવા પણ મુખ્યમંત્રી એ મ્યુનિસીપલ કમિશ્નરને સૂચનાઓ આપી હતી. શહેર પોલીસતંત્ર 'ઝીરો રિસ્ક' અને સંપૂર્ણ સતર્કતા તથા સજ્જતાથી ૩૧ હજારથી વધુ પોલીસકર્મીઓની સેવાઓ સાથે આ ૧૪૯મી રથયાત્રા શાંતિ પૂર્વક પાર પડે તે માટે દિવસ રાત જે મહેનત કરી રહ્યું છે તેની તલસ્પર્શી વિગતો અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી અનુપમસિંહ ગહેલોતે પ્રેઝન્ટેશન દ્વારા આપી હતી.



૧૧/૦૭/૨૦૨૬ શનિવાર ગાંધીધામ PGVCL દ્વારા ગાંધીધામ, આદિપુર, રામબાગ, મેઘપર બોરીચી લોકઅદાલતનું આયોજન વ્યાજ માફી અને જૂના કેસનું સમાધાન રાખવામાં આવ્યો હતો જે ઉપરોકત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ ન્યૂ હોરાઇઝન દ્વારા વિવિધ સેવાકીય પ્રોજેક્ટ્સનું સફળ આયોજન





ગાંધીધામ : લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ ન્યૂ હોરાઇઝન દ્વારા સમાજસેવા અને પર્યાવરણ સંરક્ષણના ઉદ્દેશ સાથે સતત વિવિધ સેવાકીય પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવ્યું. ક્લબ દ્વારા ૧લી જુલાઈએ ગાંધીધામ જિલ્લા કોર્ટ, DC-૫, ૨જી જુલાઈએ નકોડા પાર્શ્વનાથ દેરાસર તથા ૩જી જુલાઈએ કે.કે. શુક્લા પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા. આ કાર્યક્રમોમાં ક્લબના સભ્યો સાથે મોટી સંખ્યામાં વકીલશ્રીઓ, શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ પર્યાવરણ જાળવણી તથા વધુમાં વધુ વૃક્ષારોપણનો સંદેશ આપ્યો. ૬મી જુલાઈએ ગજવાણી સ્કૂલ અને સાધુ વાસવાણી સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને સ્ટેશનરી અને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી શૈક્ષણિક સામગ્રી સાથે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું. આ ઉપરાંત ૭મી જુલાઈએ રામ રોટી સેવા કેન્દ્ર (ઓસ્લો પ્રોજેક્ટ) ખાતે હંગર પ્રોજેક્ટ અંતર્ગત જરૂરિયાતમંદોને ભોજન વિતરણ કરવામાં આવ્યું. આ સેવા પ્રવૃત્તિ દ્વારા "કોઈ ભૂખ્યું ન રહે" તેવા લાયન્સના સંદેશને સાર્થક કરવામાં આવ્યો. આ તમામ સેવાકીય પ્રવૃત્તિઓમાં રીટા શાહ, જ્યોતિ ઉત્તવાણી, ભાવિકા હિંદુજા, નેહા ગોર ઠાકર, નેહા વોરા, ગુરપ્રીત કોચર, સ્વાતિ મહેતા, નિશા કેરાઈ, ચાંદની ડોરુ, ડિમ્પલ આચાર્ય, પૂજા મિત્તલ, પૂનમ ગોર, હંસાબેન ઠક્કર, પ્રીતી મોમાયા, કોમલ પંજવાણી, રક્ષા સોની, લિયો સૌમક બિસ્વાસ, લિયો ભૂનેશ ચંદાણી તથા કબ ધ્વનિત ઉત્તવાણી ઉપસ્થિત રહ્યા હતા.ગાંધીધામ જિલ્લા કોર્ટ ખાતે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા અનેક વકીલશ્રીઓએ આ સેવાકીય કાર્યની પ્રશંસા કરી હતી. તેમજ શાળાઓમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન આચાર્યશ્રીઓ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તમામ સેવાકીય પ્રવૃત્તિઓ અંગેની માહિતી તથા પુષ્ટિ એડવોકેટ લાયન રીટાબેન શાહ દ્વારા આપવામાં આવી હતી. "We Serve – We Care – We Grow" ના સૂત્રને સાકાર કરતાં લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ ન્યૂ હોરાઇઝન ભવિષ્યમાં પણ આવી સેવાકીય પ્રવૃત્તિઓ સતત ચાલુ રાખશે.

# ગાંધીધામના ગણેશનગરમાં ઘરમાં ઘૂસી લૂંટનો મામલો: ૬ શખ્સો રાઉન્ડઅપ, મુખ્ય આરોપી સહિત ૪ હજુ ફરાર

**ધોકા-છરી સાથે ત્રાટકેલી ટોળકીએ રૂ. ૧૨ હજારની રોકડ અને જ્યુપિટર લૂંટ્યું હતું; રાઉન્ડઅપ કરાયેલા શખ્સોમાં બે કંડલા અને ચાર માળિયાના હોવાનો પ્રાથમિક અંદાજ**







ગાંધીધામ: ગાંધીધામના ગણેશનગર વિસ્તારમાં ધોકા અને છરી જેવા જીવલેણ હથિયારો સાથે ત્રાટકેલી આશરે ૮થી ૧૦ શખ્સોની ટોળકીએ એક ઘરમાં ઘૂસી તોડફોડ કરી રૂ. ૧૨ હજારની રોકડ અને જ્યુપિટર સ્કૂટરની લૂંટ ચલાવ્યાની સનસનાટીભરી ઘટનામાં પોલીસને પ્રાથમિક સફળતા મળી છે. આ કેસમાં પોલીસે છ શખ્સોને રાઉન્ડઅપ કરીને સઘન પૂછપરછ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. રાઉન્ડઅપ કરાયેલા શખ્સોમાં બે કંડલા અને ચાર માળિયાના હોવાનું પ્રાથમિક અનુમાન છે. જોકે, મુખ્ય આરોપી સહિત ચાર શખ્સો હજુ ફરાર હોવાથી તેમને ઝડપી પાડવા પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા શોધખોળ તેજ બનાવવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, ગાંધીધામના સેક્ટર-૦૬ સ્થિત ગણેશનગરમાં રહેતા ચેતનાબેન ગોવિંદભાઈ ચંદે (મહેશ્વરી)ના ઘરમાં ગત તા. ૧૧/૦૭/૨૦૨૬ના બપોરે આશરે ૨:૪૫ વાગ્યે ઈકો કાર તથા બે મોટરસાઈકલ પર આવેલા અજાણ્યા શખ્સો ગેરકાયદેસર રીતે ઘૂસી ગયા હતા. ધોકા અને છરી જેવા હથિયારોથી સજ્જ ટોળકીએ ઘરમાં પ્રવેશતાં જ સાહેદ ભાવનાબેનના પગમાં ધોકો મારી ભયનો માહોલ સર્જ્યો હતો.ત્યારબાદ આરોપીઓએ હોલમાં ધસી જઈ ટીપોઈ પર ધોકો મારી કાચ તોડી નાખ્યો હતો. ટોળકીએ ગાળાગાળી કરીને પરિવારજનોને ધમકાવ્યા બાદ મંદિરની બાજુમાં આવેલા ખાનામાં રાખેલી રૂ. ૧૨,૦૦૦ની રોકડ લૂંટી લીધી હતી. આરોપીઓએ બારી પાસે રાખેલી વાહનોની ચાવીઓ પણ આંચકી લીધી હતી. આંગણામાં પ્લાસ્ટિકની બોટલમાંથી પેટ્રોલ છાંટી આખું ઘર સળગાવી દેવાની ધમકી આપી વધુ આતંક ફેલાવ્યો હતો.આરોપીઓ જતાં-જતાં આશરે રૂ. ૮૦,૦૦૦ની કિંમતનું જ્યુપિટર સ્કૂટર પણ બળજબરીથી લૂંટીને નાસી છૂટ્યા હતા. આમ, રોકડ અને વાહન સહિત કુલ રૂ. ૯૨ હજારની લૂંટ ચલાવવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.ઘટનાની જાણ થતાં ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. વિવિધ કડીઓ અને પ્રાથમિક માહિતીને આધારે છ શખ્સોને રાઉન્ડઅપ કરી તેમની ભૂમિકા અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં રાઉન્ડઅપ કરાયેલા શખ્સોમાંથી બે કંડલા અને ચાર માળિયા વિસ્તારના હોવાનું અનુમાન છે. જોકે, તેમની ધરપકડ અને ઓળખ અંગે પોલીસ તરફથી સત્તાવાર જાહેરાત થવાની બાકી છે. બીજી તરફ, મુખ્ય આરોપી સહિત ચાર ફરાર શખ્સોને શોધવા સંભવિત સ્થળોએ તપાસ અને દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે.આ મામલે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૦(૨), ૩૩૩, ૩૨૬(જી), ૬૨, ૩૫૧(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૩૨૪(૨) તેમજ જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધાયો છે. કેસની વધુ તપાસ યુ.એચ.સી. કૃષ્ણસિંહ એન. વાઘેલા, પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. ગોજીયા તથા અંજાર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એમ.પી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે

# સુખપર સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાના રજત જયંતી મહોત્સવની ઉજવણી









**રક્તદાન કેમ્પ અને ક્રિકેટ ટુર્નામેન્ટ સહિતના વિવિધ પ્રેરણાદાયી આયોજનોથી પરિસર ગુંજી ઉઠ્યું : સંસ્થાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓના સહયોગથી હાસ્ય દરબાર, સેવાકીય પ્રવૃત્તિઓ અને પ્રતિભાવંતોના સન્માન સમારોહનું આયોજન**

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના સુખપર સ્થિત સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા ખાતે રજત જયંતી મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક, સામાજિક અને રમતગમતના કાર્યક્રમોની ભવ્ય ઉજવણી કરાઈ હતી. પાઠશાળાની સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના આ વિશેષ અવસરે પાઠશાળાના ટ્રસ્ટીગણો, ગુરુજનો, વર્તમાન વિદ્યાર્થીઓ અને પ્રાચ્ય છાત્ર મંડળના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંયુક્ત સહયોગથી અનેકવિધ પ્રેરણાદાયી આયોજનો હાથ ધરવામાં આવ્યા હતા.

આ રજત જયંતી મહોત્સવના ભાગરૂપે યોજાયેલા કાર્યક્રમો અંતર્ગત પાઠશાળાના પરિસરમાં એક ભવ્ય હાસ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જાણીતા કલાકાર પિયૂષ મહારાજે પોતાની આગવી શૈલીમાં ઉપસ્થિત જનમેદનીને હાસ્યરસથી તરબોળ કરી દીધી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવના મુખ્ય દિવસે રવિવારે ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરીને વિવિધ આયોજનોની મંગલ શરૂઆત કરવામાં આવી હતી.

સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે પાઠશાળાની મેડિકલ સમિતિ દ્વારા એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન એ જ મહાદાનના સૂત્રને સાર્થક કરતા આ કેમ્પમાં યુવાનો અને સેવાભાવી નાગરિકોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. સમિતિ દ્વારા શરૂઆતમાં રજત જયંતી વર્ષને ધ્યાનમાં રાખીને ૨૫ બોટલ રક્ત એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, પરંતુ રક્તદાતાઓના અભૂતપૂર્વ ઉત્સાહને કારણે આ કેમ્પમાં ૫૦ થી ૬૦ બોટલ જેટલું રક્ત એકત્રિત થયું હતું.


આ શિબિરની સાથે જ રમતગમતના ક્ષેત્રે યુવાનોના કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે 'ધ્યાન - હરિ ૨૦૨૬ કપ' અંતર્ગત એક દિવસીય સુપર એઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન શ્રીજી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં પ્રાચ્ય છાત્ર મંડળની અલગ-અલગ ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો અને તમામ ખેલાડીઓ ભારે હર્ષોલ્લાસ સાથે આ સ્પર્ધામાં રમ્યા હતા.

સાંજના સમયે યોજાયેલા મુખ્ય સમારોહમાં વિવિધ ક્ષેત્રોમાં વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત કરનારા પાઠશાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ગૌરવ પુરસ્કાર આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. આ પાઠશાળામાંથી અભ્યાસ કરીને પીએચડીની પદવી મેળવનારા, ડોક્ટર, વકીલ તેમજ સરકારી વહીવટી અને પોલીસ વિભાગમાં ઉચ્ચ હોદ્દા પર સેવા આપી રહેલા પ્રતિભાવંતોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે જ રક્તદાતાઓને પ્રમાણપત્ર અને ટુર્નામેન્ટના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આગામી દિવસોમાં પાઠશાળા અને છાત્ર મંડળ દ્વારા જ્યોતિષ શિબિર, ભાગવતજીના મૂળ પારાયણની શિબિર તેમજ કર્મકાંડની પ્રાયોગિક શિબિર જેવા લોકઉપયોગી કાર્યોનું પણ આયોજન કરવામાં આવનાર છે તેમ સંસ્થા દ્વારા જણાવાયું હતું.

આ મહોત્સવના મુખ્ય દાતા તરીકે રામપર - વેકરાના શાંતિભાઈ ભંડેરી અને ધનુબેન શાંતિભાઈ ભંડેરી (હસ્તે જયંતિભાઈ જોષી) રહ્યા હતા. જ્યારે રવાપરના સ્વ. દેવકાબેન શિવજીભાઈ રાજગોર (હસ્તે શાસ્ત્રીશ્રી કિરણભાઈ ગોપાલભાઈ જોષી) તરફથી ટ્રોફીનું દાન અને અંતરજાળના હાર્દિકભાઈ બી. પંડ્યા તરફથી મંડપનું દાન પ્રાપ્ત થયું હતું. બોલ એવં ગૌરવ પુરસ્કારના દાતા તરીકે મિરજાપરના કુ. વૈદેહી મયંક જોષી રહ્યા હતા અને લાયજાના હેમાંગ રોહિતભાઈ વેદાંત શીતપેય દાતા તરીકે સેવા આપી હતી. નેરના રોહિતભાઈ એચ. બાલાસરા સન્માન સાહિત્યના દાતા, માંડવીના કિશનભાઈ એન. ઓઝા જલસેવાના દાતા, ભુજના કિશનભાઈ કેવડીયા મોમેન્ટોના દાતા તેમજ માનકુવાના કપિલભાઈ ડી. વ્યાસ મેદાનના દાતા રહ્યા હતા. હાસ્ય દરબારના સૌજન્ય દાતા તરીકે રાયપરના ગૌતમભાઈ શાસ્ત્રી (હસ્તે ભરતભાઈ જોષી) તેમજ મિરજાપરના મિહિરભાઈ ડી. જોષી રહ્યા હતા. સહયોગી દાતાઓ તરીકે હાજાપરના ધવલભાઈ જોષી, ગાંધીધામના કાંતિલાલ આર. જોષી, ખેડોઈના શિવમભાઈ એમ. રાજગોર, આંબરડીના સ્વ. ચંદ્રેશભાઈ દિનકરાય જોષી (હસ્તે મનિષ દિનકરાય જોષી), અંજારના પ્રત્યુષા ઉમંગભાઈ પંડ્યા અને ભુજપુરના કુ. આર્વી ધર્મેશભાઈ રાજગોર જોડાયા હતા. આ સાથે જ હાસ્ય દરબાર એવં ગૌરવ પુરસ્કારમાં ભુજના ભવ્યભાઈ પી. જોષી, ગાંધીધામના જુગરભાઈ બી. સેવક, માતાના મઢના વિશાલભાઈ એમ. જોષી અને ભુજના ઓમ હિતેશભાઈ તરફથી સરાહનીય સહયોગ પ્રાપ્ત થયો હતો.

# ગાંધીધામ ખંડણી કેસમાં વધુ બે આરોપીઓની ધરપકડ



**હિન્દુ-મુસ્લિમ એકતા અને સામાજિક સૌહાર્દ જાળવવા હાજી જુમા રાયમાની અપીલ**

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ખંડણીની ફરિયાદના અનુસંધાનમાં પ ોલીસે વધુ બે આરોપીઓની ધરપ કડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કચ્છના મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમા દ્વારા નોંધાવવામાં આવેલી આ ફરિયાદ અંગે પોલીસ હાલ ઝીણવટભરી તપાસ ચલાવી રહી છે. આ કેસમાં કાયદો પોતાનું કામ કરી રહ્યો છે અને સત્ય બહાર લાવવા માટે આરોપીઓના મોબાઈલ ફોન કબજે કરીને તેને ફોરેન્સિક તપાસ અર્થે મોકલવાની તજવીજ પણ હાથ ધરાઈ છે. આ તપાસ દરમિયાન જો કોઈ વ્યક્તિ સમાજમાં વૈમનસ્ય કે ઉશ્કેરણી ફેલાવતા અથવા ભાઈચારાને નુકસાન પહોંચાડતા સંદેશાઓ પ્રસારિત કરતી માલૂમ પડશે, તો તેની સામે પણ કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

વર્ષોથી હિન્દુ-મુસ્લિમ એકતા, સામાજિક સૌહાર્દ અને ભાઈચારા માટે કાર્યરત હાજી જુમા રાયમા હંમેશા ન્યાયની વકીલાત કરતા આવ્યા છે. તેઓ મુસ્લિમ સમાજ કે હિન્દુ સમાજ, બંનેમાંથી ગમે તેની સાથે અન્યાય થાય ત્યારે નિર્ભયપણે અવાજ ઉઠાવે છે. તેમના માટે ન્યાય કોઈ એક જ જ્ઞાતિ કે સમાજ પૂરતો સીમિત નથી. જોકે, કેટલાક અસામાજિક તત્વો દ્વારા તેમની હિન્દુ સમાજ અને હિન્દુ સંગઠનોના વિવિધ આગેવાનો સાથેની વ્યક્તિગત મુલાકાતો તેમજ સામાજિક કાર્યક્રમોમાં હાજરીને લઈને અનાવશ્યક વિવાદ ઊભો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આજે પણ મોટાભાગના હિન્દુ અને મુસ્લિમ ભાઈઓ એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી બનીને પરસ્પર ભાઈચારો મજબૂત કરી રહ્યા છે. પરંતુ સમાજમાં ચરી ખાતા અને એકતા તોડતા અમુક અસામાજિક તત્વો બંને સમાજ વચ્ચે ગેરસમજ અને નફરત ફેલાવવાનો પ્રયાસ કરે છે, જેનાથી સમગ્ર સમાજે સજાગ રહેવાની અને તેમને કોઈપણ પ્રકારનો ટેકો ન આપવાની જરૂર છે. એકતા જાળવવી એ સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી છે. પકડાયેલા ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતા તત્વોને કોણ સમર્થન આપી રહ્યું છે અથવા બચાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, તે બાબતે પણ સમાજે વિચારપૂર્વક પોતાનો અભિપ્રાય બનાવવો જોઈએ. જોકે, કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી દરેક વ્યક્તિને નિર્દોષ માનવાનો સિદ્ધાંત પણ યાદ રાખવો જરૂરી છે.

સમાજ હિતમાં જાહેર જનજાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે હાજી જુમા રાયમાએ સંદેશ આપતા જણાવ્યું છે કે, અમારે હિન્દુ સમાજ સામે જીતવું નથી પરંતુ હિન્દુ સમાજ સાથે જીવવું છે. 'જીઓ અને જીવવા દો' ના જીવનમંત્ર સાથે તેઓ માને છે કે હિન્દુ જો દેશનું જિગર છે તો મુસલમાન તેની જાન છે, તેમજ શીખ અને ઈસાઈ આ દેશની ઓળખ છે અને આ બધા મળીને જ આપણું હિંદુસ્તાન બને છે. સમાજે માત્ર એટલું જ જોવાનું છે કે હિન્દુ-મુસ્લિમ બંને સમાજમાં રહેલા આવા નબળા તત્વોને આખરે છાવરી કોણ રહ્યું છે.

# અંજારમાં બેન્ક ઓફ બરોડા સામે ગંદકીનું સામ્રાજ્ય

**આમ આદમી પાર્ટી દ્વારા ચીફ ઓફિસરને રજૂઆત કરાશે : સફાઈ પાછળ થતા માસિક ૩૩ લાખના ખર્ચ સામે ઉઠ્યા સવાલો**




અંજાર - કચ્છઉદય :અંજાર શહેરમાં બેંક ઓફ બરોડા સામેના વિસ્તારમાં પ્રવર્તી રહેલી અતિશય ગંદકી અંજાર નગરપાલિકાની સફાઈ વ્યવસ્થાની વાસ્તવિક સ્થિતિ છતી કરે છે. શહેરમાં સફાઈ પાછળ દર મહિને અંદાજે રૂપિયા ૩૩ લાખ જેટલો માતબર ખર્ચ કરવામાં આવતો હોવા છતાં, વાસ્તવિક સ્થળ પર ગંદકી અને સફાઈનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે, જેના કારણે નગરપાલિકાની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આ અંગે આમ આદમી પાર્ટી - અંજાર શહેર દ્વારા સવાલ ઉઠાવવામાં આવ્યો છે કે, જ્યારે સફાઈ વ્યવસ્થા પાછળ આટલો મોટો ખર્ચ કરવામાં આવે છે, ત્યારે યોગ્ય અને નિયમિત સફાઈ કેમ થતી નથી? જનતાના ટેક્સના નાણાંનો હિસાબ કોણ આપશે અને આ ગંભીર બેદરકારી માટે જવાબદાર કોણ છે તેવા પ્રશ્નો પ્રજા વતી પૂછવામાં આવ્યા છે. આ ગંભીર મુદ્દાને ધ્યાને લઈને સોમવારના રોજ આમ આદમી પાર્ટી - અંજાર શહેર દ્વારા અંજાર નગર પાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવશે. જેમાં આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરી બેદરકારી દાખવનાર જવાબદારો સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવશે. આ અંગે આમ આદમી પાર્ટી - અંજાર શહેરના પ્રમુખ ગજરાજસિંહ એસ. રાણાએ જણાવ્યું છે કે, આમ આદમી પાર્ટી જનહિતના પ્રશ્નો પર સતત અવાજ ઉઠાવતી રહેશે અને શહેરના નાગરિકોને સ્વચ્છ, જવાબદાર તેમજ પારદર્શક વહીવટ મળે તે માટે પોતાનો સંઘર્ષ હંમેશા ચાલુ રાખશે.

# ભુજમાં સ્મૃતિવન પાસે અકસ્માતમાં વૃદ્ધ મહિલાને ગંભીર ઈજા






ભુજ - કચ્છઉદય : શહેરમાં સ્મૃતિવન નજીક આજે સવારે સર્જાયેલા અકસ્માતમાં વૃદ્ધ મહિલાને ગંભીર ઈજાઓ થઈ હતી.

બન્ને મહિલાઓ પગપાળા જતા હતા ત્યારે પાછળથી આવતા કાર ચાલકે ટક્કર મારતા એક મહિલાને ગંભીર ઈજાઓ થઈ હતી.

જેમાં તેમની પછેડી કારના દરવાજામાં આવી જતા ગંભીર ઈજાઓ થઈ હતી. તાત્કાલિક લોકો ભેગા થઈ ગયા, સારવાર માટે જી.કે. જનરલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ રોડ પર વધી રહેલા અકસ્માતોએ ચિંતા જગાવી હતી.

# વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે આદિપુર ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીધામ - કચ્છઉદય : યુપીએચસી આદિપુર-૨ ખાતે વિશ્વ વસ્તી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ ખાસ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત લોકોને વિશ્વ વસ્તી દિવસ ઉજવવા પાછળનો મુખ્ય હેતુ સમજાવવામાં આવ્યો હતો, તેમજ દેશમાં સતત વધતી જતી વસ્તીના કારણે સર્જાતી સામાજિક, આર્થિક અને આરોગ્ય સંબંધિત સમસ્યાઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ સાથે જ સમાજના સંતુલિત વિકાસ માટે વસ્તી નિયંત્રણ કેટલું અનિવાર્ય છે તે બાબતે પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન નાનું પરિવાર - સુખી પરિવાર અને સ્વસ્થ પરિવાર - સમૃદ્ધ સમાજ જેવા પ્રેરણાદાયી સૂત્રો દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પરિવાર નિયોજનના વિવિધ સાધનોનો યોગ્ય અને સમજદારીપૂર્વક ઉપયોગ કરવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે તોલાણી કોમર્સ કોલેજ ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો





ગાંધીધામ - કચ્છઉદય : આદિપુર ખાતે વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે એક વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. દિનેશ સુતરીયાના માર્ગદર્શન હેઠળ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આદિપુરના મેડિકલ ઓફિસર ડૉ. જીનલ સોની દ્વારા તોલાણી કોમર્સ કોલેજ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન હાજર આરોગ્ય સ્ટાફ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના મુખ્ય હેતુ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સાથે જ વધતી વસ્તીના કારણે પડતા સામાજિક, આર્થિક અને આરોગ્ય સંબંધિત પ્રભાવો તેમજ સંતુલિત વસ્તી વિકાસના મહત્વ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌને નાનું પરિવાર – સુખી પરિવાર અને સ્વસ્થ પરિવાર – સમૃદ્ધ સમાજના સૂત્રો સાથે પરિવાર નિયોજનના વિવિધ સાધનોના યોગ્ય ઉપયોગ અંગે પણ જરૂરી માર્ગદર્શન પૂરું પ ાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેડિકલ ઓફિસર ડૉ. જીનલ સોની, જિલ્લા હેલ્થ સુપરવાઈઝર વિનોદભાઈ ગેલોતર, તાલુકા હેલ્થ સુપરવાઈઝર મુળુભા જાડેજા, એમ.પી.એચ.એસ. ઉમેશ પરમાર તેમજ એમ.પી. એચ.ડબલ્યુ. ગજેન્દ્ર ગોહિલ અને રાહુલ પરમાર સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# મોડસરમાં યોજાયેલ નેત્ર નિદાન કેમ્પમાં ૧૪૩ દર્દીઓની તપાસ કરાઈ







અંજાર - કચ્છઉદય : તાલુકાના મોડસર ગામે સરપંચ અને અગ્રણીઓ, ડોક્ટરો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આંખના કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કેસીઆરસી અંધજન મંડળ ભુજના સહયોગથી કરવામાં આવે છે. કેમ્પમાં ૧૪૩ દર્દીઓની તપાસ કરાઈ હતી, જેમાંથી ૨ ઓપરેશન નીકળ્યા હતા, આંખની ચેકઅપ કરાવીને ટોકન ચાર્જમાં ૫૫ દર્દીઓએ ચશ્મા આપવામાં આવ્યા હતા. સરપંચે ડોક્ટરો અને સેવા આપનાર ભાઈઓની ચા પાણી અને જમવાની વ્યવસ્થા કરી હતી. ગાયત્રી પરિવાર દર મહિનાની ૧૦ તારીખના અલગ અલગ ત્રણ ગામડાઓ અને ચોથે ફેરે ગાયત્રી શક્તિપીઠમાં કેમ્પ કરે છે. ટ્રસ્ટી હસમુખભાઈ માથકિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે, અને જ્યારે જ્યારે ગાયત્રી શક્તિપીઠમાં કેમ્પ હોય છે ત્યારે ડોક્ટરોને જમવાની વ્યવસ્થા રાજેન્દ્રસિંહ ટી જાડેજા દ્વારા કરવામાં આવે છે. કેમ્પને સફળ બનાવવા સરપંચ નારણભાઈ ચાવડા, કાનજીભાઈ મયાત્રા કચ્છ જિલ્લા ભાજપના કારોબારી, હરિભાઈ મયાત્રા અંજાર તાલુકાના કિશન સંઘના ઉપપ્રમુખ, કાનાભાઈ રબારી, લખુ ભીખા અને ગામના અગ્રણીઓ, ડૉ રાજેશભાઈ ગઢવી, ડૉ સીતાબેન રબારી, હેમેનભાઈ મારવાડા, ગાયત્રી શક્તિપીઠના વ્યવસ્થાપક આશુતોષ વૈષ્ણવ, ગાયત્રી શક્તિપીઠના પૂજારી નટુભાઈ જોષી, શારદા સેવાશ્રમના ટ્રસ્ટી સુરેશભાઈ છાયા, પોલીસ અધિકારી રવુભા જાડેજા સહિતે તન, મન, ધનથી કેમ્પમાં ખડેપગે સેવા આપી હતી.

## છેલ્લા પાનાનું ચાલુ..

**ધંધાની નવી મોડસ**

વિસ્તારમાં પરપ્રાંતિય વસાહતના કારણે ઓરિસ્સાથી ટ્રેન મારફતે ગાંજો આવે છે અને તે મુંદરા, અબડાસા સહિતના ઔદ્યોગીક વિસ્તારોમાં પહોંચે છે. વાગડમાં અફીણ, પોશડોડાની વધારે બોલબાલા છે, અહીં ખેતી પણ ઝડપાઈ ચુકી છે.

ખાવડામાં આરઈ પાર્કમાં મોટી સંખ્યામાં રાજસ્થાન સહિત વિવિધ પ્રાંતના મજુરો કામ કરતા હોઈ રણ માર્ગે આવતી વખતે દારૂની સાથે ગાંજો અને અફીણ, પોશડોડા, ચરસની પણ ખેપ થતી હોય છે, જે ક્રીમ પબ્લિક છે તેના માટે ખાસ કરીને પંજાબ અને હરીયાણાથી એમડી, હેરોઈન, કોકેઈન સહિતનું મોંઘેરૂં ડ્રગ્સ આવતું હોય છે.

ઘણી વખત માલ પકડાયો છે, આરોપી પકડાયા છે પરંતુ મુળ સુધી પહોંચવામાં પોલીસ સફળ થઈ નથી.

# આવતીકાલે ભચાઉ પ્રાંત અધિકારી દ્વારા રાપર તાલુકાના સરપંચો માટે મહત્વની બેઠક

**વીજલાઈન ટાવરના નુકસાની વળતર અને માર્કેટ રેટ કમિટીની નિમણૂંક અંગે યોજાશે મીટિંગ**

ભચાઉ - કચ્છઉદય : ભચાઉના નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા રાપર તાલુકાના વિવિધ ૨૮ જેટલા ગામોના સરપંચોને એક મહત્વની બેઠકમાં હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી છે. સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા નવા ઠરાવ અન્વયે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઠરાવ મુજબ ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી વીજલાઈન અને ટ્રાન્સમિશન ટાવરના કારણે જમીન માલિકોને થતા નુકસાનના વળતર માટે એક વિશેષ માર્કેટ રેટ કમિટીની રચના કરવાની થાય છે. જેમાં ટાવરના ચાર પાયા વચ્ચે આવતી જમીનના નુકસાન પેટે બજાર કિંમતના ૨૦૦ ટકા એટલે કે બે ગણું વળતર આપવાની તેમજ વીજલાઈન કોરિડોરના કારણે પ્રભાવિત થતી જમીન માટે પણ યોગ્ય વળતર ચૂકવવાની નવી જોગવાઈ કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રચાનારી આ કમિટીમાં જમીન માલિકો તરફથી બે પ્રતિનિધિઓ અને ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિનો સભ્ય તરીકે સમાવેશ કરવાનો રહેશે. આ સરકારી જોગવાઈઓથી સરપંચોને માહિતગાર કરવા તેમજ કમિટી માટેના સભ્યોની નિમણૂંક કરવાના હેતુસર ભચાઉ પ્રાંત અધિકારી જે.આર. ગોહેલ દ્વારા આગામી તારીખ ૧૩ જુલાઈના સોમવારે સવારે ૧૨ કલાકે પ્રાંત કચેરી ખાતે એક ખાસ મીટિંગ બોલાવવામાં આવી છે. આ બેઠકમાં સાંય, ઉમૈયા, ફતેહગઢ, સેલારી, પ્રતાપગઢ, વ્રજવાણી, કુંભારીયા, બેલા અને ગેડી સહિતના ૨૮ ગામોના સરપંચોને હાજર રહેવા જણાવાયું છે.

# સિક્રો અકાદમી દ્વારા એક આખો દિવસ ચિત્રકળા અને રંગપૂરણીને સમર્પિત કરાયો







આદિપુર : કલાના સંવર્ધનને વરેલી અહીંની સિક્રો અકાદમી દ્વારા એક આખો દિવસ ચિત્રકળા અને રંગપૂરણીને સમર્પિત કરાયો હતો.તોલાણી એફ જી પોલીટેકનિકના એ. વી. થિયેટર ખાતે અકાદમીમાં ચિત્રકળાના નિપુણ નવોદિત ચિત્રકારો દ્વારા દોરાયેલાં ચિત્રોનું પ્રદર્શન ઉપરાંત સાથે ચિત્ર સ્પર્ધા અને રંગપૂરણી સ્પર્ધા તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ચિત્રકાર નવીન ભાઈ સોની દ્વારા ચિત્રકલાનું જીવંત ડેમોન્સ્ટ્રેશન (નિદર્શન) કરાયું હતું.કલાગુરુ કૃપાલીબા જાડેજાનાં માર્ગદર્શન માં તૈયાર થયેલા ધ્યાના બુચ, એસ. ઐશ્વર્યા, હીર બાલાસરા, આર્યાવ રવિ, પ્રિયાંશુ બલદાણીયા, રિથીકા તવર ઉપરાંત ૮૧ વર્ષનાં જોગેશ્વરી છાયાનાં ચિત્રો નું પ્રદર્શન સૌએ નિહાળ્યું હતું.રંગપૂરણી હરીફાઈમાં અલગ અલગ વય જૂથ મુજબ ૪ થી ૭ વર્ષમાં તનિશા મહેતા, દીના ખેમાની, દિત્યા લોંગાની તો વય જૂથ ૭થી ૯ વર્ષ માં વિહાના ચૈયા, માયરા મૂળચંદાની, ધ્યાન સંઘવી અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય તથા ચિત્ર સ્પર્ધામાં ૧૦ થી ૧૩ વર્ષમાં દેબાશિષ દત્તા અને ગુંજન ખોટ તો ૧૩ થી ૧૭ વર્ષમાં અન્વેષા દાની અને ખુશી દવે અનુક્રમે પ્રથમ અને દ્વિતીય રહ્યા હતા.વયજૂથ ૧૮ વર્ષથી ઉપર માં સુજાતા ખોનાને વિશેષ ઈનામથી નવાજ્યા હતા. વરિષ્ઠ ચિત્રકાર નવીન સોનીએ ભાગ લેનાર સૌને બિરદાવ્યા હતા અને પોતાના અનુભવનો નિચોડ અભિભાવકો સમક્ષ રજૂ કર્યો હતો. આ પહેલાં ચિત્ર પ્રદર્શનીનો આરંભ ભાગવત કથાકાર શ્રી ચંદ્રકાંત શુક્લા દ્વારા રીબીન કાપી કરાયો હતો. સિક્રો ડાયરેક્ટર કૌશલ છાયા એ સ્પર્ધા માં ભાગ લેવાથી થતા ફાયદા અને ગેરફાયદાની વાત મૂકી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉત્પલા વૈદ્યએ કર્યું હતું. તો અકાદમીના કાજલ છાયા, હેન્સી છાયા, દક્ષ છાયા, નિરાલી પંડ્યા, નીરજ પંડ્યા, હેમાંગી જેઠવા, પ્રાંજલી ખારોડ, પાયલ, ચિન્મય પુરાણિકે આ ત્રિવેણી મહોત્સવ ને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. તોલાની આર્ટસ એન્ડ સાયન્સના પ્રિન્સિપલ ડો. સુશીલ ધર્માણી, તોલાણી કોમર્સ કોલેજના ડો અર્ચના કેલા , સુર સંગમ ફાઉન્ડેશનના ચિંતન મહેતા, નિલેશ ટંડન, સુધીર ભટનાગર, ઓમ વિદ્યામંદિર ના શ્રી જયંતીભાઈ પ્રજાપતી, ડીપીએસના કલાગુરુ પ્રિયંકા અગ્રવાલ, વરિષ્ઠ ચિત્રકાર ભાવના ખત્રી તથા બાબુ સરે વિશેષ હાજરી આપી સૌને આશીર્વાદ આપ્યા હતા. અકાદમીના ચિત્રકલાગુરુ કૃપાલીબા પોતાના વક્તવ્ય દરમિયાન ભાવુક બની ગયા હતા અને માતા-પિતાના આશીર્વાદ લીધા હતા.

# સુરસંગમ ફાઉન્ડેશન દ્વારા ગાંધીધામના મ્યુનિસિપલ કમિશનર શ્રી બી. ડી. દેવરાની શુભેચ્છા મુલાકાત



ગાંધીધામ : ગાંધીધામના નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર શ્રી બી. ડી. દેવરા સાહેબની એક શુભેચ્છા મુલાકાત 'સુરસંગમ ફાઉન્ડેશન' ગાંધીધામની કોર ટીમ દ્વારા લેવામાં આવી હતી. આ મુલાકાતમાં સંસ્થાના સભ્યો સર્વશ્રી ચિંતન મહેતા, સુધીર ભટનાગર, મૃત્યુંજય દાસગુપ્તા, કલ્પેશ ભદ્રા, કૌશલ છાયા અને આનંદ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.મુલાકાત દરમિયાન કમિશનર સાહેબે સંસ્થાના આગામી અને ભૂતકાળના સાંસ્કૃતિક કાર્યક્રમોની સૂચિ નિહાળીને ભારે આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે સંસ્થાની પ્રવૃત્તિઓની સરાહના કરતા જણાવ્યું હતું કે, ''આવી સંસ્થાઓ દ્વારા નિયમિત અંતરે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો શહેરના નાગરિકોના માનસિક સ્વાસ્થ્ય પર ખૂબ જ હકારાત્મક અસર છોડે છે. આજના વ્યસ્ત અને તણાવપૂર્ણ સમયમાં આવા ગીત-સંગીતના કાર્યક્રમો સમાજ માટે એક અમૂલ્ય દવાની ગરજ સારે છે.''

# અધિક માસ પ્રસંગે સમહ શ્રી સત્યનારાયણની કથાનો રસપાન કરવામાં આવેલ



અંજાર : ઐતિહાસિક સ્થળ મધ્યે આવેલ B.A.P.S. શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ મધ્યે અધિક માસ પ્રસંગે સમુહ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવેલ. જે કથાનાં વકતા મારાજ શ્રી અભિષેક મનીષભાઈ પંડયા દ્વારા કથાનું રસપાન કરાવેલ તથા અધિક માસ અંગે વિગતવાર છણાવટથી અધિક માસનું પણ વિવરણ કરેલું હતું તથા જણાવેલ કે આ કથાનો સાર કે મનુષ્યએ સત્ કર્મો કરવાના વિચાર આવે એટલે તત્તકાળ તે કાર્ય કરવું. એમાં વિલંબ કરવો નહીં અને જે પણ કાંઈ આપણી સાથે બને છે એ બધુ જ ભગવાનની ઈચ્છાથી થાય છે. આ પ્રસંગ મંદિરના પૂજારી મનિષભાઈ પંડયાએ પુજાવિધીમાં સહાયરૂપ બન્યા. આ કાર્યમાં મંદિરનું સંચાલનકર્તા પૂ. સ્નેહજીવન સ્વામી અને પૂ. પૂણ્યનીલય સ્વામીએ આર્શીવચનો પાઠવ્યા હતા અને સહયોગ આપ્યો હતો. આજના પ્રસંગે ૨૧ પરિવારોએ કથાના યજમાનપદે ભાગ લીધો હતો તથા મોટી સંખ્યામાં ભકતોએ હાજરી આપી હતી. આ પ્રસંગે મંડળના ભકતો સર્વ શ્રી ભગવાનજીભાઈ ડાભી, જેન્તીભાઈ સોરઠીયા (ટ્રસ્ટીશ્રી) તથા વેલજીભાઈ આહિર (માજી પ્રમુખ, પેન્શન મંડળ) વગેરેએ સાથે મળી સમૂહમાં મારાજશ્રીનું સાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે કથાના અંતે ભગવાન શ્રી સત્યનારાયણની સમૂહ આરતી અને સાથે ભગવાન શ્રી સ્વામિ નારાયણ અક્ષર પુરૂષોતમ મહારાજની સમુહ આરતીમાં ભકતોએ લાભ લીધો હતો અને અંતમાં પ્રસાદ વિતરણ કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વડીલ ગૃપ વતી શાંતીલાલ ડી. વાઘાણી, માજી મંત્રીશ્રી, પેન્શન મંડળ દ્વારા કરવામાં આવેલ, જેને સફળ કરવા દિનેશભાઈ ટાંક, પ્રવિણભાઈ રાઠોડ, વિજયભાઈ ગોહિલ, આનંદભાઈ, હિતેશભાઈ, વિમલભાઈ તથા મંદિરનાં મહિલા મંડળએ પણ સહયોગ આપેલ.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | 5 | | | 4 | |
| | | | 9 | | 2 | | | |
| | 4 | 5 | | | | 9 | 3 | |
| 1 | 6 | | 8 | | 3 | | 7 | 5 |
| | | | 4 | | 5 | | | |
| 5 | 8 | | 6 | | 7 | | 2 | 1 |
| | 1 | 3 | | | | 8 | 5 | |
| | | | 1 | | 6 | | | |
| | 9 | | | 3 | | | 6 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 3 | 7 | 8 | 5 | 2 | 1 | 4 | 6 |
| 1 | 6 | 5 | 9 | 7 | 4 | 8 | 3 | 2 |
| 4 | 8 | 2 | 1 | 6 | 3 | 9 | 5 | 7 |
| 8 | 5 | 4 | 2 | 3 | 1 | 7 | 6 | 9 |
| 6 | 2 | 9 | 4 | 8 | 7 | 3 | 1 | 5 |
| 3 | 7 | 1 | 5 | 9 | 6 | 2 | 8 | 4 |
| 5 | 9 | 6 | 3 | 2 | 8 | 4 | 7 | 1 |
| 2 | 4 | 3 | 7 | 1 | 5 | 6 | 9 | 8 |
| 7 | 1 | 8 | 6 | 4 | 9 | 5 | 2 | 3 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : મૂળ સમાઘોઘાના અશોકભાઈ ચુંઈયા (ઉ.વ. ૪૨) તે સ્વ. વાઘજીભાઈ ચુંઈયા, નેણબાઈના પુત્ર, નાગશીભાઈ, પુરબાઈ આસમલ પાયણ, ડાયબાઈ ભીમજી થારૂના ભાઈ, રમેશના કાકા તા. ૫-૭ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ નિવાસસ્થાન મહેશ્વરીનગર, ગાંધીધામ ખાતે પૂર્ણ થઈ છે.

**અંજાર** : મૂળ ગાગોદરના કાન્તિલાલ સોમેશ્વર (ઉ.વ. ૬૨) તે સ્વ. દિવાળીબેન બાબુલાલ ચત્રભુજના પુત્ર, જ્યોતિબેનના પતિ, સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. વિનોદભાઈ, પ્રવીણભાઈ, અનિલભાઈ, ગં.સ્વ. લીલાવંતીબેન બાબુલાલ ચંદે, ગં.સ્વ. મીનાબેન કાન્તિલાલ રાવલિયા, ચેતનાબેન વિજયભાઈ ઠક્કરના ભાઈ, સાગરભાઈ (જય જલારામ ટેમ્પો સર્વિસ), દીપિકાબેન, શિવાંગીબેનના પિતા, ભાવેશ શાંતિલાલભાઈ કોટક, જય પ્રમોદભાઈ કોટેચા, ફેનીબેન સાગરભાઈ સોમેશ્વરના સસરા, ગં.સ્વ. દેવકુંવરબેન દેવજીભાઈ રાણાના જમાઈ, સ્વ. વિપુલભાઈ, રાજુભાઈ, સીતાબેન, સચિનભાઈ, સુમિતભાઈના બનેવી, જયાન્સના દાદા, પરમ, પ્રથમના મોટાબાપા, રૂહી, તીર્થના નાનાબાપા તા. ૯-૭ના અવસાન પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨-૭ના રવિવારે સાંજે ૫થી ૬ લોહાણા મહાજનવાડી, રાજેન્દ્ર દેવજી કોડરાણી માર્ગ, સવાસર નાકા, અંજાર ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે).

**ભુજ** : પ્રદીપભાઈ પ્રતાપરાય ધોળકિયા (ઉ.વ. ૭૬) તે મીનાબેનના પતિ, પાર્થ, મિતિના પિતા, માનસીના સસરા, ડો. રાજેન્દ્રભાઈ (વડોદરા), શિરીષભાઈ, ધવલભાઈ (ભુજ)ના ભાઈ, સ્વ. મંજુલાલભાઈ વોરા (સંબલપુર)ના જમાઈ, બકુલભાઈ વોરા, ભુવનભાઈ વોરા (વડોદરા), દ્વિજેન્દ્રભાઈ, સ્વ. કૈવલ્યભાઈના બનેવી અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૭-૨૦૨૬ના સાંજે ૫થી ૬, હાટકેશ કોમ્પ્લેક્સ ખાતે.

**કેરા (તા. ભુજ)** : અબડા શકીનાબેન જુસબ (ઉ.વ. ૭૩) તે મ. જુસબ અલારખ્યાના પત્ની, અબડા અબ્દુલ અલ્લારખ્યાના ભાભી, અબડા મામદ, અબડા રજબના માતા, ગોહિલ ફકીરમામદ મુસા, ઈબ્રાહીમ મુસા, આદમ મુસા, ઈસ્માઈલ મુસા, મામદ મુસા, ઓસમાણ ઈસ્માઈલ (બારોઈ), ગોહિલ મામદ હસન (માંડવી)ના બહેન, રજાકભાઈ (મુંદરા), ગનીભાઈ (મુંદરા)ના ફઈ, સમેજા સાલેમામદ હુસેનના વેવાણ તા. ૧૧-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૧૩-૭-૨૦૨૬ના સોમવારે સવારે ૧૦થી ૧૧ ખોજા ઈસ્માઈલી સમાજવાડી, કેરા ખાતે.

**સૂરજપર (તા. ભુજ)** : વાલજી રવજી મેપાણી (ઉ.વ. ૭૯) તે પ્રેમીલાબેનના પતિ, નારણ વાલજી (મોમ્બાશા), કાન્તિ વાલજી (લંડન), પુષ્પાબેન દિનેશ હીરાણી (મોમ્બાશા)ના પિતા તા. ૧૦-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૭-૨૦૨૬ના સોમવારે સવારે ૭.૧૫થી ૮ ભાઈઓની સ્વામિનારાયણ મંદિર ખાતે અને બહેનોની તેમના નિવાસસ્થાને.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**
**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ**

**મુંદરા** : મૂળ વડાલાના હરેશભાઈ (હરિ) મોહનલાલ ચોથાણી (ઉ.વ. ૬૩) તે સ્વ. મણિબેન મોહનલાલ ચોથાણીના પુત્ર, સ્વ. ધીરજલાલ (ભુજ), હસમુખભાઈ (આદિપુર), પુષ્પાબેન કીર્તિભાઈ (અંજાર), કલ્પનાબેન અશ્વિનભાઈ (ભુજ), જયાબેન કિરીટકુમાર (કોડાય), ગં.સ્વ. રેખાબેન કમલેશકુમાર (ભુજ)ના ભાઈ, કિલ્પાબેનના પતિ, નિકુલ, ઉદયના પિતા, ગં.સ્વ. રસીલાબેન (ભુજ), ગીતાબેન (આદિપુર)ના દિયર, સ્વ. લક્ષ્મીદાસ હરજી ચોથાણી (અંજાર), સ્વ. પરસોત્તમ હીરજી ચોથાણી (વડાલા - મુંદરા)ના ભત્રીજા, સ્વ. રુક્ષ્મણિબેન રમેશચંદ્ર પીપરાણી (ગુંદાલા)ના જમાઈ, સ્વ. નીતિન, ઉમેશ (ગુંદાલા)ના બનેવી, વર્ષાબેન પ્રકાશભાઈ (ભુજ), ગીતાબેન (ગુંદાલા), અનસૂયાબેન નીલેશભાઈ (કેરા)ના બનેવી, સાગર, સાવન (આદિપુર)ના કાકા, રોહિત, સમીર, શિવમ, નૈતિક, રીતિક, મિરાલી, ભૂમિ, કેશ્વી, ભવ્યાના મામા, સ્વ. દેવકાબેન દામજી ગણાત્રા (રતનાલ)ના દોહિત્ર, વસંતબેન કેશવજી (રતનાલ)ના ભાણેજ તા. ૧૦-૭ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨-૭ના રવિવારે સાંજે ૫થી ૬ પટેલ સમાજવાડી, ઘનશ્યામનગર, મુંદરા ખાતે.

**શેખડિયા (તા. મુંદરા)** : કરશનભાઈ આશાભાઈ (ઉ.વ. ૪૮) તે સ્વ. આશાખેતશીભાઈ શેખડિયાના પુત્ર, વિરમભાઈ ખેતશીભાઈ, કવિ આલના ભત્રીજા, ડોસાભાઈ આશાભાઈના ભાઈ, વિશાલ અને વિજયના પિતા, લધુભાઈ રામભાઈના જમાઈ તા. ૭-૭ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન શેખડિયા ખાતે અને ઉત્તરક્રિયા (પાણીવાર) તા. ૧૭-૭ના શુક્રવારે નિવાસસ્થાને.

**ખટિયા (તા. લખપત)** : આચારભાઈ મનજીભાઈ જાંજાણી (ઉ.વ. ૫૨) તે પરમાબાઈના પતિ, ભીમજી, રવજીના પિતા, હરજીભાઈ, સ્વ. મેઘજીભાઈ, ભોજરાજભાઈના ભાઈ, ભગત કાનજી ભારમલ, લખુ ભારમલ, હીરા ભારમલ, ધનજી ભારમલ, સ્વ. ચાંપુબાઈ નાથા સોલંકી (અટડા), મુલબાઈ ખીમજી બલિયા (અટડા)ના ભત્રીજા, દયાલાલ હરજી, રતનાબાઈ હેમરાજ સોલંકી (અટડા), બાંયાબાઈ મહેશ જેપાર (સાંભણા), દમયંતી વસંત પાયર (ધારેશી)ના કાકા, સામજી ભોજરાજ, ભરત ભોજરાજ, પ્રવિણ ભોજરાજ, વિજય ભોજરાજ, ભગવતીબેન નરેન્દ્ર બાંભણિયા (મા. મઢ)ના મોટા બાપુ, સુમાર થાવર બલિયા (કોટડા મઢ)ના જમાઈ, જીવા ત્રિકમ બલિયા (પાનેલી)ના ભાણેજ તા. ૩-૭ના અવસાન પામ્યા છે. બારસ તા. ૧૨-૭ના રવિવારે સાંજે તથા તા. ૧૩-૭ના સવારે ઘડાઢોળ - પાણીયારો નિવાસસ્થાને ખટિયા ખાતે.

**વાડાપદ્ધર** (તા. અબડાસા) : કિરીટસિંહ ટપુભા જાડેજા (ઉ.વ. ૭૫) તે વીરેન્દ્રસિંહના પિતા, પરીક્ષિતસિંહના દાદા, સ્વ. ટપુભાના મોટા પુત્ર, સ્વ. માધુભા, સ્વ. ભગવતસિંહ, રાહુભા, સ્વ. કનુભા, લાખુભા, સ્વ. રઘુવીરસિંહના ભત્રીજા, સ્વ. જયવીરસિંહ, દિલીપસિંહ, સ્વ. જદુવીરસિંહના મોટા ભાઈ, મયૂરસિંહ, જયપાલસિંહ, સંદીપસિંહ, પ્રદ્યુમનસિંહ, જયદીપસિંહ, બલરાજસિંહ, હાર્દિકસિંહના મોટા બાપુ, સ્વ. ભરતસિંહ, સ્વ. વનરાજસિંહ, મહેન્દ્રસિંહ, વિક્રમસિંહ, મોહનસિંહ, મહાવીરસિંહ, સ્વ. નરેન્દ્રસિંહ, પ્રવીણસિંહ, જગતસિંહ, સ્વ. સજુભા, સુરેન્દ્રસિંહ, કુલદીપસિંહના કાકાઈ ભાઈ, નરવરસિંહ, ઈશ્વરસિંહ, જયેન્દ્રસિંહ, ગજેન્દ્રસિંહ, ભગીરથસિંહ, જયદીપસિંહ, વીરભદ્રસિંહ, સ્વ. યોગેન્દ્રસિંહ, નરૂભા, સંજયસિંહ, પાર્થરાજસિંહ, મીતરાજસિંહ, કરણસિંહ, અજયસિંહ, રવીન્દ્રસિંહના મોટા બાપુ તા. ૧૧-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાને બેઠકમાં વાડાપધર ખાતે.

# વેરા વહીવટમાં સરલીકરણ અને કરદાતાઓને ન્યાય માટે ગાંધીધામ ચેમ્બરની દમદાર રજૂઆત

**ઇક્રમ ટેક્સ પ્રક્રિયાઓમાં પારદર્શિતા અને સમયબદ્ધતા સાથે સ્જીસ્ઈ અને ઉદ્યોગજગતને રાહત મળે તે માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ સમક્ષ વેરા વહીવટ વધુ વ્યવહારુ અને ઉદ્યોગમૈત્રી બનાવવા વ્યાપક દરખાસ્ત કરાઈ**

ગાંધીધામઃ ભારત સરકાર દ્વારા ફેસલેસ એસેસમેન્ટ અને ફેસલેસ અપીલ જેવી આધુનિક અને ટેક્નોલોજી આધારિત વ્યવસ્થાઓ અમલમાં મુકાયા બાદ, કરવેરા વહીવટમાં પારદર્શિતા, જવાબદારી અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. તેમ છતાં, દેશના ઉદ્યોગ, વેપાર, નિકાસકારો, MSME એકમો અને વ્યાવસાયિક વર્ગ તરફથી પ્રાપ્ત થયેલા વિવિધ પ્રતિસાદના આધારે કેટલાક વ્યવહારુ પ્રશ્નો હજુ પણ કરદાતાઓને અનાવશ્યક મુશ્કેલીઓ ઊભી કરી રહ્યા છે. આ પ્રશ્નોના ઉકેલથી કરવેરા વ્યવસ્થા વધુ સરળ, ન્યાયસંગત અને ઉદ્યોગમૈત્રી બની શકે તેવા હેતુથી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડના અધ્યક્ષ શ્રી. રવિ અગ્રવાલ સમક્ષ વિગતવાર અને તર્કસંગત રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે ચેમ્બર પ્રમુખ તેજા કાનગડે જણાવ્યું હતું કે, ''દેશમાં ઉદ્યોગ અને વેપારના વિકાસ માટે માત્ર કદર નહીં પરંતુ કરવેરા વહીવટની સરળતા પણ એટલી જ મહત્વપૂર્ણ છે. કરદાતા અને સરકાર વચ્ચે વિશ્વાસનું વાતાવરણ મજબૂત બને, વિવાદો ઘટે અને સ્વૈચ્છિક કર પાલનને વધુ પ્રોત્સાહન મળે તે માટે પ્રક્રિયાગત સુધારાઓ સમયની માંગ છે. ગાંધીધામ ચેમ્બર દ્વારા રજૂ કરાયેલા સૂચનો કરદાતાઓને રાહત આપવાની સાથે સરકારના 'Ease of Doing Business'ના વિઝનને વધુ મજબૂત બનાવશે.''

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, ''દેશના સ્જીસ્ઈ, નિકાસકારો અને ઉદ્યોગજગતને આજે સૌથી વધુ જરૂરિયાત નીતિગત સ્થિરતા, સમયબદ્ધ નિર્ણય પ્રક્રિયા અને કાર્યકારી મૂડીના સંરક્ષણની છે. ચેમ્બરની રજૂઆત સંપૂર્ણપણે રચનાત્મક અભિગમ સાથે કરવામાં આવી છે અને તેનો હેતુ માત્ર કરદાતાઓને સુવિધા આપવાનો જ નહીં પરંતુ કરવેરા વહીવટને વધુ અસરકારક, પારદર્શક અને પરિણામલક્ષી બનાવવાનોછે.'' ચેમ્બરે પોતાના પ્રતિનિધિત્વમાં જણાવ્યું છે કે, હાલ સ્ક્રુટિની નોટિસોના જવાબ માટે ઘણી વખત માત્ર ત્રણથી

પાંચ દિવસનો સમય આપવામાં આવે છે, જે મોટા ઉદ્યોગો, નિકાસકારો તથા વ્યાપક દસ્તાવેજી માહિતી ધરાવતા કરદાતાઓ માટે પૂરતો સાબિત થતો નથી. પરિણામે અધૂરી માહિતીના આધારે આકારણી થવાની અને ત્યારબાદ અનાવશ્યક વિવાદો તથા લાંબી કાયદાકીય પ્રક્રિયાઓ ઊભી થવાની શક્યતા વધે છે. ચેમ્બરે વધુમાં જણાવ્યું છે કે, ફેસલેસ આકારણીમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વ્યક્તિગત સુનાવણીની જોગવાઈ હોવા છતાં જટિલ કાનૂની અથવા હકીકત આધારિત કેસોમાં પણ ઘણીવાર આવી સુનાવણીઓ મંજૂર થતી નથી. જેના કારણે કરદાતા પોતાના મુદ્દાઓને અસરકારક રીતે રજૂ કરી શકતા નથી અને ગેરસમજો સર્જાઈ અનાવશ્યક વિવાદો ઊભા થાય છે, રજૂઆતમાં પ્રથમ અપીલોના વર્ષો સુધી પડતર રહેવાના પ્રશ્નને પણ ગંભીરતાથી ઉઠાવવામાં આવ્યો છે. ચેમ્બરના મતે અપીલોનો લાંબો વિલંબ ખાસ કરીને સ્જીસ્ઈ અને ભાગીદારી આધારિત વ્યવસાયો માટે કાર્યકારી મૂડી ઉપર ગંભીર અસર કરે છે. વિવાદિત કરની રકમો વર્ષો સુધી અટવાઈ રહેતાં વ્યવસાયની પ્રવાહિતા, રોકાણ ક્ષમતા અને રોજગારી સર્જનની પ્રક્રિયા ઉપર પ્રતિકૂળ અસર થાય છે. ચેમ્બરે એક અન્ય મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવતા જણાવ્યું છે કે, અપીલ પેન્ડિંગ હોવા છતાં અને કાયદાકીય શરતોનું પાલન કરવામાં આવ્યું હોવા છતાં, અનુગામી વર્ષોના વ્યાજબી રિફંડને જૂની વિવાદિત માંગણીઓ સામે એડજસ્ટ કરવાની પ્રથા કરદાતાઓ માટે ભારે નાણાકીય મુશ્કેલીઓ ઊભી કરે છે. આવી સ્થિતિમાં કરદાતાઓની વાજબી મૂડી અટવાઈ જતી હોવાથી વ્યવસાયિક પ્રવૃત્તિઓ ઉપર સીધી અસર થાય છે. આ ઉપરાંત ઘણીવાર સુનાવણી પૂર્ણ થયા બાદ પણ અંતિમ આકારણી આદેશો લાંબા સમય સુધી જાહેર થતા નથી, જેના કારણે ઓડિટ, બેક્કિંગ, રોકાણ અને નાણાકીય આયોજન સંબંધિત પ્રક્રિયાઓમાં અનિશ્ચિતતા સર્જાય છે. ઈક્રમ ટેક્સ પોર્ટલ ઉપર દસ્તાવેજો અપલોડ કરવાની ક્ષમતાની મર્યાદાઓ પણ મોટા પ્રમાણમાં દસ્તાવેજી પુરાવા ધરાવતા કરદાતાઓ માટે પડકારરૂપ બની રહી હોવાનું ચેમ્બરે રજૂઆતમાં નોંધાવ્યું છે. આ તમામ પ્રશ્નોના વ્યવહારુ ઉકેલરૂપે ગાંધીધામ ચેમ્બરે ઝમ્ઙ્ઘ સમક્ષ સ્ક્રુટિની નોટિસોના જવાબ માટે ઓછામાં ઓછા ૧૫ થી ૨૧ દિવસનો સમયગાળો નક્કી કરવાની, પ્રથમ અપીલોનો ૧૨ થી ૧૮ મહિનામાં સમયબદ્ધ નિકાલ કરવાની, વીડિયો કોન્ફરન્સિંગ સુનાવણીઓને વધુ વ્યાપક અને સરળતાથી ઉપલબ્ધ બનાવવાની, કાયદેસર રિફંડને અનાવશ્યક એડજસ્ટમેન્ટથી સુરક્ષિત રાખવાની, અંતિમ આકારણી આદેશો ૬૦ દિવસની અંદર જાહેર કરવાની તથા ઈ-ફાઈલિંગ પોર્ટલની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવાની માંગ કરી છે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ આશા વ્યક્ત કરી છે કે CBDT અને ભારત સરકાર વેપાર-ઉદ્યોગ ક્ષેત્રના આ વાજબી પ્રશ્નોને હકારાત્મક રીતે વિચારણા હેઠળ લઈ જરૂરી વહીવટી સુધારાઓ અમલમાં મૂકશે, જેથી દેશના કરદાતાઓને વધુ ન્યાયસંગત, પારદર્શક અને વ્યવસાયમૈત્રી કરવેરા વ્યવસ્થા પ્રાપ્ત થઈ શકે અને ''વિકસિત ભારત''ના સંકલ્પને વધુ વેગ મળી શકે.ચેમ્બર ના ઉપપ્રમુખ દીપક પારેખ ના અધ્યક્ષ સ્થાને તેમજ ફાયનાન્સ એન્ડ ટેક્સેશન પેટા કમિટીના કન્વીનર આદિલ શેઠના માર્ગદર્શન અને નેજા હેઠળ આ વિષયક સૂચનોના સંકલન માટે રચાયેલ વિશેષ સબ-કમિટીએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ પ્રક્રિયામાં ચેમ્બરના ખજાનચી કૈલેશ ગોર તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સર્વશ્રી, નીલેશ બુચ, અને અનિમેષ મોદી, ગિરીશ અગ્રવાલ, રાકેશ મહેતા દ્વારા કરવેરા વહીવટ સાથે સંકળાયેલા વિવિધ વ્યવહારુ પ્રશ્નો, ઉદ્યોગજગતના અનુભવો અને વ્યાવસાયિક અભિપ્રાયોનું સુવ્યવસ્થિત સંકલન કરી મૂલ્યવાન સૂચનો પ્રદાન કરવામાં આવ્યા હતા. આ તમામ સૂચનોને ગાંધીધામ ચેમ્બર દ્વારા વ્યવસ્થિત રીતે સંકલિત કરીને કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ સમક્ષ વિગતવાર અને રચનાત્મક રજૂઆત સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવ્યા હોવાનું સાથે ચેમ્બરના કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તેવું ચેમ્બરના માનદ મંત્રી શ્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું.

# પાવર ચોવીસી દવારા કાકરેચા બંધુનું સેવાની સુવાસ સાથે વિશેસ સન્માન કરાયું



ભચાઉ : શ્રી વાગડ સાત ચોવીસી જૈન સમાજના પ્રમુખ ધીરજભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ પાવર ચોવીસીના ત્રિપુટી ત્રણ ભાઈઓ કાંકરેચા પરિવારનું પાવર ચોવીસીના ગૌરવ સમાન સચીન ભાઈ હિરેનભાઈ અને કેતનભાઈ નું સન્માન પાવર ચોવીસીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું જેમાં ઉપપ્રમુખ જગશીભાઈ મહેતા વર્ધમાન ભાઈ પુજ પૂર્વ ઉપપ્રમુખ કાંતિલાલ મહેતા જૈન પાઠશાળા ના ઉપપ્રમુખ વિમલભાઈ મહેતા જૈન પાઠશાળા ના કારોબારી સભ્ય અરવિંદભાઈ ડી મહેતા, પ્રવીણભાઈ પારેખ તથા કનકભાઈ વોરા શ્રી દુધઈ જૈન સંઘના ટ્રસ્ટી જયેન્દ્રભાઈ સાતુંદા તથા ભાવિક મહેતા રોહિત મહેતા તેમજ પાવર ચોવીસીના તમામ સભ્યો ભચાઉ ભાજપ મંત્રી તીર્થ સાતુંદા સમાજને નવી રાહ ચીંધનાર આ ત્રણ ભાઈઓ એ પાલીતાણા ખાતે કચ્છનું ઘરેણું બનાવવામાં પોતે તન મન ધન થી સહયોગ આપી સમાજના આ વિકાસ માં મોરપીંછ ઉમેરાયો હતો. મહત્વનો ફાળો આપ્યો હતો. તેઓનું પાવર ચોવીસી દવારા વિશેસ સન્માન કરી અને અનુમોદના કરી હતી. તેઓની વાગડ સાત ચોવીસીના પૂર્વ પ્રમુખ ધીરુભાઇ પુજ તેમજ ભોગીલાલ મગવાણી, મહેશ શાહ, રવીલાલ પુજ રસીકભાઇ મહેતા અને સમાજના વિવિધ આગેવાનોએ તેઓની સેવાને બીરદાવી હતીં.

## કચ્છ કચ્છનોંધ

**કચ્છ ક્રિકેટ એસોસિએશન**

● કચ્છ ક્રિકેટ એસોસિએશનના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા તા.૨૬ જુલાઈને રવિવારના સવારે ૧૦ વાગે રોટરી હોલ, વિજયનગર ખાતે મળશે, જેમાં સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

**સિનિયર સિટીઝન કાઉન્સીલ કચ્છ**

● સંસ્થાના કાર્યાલય ખાતે આગામી તા.૧૬-૭ને ગુરૂવારે કચ્છી નવા વર્ષ અષાઢી બીજ નિમિત્તે સ્નેહમિલનનો કાર્યક્રમ સવારે ૧૦ થી ૧૧ કલાકે રાખવામાં આવેલ છે, જેમાં દરેક સિનિયર સિટીઝન કાઉન્સીલના સભ્યોએ હાજર રહેવા જણાવાયું છે.

**કચ્છ ક્રિકેટ એસો.ની સામાન્ય સભા**

● કચ્છ ક્રિકેટ એસોસિએશનના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૬ જુલાઈ રવિવારના સવારે ૧૦ વાગે રોટરી હોલ, વિજયનગર ખાતે મળશે જેમાં સભ્યોને હાજર રહેવા યાદીમાં જણાવાયું છે.

## રત્નકણિકા

**ભય કાયમ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે.- એમર્સન**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. સ્પેન્દાર્મદ-૧૩૯૫, મુ. મોહરમ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, નિજ જયેષ્ઠ વદ-૧૩ પ્રદોષ, શિવરાત્રી તા.૧૨ જુલાઈ ૨૦૨૬, રવિવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૨૬, રોહિણી નક્ષત્ર, વૃધ્ધિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૧૩, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), સાંજે ૭:૦૮ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** - ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.

**વૃષભ** - પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.

**મિથુન** - આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃદ્ધિ થાય.

**કર્ક** - ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળે.

**સિંહ** - સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.

**કન્યા** - નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. પ્રિયજનથી વિશેષ સ્નેહ રહે.

**તુલા** - સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.

**વૃશ્ચિક** - પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.

**ધન** - આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.

**મકર** - નવિન યોજનાઓમાં સફળતા મળે. પરોપકારી કાર્યમાં સાવધાન રહેવું.

**કુંભ** - જવાબદારીવાળા કાર્યમાં સાવધાની રાખવી. શત્રુ પક્ષથી સાવધ રહેવું.

**મીન** - આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.

# રમતગમત દ્વારા જીવનમાં નિર્ણય શક્તિ, અનુશાસન, સ્વરક્ષણ જેવા કૌશલ્યો કેળવાય






### કચ્છી લેવા પટેલ દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન કરાયું : રમતોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રમતવીરોને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર આપીને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહિત કરાયા

ભુજ - કચ્છઉદય : શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર, સૂરજ શિક્ષણધામ, કન્યા રતનધામ, હરીપર મધ્યે વાર્ષિક રમતોત્સવ ૨૦૨૬-૨૭નું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ ગોરસીયા, વર્લ્ડ યોગા ચેમ્પિયન શીપ ૨૦૨૬ના ગોલ્ડ મેડાલીસ્ટ હિનાબહેન રાજગોર ઉપસ્થિત રહી રમતવીરોને વૈશ્વિક કક્ષાએ ખેલદિલી પૂર્વક ભાગ લઈને પ્રગતિ કરવાની પ્રેરણા પૂરી પાડેલ તથા કેશરાભાઈ પિંડોરીયા દીકરીઓને ખેલદિલી પૂર્વક રમવા માટે શુભેચ્છા પાઠવેલ હતી.

ખેલાડીઓ દ્વારા આકર્ષક માર્ચપાસ્ટ, મશાલ દોડ દ્વારા રમતોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. દીકરીઓ ખૂબ મોટી સંખ્યામાં મેદાન પર વિવિધ રમતો જેવી કે દોડ, ફેંક, કૂદ, ખો-ખો, કબડ્ડી, ક્રિકેટ, બાસ્કેટબોલ, રસ્સાખેંચ જેવી રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને રમત-ગમત પ્રત્યેની પોતાની પ્રતિભા પ્રદર્શિત કરેલ હતું. રમત - ગમત ખેલાડીના જીવનમાં શિસ્ત, આત્મવિશ્વાસ, નેતૃત્વશક્તિ, ટીમ ભાવના અને સ્વસ્થ જીવનશૈલી વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આધુનિક અને પરંપરાગત



રમતોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રમતવીરોને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર આપીને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ વેળાએ ધનસુખભાઈ શિયાણી, મનજીભાઈ પિંડોરીયા, કરશનભાઈ મેપાણી, વિનોદભાઈ પિંડોરીયા, લક્ષ્મણભાઈ રાઘવાણી, ગોપાલભાઈ વેકરીયા, રામજીભાઈ સેંઘાણી, જેન્તીભાઈ વેકરીયા, હરીશભાઈ, રવજીભાઈ ગોરસીયા, કિશોરભાઈ, રવજીભાઈ ખેતાણી, હરીશભાઈ વેકરીયા, મહિલા સભ્યો કાન્તાબહેન વેકરીયા, કસ્તૂરબહેન ગોરસીયા, નીતાબહેન, અર્પિતાબહેન, રીતુબહેન ઉપસ્થિત રહ્યા હતા. રમતોત્સવનું સમગ્ર આયોજન અને સંચાલન શાળાના આચાર્ય હેતલબહેન ભુડીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ગૃહમાતા ખુશ્બુબહેન, વ્યાયામ શિક્ષકો સાથે સમગ્ર સ્ટાફ પરિવારે સહયોગ આપ્યો હતો.

# રાપરમાં તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઈ આહીરની અચાનક તપાસથી સરકારી તંત્રમાં દોડધામ






રાપર - કચ્છઉદય :રાપર તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઈ આહીર દ્વારા તાલુકામાં સરકારી કચેરીઓમાં જવાબદારી તથા પારદર્શિતા વધારવાના હેતુથી શરૂ કરવામાં આવેલી અચાનક નિરીક્ષણ મુહિમ અંતર્ગત તાલુકાના વિવિધ ગામોમાં સરકારી કચેરીઓની ઓચિંતી મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન અનેક સ્થળોએ કર્મચારીઓ ગેરહાજર તેમજ સરકારી કચેરીઓ તાળાબંધ હાલતમાં જોવા મળી હતી. તાલુકા પંચાયત પ્રમુખે જણાવ્યું છે કે હવે ગમે ત્યારે અને ગમે ત્યાં સરકારી સમય દરમિયાન સરકારી કચેરીઓ, આરોગ્ય કેન્દ્રો, શાળાઓ, પંચાયતો તથા અન્ય વિભાગોની અચાનક મુલાકાત લેવામાં આવશે અને ગેરહાજર અથવા બેદરકારી

### આરોગ્ય કેન્દ્રો, આંગણવાડી અને શાળામાં કર્મચારીઓ ગેરહાજર : સંબંધિત વિભાગોને કાર્યવાહી માટે કરાઈ જાણ

દાખવનાર કર્મચારીઓ સામે નિયમોનુસાર નોટિસ, ખુલાસા તેમજ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે સંબંધિત વિભાગોને જાણ કરવામાં આવશે. આ ઝુંબેશ અંતર્ગત સૌપ્રથમ બાદરગઢ સ્થિત આયુષ્માન આરોગ્ય મંદિરની મુલાકાત લેવામાં આવી હતી. જ્યાં ફરજ પર રહેનાર સીએચઓ ભૂમિબેન ડામોર તેમજ ફિમેલ હેલ્થ વર્કર ગેરહાજર જોવા મળ્યા હતા. સબ સેન્ટર અલીગઢી તાળાથી બંધ હાલતમાં જોવા મળ્યું હતું. આ મામલે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. મોતીલાલ રાયને તાત્કાલિક જાણ કરી જવાબદાર કર્મચારીઓ પાસેથી ખુલાસો માંગવા સૂચના આપવામાં આવી હતી. બાદરગઢ ગામમાં આવેલી આંગણવાડી પણ બંધ હાલતમાં જોવા મળી હતી. આ બાબતે આઈસીડીએસ શાખાને જાણ કરીને યોગ્ય કાર્યવાહી કરવા માટે જણાવ્યું છે. કુંભારીયા ગામ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર સહિતનો સમગ્ર સ્ટાફ ગેરહાજર જોવા મળ્યો હતો, થોરિયારી ગામના આયુષ્માન આરોગ્ય મંદિરની મુલાકાત દરમિયાન ત્યાં પણ સીએચઓ ફરજ પર હાજર ન હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત થોરિયારી પ્રાથમિક શાળાની મુલાકાત દરમિયાન શાળા વહેલી છૂટી ગયેલી જોવા મળી હતી.

શ્રી આહીરે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા પ્રજાને ગુણવત્તાસભર સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે અનેક યોજનાઓ અને સુવિધાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે, પરંતુ કર્મચારીઓની બેદરકારી અને ગેરહાજરીને કારણે સામાન્ય નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આવી બેદરકારી કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. તાલુકામાં આ પ્રકારની અચાનક તપાસની કાર્યવાહી હવે સતત ચાલુ રહેશે અને પ્રજાના હિતને અસર કરતી કોઈપણ બેદરકારી સામે કડક વલણ અપનાવવામાં આવશે.

# ભુજના આરાધના ભવન ખાતે બે દિવસીય વિશિષ્ટ ધાર્મિક અનુષ્ઠાનનો પ્રારંભ





ભુજ - કચ્છઉદય : શહેરના આરાધના ભવન જૈન સંઘમાં પૂજ્ય રશ્મિરત્નસૂરિશ્વરજી, આનંદવર્ધન સૂરિશ્વરજી, આત્મદર્શનસૂરિશ્વરજી આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન ઉપસ્થિતિમાં તીર્થદર્શનવિજયજી મહારાજ સાહેબની ૫૦મી વર્ધમાન તપની ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે બે દિવસીય વિશિષ્ટ ધાર્મિક અનુષ્ઠાનનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે રવિવારે સવારે ૮.૪૫ થી ૧૦ વાગ્યા દરમિયાન 'મોક્ષમાં જવાનો શોર્ટકટ ઉપાય' વિષય પર પ્રવચનમાળા યોજાઈ ગઈ હતી. આ અનુષ્ઠાનના બીજા દિવસે તા. ૧૩ જુલાઈ સોમવારે



સવારે ૭.૪૫ કલાકે સંભવનાથ જિનાલયથી વિવિધલક્ષી સંકુલ તરફ સકળ સંઘ સાથે પ્રયાણ કરવામાં આવશે, જ્યાં સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી બે સમૂહ સામાયિકની આરાધના કરવામાં આવશે અને તેમાં પાંચ વિવિધ મુદ્રા સાથે નવકાર જાપ કરવામાં આવશે. આ બંને દિવસના ધાર્મિક અનુષ્ઠાનો 'જ્યોતિકંચન' વિવિધલક્ષી સંકુલના દિવાળીબા હોલ ખાતે યોજાશે.

# ચેક બાઉન્સના કેસમાં આણંદના ઉદ્યોગપતિને ૧ વર્ષની કેદ

ભુજ - કચ્છઉદય : ભુજની ગ્લોબલ ટ્રેડિંગ કંપનીના ઓથોરાઈઝડ પર્સન પ્રકાશ શિવજી કોઠીવાર દ્વારા આણંદના ઉદ્યોગપતિ અને સનલાઈટ પલ્પ એન્ડ પેપર્સ પ્રાઈવેટ લિમિટેડના માલિક વસંતકુમાર લક્ષ્મણભાઈ પટેલ વિરૂદ્ધ ચેક બાઉન્સ અંગે ભુજ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં ભુજની અદાલતે આરોપી ઉદ્યોગપતિને કડક સજા ફટકારતો ધાકબેસાડતો હુકમ કર્યો છે. કેસની વિગત મુજબ, ફરિયાદી પ્રકાશ શિવજી કોઠીવાર કોલસાના વેપાર સાથે જોડાયેલા છે. આરોપી વસંતકુમાર પટેલે પોતાની કંપની માટે ફરિયાદી પાસેથી કોલસાની ખરીદી કરી હતી અને તેના ચૂકવણા પેટે અલગ-અલગ કુલ ૭ ચેક આપ્યા હતા. આ તમામ ચેકો બેંકમાંથી અપૂરતા ભંડોળના કારણે પરત ફરતા આ અંગે કોર્ટમાં કાનૂની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ કેસ ભુજના અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આર. એસ. સીંગલની કોર્ટમાં ચાલી ગયો હતો. સુનાવણી દરમિયાન કોર્ટે રજૂ કરાયેલા ૩૧ જેટલા દસ્તાવેજી આધાર-પુરાવાઓ તથા સાક્ષીઓની જુબાનીઓને ધ્યાને લીધી હતી. અદાલતે આરોપી વસંતકુમાર લક્ષ્મણભાઈ પટેલને તકસીરવાન ઠરાવીને ૧ વર્ષની કેદની સજા ફટકારી છે. આ સાથે જ આરોપીને રૂપિયા ૪૪,૭૭,૦૦૦ વળતર પેટે ૩૦ દિવસની અંદર ફરિયાદીને ચૂકવી આપવાનો આદેશ કર્યો છે. જો આરોપી આ રકમ ચૂકવવામાં

### ચેક બાઉન્સના બે અલગ અલગ કેસમાં બે આરોપીઓને એક વર્ષની સજા

નિષ્ફળ રહેશે તો તેણે વધુ ૩ માસની સજા ભોગવવી પડશે તેવો હુકમ પણ કોર્ટે કર્યો છે.

તો ભુજ કોર્ટ દ્વારા ચેક બાઉન્સના બે જુદા જુદા કેસોમાં આરોપીઓને સજા ભોગવવા માટે પાલારા જેલ હવાલે કરવામાં આવ્યા છે. પ્રથમ કિસ્સાની વિગત મુજબ, આરોપી બારોટ લાલજી બચુભાઈએ ફરિયાદી રાજુભા રમુભા જાડેજા પાસેથી મિત્રતાના નાતે હાથ ઉછીની રકમ મેળવી હતી. આ રકમ પરત ચૂકવવા માટે આરોપીએ આપલો ચેક પરત ફરતા રાજુભા જાડેજાએ ભુજ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ચાલી જતાં ફરિયાદી પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા તમામ દસ્તાવેજી પુરાવાઓ, સાક્ષીઓની જુબાનીઓ તેમજ ફરિયાદી પક્ષના વકીલની કાયદાકીય મુદ્દાઓ સાથેની વિગતવાર દલીલોને ધ્યાને લઈને બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જે. વી. બુધ્ધાએ ફરિયાદીની ફરિયાદ મંજૂર રાખી હતી. કોર્ટે આરોપી બારોટ લાલજી બચુભાઈને ગુનેગાર ઠરાવીને ૧ વર્ષની કેદની સજા ફટકારી છે, તેમજ ચેકની રકમના ૯ ટકા વ્યાજ લેખે કુલ રૂપિયા ૨,૪૪,૫૦૦ ફરિયાદીને ચૂકવી આપવાનો આદેશ કર્યો છે. જો આરોપી આ રકમ ન ચૂકવે તો વધુ માસની કેદની સજા ભોગવવાનો પણ હુકમમાં ઉલ્લેખ કરાયો છે. અન્ય કિસ્સામાં, ફરિયાદી શામજી પ્રેમજી ગોરસીયાએ આરોપી નીલેશ કાંતીલાલ ટાંક વિરૂદ્ધ રૂપિયા ૪,૫૦,૦૦૦ નો ચેક પરત ફર્યા અંગેની ફરિયાદ દાખલ કરી હતી. આ કેસની કાનૂની કાર્યવાહી ચાલ્યા બાદ કોર્ટે આરોપી નીલેશ કાંતીલાલ ટાંકને પણ ૧ વર્ષની કેદની સજા તથા લેણી રકમ ૩૦ દિવસની અંદર ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. ફરિયાદી પક્ષ વતી એડવોકેટ દેવાયત એન. બારોટ અને ખીમરાજ ગઢવીએ દલીલો કરી હતી. તેમની સાથે ઉમૈર સુમરા, રામ ગઢવી, રાજેશ ગઢવી, જય કટુઆ અને અંકિત ભાનુશાલી હાજર રહ્યા હતા.

# ભુજની જી.કે. જનરલમાં બીજા માળેથી યુવક પટકાતા ગંભીર ઈજા

ભુજ - કચ્છઉદય : શહેરની જી.કે. જનરલ હોસ્પિટલમાં બીજા માળેથી યુવક પટકાતા ઈજાઓ થઈ હતી. તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ અંગેની વિગતો મુજબ ભુજના રાજેન્દ્ર નગરમાં રહેતા ૩૫ વર્ષિય અબ્દુલ હમીદ સમા હોસ્પિટલમાં દવા લેવા ગયા હતા ત્યારે બીજા માળેથી સ્લીપ થતા નીચે પટકાતા પગે ઈજાઓ થઈ હતી.

તાત્કાલિક સારવાર માટે જી.કે.માં દાખલ કરવામાં આવ્યા હતા. આ યુવાનને વધુ ઈજાઓ હોવાથી સારવાર માટે અમદાવાદ ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આજે સવારે ૪.૩૦ વાગ્યાના અરસામાં બનાવ બન્યો હતો. બનાવની જાણ થતા મોટી સંખ્યામાં પરિવારજનો, મિત્ર વર્તુળ જી.કે.માં એકત્ર થયા હતા. ઈજા પામનાર ભુજના પૂર્વ નગર સેવક હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિકે ચર્ચાતી વિગતો મુજબ તેઓ હોસ્પિટલમાં કોઈના ખબર અંતર પુછવા આવ્યા હતા. જોકે, સત્તાવાર પૃષ્ટી મળી નથી. એમએલસીમાં તેઓ દવા લેવા આવ્યા હોવાનું જણાવાયું છે. વહેલી સવારે આ બનાવ બન્યો હતો. કેવા સંજોગોમાં આ બનાવ બન્યો તે મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. પરિવારજનો મોટી સંખ્યામાં દોડી આવયા હતા.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**પ્રોજેક્ટ સુપરવિઝન સેવાઓ પ્રદાન કરવા માટે પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસિસ એજન્સીની નિમણૂક**

**ઈ-ટેન્ડર (ખુલ્લી ટેન્ડર) સૂચના નં. 13, તા. 10.07.2026;** પ્રધાન મુખ્ય ઇજનેર કચેરી (એન્જિનિયરિંગ વિભાગ), પશ્ચિમ રેલવે, બીજો માળ, હેરિટેજ બિલ્ડિંગ, ચર્ચગેટ, મુંબઈ–400020 દ્વારા ભારતના રાષ્ટ્રપતિ વતી પ્રતિષ્ઠિત કોન્ટ્રાક્ટરો પાસેથી IREPS વેબસાઇટ (ઈ-ટેન્ડર પોર્ટલ) www.ireps.gov.in પર બે-પેકેટ પદ્ધતિ હેઠળ નીચે દર્શાવેલ કાર્ય માટે ખુલ્લા ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે.

**કાર્યનું નામ :** પ્રધાન મુખ્ય ઇજનેર, પશ્ચિમ રેલવેના અધિકારક્ષેત્ર હેઠળ આવેલા વિવિધ બાંધકામ સ્થળો / કાર્યસ્થળો / કચેરીઓ ખાતે પ્રોજેક્ટ સુપરવિઝન સેવાઓ પૂરી પાડવા માટે પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસિસ એજન્સી (PSSA) ની નિમણૂક.

**ટેન્ડર નં.: DRM-ADI-103-2026-27; ટેન્ડરની અંદાજિત કિંમત: ₹ 84,38,33,699.47; બિડ સુરક્ષા / ઈએમડી: ₹ 1,68,76,700.00; ટેન્ડર ફોર્મની કિંમત: શૂન્ય (NIL); ઓફરની માન્યતા: 120 દિવસ; કાર્ય પૂર્ણ કરવાની મુદત: 36 મહિના; ટેન્ડર દસ્તાવેજોની ઉપલબ્ધતા: www.ireps.gov.in વેબસાઇટ પર ઉપલબ્ધ; પ્રિ-બિડ બેઠકની તારીખ અને સમય: તા. 17.07.2026 ના રોજ 11:30 કલાકે.**

**ટેન્ડર રજૂ કરવાની તથા ખોલવાની તારીખ અને સમય:** જરૂરી તમામ દસ્તાવેજો સાથે પૂર્ણ રીતે અપલોડ કરાયેલ ઈ-ટેન્ડરો ઉપરોક્ત વેબસાઇટ પર તા. 11.08.2026 ના રોજ 15:00 કલાક સુધી ઇલેક્ટ્રોનિક માધ્યમથી અપલોડ કરવા. માત્ર ટેકનિકલ બિડ તે જ દિવસે 15:00 કલાક પછી ઓનલાઈન ખોલવામાં આવશે.

**સંયુક્ત સાહસ (Joint Venture - JV) ફર્મોને આ ટેન્ડરમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે.**

(અ) ટેન્ડર પ્રક્રિયા માત્ર ઈ-ટેન્ડરિંગ દ્વારા જ હાથ ધરવામાં આવશે. તમામ ઇચ્છુક ટેન્ડરકારોએ સૌપ્રથમ IREPS વેબસાઇટ www.ireps.gov.in પર નોંધણી કરાવવી જરૂરી રહેશે.

(બ) સંભવિત ટેન્ડરકારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતાની ઓફર ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરતાં પહેલાં ટેન્ડરની શરતો, નિયમો, પાત્રતા માપદંડો તથા અન્ય વિગતોનો સંપૂર્ણ અભ્યાસ કરી લે.

(ક) ટેન્ડર દસ્તાવેજો તથા સમયાંતરે બહાર પાડવામાં આવતા શુદ્ધિપત્રો (Corrigendum) ઉપરોક્ત વેબસાઇટ પર ઉપલબ્ધ રહેશે. જો કોઈ ફેરફાર કરવામાં આવશે તો તે ટેન્ડર ખોલવાની તારીખના ઓછામાં ઓછા 15 દિવસ પહેલાં આ વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. ટેન્ડરકારોએ સમયાંતરે વેબસાઇટ તપાસવાની રહેશે.

**વધુ માહિતી / સ્પષ્ટતા માટે સંપર્ક:** વધુ માહિતી અથવા સ્પષ્ટતા માટે નીચેના સરનામે અથવા મંડળ રેલવે મેનેજર (વર્ક્સ એકાઉન્ટ), એન્જિનિયરિંગ વિભાગ, ગ્રાઉન્ડ ફ્લોર, ડીઆરએમ કચેરી, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસરવા, નરોડા રોડ, અમદુપુરા, પોસ્ટ: સૈજપુર બોઘા, અમદાવાદ, ગુજરાત–382345 ખાતે કોઈપણ કાર્યકારી દિવસે સવારે 10:00 થી 17:30 કલાક સુધી સંપર્ક કરી શકાય છે. સંપર્ક અધિકારીઓ: ઉપ મુખ્ય એન્જિનિયરિંગ (વર્ક્સ એન્ડ એસ.ડી.), ચર્ચગેટ: મોબાઇલ નં.: 9004490215; વરિષ્ઠ મંડળ એન્જિનિયરિંગ (સંકલન), અમદાવાદ: મોબાઇલ નં.: 9724093200 ADI-101

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# અંજારમાં યુવકે ઘરમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

અંજાર : અંજારના વિજયનગર વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય યુવકે પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

પોલીસે અકાળમોતનો દાખલો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ વિજયકુમાર ધ્રુવપ્રસાદ (ઉ.વ.૩૦), મૂળ ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના રહેવાસી અને હાલ વિજયનગર, અંજારમાં રહેતા હતા.

તેમણે પોતાના ઘરના છાપરામાં લોખંડની પાઈપ સાથે ગમછો બાંધી ગળેફાંસો ખાધો હતો. પરિવારજનો તેમને હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબે મૃત જાહેર કર્યા હતા. અંજાર પોલીસે અકાળમોતનો દાખલો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. ઘટનાની વધુ તપાસ પીએસઆઈ સી.એસ. ગઢવી કરી રહ્યા છે.

# આદીપુરમાં મહિલાઓ પર જુગારનો દરોડો, આઠ મહિલાઓ ઝડપાઈ, રૂ. ૪૨,૧૫૦ જપ્ત

ગાંધીધામ : આદીપુર પોલીસે તિરુપતિનગર વિસ્તારમાં જાહેરમાં ગંજીપાનાં વડે રૂપિયા પર જુગાર રમતી આઠ મહિલાઓને ઝડપી પાડી તેમની પાસેથી રૂ.૪૨,૧૫૦ની રોકડ રકમ જપ્ત કરી છે.

બાતમીના આધારે પોલીસે અંતરજાળ સ્થિત તિરુપતિનગર સોસાયટી બહાર દરોડો પાડ્યો હતો. જ્યાં જાહેરમાં જુગાર રમતી મહિલાઓ ઝડપાઈ હતી. દરોડા દરમિયાન રૂ.૪૨,૧૫૦ની રોકડ તથા ગંજીપાનાં પાનાં કબજે કરવામાં આવ્યા હતા. આદીપુર પોલીસે જુગારધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં આરોપી પૈકી ની બે મહિલાઓ સામે અગાઉ પણ વિવિધ ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.


**શ્રદ્ધાંજલિ**



પ્રભુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ બક્ષે એ જ પ્રાર્થના સાથે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

**સ્વ. કિરીટસિંહ ટપુભા જાડેજા**

**ઉ.વ. ૭૫, ગામ : વાડાપદ્ધર (અબડાસા)**

**અરવિંદ લાલજી લોડાયા (શાહ) - ટ્રસ્ટી જૈન મહાજન**

**વાડાપદ્ધર, તા. અબડાસા**


### જિલ્લામાં માર્ગ અકસ્માતોનો સીલસીલો યથાવત

ભુજ - કચ્છઉદય : જિલ્લામાં મોપેડ સ્લીપ થવાના બનાવો વધી રહ્યા છે. શનિવારે ભારે પવનના કારણે અનેક વાહન ચાલકોએ નિયંત્રણ ગુમાવતા પટકાયા હતા. જી.કે. જનરલમાં સારવાર માટે દાખલ થયેલા ઈજાગ્રસ્તોએ વિગતો નોંધાવતા મામલો સપાટી પર આવ્યો હતો. ભુજના એરફોર્સ સ્ટેશનમાં એક્ટિવા સ્લીપ થતા આશિષકુમાર નામના યુવાનને ઈજાઓ થઈ હતી. આ તરફ આરટીઓ સર્કલ પાસે ભુજથી માધાપર જતી વખતે બાઈક સ્લીપ થતા પ્રીજેશ કમલેશભાઈ લુહારને ઈજાઓ થઈ હતી.


UTI SWATANTRA
India Invest Karo

uti UTI Mutual Fund
Haq, ek behtar zindagi ka

**NOTICE OF INVESTOR AWARENESS PROGRAM (IAP)**

UTI Mutual Fund invites you for an Investor Awareness Program to be conducted on July 13, 2026 at 6.30 pm at The Shiv Grand, Plot No. 32, Sector 8, Near B. M. Petrol Pump, Gandhidham-370201. We request your warm presence. Admission open for all.

**Gandhidham**
**July 13, 2026** **Toll Free No.: 1800 266 1230** **www.utimf.com**

**REGISTERED OFFICE:** UTI Tower, 'Gn' Block, Bandra Kurla Complex. Bandra (E), Mumbai - 400051 Phone: 022 - 66786666. UTI Asset Management Company Ltd. (Investment Manager for UTI Mutual Fund) E-mail: invest@uti.co in. (CIN-L65991MH2002PLC137867).

**An Investor education & awareness initiative of UTI Mutual Fund.** To know about the KYC documentary requirements and procedure for change of address, phone number, bank details, etc. please visit https://www.utimf.com/servicerequest/kyc. Please deal with only registered Mutual funds, details of which can be verified on the SEBI website under "Intermediaries/market Infrastructure Institutions" All complaints regarding UTI Mutual Fund can be directed towards service@uti.co.in and/or visit https://scores.sebi.gov.in (SEBI SCORES portal) or to escalate investor may visit https://smartodr.in/login Online Dispute Resolution Portal (ODR Portal) .

**Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.**



**ધી ભુજ કોમર્શિયલ કો-ઓપ. બેન્ક લિ.**

સેવા સહકાર શ્રદ્ધા BCCB

હે.ઓ. ન્યુ સ્ટેશન રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧,
ફોન : ૦૨૮૩૨ - ૨૫૬૬૯૦ મો. નં. હે.ઓ.૯૮૨૫૩ ૨૦૮૭૩
ભીડ બજાર શાખા, ૯૯૦૯૨ ૪૫૪૮૩, નખત્રાણા શાખા : ૯૭૩૭૨ ૨૨૮૯૧

**૫૪મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ**

આથી ધી ભુજ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ. ભુજના તમામ સભાસદશ્રીઓને ખબર આપવામાં આવે છે કે, આ બેંકની ચોપનમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૬/૦૭/૨૦૨૬ને રવિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે **ધી કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓપ. બેંક લી.ની મુખ્ય કચેરીના કોન્ફરન્સ હોલ મધ્યે પ્રથમ માળ, વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ** મુકામે નીચે જણાવેલ કાર્યસુચિ માટે મળશે તો તેમાં અચૂક હાજરી આપવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. તા. ૦૩/૦૮/૨૦૨૫ ના રોજ મળેલી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
૨. બોર્ડ ઓફ ડાયરેકટર્સ દ્વારા ભલામણ કરેલ તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ પુરા થતાં વર્ષનો અહેવાલ, વાર્ષિક સરવૈયું તથા નફા-નુકશાનનો હિસાબ મંજુર કરવા બાબત.
૩. વર્ષ ૨૦૨૫-૨૬નો ઓડિટ રીપોર્ટ વંચાણે લેવા બાબત.
૪. બોર્ડ ઓફ ડાયરેકટર્સ દ્વારા ભલામણ કરેલ નફાની ફાળવણી અને ડિવિડન્ડ મંજુર રાખવા બાબત.
૫. બેંકના પેટા નિયમમાં ૩૮ મુજબ બોર્ડ ઓફ ડાયરેકટર્સ દ્વારા બોર્ડમાં ખાલી પડેલ જગ્યા પર ડાયરેકટરશ્રી તરીકે નરેશભાઈ જયંતીલાલ સોમૈયાની નિમણૂંક કરવામાં આવેલ, બોર્ડની બાકીની મુદત પુરી થાય ત્યાં સુધી તેઓશ્રીની નિમણૂંક લંબાવવા સભાની બહાલી મેળવવા બાબતે
૬. બેંકના પેટા નિયમમાં સુધારા-વધારા બાબત. (બેકીંગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯માં સેકશન -૧૦Aના સબ સેકશન (2A) અને કલોઝ (i) માં નિયમોમાં કરવામાં આવેલ સુધારો તેમજ RBI ના સર્કયુલરોમાં કરવામાં આવેલ ફેરફાર બેંકના ડાયરેકટરોના મહતમ ૧૦ વર્ષ સુધીના કાર્યકાળ બાબતે તેમજ ઓછામાં ઓછા ત્રણ વર્ષનો ફરજીયાત Cooling-off Period તેમજ BR Act માં દર્શાવવામાં આવેલ નિયમો અંગેની અમલવારી કરવા બાબતે)
૭. ચેરમેનશ્રી તરફથી અથવા તેઓશ્રીની મંજૂરીથી રજુ થાય તે થવા પર.

**સ્થળ : ભુજ-કચ્છ**
**તારીખ : ૧૨/૦૭/૨૦૨૬**

**બોર્ડ ઓફ ડાયરેકટર્સના આદેશથી**
Sd/-
**(ધીરેન ભાનુભાઈ ઠક્કર)**
**મેનેજીંગ ડાયરેકટર**

**૧.** જો કોરમના અભાવે સભા મુલતવી રહેશે તો મુલતવી રહેલી સભા ફરીથી અડધા કલાક બાદ તે જ દિવસે અને તે જ સ્થળે કાર્યસૂચિ મુજબના કામકાજ કરવા મિટીંગ મળશે. જેમાં કોરમનો કોઈ બાધ રહેશે નહિં.
**૨.** સાધારણ સભામાં એજન્ડાના કામ સિવાય કોઈ પણ પ્રકારની ચર્ચા હાથ ધરવામાં આવશે નહીં.
**૩.** જે સભાસદોને બેંકના વાર્ષિક અહેવાલ (હિસાબો)ની નકલ જોઈતી હોય તેઓએ હેડ ઓફિસ તેમજ બેંકની શાખાઓમાંથી બેંકના કામકાજના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી છે.
**૪.** બેંકના વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબો અંગે ખુલાસો જોઈતો હોય તો સામાન્ય સભાની તારીખથી પાંચ દિવસ પહેલા બેંકની હેડ ઓફિસમાં આવી ખુલાસો કરી લેવા વિનંતી છે. તેમજ જે સભાસદ વાર્ષિક સાધારણ સભાની મિનિટસ વાંચવા માંગતા હોય તેઓ બેંકના કામકાજના સમય દરમ્યાન બેંકમાં રૂબરૂ આવી વાંચી શકે છે. આ અંગેની ચર્ચા મેનેજરશ્રી સાથે રૂબરૂમાં કરી શકાશે.
**૫.** બેંકનો વાર્ષિક અહેવાલ www.bhujcommbank.co.in બેંકની website ઉપર પણ ઉપલબ્ધ રહેશે.
**૬.** વાર્ષિક સામાન્ય સભામાં આવનાર સભાસદે તેમનો સભાસદ નંબર અવશ્ય લાવવો.



॥ આદેશ ॥ ॥ આદેશ ॥ ॥ આદેશ ॥




**પધારો ભડલી... ચાલો ભડલી...**

**જાહેર નિમંત્રણ**

**સિદ્ધ યોગી શ્રી ગરીબનાથજી દાદાનો વાર્ષિક ઉત્સવ મેળો-ભડલી**

**સિદ્ધ ગરીબનાથ દાદાની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે**

**પ્રથમ દિવસ : તા. ૧૩-૦૭-૨૦૨૬ (સોમવાર)**
સવારે ૯.૩૦ વાગ્યાથી વાર્ષિક મહોત્સવ પ્રારંભ,
સાંજના ૭.૧૫ વાગ્યે ભવ્ય આરતી, રાત્રે ૮.૦૦ વાગ્યે ભવ્ય રામામંડળ
રામા મંડળ : શ્રી રાધેશ્યામ રામા મંડળ, ચંદિયા, તા. અંજાર
ઉકળતી દેગ ઉતારતું કચ્છનું પ્રખ્યાત રામામંડળ
: શ્યામ સાઉન્ડના સથવારે :

**દ્વિતીય દિવસ : તા. ૧૪-૦૭-૨૦૨૬ (મંગળવાર)**
સવારે ૯.૧૫ વાગ્યાથી હોમહવન, બપોરે મહાપ્રસાદ,
સાંજના ૫.૦૦ વાગ્યે આરતી
**વિશેષ :** વરસાદના વર્તારાની પત્રી સુકન લેવામાં આવશે.
(સંતો-મહંતોની દિવ્ય ઉપસ્થિતિમાં),
સાંજના ૭.૦૦ વાગ્યાથી મહાપ્રસાદ, રાત્રે : આરાધીવાણી ભજનો

ત્રણ ટાઈમના ભંડારાના દાતાશ્રીઓ બાબુલાલ કરમશીભાઈ ભગત, કોટડા (જ.)
• સુરેન્દ્રકુમાર પરસોત્તમ ભગત, હસ્તે - રવજીભાઈ સોમજીભાઈ છાભૈયા
હોમ-હવનના દાતાશ્રી • યોગી શ્રી સંતોષનાથજી ગુરૂ પીર શ્રી સોમનાથજી

**તા. ૧૪/૦૭/૨૦૨૬, જેઠ વદ અમાસ**
• સવારે ૦૭.૧૫ કલાકે : આરતી • સવારે ૦૮.૦૦ કલાકે: મેળો પ્રારંભ
• સવારે ૦૮.૧૫ કલાકે : યજ્ઞવિધિ/હવન • બપોરે ૧૧.૦૦ કલાકે : દાદાનો ભંડારો
• સાંજે ૦૫.૦૦ કલાકે : પરંપરા મુજબ વરસાદની એંધાણ પત્રી
• રાત્રે ૦૯.૦૦ કલાકે : આરાધીવાણી

**તમામ સેવકગણ અને ધર્મપ્રેમી જનતાને પધારવા ભાવભર્યું આમંત્રણ**

**નિમંત્રક : યોગી શ્રી ગણેશનાથજી ગુરૂ સોમનાથજી પુજારી**
**શ્રી સિદ્ધદાદા ગરીબનાથ સેવકગણ સમિતિ**

ખાસ નોંધ : દાદા ગરીબનાથજી મેળામાં કોઈ પણ કેરીની આઈટમનું વેચાણ કરવાની સખત મનાઈ છે.

# લક્ષ્મી બાલાજી મંદિરના કલ્યાણ મહોત્સવે અંજારમાં ભક્તિનો મહાસાગર ઉભરાયો

**તિરુપતિના વૈદિક ભૂદેવોની નિશ્રામાં ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવ સંપન્ન : સુદર્શન યજ્ઞથી લોકકલ્યાણની પ્રાર્થના**

અંજાર - કચ્છઉદય : સત્યનારાયણ નગર ખાતે આવેલ લક્ષ્મી બાલાજી મંદિરમાં ૧૭મો વાર્ષિક ત્રિદિવસીય કલ્યાણ મહોત્સવ શ્રદ્ધા, આસ્થા અને વૈદિક પરંપરાના ભવ્ય સમન્વય સાથે ઉજવાયો હતો. ત્રણ દિવસ સુધી મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી ભગવાન બાલાજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

મહોત્સવના પ્રથમ દિવસે ભગવાન લક્ષ્મી બાલાજીની વિશેષ પૂજા-અર્ચના અને મંગલવિધિઓ સાથે કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યોજાયેલી અંકુર અર્પણ વિધિમાં ભાવિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર મંદિર પરિસરને આકર્ષક રીતે શણગારવામાં આવતાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.

બીજા દિવસે વહેલી સવારે સુપ્રભાતમ્ સેવા યોજાઈ હતી. ત્યારબાદ તોમાંલા સેવા અને અષ્ટોત્તર કલાભિષેકમ્ જેવા વિશેષ ધાર્મિક અનુષ્ઠાનો સંપન્ન કરવામાં આવ્યા હતા. રાત્રિના સમયે ભગવાન બાલાજીનો કલ્યાણ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. વૈદિક વિધિ અને મંત્રોચ્ચાર વચ્ચે યોજાયેલા આ પવિત્ર પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહોત્સવના અંતિમ દિવસે કચ્છમાં સારો વરસાદ વરસે, ખેડૂતોના ખેતરો લીલાછમ બને અને સમગ્ર પ્રદેશમાં સુખ-સમૃદ્ધિનો માહોલ સર્જાય તે માટે વિશેષ સુદર્શન યજ્ઞ યોજાયો હતો. યજ્ઞમાં ભાવિકોએ આહુતિ અર્પણ કરી લોકકલ્યાણ અને વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી હતી. ધાર્મિક પરંપરા મુજબ સુદર્શન યજ્ઞને વિશેષ મહત્વનું સ્થાન આપવામાં આવે છે.

સાંજના સમયે લક્ષ્મી બાલાજી મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી શોભાયાત્રામાં ભગવાન બાલાજીની મનોહર ઝાંખી, ભજન-કીર્તન અને ધર્મધ્વજોનું વિશેષ આકર્ષણ રહ્યું હતું. માર્ગમાં વિવિધ સ્થળોએ શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ મંદિર દ્વારા પણ શોભાયાત્રાનું પૂજન કરવામાં આવતાં ધાર્મિક એકતા અને સૌહાર્દનો સંદેશ પ્રસર્યો હતો.

તિરુપતિથી પધારેલા વૈદિક ભૂદેવોના માર્ગદર્શન હેઠળ સમગ્ર મહોત્સવની તમામ વિધિઓ શાસ્ત્રોક્ત રીતે સંપન્ન કરવામાં આવી હતી. ત્રણ દિવસ સુધી ચાલેલા આ ધાર્મિક મહોત્સવે અંજારમાં આધ્યાત્મિક ચેતનાનો સંચાર કર્યો હતો અને ભાવિકોને ભક્તિ તથા સંસ્કૃતિ સાથે જોડવાનો અવસર પૂરો પાડ્યો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે મંદિરના ટ્રસ્ટી ડો. શ્યામસુંદર રાવલ, વિજયભાઈ એમ. રાવલ સહિત ટ્રસ્ટ મંડળના સભ્યો, સેવાભાવી કાર્યકરો અને ભાવિકોએ જહેમત ઉઠાવી હતી. ભવ્ય આયોજન, સુચારુ વ્યવસ્થા અને ભાવિકોના ઉત્સાહને કારણે આ વર્ષનો કલ્યાણ મહોત્સવ યાદગાર બની રહ્યો હતો.

# ઘાસચારા સંકટ વચ્ચે કચ્છના પશુધન માટે રાહતની માંગ

**વન વિભાગના ગોડાઉનોમાં સંગ્રહિત ઘાસચારો માલધારીઓ, ગૌશાળાઓ અને પાંજરાપોળોને ફાળવવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત**

ભુજ - કચ્છઉદય : કચ્છમાં ચોમાસાની ધીમી ગતિ અને વરસાદની અછતને કારણે પશુઓ માટે ઘાસચારાની સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરતી જઈ રહી છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પશુપાલકો અને ગૌશાળા સંચાલકો ચારા મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે અખિલ ગૌશાળા પાંજરાપોળ કચ્છ યુવા સંઘ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

સંઘ દ્વારા મુખ્યમંત્રીને પાઠવાયેલા પત્રમાં જણાવાયું છે કે સમગ્ર કચ્છ જિલ્લામાં ૨૫૦થી વધુ ગૌશાળા અને પાંજરાપોળોમાં આશરે દોઢ લાખથી વધુ અબોલ પશુઓનો નિભાવ કરવામાં આવી રહ્યો છે. વરસાદના અભાવે કુદરતી ચારો ઉપલબ્ધ ન હોવાથી પશુધનના જતન માટે મુશ્કેલ પરિસ્થિતિ સર્જાઈ રહી છે. હાલ ગૌશાળાઓ અને માલધારીઓને પંજાબ સહિત અન્ય રાજ્યોમાંથી ચોખાનું પરાળ ઊંચા ભાવે મંગાવવું પડી રહ્યું છે, છતાં માંગ મુજબ પૂરતો જથ્થો મળતો નથી.

રજુઆતમાં જણાવાયું છે કે બહારથી આવતું પરાળ ખર્ચાળ હોવા ઉપરાંત તેમાં પશુઓ માટે જરૂરી પોષક તત્ત્વો પણ મર્યાદિત પ્રમાણમાં હોય છે. પરિણામે પશુઓના આરોગ્ય પર અસર થવાની સાથે પશુપાલકો અને ગૌશાળા સંચાલકો પર આર્થિક ભારણ સતત વધી રહ્યું છે. ખાસ કરીને નાના માલધારીઓ માટે હાલની સ્થિતિ અત્યંત કપરા સંજોગો સર્જી રહી છે.

સંઘના પ્રમુખ ભારતભાઈ સોંદરવાએ જણાવ્યું હતું કે વન વિભાગ દ્વારા દર વર્ષે વીડ વિસ્તારોમાંથી કુદરતી ઘાસચારો કાપી ગોડાઉનોમાં સંગ્રહ કરવામાં આવે છે. હાલમાં પડકારજનક પરિસ્થિતિમાં આ સંગ્રહિત જથ્થો રાહતદરે ઉપલબ્ધ કરાવવામાં આવે તો હજારો પશુઓને જીવદોરી સમાન સહાય મળી શકે છે. આ સાથે ગૌશાળાઓ, પાંજરાપોળો અને માલધારીઓને ચારા માટે વિશેષ સહાય પેકેજ જાહેર કરવાની પણ માંગ કરવામાં આવી છે.

કચ્છની અર્થવ્યવસ્થા અને ગ્રામ્ય જીવનમાં પશુપાલનનું મહત્વનું સ્થાન હોવાથી ચારા અછતનો પ્રશ્ન માત્ર પશુધન પૂરતો મર્યાદિત નથી, પરંતુ હજારો પરિવારોની આજીવિકા સાથે પણ સીધો જોડાયેલો છે. આવી સ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક પગલાં ભરવામાં આવે અને વન વિભાગના ગોડાઉનોમાં ઉપલબ્ધ ઘાસચારો જરૂરિયાતમંદોને ફાળવવામાં આવે તેવી માંગ વધુ જોર પકડી રહી છે.

# કૌશલ્યવાન અને ઉત્પાદક વસ્તી કોઈ પણ રાષ્ટ્રની સાચી મૂડી હોય છે - ડૉ.સી.એસ.ઝાલા

**ભુજની આર.આર. લાલન કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસ:૨૦૨૬ના ઉપલક્ષમાં વિભાગીય સ્પર્ધાઓનો ત્રણ સત્રમાં આયોજન કરવામાં આવ્યું**

ભુજ - કચ્છ ઉદય : આર. આર. લાલન કૉલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસ:૨૦૨૬ના ઉપલક્ષમાં વિભાગીય સ્પર્ધાઓનો ત્રણ સત્રમાં આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સત્રની શરૂઆત મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપ પ્રગટાવીને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આવેલા અતિથિ વિશેષશ્રી, વિભાગઅધ્યક્ષો, અધ્યાપકો, સ્પર્ધકો અને વિદ્યાર્થીઓનો શાબ્દિક આવકાર અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રમેશ વરચંદે કર્યું હતું. અતિથિ વિશેષ તરીકે શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભુજ-૩ના ડોકટર વૈશાલીબેન હાજર રહીને આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરી અને ખાસ વસ્તી નિયંત્રણ માટે લેવામાં આવતા પગલાંઓ ઉપર પ્રકાશ પડ્યું હતું. અધ્યક્ષીય વક્તવ્યમાં કૉલેજના આચાર્ય ડૉ. સી. એસ. ઝાલા વધતી વસ્તીના કારણે ઉત્પન થતી સમસ્યાઓ જેવી કે આવાસની અછત, પર્યાવરણીય સમસ્યાઓ, શિક્ષણ અને આરોગ્યની સેવા ઉપર પડતું દબાણ, અનાજની અછત, ટ્રાફિકની સમસ્યાની સાથે કૌશલ્યવાન અને ઉત્પાદક વસ્તી કોઈ પણ રાષ્ટ્રની સાચી મૂડી હોય છે, તેવા વિચારો રજૂ કર્યા હતા.

બીજા સત્રમાં "વધતી વસ્તી: ભારત માટે આર્થિક બોજ કે જનસાંખ્યિક લાભાંશ" વિષય ઉપર કૉલેજના વિવિધ વિભાગોની ૧૨ જેટલી ટીમોએ અસરકારક ડિબેટ સ્પર્ધા કરીને પોતાના વિચારો રજૂ કર્યા હતા. ડિબેટ સ્પર્ધામાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ટીમના સોની ધૈર્યા અને નોડે જીયાએ પ્રથમ ક્રમ, ડૉ. અભિજીત બેનર્જી ટીમના ચારણ કોમલ અને ભોજાણી ખુશી બીજા ક્રમે અને ડૉ. મનમોહનસિંહ ટીમના વ્યાસ મયૂરી અને શર્મા એન્જલએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરાયા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. મેહુલ શાહ અને અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. મનોજ છાયાએ સેવા આપી હતી.

વસ્તી વિસ્ફોટ: સંસાધનો પર દબાણ અને ભવિષ્યનો પડકાર, દીકરી બચાવો, સશક્ત બનાવો: સંતુલિત જાતિ પ્રમાણ, માનવ વસ્તી અને પર્યાવરણીય સંતુલન અને ભારતમાં ઘટતો જન્મદર: સમસ્યા કે સમાધાન વિષયો ઉપર પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં કુલ ૨૭ વિદ્યાર્થીઓએ હાથ અને રંગની કલા દ્વારા આકર્ષક ચિત્રો દોરીને પોતાની આગવી પ્રસ્તુતિ કરી હતી. આ સ્પર્ધામાં દયાણી નેહા પ્રથમ ક્રમે, ઝાલા નંદની બીજા ક્રમે અને બડીયા ક્રિષ્ના ત્રીજા ક્રમે રહ્યા હતા. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરાયા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ચૈતાલી ઠક્કર અને ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મંજુલા મહેશ્વરીએ સેવા આપી હતી. આ કાર્યક્રમમાં ડૉ. મેહુલ શાહ, ડૉ. મનોજ છાયા, ડૉ. ચૈતાલી ઠક્કર, ડૉ. મંજુલા મહેશ્વરી, ડૉ. મિલન પંડયા, ડૉ. શીતલ જોષી, ડૉ. તસ્લીમઅહેમદ ખત્રી, ડૉ. રાકેશ જાની, ડૉ. નીલુ ગોહેલ, ડૉ. રાજેન્દ્ર બાંભણીયા, ડૉ. શૈલેન્દ્ર પ્રતાપ, ડૉ. મેહુલ પુરોહિત, ડૉ. કરણ ઓડેદરા હાજર રહીને સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમનો સંચાલન અર્થશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીની પૂનમબા વાઘેલા અને રેવા ચૌહાણ એ કર્યું હતું. આભાર વિધિ અર્થશાસ્ત્ર વિભાગના સિનિયર અધ્યાપક ડૉ. ભાવેશ ભટ્ટે અને કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ.રાધેશ્યામ છાંગા અને વિદ્યાર્થીઓએ સંભાળી હતી.આ કાર્યક્રમમાં કુલ ૧૬૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જેમાં ૧૧૫ દીકરીઓ અને ૪૮ દીકરા વિદ્યાર્થીઓ હતા. કૉલેજના આચાર્ય ડૉ. સી. એસ. ઝાલાએ સફળ કાર્યક્રમનો આયોજન કરવા બદલ અર્થશાસ્ત્ર વિભાગને અભિનંદન પાઠવ્યા હતા અને કૉલેજના તમામ વિભાગોના અધ્યક્ષો તથા અધ્યાપકોએ કાર્યક્રમમાં સહકાર આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# નારાણપરમાં ૩૦ દિવસીય મડ-મિરરવર્કની તાલીમ પૂર્ણ કરનારને પ્રમાણપત્ર અપાયા



**ભુજના અજરામર ટ્રસ્ટ દ્વારા કરાયું આયોજન**



ભુજ - કચ્છ ઉદય : રાજ્ય સરકારના ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાનના સહયોગથી અજરામર ટ્રસ્ટના ઉપક્રમે ભુજ તાલુકાના નારણપર ખાતે ૩૦ દિવસીય મડ અને મિરરવર્કની તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

કચ્છ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અજરામર ટ્રસ્ટ દ્વારા મહિલાઓ સ્વરોજગારલક્ષી અને સ્વાવલંબી બને તે માટે વિવિધ પ્રકારની તાલીમો સરકારના વિવિધ બોર્ડ નિગમના માધ્યમથી આપવામાં આવે છે તે અંતર્ગત ભુજ તાલુકાના નારણપર (રાવરી) ખાતે અનુસુચિત જાતિની બહેનો માટે એક મહિનાનો મડવર્ક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૩૦ બહેનોએ તાલીમ મેળવી હતી આ મડવર્ક તાલીમ મેળવનાર બહેનોને સરકારના નિયમાનુસાર હાજરી મુજબ મળવા પાત્ર સ્ટાઈપેંડ બહેનોના બેંક ખાતામાં નિગમ દ્વારા જ સીધા ડીબીટી માધ્યમથી જમા કરાવવામાં આવ્યા હતા જ્યારે તાલીમ મેળવનાર બહેનોને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રમાણપત્ર આજે આપવામાં આવ્યા હોવાનું તાલીમ આપનાર પ્રશિક્ષીકા મીનાબેન બોરીચાએ જણાવ્યું હતું તેમજ જે બહેનો સ્વરોજગાર અર્થે મડવર્ક કામને આગળ ધપાવવા ઈચ્છુક હોય તેમને આ પ્રમાણપત્ર ખુબ જ ઉપયોગી બની રહેશે તેવું જણાવી બહેનોને તાલીમ મેળવી અટકી ન જતા આગળ વધવા જણાવી જ્યાં જરૂર હોય ત્યાં સહયોગની ખાતરી આપી હતી. કચ્છની પુણ્ય ધરા પર ધરબાયેલી ખનીજ સંપતિની જેમ જ કચ્છની બહેનોના હાથમાં રહેલી અનેક પ્રકારની કલા અને કારીગરી આવી તાલીમોના માધ્યમથી ઉજાગર થાય છે, બહેનોમાં નવું કરવાની શીખવાની ધગશ તેમજ તેમનામાં છુપાયેલા કૌશલ્યને બહાર લાવી તેમને સ્વનિર્ભર બનાવવામાં ઉપયોગી બની રહે છે તેવું શ્રી અજરામર ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી મયુર બોરીચાએ જણાવ્યું હતું. મડવર્ક તાલીમ મેળવનાર બહેનોએ ગામમાં જ ઘર બેઠા આવી તાલીમ મળવા બદલ ખુશી વ્યક્ત કરી એક નવી કલા શીખવા મળી હોવાનું પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું.

# બુધવારે ભુજ ખાતે વસતા અબડાસાવાસીઓનું સ્નેહમિલન યોજાશે

**સાંસદ વિનોદભાઈ ચાવડા અધ્યક્ષસ્થાને કાર્યક્રમનું આયોજન**

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં સ્થાયી થયેલા અબડાસાવાસી સનાતન સમાજનું સ્નેહમિલન આગામી આષાઢી બીજની પૂર્વ સંધ્યાએ એટલે કે તારીખ ૧૫ જુલાઈના ભુજના ટાઉનહોલ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના સફળ આયોજન માટે અબડાસા તાલુકામાંથી ભુજ આવીને વસેલા વિવિધ ગામોના સનાતનીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો, જેને સમાજ તરફથી અભૂતપૂર્વ આવકાર મળ્યો છે. આ ગરિમાપૂર્ણ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડા અધ્યક્ષસ્થાને વિશેષ ઉપસ્થિત રહેશે.

આ સ્નેહમિલન સમારોહમાં અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરસિંહ જે. જાડેજા, અબડાસા તાલુકા પંચાયતના પ્રમુખ જયેન્દ્રસિંહ જાડેજા તેમજ દરેક સમાજના પ્રતિનિધિઓ ખાસ હાજર રહેશે. આ મિલન દરમિયાન ઉપસ્થિત તમામ લોકોને મારો મત મારા ગામમાં એ સૂત્રને સાર્થક કરવા માટે અનુરોધ કરવામાં આવશે. આ સાથે જ અબડાસા તાલુકા માટે એક મેડિકલ સહાયની ટીમ ઊભી કરી જરૂરતમંદોને તબીબી સહાય પૂરી પાડવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે, જેના માટે પૂરતું ભંડોળ પણ એકત્રિત કરવામાં આવશે.

આ ઉપરાંત દરેક ગામમાં વિકાસના કાર્યોની જે પણ જરૂરિયાત હોય, તેને લોકપ્રતિનિધિ સમક્ષ રજૂ કરીને તેનો યોગ્ય ઉકેલ લાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે. આ સ્નેહમિલનમાં સાંસદના સહયોગથી રાજ ગઢવીના એક ભજન અને ડાયરાના કાર્યક્રમનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર સ્નેહમિલન કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા માટે અબડાસા તાલુકાના દરેક ગામના પ્રતિનિધિઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# મોથાળામાં નડતરરૂપ જોખમી વીજપોલ તેમજ ડીપી અન્યત્ર ખસેડવા માંગ

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકાના મોથાળા ગામે ઉત્તર વાસમાં આવેલી મહેશ્વરી મેઘવાળ સમાજવાડીના કમ્પાઉન્ડની અંદર આવેલા બે વીજપોલ અને દીવાલ નજીક કાર્યરત વીજ ડીપીને કારણે અકસ્માતનો ગંભીર ભય સેવાઈ રહ્યો છે. ચોવીસ કલાક ચાલુ રહેતી આ વીજ લાઈનમાં ગમે ત્યારે શોર્ટસર્કિટ થવાની ભીતિ હોવાથી સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ એકત્રિત થતા લોકોના જીવ જોખમમાં મુકાયા છે. સ્થાનિક અગ્રણી મહેન્દ્ર ડી. બળિયા દ્વારા અગાઉ કલેક્ટર કચેરી અને પીજીવીસીએલ તંત્રને લેખિત તેમજ ઈમેઈલથી રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ નિકાલ આવ્યો નથી. લોકોની સુરક્ષાને ધ્યાને રાખીને કોઠારા પેટા વિભાગના ડેપ્યુટી એન્જિનિયર તાત્કાલિક ધોરણે આ જોખમી વીજપોલ અને ડીપીને અન્યત્ર ખસેડવાની કામગીરી કરે તેવી લોક માંગ ઉઠી છે.

# પશ્ચિમ રેલવે દ્વારા 3 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવાયા

અમદાવાદ - કચ્છઉદય : પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને આસારવા - કાનપુર સેન્ટ્રલ, આસારવા - આગ્રા કેન્ટ અને ગાંધીગ્રામ - પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો છે.

જેમાં ટ્રેન નં. ૦૪૧૧૨ ગાંધીગ્રામ – પ્રયાગરાજ સ્પેશિયલના ફેરા ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૪૧૧૧ પ્રયાગરાજ – ગાંધીગ્રામ સ્પેશિયલના ફેરા ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તો ટ્રેન નં. ૦૧૯૦૬ આસારવા - કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના ફેરા ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ - આસારવા સ્પેશિયલના ફેરા ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. અને ટ્રેન નં. ૦૧૯૦૯ આસારવા - આગ્રા કેન્ટ સ્પેશિયલના ફેરા ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૧૯૧૦ આગ્રા કેન્ટ - આસારવા સ્પેશિયલના ફેરા ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. ટ્રેન નં. ૦૪૧૧૨, ૦૧૯૦૬ અને ૦૧૯૦૯ના વિસ્તૃત ફેરાઓ માટેનું બુકિંગ આજે ૧૨- ૭થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા રેકની રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરોને વેબસાઈટ પર માહિતી મેળવી શકશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# ભુજના વૃદ્ધ સહાય યોજનાના લાભાર્થીઓને હયાતીની ખરાઈ કરાવવી

ભુજ : શહેરના માધાપર, મિરજાપર, સુખપરમાં સરકારની ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય / નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના ૬૦ વર્ષ કે, તેથી વધુના ઉંમરના જે લાભાર્થીઓ સહાય મેળવી રહ્યા છે. તેમજ વિધવા સહાય મેળવતા તમામ લાભાર્થીઓને જણાવવામાં આવે છે કે, તા. ૩૧-૭-૨૦૨૬ સુધીમાં મામલતદાર કચેરી ભુજ ન્યુ લોટસ રિંગરોડ ભુજ ખાતે આધારકાર્ડ, બેંક પાસબુંકની ઝેરોક્ષ, પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે રૂબરૂ આવી હયાતીની ખરાઈ ફરજીયાત કરાવવાની રહેશે. જે લાભાર્થીઓ ખરાઈ કરાવશે નહીં તેમની સહાય બંધ કરી દેવામાં આવશે, જેની નોંધ લેવા ભુજ શહેર મામલતદારે યાદીમાં જણાવ્યું છે.

# ચર્મ હસ્તકળા કારીગરને માનદ્ ડોક્ટરેટની પદવી એનાયત


**ચર્મશિલ્પક્ષેત્રે છેલ્લા સાડા ત્રણ દાયકાથી કાર્યરત અંચલ પી. બિજલાણીને કાનપુરની છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટીના ૪૧મા દીક્ષાંત સમારોહમાં માનદ્ પદવી**

ભુજ - કચ્છઉદય : ભારતીય હસ્તકળાના ભવ્ય વારસાને સાચવી રાખવા અને તેને વૈશ્વિક ફલક પર ગૌરવ અપાવવા બદલ કચ્છના કારીગરને માનદ્ ડોક્ટરેટ (ડી.લિટ.)ની સર્વોચ્ચ પદવી એનાયત કરવામાં આવી છે. ચર્મશિલ્પ (લેધર આર્ટ) ક્ષેત્રે છેલ્લા સાડા ત્રણ દાયકાથી કાર્યરત અને ગુજરાત રાજ્ય શિલ્પ પુરસ્કાર વિજેતા અંચલ પી. બિજલાણીને પણ કાનપુરની છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટીના ૪૧મા દીક્ષાંત સમારોહમાં માનદ્ પદવીથી નવાજવામાં આવ્યા હતા. મૂળ બનાસકાંઠાના થરાદના વતની અને હાલ સુમરાસર ગામને પોતાની કર્મભૂમિ બનાવનારા અંચલભાઈએ દેશ અને દુનિયામાં ચર્મકળાનો વ્યાપક પ્રચાર કર્યો છે. તેમણે પોતાના પત્ની શારદાબેનના સક્રિય સહયોગથી ગ્રામીણ વિસ્તારની મહિલાઓ અને યુવાનોને સ્વનિર્ભર બનાવવા માટે તાલીમ આપીને રોજગારીના નવા દ્વાર ખોલ્યા છે. અન્ય રાજ્યોની યુનિવર્સિટીઓ દ્વારા કચ્છની માટીની સુવાસ સમાન આ કલાકારોની સાધનાની જે પ્રકારે કદર કરવામાં આવી છે, તે કળાક્ષેત્ર માટે ખરા અર્થમાં એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ઉપલબ્ધિ છે.

# ભારતની ક્રાંતિ ગૌડે લોર્ડ્સના ઈતિહાસમાં નામ લખાવ્યું

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ઈંગ્લેન્ડ સામેની એકમાત્ર ટેસ્ટમાં ૫ વિકેટ ઝડપીને ક્રાંતિ લોર્ડ્સના પ્રતિષ્ઠિત નામ નોંધાવનારી પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બની છે. ત્તેણે કહ્યું કે આ સિદ્ધિ તેના અને તેના પરિવાર માટે અત્યંત ગર્વની ક્ષણ છે. લોર્ડ્સના Honours Board પર નામ આવવું એ કોઈપણ ક્રિકેટર માટે સૌથી મોટા સન્માનમાંનું એક ગણાય છે.

# કચ્છ જિલ્લા કોંગ્રેસ કિશાન સેલના માજી પ્રમુખના અવસાનથી શોક



ભુજ - કચ્છ ઉદય : શ્રધ્ધાંજલિ કચ્છ જિલ્લાના માજી સાંસદ હરિભાઈ પટેલના પુત્ર અને કચ્છ જિલ્લા કોંગ્રેસ કિશાન સેલના માજી પ્રમુખ ભરતભાઈ પટેલના અવસાનથી કચ્છ જિલ્લામાં શોકની લાગણી ફરી વળી હતી. ૬૨ વર્ષ ની ઉંમરે મુંબઈ મધ્યે અવસાન થયું છે. જિલ્લા કોંગ્રેસના પ્રમુખ વી.કે. હુંબલ, મહેશભાઈ ઠક્કર, માજી એમએલએ રાજેશ ત્રિવેદી, હરિસિંહ રાઠોડ, દેવેન્દ્રસિંહ જેઠવા, રફીક મારા, ભરત ગોસ્વામી, ધર્મેન્દ્ર ગોહિલ, ઝેવીરસિંહ જાડેજા, ખીમકારણ ગઢવી વગેરે પુષ્પાંજલિ આપી હતી.

# જીતો ભુજ ચેપ્ટર દ્વારા "સ્માર્ટ વેલ્થ, સ્ટ્રોંગ લેગસી" વિષય પર જ્ઞાનવર્ધક સેમિનારનું આયોજન

ભુજ - કચ્છઉદય : જીતો ભુજ ચેપ્ટરના વર્ટિકલ જીતો પ્રોફેશનલ ફોરમ દ્વારા "સ્માર્ટ વેલ્થ, સ્ટ્રોંગ લેગસી" વિષય પર એક જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયી અને વ્યવહારૂ સેમિનારનું મણીબેન સ્વરૂપચંદ વોરા નોલેજ સેન્ટર, વી ક્લબ, હોસ્પિટલ રોડ, ભુજ ખાતે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જીતોના ઉદ્યોગપતિઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ડોક્ટર્સ, વકીલો, વિવિધ ક્ષેત્રોના વ્યવસાયિકો, યુવા ઉદ્યોગસાહસિકો તથા મોટી સંખ્યામાં સભ્યોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.



કાર્યક્રમનો પ્રારંભ નવકાર મહામંત્રના પાઠ સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમના હેતુ વિશે માહિતી આપવામાં આવી હતી. આજના સમયમાં માત્ર સંપત્તિનું સર્જન જ નહીં, પરંતુ તેનું વૈજ્ઞાનિક આયોજન, સુરક્ષા અને આગામી પેઢી સુધી સુવ્યવસ્થિત રીતે વારસાગત હસ્તાંતરણ થાય તે માટે જાગૃતિ ફેલાય તે હેતુથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા તરીકે જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને નાણાકીય સલાહકાર સી.એ. ડૉ. રાજેશ ખંડોલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે અત્યંત સરળ અને વ્યવહારુ ભાષામાં વેલ્થ મેનેજમેન્ટ, સક્સેશન પ્લાનિંગ, વિલ, ટ્રસ્ટની રચના, ટેક્સ - એફિશિયન્ટ સ્ટ્રક્ચર્સ, રિસ્ક મેનેજમેન્ટ, એસેટ પ્રોટેક્શન, નિવૃત્તિ આયોજન, ફેમિલી ગવર્નન્સ તથા આગામી પેઢી માટે મજબૂત નાણાકીય વારસો તૈયાર કરવાની પદ્ધતિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સંપત્તિનું આયોજન સમયસર કરવામાં આવે તો પરિવારની આર્થિક સુરક્ષા મજબૂત બને છે, ભવિષ્યમાં ઊભા થઈ શકે તેવા કાનૂની વિવાદો ટાળી શકાય છે અને વારસદારોને સંપત્તિ સરળતાથી તથા સુવ્યવસ્થિત રીતે પ્રાપ્ત થઈ શકે છે. યોગ્ય રોકાણ, જોખમ વ્યવસ્થાપન અને લાંબા ગાળાના નાણાકીય આયોજન દ્વારા પરિવાર માટે સ્થાયી સમૃદ્ધિનું નિર્માણ કરી શકાય છે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સભ્યોએ વારસાગત આયોજન, કરવેરા, ટ્રસ્ટ, વિલ તથા રોકાણ સંબંધિત અનેક પ્રશ્નો પૂછ્યા હતા. ડૉ. રાજેશ ખંડોલે દરેક પ્રશ્નના સરળ, સ્પષ્ટ અને વ્યવહારુ જવાબો આપી સભ્યોની શંકાઓનું સંતોષકારક નિરાકરણ કર્યું હતું. પ્રશ્નોત્તરી સત્ર સમગ્ર કાર્યક્રમનું વિશેષ આકર્ષણ બન્યું હતું. સેમિનાર બાદ સભ્યો વચ્ચે નેટવર્કિંગ અને પરસ્પર વિચારોના આદાન-પ્રદાન માટે પણ સમય ફાળવવામાં આવ્યો હતો, જેના કારણે વિવિધ વ્યવસાયિકો વચ્ચે નવા સંબંધો વિકસ્યા અને પરસ્પર સહયોગની નવી તકો અંગે ચર્ચા થઈ હતી.

જીતો ભુજ ચેપ્ટરના ચેરમેન પંકજ મહેતાએ જણાવ્યું હતું કે જીતો ભુજ ચેપ્ટર પોતાના સભ્યોના વ્યવસાયિક, સામાજિક અને વ્યક્તિગત વિકાસ માટે સમયાંતરે આવા જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું આયોજન કરતું રહેશે, જેથી સભ્યોને દેશના અગ્રણી નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મળી રહે અને તેઓ વધુ સશક્ત તથા દુરંદેશી નિર્ણયો લઈ શકે.

કાર્યક્રમને સફળ બનાવવા બદલ જીતો ભુજ ચેપ્ટરના ચેરમેન શ્રી પંકજ મહેતા, ચીફ સેક્રેટરી બિરજુ શાહ, જીતો પ્રોફેશનલ ફોરમના કન્વીનર સી.એ. ડૉ. રાજેશ ખંડોલ, કો-કન્વીનર શ્રી કૌશિક શાહ તથા સમગ્ર આયોજન સમિતિએ ઉપસ્થિત તમામ સભ્યો, મહાનુભાવો અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે જીતો ભુજ ચેપ્ટરની સમગ્ર ટીમે સુચારૂ આયોજન કર્યું હતું. ખાસ કરીને જીતો લેડીઝ વિંગ તથા જીતો યુથ વિંગના સભ્યોએ આયોજન, સંકલન, નોંધણી, મહેમાનગતિ અને સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તેમના સમર્પણ, ટીમવર્ક અને સક્રિય સહયોગને કારણે કાર્યક્રમ અત્યંત સફળ અને યાદગાર બન્યો હતો. સમગ્ર કાર્યક્રમ ઉપસ્થિત સૌ માટે અત્યંત જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયી અને ઉપયોગી સાબિત થયો હતો. જીતો ભુજ ચેપ્ટર ભવિષ્યમાં પણ સમાજમાં જ્ઞાન, વ્યવસાયિક વિકાસ, નાણાકીય જાગૃતિ અને મૂલ્યઆધારિત નેતૃત્વને પ્રોત્સાહન આપતા આવા ગુણવત્તાસભર કાર્યક્રમોનું સતત આયોજન કરતું રહેશે. આ અંગેની માહિતી જીતો ભુજ ચેપ્ટરના મીડિયા કન્વીનર તપેશ શાહે આપી હતી.

# લાયોનેસ ક્લબ ઓફ ભુજનો ૩૬મો શપથવિધિ સમારોહ યોજાયો





ભુજ - કચ્છઉદય : લાયોનેસ ક્લબ ઓફ ભુજનો તાજેતરમાં ૩૬મો શપથવિધિ સમારોહ યોજાયો હતો. જેમાં ધ્વજવંદના અને રાષ્ટ્રગીત દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. અતિથિ વિશેષ અને હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. રિજીયન ચેરપર્સન કમલબેન જોશી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ની ટીમને શપથ લેવડાવવામાં આવ્યા હતા, જેમાં પ્રમુખ રીટા મહેતા, ઉપપ્રમુખ ભાવના ઝવેરી, મંત્રી હર્ષા મહેતા, સહમંત્રી નૂતન મહેતા, ખજાનચી બેલા શાહ, સહખજાનચી જિજ્ઞાસા ઠક્કર, એડવાઈઝર તેજલ શાહ અને સાત કારોબારી ટીમનો સમાવેશ થાય છે.

અતિથિ વિશેષ કમલબેન જોશીનું પ્રમુખ જયશ્રીબેન અને રીટાબેન દ્વારા પુષ્પગુચ્છ, પ્રતિક ભેટ, શાલ, પાઘડી પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. જયશ્રીબેન શાહે તેમના વર્ષમાં જે સભ્યોએ પ્રોજેક્ટ આપેલ તે બધાનું પ્રતિક ભેટ- પ્રશસ્તિપત્ર આપી સન્માન કરાયું હતું. પૂર્વ પ્રમુખો અને ૨૫ વર્ષ પૂરા કરનાર સભ્યોને શાલ પુષ્પગુચ્છથી સન્માનિત કરી તેમની સેવાને બિરદાવી હતી. પ્રમુખ રીટાબેને તેમના વક્તવ્યમાં સેવાકીય પ્રોજેક્ટનો વ્યાપ વધારીને સમાજ ઉપયોગી કાર્ય કરવા એવો નિર્ધાર કરેલ છે. તેને અનુલક્ષીને ૩૬મું ઈન્સ્ટોલેશન અને જરૂરિયાતમંદ પરિવારને ૩૬ રાશનકીટનું વિતરણ કરાયું હતું, જેમાં રસોઈ માટેની તમામ વસ્તુઓ ઘઉં, ચોખા, દાળ, લોટ, કઠોળ, ઘી, તેલ, મસાલા સાથે અન્ય સામગ્રીની કીટ તૈયાર કરીને ક્લબના સભ્યોના અનુદાનથી આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. નિબંધ સ્પર્ધા, ધાર્મિક પ્રોજેક્ટ, વિદ્યાર્થીઓને લગતા પ્રોજેક્ટ અને ભાવના ઝવેરી દ્વારા યોગનાં સેમીનાર કરવામાં આવશે. સંચાલન ભાવના ઝવેરીએ કર્યું હતું. પ્રાર્થના શીતલ ગોસ્વામી દ્વારા, સ્ટેજની વ્યવસ્થામાં મીનાબેન, લતાબેન, ઉષાબેન, નયનાબેન તથા વેલકમ કમિટીમાં દક્ષાબેન, નિશાબેન, રશ્મિબેન, પ્રીતિબેન, શીનાબેન રહ્યા હતા. આભારવિધિ હર્ષા શાહે કરી હતી.

# માધાપરમાં વિદ્યાર્થીઓ માટે એઆઈ અને સાયબર જાગૃતિ સેમિનાર યોજાયો

ભુજ - કચ્છઉદય : એમ.એસ.વી. માધાપર ખાતે આશરે ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે "આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સાયબર જાગૃતિ" વિષયક વિશાળ જાગૃતિ સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સંકલન કોર્ડિનેટરશ્રી એમ. આઈ. બાયડ દ્વારા પૂર્વ આયોજન સાથે સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું.





આચાર્ય ડૉ. મહેશ ઝાલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. પ્રારંભે આચાર્યે મુખ્ય વક્તા ડૉ. અમર મહેતા તથા કોર્ડિનેટરશ્રી એમ. આઈ. બાયડનું પુસ્તક અર્પણ કરીને સન્માનપૂર્વક સ્વાગત કર્યું હતું. કોર્ડિનેટરશ્રી એમ. આઈ. બાયડ દ્વારા સાયબર ક્રાઈમ અંગે પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી તેમજ કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. અમર મહેતા, સિસ્ટમ એન્જિનિયર, કચ્છ યુનિવર્સિટી, ભુજનો પરિચય કરાવવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા તરીકે ડૉ. અમર મહેતાએ જણાવ્યું હતું કે આજની યુવા પેઢી મોબાઈલ, કમ્પ્યુટર અને આધુનિક ટેક્નોલોજી સાથે ખૂબ નજીકથી જોડાયેલી છે. તેથી નવી ટેક્નોલોજીનો સમજદારીપૂર્વક અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો સમયની માંગ બની ગયો છે. ડૉ. મહેતાએ શરૂઆતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશે વિસ્તૃત અને સરળ સમજૂતી આપી હતી. ત્યારબાદ તેમણે ચેટજીપીટી, જેમીની અને ગુગલ એઆઈ જેવા આધુનિક એ.આઈ. પ્લેટફોર્મનો અભ્યાસ, સંશોધન, માહિતી મેળવવા, લેખન, પ્રેઝન્ટેશન અને દૈનિક જીવનમાં કેવી રીતે યોગ્ય રીતે ઉપયોગ કરવો તેની માહિતી આપી હતી. સાથે સાથે તેમણે આ ટેક્નોલોજીના ફાયદાઓ ઉપરાંત તેના ગેરફાયદાઓ વિશે પણ વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે છૈં એ એક કૃત્રિમ બુદ્ધિ છે, જે માનવ જીવનને સરળ અને કાર્યક્ષમ બનાવવામાં મદદરૂપ છે. પરંતુ તેનો જરૂર પૂરતો અને સમજદારીપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. જો છૈં પર અતિશય નિર્ભરતા વધી જાય તો વ્યક્તિની વિચારશક્તિ, જ્ઞાન મેળવવાની સ્વાભાવિક પ્રક્રિયા, અભિવ્યક્તિની ક્ષમતા અને સમસ્યાઓ ઉકેલવાની શક્તિ ધીમે ધીમે ઘટી શકે છે. તેથી છૈં ને સહાયક સાધન તરીકે ઉપયોગ કરવો જોઈએ, તેના પર સંપૂર્ણપણે આધારિત બનવું યોગ્ય નથી. વ્યાખ્યાન બાદ યોજાયેલી પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછ્યા હતા, જેના સચોટ, તર્કસંગત અને માહિતીસભર જવાબો ડૉ. અમર મહેતા દ્વારા આપવામાં આવ્યા હતા. આ સત્ર વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી બન્યું હતું. સંચાલન પંકજ દહીંસરિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ આચાર્ય ડૉ. મહેશ ઝાલાએ કરી હતી. વ્યવસ્થા શાળાના શિક્ષકો તથા સ્ટાફ પરિવારે સુંદર રીતે સંભાળી હતી.

# કચ્છ યુનિની સિદ્ધિ : કુદરતી સ્વીટનરની પેટન્ટ પબ્લીશ થઈ

ભુજ - કચ્છઉદય : ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી અને તેના સંશોધકોએ ખાદ્ય ઉદ્યોગમાં એક નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે. યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર ભવનના એસોસિએટ પ્રોફેસર ડૉ. વિજયકુમાર રાણાભાઈ રામના માર્ગદર્શન હેઠળ બિજલ મુલેન્દુભાઈ શુક્લા, નિખિલ જગદીશ પ્રજાપતિ, ભારતકુમાર અનિલકુમાર લોનિયા અને સોમિયા અનમની સંશોધક ટીમે 'એ ફોર્મ્યુલેશન ઑફ પ્યુરિફાઈડ સ્ટીવિયોલ ગ્લાયકોસાઈડ ઍઝ નેચરલ સ્વીટનર' માટેની ભારતીય પેટન્ટ મેળવી છે, જે ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ પબ્લીશ થઈ છે. આ સંશોધન સ્ટીવિયા નામના છોડના પાંદડામાંથી મળતા સ્ટીવિયોલ ગ્લાયકોસાઈડ્સને શુદ્ધ સ્વરૂપમાં રજૂ કરે છે, જે સામાન્ય ખાંડ કરતાં ૨૦૦ થી ૩૦૦ ગણા વધુ મીઠા હોવા છતાં નહિવત્ કેલરી ધરાવે છે અને લોહીમાં શુગરના સ્તર પર કોઈ અસર કરતા નથી.

હાલમાં વિશ્વભરમાં ૫૩ કરોડથી વધુ અને ભારતમાં આશરે ૧૦.૧ કરોડ લોકો ડાયાબિટીસથી પીડાય છે, ત્યારે આ કુદરતી સ્વીટનર ડાયાબિટીસ, મેદસ્વીપણું અને હાઈ બ્લડ પ્રેશર ધરાવતા દર્દીઓ માટે વરદાન સમાન સાબિત થશે. આ નવું ફોર્મ્યુલેશન પરંપરાગત પ્રક્રિયાઓની ખામીઓ દૂર કરીને વધુ સ્વચ્છ, ટકાઉ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન આપે છે, જે બ્લડ શુગર, વજન અને હૃદયના આરોગ્યના નિયંત્રણમાં અત્યંત ફાયદાકારક છે.વર્ષ ૨૦૨૫માં વૈશ્વિક કુદરતી ગળપણનું બજાર આશરે ૩૧.૫ અબજ ડોલર હતું, તેવામાં ડૉ. વિજયકુમાર રાણાભાઈ રામ, બિજલ મુલેન્દુભાઈ શુક્લા, નિખિલ જગદીશ પ્રજાપતિ, ભારતકુમાર અનિલકુમાર લોનિયા અને સોમિયા અનમની આ શોધ ભારતને સ્વદેશી ટેક્નોલોજી સાથે વૈશ્વિક બજારમાં મજબૂત સ્થાન અપાવી શકે તેમ છે. હાલમાં આ પેટન્ટ પરીક્ષણ હેઠળ છે અને તેને અંતિમ મંજૂરી મળ્યા બાદ વ્યાપારી સ્વરૂપ આપવામાં આવશે, જે 'આત્મનિર્ભર ભારત'ના સપનાને સાકાર કરશે. આ અદ્ભુત સંશોધન બદલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. મોહન પટેલ અને રજીસ્ટ્રાર ડૉ. અનિલ ગોર દ્વારા સમગ્ર ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ભુજમાં નિઃશુલ્ક સાપ્તાહિક યોગ સેમિનાર યોજાશે

## લાયોનેસ ક્લબ અને ઉમા યોગ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે કરાયું આયોજન

ભુજ - કચ્છઉદય : યોગ કરો, નિરોગી રહોના ઉમદા હેતુ સાથે લાયોનેસ ક્લબ ઓફ ભુજ અને ઉમા યોગ કેન્દ્ર, ભુજના સંયુક્ત ઉપક્રમે સ્વાસ્થ્યનું પાવર હાઉસ - યોગ વિષય પર એક સાપ્તાહિક નિઃશુલ્ક યોગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. લાયોનેસ ક્લબના વર્ષ ૨૦૨૬-૨૭ ના આ પ્રથમ પ્રોજેક્ટનું આયોજન પ્રોજેક્ટ ચેરપર્સન અને લાયોનેસ વાઈસ પ્રેસિડેન્ટ તેમજ યોગ શિક્ષક ભાવના એ. ઝવેરી દ્વારા કરવામાં આવ્યું છે. આ સંપૂર્ણ કાર્યક્રમ યોગગુરુ કમલકાંત ભાઈના માર્ગદર્શન હેઠળ યોજાશે.

આ નિઃશુલ્ક સેમિનાર આગામી તારીખ ૧૩ થી ૧૮ જુલાઈ દરમિયાન, સોમવારથી શનિવાર સાંજે ૫ થી ૬:૧૦ વાગ્યા સુધી ઉમા યોગ કેન્દ્રના હોલ, બેકર્સ કોલોની, ગેટ નંબર પાંચ, શ્રીજી સ્વીટ વાળી ગલીમાં છેલ્લે, ભુજ ખાતે યોજાશે. કાર્યક્રમના પ્રથમ દિવસે ક્લબના હોદ્દેદારો અને સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સેમિનારને ખુલ્લો મુકવામાં આવશે.

દરેક ઉંમરના ભાઈઓ અને બહેનો માટે આયોજિત આ સેમિનારમાં લાયકાત ધરાવતા યોગ શિક્ષકોની ટીમ દ્વારા મેટ યોગા, પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર, ફુલ બોડી વર્કઆઉટ, એરોબિક્સ, કિલર્ધિંગ કીર્તન, ઝુમ્બા, રિલેક્સેશન અને યોગ નિંદ્રા જેવા યોગના વિવિધ આયામો કરાવવામાં આવશે. આયોજકો દ્વારા ભાગ લેનારાઓને સમય કરતાં પાંચ મિનિટ વહેલા આવવા અને પોતાની પાણીની બોટલ સાથે લાવવા અનુરોધ કરવામાં આવ્યો છે, જ્યારે મેટ, ખુરશી અને વોશરૂમ સહિતની પ્રાથમિક વ્યવસ્થા સંચાલકો દ્વારા સ્થળ પર જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જીવનમાં સ્વાસ્થ્યનું મહત્વ સમજાવતા આ કાર્યક્રમનો લાભ લેવા જાહેર જનતાને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કચ્છના દરિયાકાંઠે સર્વાંગી વિકાસ અને ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા રજૂઆત

## ભુજ ચેમ્બર દ્વારા રાજ્યના ઉપમુખ્યમંત્રી અને પ્રવાસન વિભાગના મંત્રી હર્ષ સંઘવીને કરાઈ રજૂઆત

ભુજ - કચ્છઉદય : ભુજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન દ્વારા ગુજરાતના ઉપ મુખ્યમંત્રી અને પ્રવાસન વિભાગના કેબિનેટ મંત્રી હર્ષ સંઘવીને પત્ર લખીને કચ્છના દરિયાકિનારાના સર્વાંગી વિકાસ માટે રજૂઆત કરવામાં આવી છે. ભુજ ચેમ્બરના પ્રમુખ અનિલ ગોરે જણાવ્યું છે કે, ભૂકંપ પછી કચ્છે ઔદ્યોગિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસન ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, પરંતુ જિલ્લાના સુંદર બીચોના વિકાસમાં હજુ પણ નોંધપાત્ર ખામી જોવા મળે છે. ગોવા, દીવ-દમણ અને દ્વારકાના શિવરાજપુર બીચની જેમ જ કચ્છના માંડવી, પિંગલેશ્વર, કોટેશ્વર, લખપત અને રાવળપીર જેવા દરિયાકાંઠાના વિસ્તારો કુદરતી રીતે વિશ્વસ્તરીય બીચ ટૂરિઝમ માટે સક્ષમ છે, પરંતુ પ્રવાસીઓ માટે ત્યાં પાયાની સુવિધાઓનો અભાવ છે.

કચ્છના દરિયાકિનારાની મોટાભાગની જમીન સરકારી હસ્તક હોવાથી ત્યાં ખાનગી હોટેલ કે રિસોર્ટ કંપનીઓ કાર્ય કરી શકતી નથી. આથી સરકારે યોગ્ય અને પારદર્શક નીતિ હેઠળ દીર્ઘકાલીન લીઝ અથવા પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડેલ દ્વારા આ સરકારી જમીનો ખાનગી રોકાણ માટે ઉપલબ્ધ કરાવવી જોઈએ. દેશ-વિદેશની અગ્રણી હોટેલ ચેઈન અને રિસોર્ટ ડેવલપર્સ કચ્છમાં રોકાણ કરવા આગળ આવે તેવું વાતાવરણ ઊભું કરવાથી સ્થાનિક યુવાનો માટે હજારો રોજગારીની તકો ઊભી થશે અને હેન્ડીક્રાફ્ટ, કચ્છી આર્ટ તથા સ્થાનિક વેપાર-ઉદ્યોગને નવી ગતિ મળશે.

ભુજ ચેમ્બર દ્વારા સરકાર સમક્ષ માંગ કરવામાં આવી છે કે, લાંબા સમયથી ધીમી ગતિએ ચાલી રહેલી પ્રવાસન યોજનાઓને ઝડપથી પૂર્ણ કરવામાં આવે. ખાસ કરીને માંડવી રાવળપીર બીચ વિકાસ માટે જાહેર કરાયેલા અંદાજિત રૂ.૭૦ કરોડના પ્રોજેક્ટના માસ્ટર પ્લાનની પ્રક્રિયા વેગવંતી બનાવવામાં આવે અને પિંગલેશ્વર બીચ પ્રોજેક્ટને ટેન્ડર પ્રક્રિયામાંથી બહાર લાવીને સ્થળ પર તેનું ઝડપી અમલીકરણ કરાય. આ સાથે જ પાર્કિંગ, વોટર સ્પોર્ટ્સ, ફૂડ કોર્ટ, ટૂરિસ્ટ ફેસિલિટેશન સેન્ટર અને લખપત કોટેશ્વર વિસ્તારમાં સમુદ્રી સીમા દર્શન જેવી યોજનાઓ સમયસર શરૂ કરવામાં આવે. સંસ્થાના સેક્રેટરી જગદીશ ઝવેરીએ જણાવ્યું હતું કે, જો કચ્છ માટે વિશેષ બીચ ટૂરિઝમ રોકાણ નીતિ બનાવીને વર્ષોથી અટકેલી યોજનાઓની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરવામાં આવશે, તો આગામી વર્ષોમાં કચ્છ વૈશ્વિક પ્રવાસન નકશા પર વધુ મજબૂત સ્થાન પ્રાપ્ત કરશે અને સ્થાનિક અર્થતંત્રને નવી દિશા મળશે.

# જયનગરને પાકા વોકવેની પ્રતિક્ષા



ભુજના જયનગર સ્થિત સિંદૂરવનમાં પાકો વોકવે બનાવી આપવા નગરપાલિકાના અગાઉના શાસકોએ વાયદો કર્યો હતો. તેથી સ્થાનિક વન પ્રેમીઓએ મહેનત કરી, પૂર્વ તૈયારી રૂપે કાચો વોકવે બનાવ્યો છે, હવે પાકો વોકવે બનાવવામાં આવે એવી અપેક્ષા રાખવામાં આવી છે.

# કચ્છી નવા વર્ષ અષાઢી બીજની ઉજવણી ૧૦મી સદીથી થાય છે

**રાજા જામ લાખા ફુલાણી દ્વારા પ્રકૃતિના આશીર્વાદ અને સમૃદ્ધિની શરૂઆતના ભાગરૂપે તથા ઉજવણીની શરૂઆત કરવામાં આવી હોવાની લોકવાયકા વિશ્વમાં વસતા કચ્છીઓ વતનના કચ્છીઓ સાથે ડિજિટલ ઓનલાઇન સ્નેહમિલન યોજી અને "ગ્લોબલ કચ્છી ડે" ઉજવે છે : "અષાઢી બીજ, ગાજને વીજ"ની પરંપરાગત લોકવાયકા સાથે ખેડૂતો વાવણી માટેનો શુકનવંતો દિવસ માને છે : ભુજમાં સ્વામિનારાયણ મંદિર દ્વારા અને કચ્છમાં ઠેર ઠેર ભવ્ય રથયાત્રાનું પણ કરવામાં આવે છે આયોજન : સાંસદ દ્વારા ભુજમાં કાર્નિવલનું પણ આયોજન**

ભુજ - કચ્છઉદય : કચ્છી નવું વર્ષ એટલે કે અષાઢી બીજ. એ કચ્છની સંસ્કૃતિ અને પરંપરાનો એક અતૂટ ભાગ છે. આ દિવસ માત્ર એક તહેવાર નથી, પણ કચ્છીમાડુઓ માટે નવી આશા અને ખુશીઓનું પ્રતીક છે. અષાઢી બીજ પાછળનો ઈતિહાસ તેનું મહત્વ પણ જાણવા જેવું છે. કચ્છી નવું વર્ષ દર વર્ષે અષાઢ મહિનાની શુક્લ પક્ષની દ્વિતીયા એટલે કે અષાઢી બીજના દિવસથી શરૂ થાય છે. કચ્છી નવા વર્ષ એટલે કે કચ્છી સંવતનો પ્રારંભ માનવામાં આવે છે. કચ્છ ભૌગોલિક રીતે રણ પ્રદેશ હોવાથી પાણીની હંમેશા અછત વચ્ચે અષાઢી બીજના દિવસોમાં ચોમાસાનું આગમન થતું હોવાથી આ દિવસને પ્રકૃતિના આશીર્વાદ અને સમૃદ્ધિની શરૂઆત માનીને નવાવર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરાયું હતું.

અષાઢી બીજ ઉજવવા પાછળનો ઈતિહાસ ઘણો જૂનો છે. અષાઢી બીજને નવા વર્ષ તરીકે ઉજવવા પાછળ રાજા જામ લાખા ફુલાણી સાથે જોડાયેલો ઈતિહાસ બહુ પ્રચલિત છે. ૧૦મી સદીમાં કચ્છમાં રાજા જામ લાખા ફુલાણીનું શાસન હતું. તેઓ પ્રજાપ્રિય અને પરોપકારી રાજા હતા. ઈતિહાસ મુજબ રાજા લાખા ફુલાણી જ્યારે પણ કોઈ નવા પ્રદેશ પર વિજય મેળવતા અથવા પ્રજાના કલ્યાણ માટે નવું કામ કરતા ત્યારે તે દિવસની યાદમાં નવુંવર્ષ ઉજવવાની જાહેરાત કરતા. લોકવાયકા મુજબ જામ લાખા ફુલાણીના સમયમાં અષાઢી બીજના દિવસે કચ્છની સૂકી ધરતી પર મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. દુકાળની સ્થિતિનો અંત આવ્યો હોવાથી રાજા અને પ્રજાએ આ દિવસને નવાવર્ષ તરીકે ઉજવવાનું શરૂ કર્યું, જેને 'કચ્છી સંવત' તરીકે ઓળખવામાં આવે છે. અષાઢી બીજનું મહત્વ કચ્છ સંસ્કૃતિમાં અષાઢી બીજનું ધાર્મિક,



સામાજિક અને કૃષિ વિષયક ખૂબ મોટું મહત્વ છે. ખેડૂતો માટે કચ્છી નવાવર્ષનો દિવસ શુકનનો ગણાય છે. આ દિવસથી ખેડૂતો પોતાના ખેતરોમાં હળ જોતરે છે અને વાવણીના શુકન કરે છે. અષાઢી બીજના દિવસે કચ્છના વડીલો અને વિદ્વાનો પવનની દિશા, વાદળોના રંગ અને પક્ષીઓની ચેષ્ટા જોઈને આખા વર્ષ દરમિયાન કેવો વરસાદ પડશે તેનો 'વરતારો' કરે કચ્છી લોકો આ દિવસને અત્યંત શુભ માને છે. આ દિવસે વેપારીઓ પોતાના નવા ચોપડા પૂજન કરે છે અને નવા ધંધા રોજગારની શરૂઆત કરે છે. ઉપરાંત અનેક નવા શુભકામનો પ્રારંભ અને શુભકામો થાય છે. ઉજવણીની રીત ભાત પણ આગવી છે. કચ્છમાં અને દેશ - વિદેશમાં વસતા કચ્છીઓ આ દિવસને ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. આ દિવસે વડીલોને પગે લાગી અને એમના આશીર્વાદ લેવાનો પણ કચ્છમાં રિવાજ છે. લોકો આ દિવસે પરંપરાગત કચ્છી પોશાક પહેરે છે. ઘરોમાં ખાસ કરીને લાપસી, કંસાર અને અનેક કચ્છી પકવાનો બનાવવામાં આવે છે. મેળાવડા અને સ્નેહમિલનના કાર્યક્રમોનું પણ ભવ્ય આયોજન કરવામાં આવે છે. કચ્છીઓ એકબીજાને અષાઢી બીજ જિયંક ખીં-ખીં વધાયું" (અષાઢી બીજની ખૂબ ખૂબ શુભેચ્છાઓ) કહીને નવાવર્ષના રામ-રામ કરે છે. કચ્છમાં આ દિવસે ડાયરા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને લોકનૃત્યોનું આયોજન થાય છે. મુંબઈમાં પણ મોટા પ્રમાણમાં કચ્છી સમાજ વસતો હોવાથી ત્યાં પણ ભવ્ય ઉજવણી અને સ્નેહમિલન તથા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

હવે અમદાવાદમાં પણ કચ્છી સમાજ દ્વારા સમાજના પ્રમુખ કૈલાશદાન ગઢવીના માર્ગદર્શન કાર્યક્રમ યોજાવાનો છે. જ્યારે વિશ્વભરમાં કચ્છીઓ વસે છે ત્યારે કચ્છી નવુંવર્ષનો દિવસ "ગ્લોબલ કચ્છી ડે' બની ગયો છે. કચ્છ ઉપરાંત મુંબઈ, આફ્રિકા, લંડન અને અખાતી દેશોમાં વસતા કચ્છી માડુઓ પણ ડિજિટલ માધ્યમો અને સ્નેહમિલન સમારોહ દ્વારા આ દિવસ ઉજવાય છે. મુંબઈમાં હેમરાજભાઈ શાહ દ્વારા ઘણા વર્ષોથી કચ્છશક્તિ એવોર્ડ વિતરણનો અને કચ્છી નવા વર્ષની ઉજવણીનો કાર્યક્રમ યોજાય છે. કચ્છી નવા વર્ષનો દિવસ કચ્છના લોકોમાં જ્યારે સારો વરસાદ હોય છે ત્યારે નવા ઉત્સાહનો સંચાર કરે છે. અષાઢી બીજના દિવસે ઓડિશાના પુરીની જેમ જ કચ્છના નાના મોટા શહેરો (જેમ કે ભુજ, અંજાર અને ગાંધીધામ)માં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળે છે, જેમાં હજારોની મેદની ઉમટી પડે છે. કચ્છી નવું વર્ષ (કચ્છી સંવત) સામાન્ય વિક્રમ સંવત કરતાં ૫ મહિના આગળ ચાલે છે. જ્યારે આખા ગુજરાતમાં કારતક સુદ એકમથી નવું વર્ષ શરૂ થાય છે, ત્યારે કચ્છીઓ તેના ૫ મહિના પહેલા અષાઢ મહિનાથી જ પોતાનું નવું વર્ષ શરૂ કરી દે છે. અષાઢી બીજ પછી તહેવારોનો પ્રારંભથાય છે જેમ કે ગણેશ ઉત્સવ, નવરાત્રી દિવાળી એટલે આ દિવસ પછી ભારે ઉત્સાહનો અને ઉમંગનો પ્રારંભ થાય છે. અમદાવાદમાં પણ ભવ્ય રથયાત્રા અષાઢી બીજ નિમિત્તે પરંપરાગત રીતે જગન્નાથ મંદિરથી નીકળે છે.

# દર્દીઓ માટે નિઃશુલ્ક મેડિકલ સાધન સેવા શરૂ

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના સમાજના આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ દર્દીઓને સારવાર દરમિયાન પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને મરકા ગ્રામ પંચાયત તથા શ્રી લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભુજ દ્વારા સંયુક્ત ઉપક્રમે મસ્કા મધ્યે "દર્દીઓ માટે મેડિકલ સાધન સેવાઓ" શરૂ કરવામાં આવી છે. સેવાઓ અંતર્ગત ઓપરેશન બાદ અથવા લાંબા સમય સુધી સારવાર હેઠળ રહેલા દર્દીઓને જરૂરિયાત મુજબ ઓક્સિજન મશીન, ઓક્સિજન સિલિન્ડર, એર બેડ, મેડિકલ બેડ, વ્હીલચેર, ટ્રાયસિકલ, વોકર, યુરિન પોટ, ટોયલેટ પોટ સહિતના વિવિધ મેડિકલ સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પહેલનો મુખ્ય હેતુ ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર જરૂરી મેડિકલ સાધનો ઉપલબ્ધ કરાવી તેમની સારવારને સરળ બનાવવાનો તેમજ પરિવાર પરનો આર્થિક બોજ ઘટાડવાનો છે.

આ પ્રસંગે મરકા ગ્રામ પંચાયતના સરપંચ કીર્તિભાઈ ગોર અને લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભુજના હેમેન્દ્ર જણસારીએ જણાવ્યું હતું કે, સમાજસેવાના આ કાર્ય દ્વારા વધુમાં વધુ જરૂરિયાતમંદ દર્દીઓ સુધી આ સેવાનો લાભ પહોંચે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવશે.

# ઇંગ્લેન્ડે ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ ના ક્વાર્ટર ફાઇનલમાં નોર્વેને ૨-૧ થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો






## બેલિંગહામના કરિશ્મા સામે હોલેન્ડનો જાદુ કામ ન આવ્યો


(એજન્સી દ્વારા)

ન્યુયોર્ક : વિશ્વના શ્રેષ્ઠ ફૂટબોલરોમાંના એક તરીકે ઉભરી આવેલા એર્લિંગ હાલેન્ડ પાસેથી ઇંગ્લેન્ડ સામે ક્વાર્ટર ફાઈનલમાં મજબૂત પ્રદર્શન કરવાની અને તેમની ટીમને સેમિફાઈનલમાં લઈ જવાની અપેક્ષા રાખવામાં આવી હતી. એવું બન્યું નહીં, અને ઇંગ્લેન્ડે નોર્વેને ૨-૧ થી હરાવીને ફીફા વર્લ્ડ કપ ૨૦૨૬ ના સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. જુડ બેલિંગહામ ઇંગ્લેન્ડની જીતનો હીરો હતો, તેણે બે ગોલ કર્યા. એક ગોલ પાછળ રહીને ઇંગ્લેન્ડે આ વિજય મેળવ્યો. બંને ટીમો વચ્ચે ઉગ્ર સ્પર્ધા થઈ, પરંતુ ઇંગ્લેન્ડ આખરે જીત્યું હતું.

મેચની શરૂઆતથી જ, બંને ટીમોએ સારી રમત રમી. બંનેએ તકો બનાવી. નોર્વેને પ્રથમ સફળતા મળી, પરંતુ ઇંગ્લેન્ડ વળતો હુમલો કરવામાં અવિરત રહ્યું. નોર્વેએ ૩૬મી મિનિટમાં એન્ડર્સ શ્જેલ્ડરપ દ્વારા ગોલ કર્યો. બેલિંગહામે પહેલા હાફના સ્ટોપેજ ટાઈમમાં સ્કોરિંગ ખોલ્યું. એન્થોની ગોર્ડને તેને ચોક્કસ પાસ આપ્યો, અને બેલિંગહામે નોર્વેના ગોલકીપર અર્જન નાયલેન્ડને હરાવીને બરાબરી કરી હતી.

# આર્જેન્ટિનાએ ક્વાર્ટર ફાઇનલમાં સ્વિટ્ઝર્લેન્ડને ૩-૧થી હરાવ્યું





(એજન્સી દ્વારા) ન્યુયોર્ક : ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ ક્વાર્ટર ફાઇનલમાં, આર્જેન્ટિનાએ રોમાંચક મેચમાં સ્વિટ્ઝર્લેન્ડને ૩-૧થી હરાવીને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. કેન્સાસ સિટીમાં રમાયેલી મેચ વર્લ્ડ કપની સૌથી ટક્કર મેચોમાંની એક સાબિત થઈ. બંને ટીમો સમગ્ર ૯૦ મિનિટ સુધી ૧-૧થી બરાબરી પર રહી, ત્યારબાદ મેચ વધારાના સમયમાં ગઈ હતી. લાલ કાર્ડને કારણે સ્વિટ્ઝર્લેન્ડ પહેલાથી જ ૧૦ ખેલાડીઓ સાથે રમી રહ્યું હતું, અને જુલિયન અલ્વારેઝે ૧૧૨મી મિનિટે લીડ મેળવીને આનો ફાયદો ઉઠાવ્યો. અંતે, લૌટારો માર્ટિનેઝે ૧૨૧મી મિનિટે વિજયી ગોલ કર્યો હતો. આર્જેન્ટિના હવે સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડનો સામનો કરશે. આ મેચમાં આર્જેન્ટિનાએ ફરી એકવાર સાબિત કર્યું કે ટીમ હવે ફક્ત એક ખેલાડી પર નિર્ભર નથી. ટીમે પ્રથમ મિનિટથી જ આક્રમક અભિગમ અપનાવ્યો, અને ૧૦મી મિનિટે, એલેક્સિસ મેક એલિસ્ટરે શાનદાર ગોલ કરીને આર્જેન્ટિનાને ૧-૦ની લીડ અપાવી. બીજા હાફમાં સ્વિટ્ઝર્લેન્ડે જોરદાર વાપસી કરી. ૬૭મી મિનિટે, ડેન ન્ડોયેએ શાનદાર ગોલ કરીને સ્કોર ૧-૧ ની બરાબરી કરી. બંને ટીમોએ જીત માટે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા, પરંતુ ૭૨મી મિનિટે જ્યારે બ્રીલ એમ્બોલોને લાલ કાર્ડ બતાવવામાં આવ્યું ત્યારે સ્વિસ ટીમને મોટો આંચકો લાગ્યો. પરિણામે, સ્વિસ ટીમને બાકીની મેચ ૧૦ ખેલાડીઓ સાથે રમવી પડી. આ હોવા છતાં, સ્વિટ્ઝર્લેન્ડે હાર માનવાનો ઈનકાર કર્યો. ૯૦ મિનિટની રમત પછી, બંને ટીમો ૧-૧ થી બરાબરી પર હતી. ૧૧૨મી મિનિટે, જુલિયન અલ્વારેઝે શાનદાર ફિનિશ સાથે આર્જેન્ટિનાને ૨-૧ ની લીડ અપાવી. આ ગોલ સ્વિટ્ઝર્લેન્ડની આશાઓ માટે મોટો ફટકો હતો. સ્વિસ ટીમે બરાબરી માટે પ્રયાસ કર્યા પછી, લૌટારો માર્ટિનેઝે વધારાના સમયમાં (૧૨૦+૧ મિનિટ) ત્રીજો ગોલ કરીને વિજય સીલ કર્યો.

# ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટીર૦ સીરિઝમાં સુપડા સાફ બાદ હવે ટીમ ઈન્ડિયા ૩ મેચની વનડે સીરિઝ રમશે



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ટીમ ઈન્ડિયા પહેલી વખત સતત ૨ ટાર૦ સીરિઝમાં ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો છે. પહેલા આયરલેન્ડે ૨-૦થી ટીર૦ સીરિઝ ઈન્ડિયા સામે જીતી. ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે ટીર૦ સીરિઝમાં ટીમ ઈન્ડિયાના સુપડા સાફ થયા હતા. ઈંગ્લેન્ડે આ સીરિઝ ૪-૦થી જીતી હતી. ઈંગ્લેન્ડ સામે ટીર૦ સીરિઝમાં સુપડા સાફ થયા બાદ ભારતીય ટીમ ૩ મેચની વનડે સીરિઝ રમવાની છે. વનડે સીરિઝની શરુઆત ૧૪ જુલાઈથી થવા જઈ રહી છે. આ દિવસે કેપ્ટન ગિલ સાથે એક્શનમાં ૨ સુપરસ્ટાર વિરાટ કોહલી અને રોહિત શર્મા જોવા મળશે. ટીર૦ સીરિઝમાં ખરાબ રીતે હાર મળ્યા બાદ હવે ભારતની નજર વનડેમાં આનો હિસાબ બરાબર કરવાની છે. બીસીસીઆઈએ વનડે સીરિઝ માટે સ્કવોડની જાહેરાત કરી દીધી છે. ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ વનડે સીરિઝ શેડ્યુલ મુજબ ૧૪ જુલાઈ, પહેલી વનડે, ૧૬ જુલાઈ બીજી વનડે, ૧૯ જુલાઈ ત્રીજી વનડે રમાશે.

# ફીફા વર્લ્ડકપ ૨૦૨૬ : સેમિફાઇનલ માટે ક્વોલિફાય થનારી ચાર ટીમો

**ફ્રાન્સ ૧૫ જુલાઈના પ્રથમ સેમિફાઇનલમાં સ્પેનનો સામનો કરશે : ઇંગ્લેન્ડ અને આર્જેન્ટિના વચ્ચે બીજી સેમિફાઇનલ ૧૬ જુલાઈ રમાશે**




(એજન્સી દ્વારા) ન્યુયોર્ક : આજે (૧૨ જુલાઈ) ક્વાર્ટર-ફાઈનલ મેચોના સમાપન સાથે, ૨૦૨૬ વર્લ્ડ કપ સેમિફાઈનલ માટે ક્વોલિફાય થનારી ચાર ટીમો નક્કી થઈ ગઈ છે. ફ્રાન્સ ૧૫ જુલાઈના રોજ સવારે ૨:૦૦ વાગ્યે પ્રથમ સેમિફાઈનલમાં સ્પેનનો સામનો કરશે. આ વિશ્વની બે સૌથી મજબૂત ટીમો વચ્ચેનો ક્લાસિક મુકાબલો છે. જ્યારે ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિના વચ્ચે બીજી સેમિફાઈનલ ૧૬ જુલાઈના રોજ ૨:૦૦ વાગ્યે રમાશે. આ બે કટ્ટર હરીફો વચ્ચેની ઐતિહાસિક હરીફાઈમાં બીજો પ્રકરણ છે. "હેન્ડ ઓફ ગોડ" ગોલ, ૧૯૮૬માં ઈંગ્લેન્ડ સામે ડિએગો મેરાડોનાનો ક્લાસિક સોલો રન અને ૧૯૯૮માં ફ્રાન્સમાં ડેવિડ બેકહામનો રેડ કાર્ડ – આ બધી ઘટનાઓ આ બે ફૂટબોલ દિગ્ગજો વચ્ચેની હરીફાઈના ઈતિહાસને આકાર આપે છે. બે ક્લાસિક સેમિફાઈનલ મેચ ૨૦૨૬ વર્લ્ડ કપ માટે એક શાનદાર સમાપન માટે સ્ટેજ સેટ કરશે. ફાઈનલ મેચ ૨૦ જુલાઈના રોજ ૨:૦૦ વાગ્યે યોજાવાની છે.

# દેશના ત્રણ જાણીતા ક્રિકેટ સ્ટેડિયમોમાં રમતગમતની પ્રવૃત્તિઓ પર એનજીટીએ લગાવી રોક

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : જળ સંરક્ષણ સાથે જોડાયેલા એક મામલામાં કડક વલણ અપનાવતા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે ત્રણ ક્રિકેટ સ્ટેડિયમોને આગામી સુનાવણી સુધી તેની પરવાનગી વિના કોઈપણ રમતગમતની પ્રવૃત્તિના આયોજન પર પ્રતિબંધ મૂક્યો છે. ટ્રિબ્યુનલે જણાવ્યું હતું કે આ સ્ટેડિયમોએ સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી અને એનજીટી દ્વારા જારી કરાયેલી અનેક નોટિસો છતાં પોતાનો જવાબ દાખલ કર્યો ન હતો. એનજીટીએ જણાવ્યું હતું કે, 'દેશના વિવિધ ભાગોમાં જળ સંકટની ગંભીર સ્થિતિને જોતા અમને આશા હતી કે આ સ્ટેડિયમો ટ્રિબ્યુનલની નોટિસનો યોગ્ય જવાબ આપશે અને જરૂરી સુધારાત્મક પગલાં લેશે. 'આવી સ્થિતિમાં વચગાળાના નિર્દેશ તરીકે અમે શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ, સવાઈ માનસિંહ સ્ટેડિયમ અને ડીવાય પાટિલ સ્ટેડિયમને આગામી સુનાવણી સુધી ટ્રિબ્યુનલની પરવાનગી વિના સ્ટેડિયમમાં કોઈપણ રમતગમતની પ્રવૃત્તિના સંચાલન પર રોક લગાવીએ છીએ.' આ મામલે આગામી સુનાવણી ૧૭ ઓગસ્ટના રોજ નક્કી કરવામાં આવી છે.

# ભારત નહીં આ દેશમાં રમાશે આઈપીએલની મેચ? બીસીસીઆઈને 'ખુલ્લુ આમંત્રણ', ગુપ્ત વાતચીત શરૂ



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો અને ક્રિકેટ ડિપ્લોમસી હવે એક નવો ઈતિહાસ રચવા જઈ રહી છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમતગમતના ક્ષેત્રે સહયોગ વધારવાના ભાગરૂપે એક સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને ઓસ્ટ્રેલિયાની ધરતી પર ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચો આયોજિત કરવા માટે 'ખુલ્લું આમંત્રણ' આપ્યું છે. આ ઐતિહાસિક પ્રસ્તાવ બાદ બંને ક્રિકેટ બોર્ડ વચ્ચે અત્યારે ગુપ્ત વાટાઘાટો ચાલી રહી છે. જો બીસીસીઆઈ આ પ્રસ્તાવ સ્વીકારી લેશે, તો લીગના ઈતિહાસમાં પહેલીવાર ઓસ્ટ્રેલિયામાં આઈપીએલની મેચો રમાતી જોવા મળશે.

આ સમગ્ર વિવાદ અને ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ દ્વારા એક મોટી જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત અનુસાર, ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત બિગ બેશ લીગની ૨૦૨૬-૨૭ની સીઝનની ઓપનિંગ મેચ ભારતની ધરતી પર રમાશે.

આગામી ૧૨ ડિસેમ્બરનાના રોજ ચેન્નાઈના ઐતિહાસિક એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે મેલબોર્ન રેનેગેડ્સ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન પર્થ સ્કોર્ચર્સ વચ્ચે ટક્કર થશે. ભારતના ક્રિકેટ ઈતિહાસમાં આ પ્રથમ અવસર હશે જ્યારે ભારત કોઈ વિદેશી ટીર૦ ફ્રેન્ચાઈઝી લીગની મેચની યજમાની કરશે. આ મેચમાં ચેન્નાઈનું મેદાન મેલબોર્ન રેનેગેડ્સનું હોમ ગ્રાઉન્ડ ગણાશે અને આ મેચ ભારતીય સમયાનુસાર બપોરે ૨ વાગ્યેને ૪૦ મિનિટે શરૂ થશે. આ મેચનું ભારતભરમાં જિયોહોટસ્ટાર પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે. ઓસ્ટ્રેલિયાના એક ન્યુઝપેપરના અહેવાલ મુજબ, ક્રિકેટ ઓસ્ટ્રેલિયા માત્ર બીબીએલને ભારત લાવવા પૂરતું સીમિત રહેવા માંગતું નથી. તેઓ આ પાર્ટનરશિપને 'ટુ-વે એક્સચેન્જ' બનાવવા માંગે છે. ઓસ્ટ્રેલિયન બોર્ડ ઈચ્છે છે કે બીબીએલની ચેન્નાઈ ઓપનર મેચ એક વાર્ષિક ઈવેન્ટ બને અને તેના બદલામાં આઈપીએલની મેચો ઓસ્ટ્રેલિયામાં રમાડવામાં આવે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને આશા છે કે આ પ્રસ્તાવને બીસીસીઆઈ તરફથી સકારાત્મક પ્રતિસાદ મળશે. જોકે, હજુ સુધી આ અંગે બીસીસીઆઈ કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી.

# ટીમ ઈન્ડિયાએ ૧,૬૦૦ દિવસ બાદ ગુમાવ્યો તાજ : ઇંગ્લેન્ડ બન્યું ટીર૦ રેક્િંગમાં નંબર ૧

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામેની ટીર૦ સીરિઝમાં સંપૂર્ણ હાર માની લીધી. ટીર૦ વર્લ્ડ ચેમ્પિયન તરીકે મેદાનમાં વાપસી કરતી વખતે, ભારતીય ટીમે આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડના પ્રવાસ પર સતત સાતમાંથી છ ટીર૦ મેચ હારી, એક પણ જીત મેળવી શકી નહીં. સાઉથમ્પ્ટનમાં ઈંગ્લેન્ડ સામેની અંતિમ મેચમાં પણ શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની ટીમ ૫૬ રનથી હારી ગઈ. આનાથી ટીર૦ રેક્િંગમાં ભારતનું ૧,૬૦૦ દિવસ (૫૪ મહિના)નું શાસન સમાપ્ત થયું, અને ઈંગ્લેન્ડ નવી નંબર-વન ટીમ બની.

ટીમ ઈન્ડિયા લગભગ ત્રણ વર્ષ સુધી આઈસીસી ટીર૦ રેક્િંગમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું. આ સમયગાળા દરમિયાન સતત બે ટીર૦ વર્લ્ડ કપ જીતવા અને એક પણ શ્રેણી ન ગુમાવવાને કારણે હતું. આ સમયગાળા દરમિયાન, ભારતીય ટીમ સતત ૧૬-૧૭ ટીર૦ સીરિઝઅને ટુર્નામેન્ટ હાર્યા વિના શાનદાર રીતે આગળ વધી રહી હતી, અને રેક્િંગમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. જો કે, આયર્લેન્ડ-ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન આખી વાર્તા બદલાઈ ગઈ, અને હવે તેણે પોતાનો તાજ ગુમાવી દીધો છે. ફેબ્રુઆરી ૨૦૨૨ માં નંબર વન બનેલી ટીમ ઈન્ડિયા ત્યારથી ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું. જો કે, આ તાજ પર પહેલો હુમલો આયર્લેન્ડમાં થયો હતો, જ્યારે યજમાન ટીમે ૨-૦ થી સીરિઝ જીતીને આખી દુનિયાને સ્તબ્ધ કરી દીધી હતી. પછી, ઈંગ્લેન્ડે સૌથી વિનાશક ફટકો માર્યો, સતત ચારમાંથી ત્રણ મેચ જીતીને ટીમ ઈન્ડિયાનું મનોબળ તોડી નાખ્યું. હવે તે છેલ્લો મોરચો હતો, જ્યાં ટીમ ઈન્ડિયાને તેના સન્માન અને નંબર વન સ્થાનને બચાવવાનો પડકાર હતો. પરંતુ તે પહેલાં પણ, ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે ખુલ્લેઆમ પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેમાં કહ્યું હતું કે અંતિમ મેચ જીતીને ઈંગ્લેન્ડને રેક્િંગમાં ટોચના સ્થાને પહોંચાડવું એ સૌથી ખાસ બાબત હશે.

બ્રુકે જે કહ્યું તે પૂર્ણ કર્યું. શ્રેણીની અંતિમ મેચમાં, બ્રુકે માત્ર ૪૫ બોલમાં ૯૫ રનની વિસ્ફોટક ઈનિંગ રમી, જેનાથી ઈંગ્લેન્ડે ટીમ ઈન્ડિયાને ૪-૦થી ૫૬ રનથી વ્હાઈટવોશ કરવામાં મદદ કરી. આમ, ઈંગ્લેન્ડે ટીમ ઈન્ડિયાને ટીર૦ રેક્િંગમાં ટોચ પરથી હટાવી દીધી અને પોતાને નંબર વન ટીમ તરીકે સ્થાપિત કરી. જોકે બંને ટીમો પાસે હાલમાં ૨૬૮ પોઈન્ટ છે, ઈંગ્લેન્ડને થોડો ફાયદો છે, જેના કારણે હેરી બ્રુકની ટીમ નંબર વન ટીમ બની ગઈ છે. ટીમ ઈન્ડિયા પાસે હવે ઝિમ્બાબ્વે પ્રવાસ પર શ્રેણી જીત સાથે શ્રેણીમાં પાછા ફરવાની તક હશે.

# દરેક શૂટિંગ શીડ્યુલ તમને કંઈક શીખવે છે : રાશી ખન્ના



(એજન્સી દ્વારા)

મુંબઈ : રાશી ખન્નાએ ડિરેક્ટર અનીસ બઝમીની આગામી કોમેડી ફિલ્મનું શૂટિંગ પૂરું કર્યું છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર, વિદ્યા બાલન અને રાશી ખન્ના લીડ રોલમાં જોવા મળશે. આ અંગે રાશીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરી હતી, જેમાં તેણે શૂટિંગ દરમિયાન અનુભવેલા શારીરિક પડકારો અને મુશ્કેલ સમય દરમિયાન સાથ આપનાર તમામ લોકોનો આભાર માન્યો હતો. ફિલ્મ વિશે વધુ વિગતો જાહેર કર્યા વિના રાશીએ લખ્યું કે કેમેરા સામેના દ્રશ્યો કરતાં કેમેરાની પાછળના અનુભવો તેની સાથે વધુ સમય સુધી રહેશે. રાશીએ લખ્યું, "હું હંમેશાં માનું છું કે દરેક શૂટિંગ શીડ્યુલ તમને કંઈક શીખવી જાય છે. આ શીડ્યુલે મને સમજાવ્યું કે સાચી શક્તિ તમારી આસપાસનાં લોકોમાંથી મળે છે. શૂટિંગ દરમિયાન બીમાર પડવું સરળ નથી હોતું અને કેટલીક વખત મારે ખરેખર મારી જાતને આગળ વધવા બહુ ધકેલવી પડતી હતી.

# ટોક્સિકની 'તબાહી'માં યશ-કિયારા અડવાણીની કેમિસ્ટ્રી વખણાઈ



(એજન્સી દ્વારા)

મુંબઈ : પેન-ઈન્ડિયા સ્ટાર યશની બહુચર્ચિત ફિલ્મ 'ટોક્સિક: અ ફેરીટેલ ફોર ગ્રોન-અપ્સ'નું પહેલું ગીત 'તબાહી' રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. યશ અને કિયારા અડવાણી પર ફિલ્માવવામાં આવેલા આ રોમેન્ટિક ગીતમાં બંને વચ્ચેની કેમિસ્ટ્રી અને ઈન્ટિમેટ પળોએ દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે. જોકે, ગીતનાં જ્યાં એક તરફ વખાણ થઈ રહ્યાં છે, ત્યાં બીજી તરફ કેટલાક દર્શકોએ ફિલ્મની વાર્તા અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

વિશાલ મિશ્રાએ ગાયેલું અને સંગીતબદ્ધ કરેલું 'તબાહી' ગીત યશ અને કિયારાના પાત્રો વચ્ચેના ગાઢ પ્રેમ અને એકબીજા પ્રત્યેના આકર્ષણને દર્શાવે છે. ગીતની શરૂઆતમાં યશ ચર્ચની બહાર કિયારાને પોતાની બાહોમાં ઉઠાવતો જોવા મળે છે. ત્યારબાદ સર્કસ, કાર, દરિયાકિનારો અને કાર્નિવલ જેવા વિવિધ લોકેશન પર બંને વચ્ચેના રોમેન્ટિક દૃશ્યો રજુ કરવામાં આવ્યાં છે. ગીતના અંતે બંને ફેરિસ વ્હીલ પર જોવા મળે છે, જ્યારે કાર્નિવલમાં આગ લાગ્યાનાં દશ્યો પણ દર્શાવવામાં આવ્યા છે. ગીતમાં યશનું ટ્રાન્સફોર્મેશન અને સિક્સ-પેક લૂક પણ ચર્ચામાં છે.

# સુમોના ચક્રવર્તીનો બોલ્ડ અંદાજ વાયરલ



(એજન્સી દ્વારા) મુંબઈ: ટેલિવિઝનની જાણીતી સિરિયલ કપિલ શર્માની ઓન સ્ક્રીન પત્નિ તરીકે ઘરે ઘરે જાણીતી બનેલી સુમોના ચક્રવર્તી તાજેતરમાં નવા અને બોલ્ડ અંદાજમાં જોવા મળી હતી. ઘૂંટણોની તકલીફ અને ઓપરેશન પછી વેકેશનની મોજ માણતી જોવા મળી હતી, જ્યારે એના ફોટોગ્રાફ જોઈને તેના ચાહકો પણ દંગ રહી ગયા હતા. એક્ટ્રેસ સુમોના અગાઉ હેલ્થ સમસ્યાને લઈ પરેશાન હતી. તેને આ અગાઉ જણાવ્યું હતું કે તે એન્ડોમેટ્રિયોસિસ નામની બીમારીથી પીડાય છે અને એના પછી સર્જરી પણ કરાવી હતી. હવે પોતાને એ બીમારીની યાતનામાંથી બહાર કાઢવા માટે વેકેશન માટે નીકળી પડે છે. પણ આ વખતે એની બોલ્ડ તસવીરોએ લોકોમાં કૌતુક જગાવ્યું છે.


# ફિટનેસ ક્વીન શ્વેતા તિવારીએ સોશિયલ મીડિયા પર મચાવી ધમાલ



(એજન્સી દ્વારા)


મુંબઈ: ટેલિવિઝન જગતની સુંદર અભિનેત્રી શ્વેતા તિવારીની સુંદરતાથી તેના ચાહકો પરિચિત છે. ૪૫ વર્ષીય શ્વેતા તિવારી પોતાની ફિટનેસ અને પોતાના ગ્લેમરસ અંદાજના લીધે હંમેશાં ચર્ચામાં રહે છે. શ્વેતાની ફિટનેસ એટલી ગજબ છે કે તે હજી પણ ૩૦ વર્ષની યુવતી જેવી દેખાય છે. તાજેતરમાં જ અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તે બ્લેક આઉટફિટમાં ખૂબ જ બોલ્ડ અને સુંદર લાગી રહી હતી. તેની તસવીરો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવ્યા પછી તેના પર કમેન્ટ કરતા થાકતા નહોતા. બ્લેક મોનોક્રોમ લુક લોકોએ પસંદ પણ કર્યો હતો. શ્વેતાના આ ઓલ બ્લેક આઉટફીટને મોડર્ન ટેલર્ડ સિલહૂટ સાથે સ્ટાઈલ કરવામાં આવ્યો હતો. ફૂલ સ્લીવ ટોપ અને ડ્રેપ્ડ સ્કર્ટનું કોમ્બિનેશન સુંદર લાગી રહ્યું હતું. જોકે, આ લૂકમાં શ્વેતા બ્યુટી ઈન બ્લેક લાગી રહી હોવાની પણ કમેન્ટ કરી હતી. પોતાની દીકરીને પણ ટક્કર આપનારી શ્વેતાએ સોફ્ટ વેવી હેર અને ન્યૂડ મેકઅપ લુક કેરી કર્યો છે. એક્ટ્રેસનો આ લુક ખૂબ જ આકર્ષક અને ગ્લેમરસ લાગી રહ્યો છે. તમે પણ જો કોઈ પાર્ટી કે કોઈ સેલિબ્રેશનના ઓકેશન માટે આઉટફિટ શોધી રહ્યા હોવ તો શ્વેતાના આ લુકથી ઈન્સ્પિરેશન લઈ શકો છો. શ્વેતાના કલોઝ અપ લૂકને જોતા તેનો ચહેરાના ફીચર ખૂબ સાઈની નજર આવી રહ્યા છે, જેમાં તેની શાર્પ આઈલાઈનર, મેકઅપનો બેઝ અને ન્યૂડ લિપ્સ સમગ્ર લુકને પૂર્ણ કરે છે. તેણે ગળામાં પહેરેલું સુંદર ગોલ્ડ ચોકર રોયલ ફીલ આપે છે, જેમાં મેચિંગ ઈયરરિંગ્સનું ઉત્તમ કોમ્બિનેશન કર્યું છે.

# અભિનેત્રી સજીંદા શેખ ધમાલ-૪ માં ચાહકોને પેટ પકડીને હસાવશે



(એજન્સી દ્વારા) મુંબઈ : ટીવીની જાણીતી એક્ટ્રેસ સંજીદા શેખ પહેલી વખત લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી 'ધમાલ ૪'માં જોડાઈ છે. ફિલ્મમાં જોડાવાનો પોતાનો અનુભવ શેર કરતાં તેણે કહ્યું કે આ ફિલ્મે તેને સૌથી મોટી શીખ એ આપી કે પોતાનાં પર હસતાં શીખવું જોઈએ. ફિલ્મમાં અંજલિ આનંદ પણ પ્રથમ વખત ફ્રેન્ચાઈઝીનો ભાગ બની છે, જ્યારે જુની ટીમ ફરી એકવાર નવા ટ્રેઝર હન્ટ પર નીકળતી જોવા મળશે. 'ધમાલ ૪' ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફ્રેન્ચાઈઝીનો ભાગ બનવા અંગે સંજીદાએ કહ્યું, "મારી પ્રથમ પ્રતિક્રિયા માત્ર ઉત્સાહની હતી. 'ધમાલ' જેવી ફિલ્મનો ભાગ બનવાની મને ખૂબ ખુશી છે, કારણ કે આ ૫ વર્ષથી લઈને ૯૫ વર્ષની ઉંમરના દર્શકો સુધી સૌની પસંદગીની ફ્રેન્ચાઈઝી છે. ઈન્દ્ર સર સાથે કામ કરવાની તક મળવી પણ મારા માટે ખાસ છે. તેમની ફિલ્મ 'ઈશ્ક' મારી સૌથી ગમતી કોમર્શિયલ કોમેડી ફિલ્મોમાંની એક છે. તેથી આ અનુભવ મારા માટે ખરેખર અવિસ્મરણીય રહ્યો.

# 'ભાઈ તેરા સ્ટાર હૈ'થી બોલિવૂડમાં ડેબ્યુ કરશે નિહારિકા




(એજન્સી દ્વારા) મુંબઈ: પ્રખ્યાત ડાન્સર અને અભિનેતા એવા રાઘવ જુયાલ ફિલ્મી પડદે પણ ધૂમ મચાવી રહ્યા છે. રાઘવની આવનારી ફિલ્મ 'ભાઈ તેરા સ્ટાર હૈ'ને લઈને ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ કોમેડી ડ્રામા ફિલ્મની દર્શકો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં રાઘવ સામે નિહારિકા એનએમ મુખ્ય પાત્રમાં જોવા મળશે. આ ફિલ્મ દ્વારા નિહારિકા બોલીવુડમાં પોતાના કદમ મુકવા જઈ રહી છે. તો જાણીએ આ નવો ચહેરો કોણ છે? નિહારિકાનો જન્મ ૪ જુલાઈ ૧૯૯૭માં બેંગ્લોરમાં થયો હતો. તેણે કેલિફોર્નિયા સ્થિત ચેપમેન યુનિવર્સિટીથી એમબીએનું શિક્ષણ લીધું છે. નિહારિકા એક પ્રખ્યાત ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર, સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર અને એક એક્ટ્રેસ પણ છે. તેણે ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર પોતાના ફની અને રિલેટેબલ કોમેડી વીડિયોના જોરે જબરદસ્ત નામના મેળવી છે. ખાસ વાત એ છે કે તે પ્રથમ ભારતીય ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર છે, જેણે નેટફ્લિક્સની ચર્ચિત એનિમેટેડ સિરીઝ 'બિગ માઉથ'માં મેગન થે સ્ટેલિયન અને જોર્ડન પીલ જેવા આંતરરાષ્ટ્રીય કલાકારો સાથે ગેસ્ટ અપિયરંસ કર્યું હતું. નિહારિકા એનએમએ પોતાના કન્ટેન્ટ દ્વારા દેશ-વિદેશના કેટલાય મોટા દિગ્ગજો સાથે કામ કર્યું છે. તેના વીડિયોમાં ટોમ ક્રુઝ, પ્રિયંકા ચોપરા, આમિર ખાન, રણબીર કપૂર, વિજય દેવરાકોંડા, યશ અને મહેશ બાબુ જેવા કલાકારો જોવા મળ્યા છે. વર્ષ ૨૦૨૨માં તેને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં 'યુથ આઈકન-એન્ટરટેનર ઓફ ધ યર' એવોર્ડથી સમ્માનિત કરવામાં આવી હતી. આ સિવાય તે ફોર્બ્સ એશિયાની '૩૦ અંડર ૩૦' (૨૦૨૨) અને ફોર્બ્સની '૧૦૦ ડિજિટલ સ્ટાર્સ' (૨૦૨૩) ની યાદીમાં પોતાનું સ્થાન બનાવી ચુકી છે.

# અમેરિકાએ હોર્મુઝની સામે ઈરાન પર હવાઈ હુમલા કર્યા, તણાવ ચરમસીમાએ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : હોર્મુઝ સામુદ્રધુનીમાં સાયપ્રસના ધ્વજવાળા કાર્ગો જહાજ પર હુમલા બાદ અમેરિકાએ શનિવારે ઈરાન પર હવાઈ હુમલાનો નવો રાઉન્ડ શરૂ કર્યો. યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર આ હુમલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્દેશ પર કરવામાં આવ્યા હતા. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે નામના સાયપ્રસના કન્ટેનર જહાજ પર હુમલો કર્યો. જહાજની એન્જિન રૂમમાં ભારે નુકસાન અને આગ લાગી હતી. એક નાગરિક ક્રૂ મેમ્બર ગુમ છે. દાવો કર્યો કે જહાજે સિસ્ટમ બંધ કરીને "બિનઅધિકૃત" રૂટ લીધો હતો અને ત્યારબાદ ઈરાને "આગળની સૂચના સુધી" હોર્મુઝ સામુદ્રધુની બંધ કરવાની જાહેરાત કરી. આ સામુદ્રધુનીમાંથી વિશ્વના લગભગ ૨૦% તેલનો પુરવઠો પસાર થાય છે. અમેરિકાએ આને "બેફામ હુમલો" ગણાવ્યો. શનિવારે સાંજે ૭:૧૫ વાગ્યે ત્રીજા રાઉન્ડના હુમલા શરૂ થયા. યુએસ ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથે કહ્યું, "ઈરાને ખરાબ પસંદગી કરી. હવે તેઓ ભોગવશે. હુમલામાં ઈરાનના દક્ષિણી શહેરો બુશહેર, અસાલુયેહ, બંદર અબ્બાસ અને ચાબહાર નજીક વિસ્ફોટો સંભળાયા. યુએસ અધિકારીના મતે ગ્રાઉન્ડ-ટુ-એર મિસાઈલ લોન્ચર્સ, ડ્રોન અને મિસાઈલ સ્ટોરેજ, રડાર અને અન્ય લશ્કરી સ્થાપનોને નિશાન બનાવાયા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે એપ્રિલમાં થયેલો કામચલાઉ કરાર હોર્મુઝમાં જહાજોની સલામત અવરજવર પર આધારિત હતો. ટ્રમ્પે કહ્યું કે તે કરાર હવે "પૂરો" થયો છે. ઈરાને પણ બહરીન, કુવૈત અને અમેરિકન મથકો પર મિસાઈલ અને ડ્રોન હુમલાની ધમકી આપી હતી. આ અથડામણથી તેલના ભાવમાં ફરીથી તેજી આવી. બુધવારે ક્રૂડ ઈ૯૦.૩૮ પ્રતિ બેરલે પહોંચ્યું. ચીન અને કતારે તાત્કાલિક તણાવ ઘટાડવાની અપીલ કરી છે. હાલમાં હોર્મુઝમાંથી વાણિજ્યિક ટ્રાફિક ફરી અટકી ગયો છે અને આખો પ્રદેશ ફરી યુદ્ધના આરે પહોંચ્યો છે.

# 'સુપરહીટ શો' બન્યો ફીફા વિશ્વ કપ-૨૦૨૬

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : અવિશ્વસનીય ગોલ, આશ્ચર્યજનક વાપસી, ડ્રામા, ઉલટફેર... ક્વાર્ટર ફાઈનલ આવતા-આવતા ફીફા વિશ્વ કપ ૨૦૨૬ દર્શકોને રોમાંચની એક અલગ જ દુનિયામાં લઈ ગયો છે. એવામાં શું આ ટૂર્નામેન્ટ અત્યાર સુધીનો સૌથી 'સુપરહીટ શો' બની ગયો છે? આ જોકે સંપૂર્ણપણે વ્યક્તિગત અભિપ્રાયનો વિષય છે. છતાં પણ આંકડા દર્શાવે છે કે મેદાન પર આ વિશ્વ કપ અત્યાર સુધીની સૌથી રોમાંચક ટૂર્નામેન્ટોમાં સામેલ થઈ ચૂક્યો છે. ચાલો જાણીએ કે કઈ બાબતોમાં આ ટૂર્નામેન્ટ ઐતિહાસિક સાબિત થઈ રહી છે.



**● દર ચારમાંથી ત્રણ ગોલ 'ઓપન પ્લે' થી :** આ વખતે આક્રમક ફૂટબોલનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે દર ચારમાંથી આશરે ત્રણ ગોલ (૭૪.૬ ટકા) ઓપન પ્લે એટલે કે રનિંગ રમત દરમિયાન આવ્યાં છે; નહીં કે પેનલ્ટી અથવા સેટ પીસ (કોર્નર, ફ્રી કિક) થી. આવું પહેલીવાર બન્યું છે. માત્ર ૫ ટકા ગોલ પેનલ્ટીથી થયાં છે, જે ઈતિહાસમાં સૌથી ઓછા છે. આ સિવાય આ વખતે સાત મુકાબલામાં છ-છ ગોલ અને ૧૩ મેચોમાં પાંચ-પાંચ ગોલ થયાં છે, જેણે ટૂર્નામેન્ટના રોમાંચને વધાર્યો છે.

**● છેલ્લી મિનિટોમાં ગોલની સંખ્યા વધી :** સૌથી મોટી વિશેષતા છેલ્લી મિનિટો સુધી ટકી રહેનારો રોમાંચ રહ્યો છે. નોકઆઉટની ૨૪ મેચોમાંથી આઠ મેચમાં વિજયી ગોલ ૮૫ મી મિનિટ પછી થયો છે, એટલે કે સરેરાશ દર ત્રીજી મેચ અંતિમ ક્ષણ સુધી અનિશ્ચિત બનેલી રહી. તે જ સમયે, નોકઆઉટના ચાર મુકાબલાઓનો નિર્ણય પેનલ્ટી શૂટઆઉટથી થયો હતો. આ સિવાય ૯૦ મી મિનિટ અથવા તેના પછી ૧૦ મેચોમાં વિજયી ગોલ કરવામાં આવ્યાં, જે વિશ્વ કપ ઈતિહાસમાં સૌથી વધુ છે. આઠ મુકાબલા ગોલરહિત ડ્રો પણ રહ્યાં છે, આ પણ એક નવો રેકોર્ડ છે.

**● દર્શકોનો જબરદસ્ત જમાવડો :** ફીફાને ટિકિટોના ભાવને લઈને ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમનાં જણાવ્યાં અનુસાર હવે ઉપલબ્ધ ૯૯.૭ ટકા સીટો ભરાઈ ગઈ છે. ગ્રુપ સ્ટેજમાં ૪૪ લાખથી વધુ દર્શકો સ્ટેડિયમ પહોંચ્યાં હતાં. નોકઆઉટના શરૂઆતનાં બે રાઉન્ડ પછી આ સંખ્યા વધીને ૬૨ લાખથી વધુ થઈ ગઈ છે. આ વિશ્વ કપમાં પ્રતિ મેચ સરેરાશ ૬૫ હજારથી વધુ દર્શકો પહોંચ્યાં છે. આનાથી સારી સરેરાશ માત્ર ૧૯૯૪ના અમેરિકા વિશ્વ કપમાં હતી, જ્યાં દરેક મેચમાં સરેરાશ આશરે ૬૯ હજાર દર્શકો હાજર હતાં.

**● પાછળ રહ્યાં બાદ ટીમોની આશ્ચર્યજનક વાપસી :** માત્ર જુલાઈ મહિનામાં જ ઘણાં યાદગાર મુકાબલા જોવા મળ્યાં. બેલ્જિયમે સેનેગલને, આર્જેન્ટિનાએ કેપ વર્ડેને અને ઈંગ્લેન્ડે મેક્સિકોને ૩-૨ થી હરાવીને રોમાંચક જીત નોંધાવી. બેલ્જિયમ અને આર્જેન્ટિના બંનેએ બે-બે ગોલથી પાછળ રહ્યાં બાદ શાનદાર વાપસી કરતાં મુકાબલા જીત્યાં. ૧૯૭૦ પછી આ પહેલો એવો પ્રસંગ છે જ્યારે કોઈ એક વિશ્વ કપમાં બે ટીમોએ બે ગોલના અંતરને પલટીને જીત હાંસલ કરી હોય. ઈંગ્લેન્ડની જીત એટલા માટે પણ ખાસ રહી કારણ કે ટીમ ૪૦ મિનિટ સુધી ૧૦ ખેલાડીઓ સાથે રમવા છતાં યજમાન મેક્સિકોને માત આપી શકી. દર્શકોને આ મુકાબલા રોમાંચની ચરમસીમા સુધી લઈ ગયાં.

# કેન્યાના 'નૈરોબી બર્ડમેન' પક્ષીઓ સાથે એક જ ઘર અને એક જ થાળી

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : કેન્યાની રાજધાની નૈરોબીમાં ૨૮ વર્ષીય રોજર્સ ઓલૂ મગુથા આજે 'નૈરોબી બર્ડમેન' તરીકે જાણીતા છે. એક સમયે શેરીઓમાં બેઘર રહેતા રોજર્સ હવે શહેરના ઘાયલ અને અનાથ પક્ષીઓ માટે આશરો બની ગયા છે. કયોલે વિસ્તારમાં આવેલા એક નાના એક રૂમના ઘરમાં તેઓ કબૂતર, કાગડા, ઘુવડ, બ્લેક કાઈટ અને મરાબુ સ્ટોર્ક સહિત ૨૦થી વધુ પ્રજાતિના પક્ષીઓની સારસંભાળ કરે છે. પાવરલાઈન, કાર અને ઊંચી ઈમારતોની બારીઓને કારણે ઘાયલ થતા પક્ષીઓને તેઓ સાજા કરીને શક્ય હોય તો જંગલમાં મુક્ત કરે છે, અને કેટલાક પક્ષીઓ તેમની સાથે જ રહી જાય છે.

રોજર્સનું બાળપણ લેક નાકુરુ નેશનલ પાર્ક નજીક ગરીબીમાં વીત્યું. ત્યાં પક્ષીઓને જોતા જોતા તેમનામાં પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ જન્મ્યો. નૈરોબીની શેરીઓમાં ભૂખ્યા રહીને પણ તેઓ મળેલા ખોરાકમાંથી પક્ષીઓને આપતા. 'જોન્સન' નામના ઘાયલ કાઈટ સાથેની મિત્રતાએ તેમના જીવનને નવી દિશા આપી. આજે સોશિયલ મીડિયા પર તેમના વીડિયો લોકપ્રિય છે જેમાં તેઓ પક્ષીઓ સાથે એક જ થાળીમાં ભોજન કરે છે, તેમને ઘરમાં મુક્ત ફરવા દે છે અને પક્ષીઓના ટોળા સાથે શહેરમાં નીકળે છે.

ગુજરાન માટે રોજર્સ કચરામાંથી રિસાયકલ પ્લાસ્ટિક એકત્ર કરે છે અને નૈરોબીની નદીઓ સાફ કરે છે. તેમનું માનવું છે કે પર્યાવરણની સુરક્ષા એ જ તેમનું સાચું કામ છે. પક્ષીઓને ઘરમાં રાખવાને લઈને સ્થાનિક અધિકારીઓએ સ્વાસ્થ્ય અને કાયદાકીય ચિંતા વ્યક્ત કરી છે અને પક્ષીઓને નૈરોબી નેશનલ પાર્કમાં સોંપવા કહ્યું છે. પરંતુ રોજર્સ કહે છે કે તેઓ વર્ષોથી પક્ષીઓ સાથે શેરીમાં રહ્યા છે અને ક્યારેય બીમાર પડ્યા નથી. તેમનું સ્વપ્ન એક પૂર્ણ આશ્રયસ્થાન ખોલવાનું છે. કામમાં તેમને નૈરોબીમાં વસતા કચ્છીઓનો પણ સાથ મળે છે. મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના સ્વામી ભગવતપ્રિય દાસજીએ જણાવ્યું કે નૈરોબીમાં રહેતા કચ્છીઓ સમયાંતરે આ પક્ષીપ્રેમીના ઘરે મુલાકાત લે છે અને તેમને મદદ પણ કરે છે. જમાતની મસ્જિદમાં લોકો રોજર્સને સ્વાહિલીમાં 'નબી યા ન્દેગે' એટલે કે 'પક્ષીઓના પયગંબર' કહીને બોલાવે છે.

# ભારતીય મૂળના નાસા ડોક્ટર અનિલ મેનન ૪૯ની ઉંમરે ભરશે પહેલી અવકાશ ઉડાન

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : નાસાના ભારતીય મૂળના અવકાશયાત્રી અને ડોક્ટર અનિલ મેનન હવે પોતાની કારકિર્દીના સૌથી મોટા તબક્કામાં પ્રવેશવા જઈ રહ્યા છે. તેઓ ૧૪ જુલાઈના રોજ કઝાકિસ્તાનના બૈકોનૂર કોસ્મોડ્રોમથી રોસકોસ્મોસના સોયુઝ એમએસ-૨૯ અવકાશયાન દ્વારા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક માટે રવાના થશે. આ તેમની પહેલી અવકાશ યાત્રા હશે અને તે દરમિયાન તેઓ લગભગ આઠ મહિના સુધી આઈએસએસ પર રોકાશે. રશિયન કોસ્મોનોટ પ્યોત્ર દુબ્રોવ અને અન્ના કિકિના પણ આ મિશનમાં તેમની સાથે હશે. આ ટીમ એક્સપિડિશન ૭૪ અને ૭૫ના ભાગરૂપે વિજ્ઞાન પ્રયોગો, નવી ટેકનોલોજીનું પરીક્ષણ અને ચંદ્ર તથા મંગળની ભવિષ્યની મિશન માટે જરૂરી સંશોધન કરશે. આ મિશન પૂર્ણ થયા બાદ ૨૦૨૭ની વસંતમાં તેમનું પૃથ્વી પર પાછા ફરવાનું આયોજન છે.

મિનિયાપોલિસમાં જન્મેલા અનિલ મેનનના પિતા ભારતીય અને માતા યુક્રેનિયન છે. તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ન્યુરોબાયોલોજીમાં સ્નાતકની ડિગ્રી અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં માસ્ટર્સની સાથે મેડિકલની ડિગ્રી પણ મેળવી છે. ઈમરજન્સી મેડિસિન અને એરોસ્પેસ મેડિસિનમાં વિશેષતા ધરાવતા મેનન અમેરિકી સ્પેસ ફોર્સમાં કર્નલ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. નાસામાં જોડાતા પહેલા તેઓ સ્પેસએક્સના પ્રથમ ફ્લાઈટ સર્જન હતા અને ડેમો-૨ મિશનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ૨૦૨૧માં નાસાના અવકાશયાત્રી તરીકે પસંદ થયા બાદ તેમણે ૨૦૨૪માં તાલીમ પૂર્ણ કરી હતી.

અનિલ મેનનની આ સિદ્ધિ ભારતીય સમુદાય માટે ગર્વની વાત છે. કલ્પના ચાવલા અને સુનીતા વિલિયમ્સ પછી હવે અનિલ મેનન જઈને ભારતનું નામ આગળ વધારશે.

# ઈરાનના સ્વર્ગસ્થ સર્વોચ્ચ નેતા અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં માસ્કધારી વ્યક્તિએ જગાડી અટકળો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ઈરાનના સ્વર્ગસ્થ સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીના અંતિમ સંસ્કાર દરમિયાન એક માસ્ક અને કાળી ટોપી પહેરેલો રહસ્યમય વ્યક્તિ કેમેરામાં કેદ થયા બાદ સોશિયલ મીડિયા પર અટકળોનો દોર શરૂ થયો છે. ઘણા લોકોનું માનવું છે કે આ વ્યક્તિ ખામેનીના પુત્ર મોજતબા ખામેની હોઈ શકે છે, જેમને ૪ મહિના પહેલા ઈરાનના નવા સર્વોચ્ચ નેતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

આ વ્યક્તિ અંતિમ સંસ્કારની પ્રાર્થના કરતા પસંદગીના ધાર્મિક નેતાઓની હરોળમાં ઊભો જોવા મળ્યો હતો. મશહદમાં ૯ જુલાઈએ યોજાયેલા આ સમારોહમાં મોજતબા જાહેરમાં ક્યાંય દેખાયા ન હતા, જેના કારણે શંકા વધુ ગાઢ બની. કેટલાક પ્રો-રિજીમ પત્રકારોએ દાવો કર્યો કે મોજતબા ગુપ્ત રીતે મોસલ્લા ખાતે હાજર હતા જ્યાં તેમના પિતાનું પાર્થિવ શરીર ૨ દિવસ સુધી રાખવામાં આવ્યું હતું. બીજી તરફ છૈ દ્વારા બનાવેલા વીડિયો પણ વાયરલ થયા જેમાં મોજતબા ભીડમાં ચાલતા અને અંતિમયાત્રાની તૈયારી કરતા દેખાડવામાં આવ્યા. મોજતબા ફેબ્રુઆરીમાં ઈઝરાયેલ અને અમેરિકાના હુમલામાં ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

# ગાના કોકિલા એસ. જાનકીનું અવસાન, સંગીત જગતમાં શોકની લહેર

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : દક્ષિણ ભારતીય સિનેમાના સુપ્રસિદ્ધ પાર્શ્વગાયક એસ. જાનકીનું શનિવાર, ૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ મૈસૂર ખાતે અવસાન થયું. તેઓ ૮૮ વર્ષના હતા. તેમના નિધનના સમાચારથી સમગ્ર સંગીત જગત અને ચાહકોમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે.

એસ. જાનકી પાંચ દાયકાથી વધુ સમય સુધી દક્ષિણ ભારતીય સિનેમાના અવાજ તરીકે ઓળખાતા હતા. તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ અને હિન્દી ભાષાઓમાં તેમણે ૪૮૦૦૦થી વધુ ગીતો ગાયા છે. શાસ્ત્રીય રચનાઓથી લઈને રોમેન્ટિક મેલોડી, લોકગીત, કોમિક નંબર અને ભાવનાત્મક યુગલગીત સુધી દરેક શૈલીમાં તેમણે પોતાની અલગ છાપ છોડી હતી. તેમની વર્સેટિલિટી અને મીઠા અવાજના કારણે જ તેમને 'ગાના કોકિલા'ના ખિતાબથી નવાજવામાં આવ્યા હતા. તેમણે પોતાની કારકિર્દી દરમિયાન અનેક રાષ્ટ્રીય અને રાજ્ય પુરસ્કારો મેળવ્યા. પેઢીઓ તેમના ગીતો સાંભળીને મોટી થઈ છે અને આજે પણ તેમના ગીતો શ્રોતાઓના હૃદયને સ્પર્શે છે. મંચ પર સહજ સ્મિત અને હાથમાં માઈક સાથેની તેમની છબી ચાહકોના મનમાં હંમેશા માટે અમર રહેશે. સંગીતકારો, કલાકારો અને ચાહકોએ સોશિયલ મીડિયા પર શ્રદ્ધાંજલિ આપીને કહ્યું કે એસ. જાનકીનો અવાજ ભલે શાંત થયો, પરંતુ તેમનું સંગીત હંમેશા જીવંત રહેશે.

# વિમ્બલ્ડનના આઇકોનિક ટુવાલ હવે ગુજરાતના વાપીમાં બને છે

અમદાવાદ (એજન્સી દ્વારા) : વિમ્બલ્ડનમાં નોવાક જોકોવિચ અને કાર્લોસ અલ્કારાઝના ખભા પર જે લીલા-જાંબલી રંગના ટુવાલ દેખાય છે, તે હવે બ્રિટનમાં નહીં પણ ભારતમાં બને છે.

૧૯૮૭ થી લક્ઝરી બ્રાન્ડ ક્રિસ્ટી વિમ્બલ્ડન માટે સત્તાવાર ટુવાલ બનાવે છે. મૂળરૂપે તે યુકેમાં બનતા હતા, પણ ૨૦૦૬માં ભારતીય ટેક્સટાઈલ કંપનીને ખરીદી લીધી. ૨૦૧૦ પછી ધીમે-ધીમે ઉત્પાદન ગુજરાતના વાપીમાં આવેલી ફેક્ટરીમાં શિફ્ટ કરવામાં આવ્યું. છેલ્લા ૧૫ વર્ષથી કોર્ટ પર વપરાતા દરેક ટુવાલ સંપૂર્ણપણે બની રહ્યો છે. દરેક નવી ડિઝાઈન ટુર્નામેન્ટના લગભગ ૧૮ મહિના પહેલા શરૂ થાય છે. કલર, ટ્રેન્ડ અને ટીવી પર કેવો દેખાશે તેનો ખાસ અભ્યાસ થાય છે. વાપીની ફેક્ટરી યાર્ન-ડાઈડ જેકાર્ડ વણાટમાં નિષ્ણાત છે, જેમાં બે અલગ રંગના યાર્નથી બંને બાજુથી ચમકતું ફેબ્રિક બને. એક ટુવાલ બનવામાં લગભગ એક અઠવાડિયું લાગે છે.

નિયમ મુજબ ખેલાડીઓએ દરેક મેચ પછી ટુવાલ પરત કરવા પડે, પણ મોટાભાગના તેને સોવેનિયર તરીકે ઘરે લઈ જાય છે. જોકોવિચે મજાકમાં કહ્યું હતું કે તે ટુવાલ માટે અલગ સુટકેસ લઈ જાય છે. ઈગા સ્વિયાટેક પણ તેને મિત્રોને ગિફ્ટ કરે છે. એટલે દર વર્ષે માત્ર ૧૫% ટુવાલ જ પરત આવે છે. આજે વિમ્બલ્ડનના ટુવાલ માત્ર સ્પોર્ટ્સ એક્સેસરી નથી રહ્યા, તે કલેક્ટર્સ આઈટમ બની ગયા છે. અને તે બધા ગુજરાતના વાપીમાંથી સીધા સેન્ટર કોર્ટ સુધી પહોંચે છે.

# પાણી તરસ લાગે ત્યારે જ નહીં, આખો દિવસ પીતા રહો : ડો. રૂત્વીજ અંજારિયા

ભુજ - કચ્છઉદય : ઘણા લોકો તરસ લાગે ત્યારે જ પાણી પીવે છે. પરંતુ ડૉ. રૂત્વીજ અંજારિયાના મતે હળવી ડિહાઈડ્રેશનની અસર પણ આપણા શરીર પર તરત જ દેખાવા લાગે છે. જ્યારે શરીરમાં પાણીની થોડી પણ ઉણપ હોય ત્યારે ધ્યાન કેન્દ્રિત કરવામાં તકલીફ થાય છે અને મગજ ભારે લાગે છે. ઊર્જાનું સ્તર ઘટી જાય છે અને કારણ વગર થાક લાગવા માંડે છે. માથાનો દુખાવો શરૂ થાય છે અને કસરત કે રોજિંદા કામ પણ પહેલા કરતા વધુ મુશ્કેલ લાગે છે. આથી તરસ લાગવાની રાહ ન જોતા દિવસ દરમિયાન થોડા થોડા અંતરે પાણી પીતા રહેવું જોઈએ. શરીર ત્યારે જ શ્રેષ્ઠ રીતે કામ કરે છે જ્યારે તે યોગ્ય રીતે હાઈડ્રેટેડ હોય.

# કેન્દ્ર સરકાર ખાનગી કંપનીઓને મિસાઇલ બનાવવાની મંજૂરી આપશે - પ્રથમ અસ્ત્ર માર્ક-૨ બનશે

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : કેન્દ્ર સરકારે હવે ખાનગી ક્ષેત્રની કંપનીઓને મિસાઈલનું ઉત્પાદન કરવાની મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી આ કામ માત્ર સરકારી કંપનીઓ જ કરતી હતી. ડીઆરડીઓ હવે સ્વદેશી અસ્ત્ર બિયોન્ડ-વિઝ્યુઅલ-રેન્જ એર-ટુ-એર મિસાઈલનું મોટા પાયે ઉત્પાદન ખાનગી કંપનીઓ સાથે મળીને કરવા જઈ રહ્યું છે. આ યોજના હેઠળ સૌથી પહેલા અસ્ત્ર માર્ક-૨ મિસાઈલ બનાવવામાં આવશે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ રશિયા-યુક્રેન અને પશ્ચિમ એશિયાનો યુદ્ધનો અનુભવ છે. ભવિષ્યના યુદ્ધો લાંબા ચાલી શકે છે અને તેના માટે મિસાઈલ અને દારૂગોળાનો મોટો જથ્થો ઝડપથી તૈયાર રાખવો જરૂરી છે. ભારતીય વાયુસેનાએ શરૂઆતમાં ૫૦૦ થી વધુ અસ્ત્ર માર્ક-૨ મિસાઈલનો ઓર્ડર આપવાની શક્યતા છે. ચીનની પીએલ-૧૫ અને પાકિસ્તાનની એઆઈએમ-૧૨૦સી જેવી મિસાઈલોના કારણે ભારત માટે આ ક્ષમતા વધારવી જરૂરી બની છે. ઉત્પાદન માટે બે અલગ લાઈન બનાવવામાં આવશે. એક લાઈન સરકારી કંપની ભારત ડાયનેમિક્સ લિમિટેડ સાથે અને બીજી લાઈન લાર્સન એન્ડ ટુબ્રો અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ જેવી ખાનગી કંપનીઓ સાથે કામ કરશે. અદાણી ડિફેન્સ પણ મધ્યપ્રદેશના શિવપુરીમાં ૨,૫૦૦ કરોડના ખર્ચે દક્ષિણ એશિયાનો સૌથી મોટો ખાનગી મિસાઈલ ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે. અસ્ત્ર માર્ક-૨ મિસાઈલના ૮૫ ટકાથી વધુ ભાગો ભારતમાં જ બને છે અને તેમાં નાના-મોટા એમએસએમઈ ઉદ્યોગોને પણ તક મળશે. અસ્ત્ર માર્ક-૨ મિસાઈલની ઝડપ માક ૪.૫ એટલે કે લગભગ ૫,૫૦૦ કિલોમીટર પ્રતિ કલાક છે અને તેની રેન્જ ૧૬૦ કિલોમીટર સુધી છે. તેને સુ-૩૦ એમકેઆઈ, રાફેલ, મિગ-૨૯કે અને તેજસ એમકે૧એ વિમાનોમાં લગાવવામાં આવશે. આ પગલાથી ભારત સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની દિશામાં વધુ એક મોટું પગલું ભરશે.

# માર્ગનું લેવલ વધારવાના આયોજન સામે રહીશોમાં ચિંતા

## કોમર્સ કોલેજ–ત્રિમંદિર માર્ગ મકાનોની પ્લિન્થ કરતાં ઊંચો બનશે તો વરસાદી પાણી ઘરોમાં ઘૂસવાની ભીતિ : સ્થળ પર જ અધિકારીને કરાઈ રજૂઆત

ભુજ - કચ્છઉદય : શહેરના કોમર્સ કોલેજ રોડથી ત્રિમંદિર તરફ જતા માર્ગ પર ચાલી રહેલા ગટરલાઈન અને સિમેન્ટ રોડના કામને લઈને આસપાસના રહેણાંક વિસ્તારોના રહીશોમાં ચિંતા વ્યાપી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ હાલ માર્ગ પર નખાઈ રહેલી ગટરલાઈનનું લેવલ અનેક સ્થળોએ મકાનોની પ્લિન્થ કરતાં ઊંચું જોવા મળી રહ્યું છે. જેના આધારે આગામી સમયમાં નિર્માણ પામનારો સિમેન્ટ રોડ પણ હાલના માર્ગ કરતાં વધુ ઊંચાઈએ બનશે તેવી આશંકા સેવાઈ રહી છે. જો માર્ગનું લેવલ મકાનોની પ્લિન્થ કરતાં ઊંચું રાખવામાં આવશે તો ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો કુદરતી નિકાલ ખોરવાઈ શકે છે અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યા ઊભી થઈ શકે છે.

રઘુવંશીનગર, નરનારાયણનગર, રાવલવાડી રિલોકેશન સાઈટ સહિતના વિસ્તારોના રહીશો આ મુદ્દે ગુરુવારે સ્થળ પર એકત્ર થયા હતા. સ્થાનિકોએ જણાવ્યું હતું કે વર્ષોથી આ વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ કુદરતી ઢાળના આધારે થતો રહ્યો છે. જોકે હાલ ચાલી રહેલા વિકાસકાર્યો દરમિયાન જો માર્ગની ઊંચાઈમાં વધારો કરવામાં આવશે તો વરસાદી પાણીનો પ્રવાહ બદલાઈ જશે અને પાણી માર્ગ પરથી વહીને સીધું રહેણાંક વિસ્તારો તરફ વળશે. પરિણામે ઘરો, શેરીઓ અને સોસાયટીઓમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ માર્ગનું નિર્માણ શરૂ કરતાં પહેલાં વિસ્તારના ભૂસ્તર, રહેણાંક મકાનોની પ્લિન્થની ઊંચાઈ અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાનું યોગ્ય સર્વેક્ષણ થવું જોઈએ. વિકાસલક્ષી કામો આવકાર્ય હોવા છતાં તેની અસર સ્થાનિક નાગરિકોના જીવન પર ન પડે તે માટે તકનીકી દૃષ્ટિએ યોગ્ય આયોજન જરૂરી હોવાનું રહીશોએ જણાવ્યું હતું.

માર્ગ અને મકાન વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનિયર ચિરાગભાઈ ડુડિયાને સ્થળ પર બોલાવી રજૂઆત કરવામાં આવી હતી. રઘુવંશીનગર એ-૧ ઝોન તથા રાવલવાડી ઉત્કર્ષ મંડળના પ્રમુખ કલ્પેશભાઈ ઠક્કરે માર્ગની હાલની સ્થિતિ અને સ્થાનિકોની ચિંતાઓ અંગે વિગતવાર રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે માર્ગનું લેવલ મકાનોની પ્લિન્થની સમકક્ષ અથવા તેનાથી નીચું રાખવામાં આવે તેમજ વરસાદી પાણીના નિકાલ માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવે તો ભવિષ્યમાં સમસ્યાઓ ટાળી શકાય. રજૂઆત દરમિયાન નરનારાયણનગરના પ્રમુખ વિનોદભાઈ ઠક્કર સહિત મોટી સંખ્યામાં રહીશો હાજર રહ્યા હતા. સ્થાનિકોએ અધિકારીઓને સ્થળ પર જ વિવિધ સ્થળો બતાવી માર્ગની ઊંચાઈ અને મકાનોની પ્લિન્થ વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. સાથે જ ચોમાસાની ઋતુ દરમિયાન સંભવિત પાણી ભરાવાની સ્થિતિ અંગે પણ અવગત કરાવ્યા હતા.

સ્થળ મુલાકાત બાદ એક્ઝિક્યુટિવ એન્જિનિયર ચિરાગભાઈ ડુડિયાએ સ્થાનિકોની રજૂઆતને ધ્યાનપૂર્વક સાંભળી પ્રશ્નની ગંભીરતાને સ્વીકારી હતી. તેમણે માર્ગના લેવલ, ગટરલાઈનની ઊંચાઈ અને વરસાદી પાણીના નિકાલ સંબંધિત તમામ તકનીકી પાસાઓની તપાસ કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવી હકારાત્મક ખાતરી આપી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

ચોમાસાની શરૂઆત સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સામે આવતી હોય છે ત્યારે કોમર્સ કોલેજ–ત્રિમંદિર માર્ગના નિર્માણ કાર્યમાં યોગ્ય આયોજન કરવામાં આવે અને સ્થાનિકોની વાજબી રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે. રહીશોના મતે વિકાસકાર્યો સાથે નાગરિકોની સુરક્ષા અને સુવિધા પણ એટલી જ મહત્વપૂર્ણ છે અને માર્ગ નિર્માણ દરમિયાન આ બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવવી જોઈએ.

# મહારાષ્ટ્રમાં ટેટનું પેપર લીક: જૂતાના તળિયામાં છુપાવીને બહાર લઈ ગયા પ્રશ્નપત્રો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : મહારાષ્ટ્ર શિક્ષક પાત્રતા પરીક્ષા ૨૦૨૬ને "અત્યંત સુરક્ષિત" ગણવામાં આવી હતી. ૨૮ જૂને સમગ્ર રાજ્યમાં ૧,૦૨૮ કેન્દ્રો પર ૬ લાખથી વધુ શિક્ષકોએ ટેટની પરીક્ષા આપવાની હતી. પેપરની ગુપ્તતા જાળવવા માટે તેને આગરાના એક પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવવામાં આવ્યા હતા. પ્રેસનું નામ પણ ગુપ્ત રાખવામાં આવ્યું હતું અને ફક્ત પરીક્ષા પરિષદના વડા જ પ્રેસ સાથે સંપર્કમાં હતા. વર્ષોથી પેપર રાજ્યની બહાર છપાવવાની આ જ પ્રથા ચાલી આવી છે. પરંતુ આટલી બધી સુરક્ષા વ્યવસ્થાને એક જૂતાએ નિષ્ફળ બનાવી દીધી. ૧૫ થી ૧૭ જૂન દરમિયાન પ્રેસના એક કર્મચારીએ પ્રશ્નપત્રોના કાગળોને ફોલ્ડ કરીને પોતાના જૂતાના તળિયાની નીચે છુપાવી દીધા. ત્યારબાદ તે સુરક્ષા રક્ષકોની સામેથી પસાર થઈ ગયો. રક્ષકો પૂર્વ સૈનિકો હતા અને તેમણે કર્મચારીના કપડાંની તપાસ પણ કરી, પરંતુ કોઈએ તેના જૂતા ચેક કરવાની જરૂર સમજી નહીં. આ રીતે અત્યંત ગુપ્ત રાખવાના દાવા સાથે છપાયેલા પેપર સરળતાથી બહાર નીકળી ગયા અને લાખો ઉમેદવારોના ભવિષ્ય પર સવાલ ઉભા થયા છે.

# ગાંધીધામમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે ઉજવ્યો ગૌરવ દિવસ

## સમાજસેવાને અપાયું પ્રાધાન્ય : શિક્ષણ કિટ વિતરણ, વૃક્ષારોપણ, વૃદ્ધાશ્રમમાં સેવા પ્રવૃત્તિઓ અને નવા સી.એ.નું સન્માન

ગાંધીધામ - કચ્છઉદય : ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈ.સી.એ.આઈ.)ના ૭૮મા સ્થાપના દિવસ નિમિત્તે વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલ (ડબ્લ્યુ.આઈ.આર.સી.)ની ગાંધીધામ શાખા દ્વારા વિવિધ સામાજિક અને વ્યાવસાયિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના વ્યવસાયિક ગૌરવ સાથે સમાજ પ્રત્યેની જવાબદારીને ઉજાગર કરતો આ કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત શાખા પરિસરમાં ચેરમેન વિરાગ આચાર્ય દ્વારા ધ્વજવંદન સાથે કરવામાં આવી હતી. પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું હતું કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દિવસ માત્ર એક ઉજવણી નહીં, પરંતુ વ્યવસાયની નૈતિકતા, પારદર્શિતા અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પુનઃસ્મરણ કરવાનો અવસર છે. તેમણે જણાવ્યું હતું કે દેશના આર્થિક વિકાસમાં સી.એ.ની ભૂમિકા મહત્વપૂર્ણ છે અને સમાજસેવાના કાર્યો દ્વારા પણ વ્યવસાયિકો પોતાનું યોગદાન આપી શકે છે.

ઉજવણીના ભાગરૂપે ગાંધીધામ માનવસેવા સમિતિના સહયોગથી જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આદિપુર સ્થિત વૃદ્ધાશ્રમમાં વડીલોને પર્સનલ કેર કિટનું વિતરણ કરીને સેવા અને સંવેદનાની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

આ પ્રસંગે તાજેતરમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષા પાસ કરીને વ્યવસાયિક જીવનમાં પ્રવેશ કરનારા યુવા સી.એ.નું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે નવા સભ્યોને અભિનંદન પાઠવી તેમની કારકિર્દી માટે માર્ગદર્શન અને શુભેચ્છાઓ આપી હતી.

શાખા દ્વારા આગામી દિવસોમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઈફકો ઓડિટોરિયમ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ આઈ.એમ.એ. બ્લડ બેંકના સહયોગથી રોટરી ક્લબ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન વાઈસ ચેરમેન સમીર મેહતાએ કર્યું હતું, જ્યારે આભારવિધિ મંત્રી જિજ્ઞેશકુમાર કોટકે વ્યક્ત કરી હતી. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે મનીષ તલરેજા, કુશલ ઠક્કર, મહેશ લીંબાણી સહિતના હોદ્દેદારો અને સભ્યોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

# એસ. જાનકી અમ્માને અંતિમ વિદાય



દક્ષિણ ભારતની 'નાઈટિંગેલ' તરીકે ઓળખાતા ભારતીય સિનેમાના સુપ્રસિદ્ધ પાર્શ્વગાયક એસ. જાનકી અમ્માના પાર્થિવ દેહને ગઈકાલે સાંજે, ૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ અવસાન બાદ મૈસૂરના મહારાજા કોલેજ ગ્રાઉન્ડમાં જાહેર દર્શન માટે લાવવામાં આવ્યા છે. આ તસવીરમાં તેમનો પાર્થિવ દેહ સફેદ વસ્ત્ર અને ફૂલોના હારથી શણગારાયેલા કાચના કાસ્કેટમાં રાખવામાં આવ્યો છે. આસપાસ ચાહકો, કલાકારો અને મહાનુભાવો હાથ જોડીને ઊભા છે. તેમના ચહેરા પર દુઃખ અને કૃતજ્ઞતાના ભાવ સ્પષ્ટ દેખાય છે. છ દાયકાથી વધુ સમય સુધી તેમણે તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ અને હિન્દી સિનેમામાં હજારો ગીતો ગાયા. શાસ્ત્રીય, લોક, રોમેન્ટિક અને ભક્તિ ગીતોને તેમણે પોતાના અવાજથી અમર બનાવ્યા. આજે મૈસૂર એક દંતકથાને અંતિમ વિદાય આપી રહ્યું છે, પણ તેમના ગીતો હંમેશા આપણી સાથે ગુંજતા રહેશે.

# ચીનના ડેમથી ભારત, બાંગ્લાદેશમાં જળપ્રલયની વૈજ્ઞાનિકોની ચેતવણી

(એજન્સી દ્વારા)

બેઈજિંગ : ચીન અરૂણાચલ પ્રદેશમાં ભારત સરહદથી માત્ર ૫૦ કિ.મી. દૂર તિબેટમાં દુનિયાનો સૌથી મોટો જળવિદ્યુત પ્રોજેક્ટ મેડોગ હાઈડ્રોપાવર સ્ટેશન બનાવી રહ્યું છે. જોકે, આ પ્રોજેક્ટ એક મોટા ભૂગર્ભીય જોખમની ઉપર બની રહ્યો છે. ચીનના આ પ્રોજેક્ટનો માત્ર ભારત, બાંગ્લાદેશ કે મ્યાંમાર જ નહીં તેના વૈજ્ઞાનિકો પણ વિરોધ કરી રહ્યા છે. ચીનના વૈજ્ઞાનિકોના રિસર્ચમાં ઘટસ્ફોટ થયો છે કે દુનિયાનો આ સૌથી મોટો બાંધ એક અત્યંત સક્રિય ફોલ્ટ લાઈન એટલે કે ભૂકંપીય તિરાડની ઉપર બનાવાઈ રહ્યો છે, જે ભવિષ્યમાં જળપ્રલય સર્જાઈ શકે છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના રિપોર્ટ મુજબ સેડિમેન્ટ્રી જિયોલોજી એન્ડ ટેથિયન જિયોલોજી જર્નલમાં પ્રકાશિત એક ચીની રિસર્ચ પેપરમાં સંશોધકોએ યારલુંગ ત્સાંગપો નદી એટલે કે બ્રહ્મપુત્રા નદી પર બની રહેલા મેડોગ બાંધના એકદમ નીચે પૈઝેન ફોલ્ટની ઓળખ થઈ છે. ચીની વૈજ્ઞાનિકના આ ખુલાસાએ આ મેગા પ્રોજેક્ટની સંરચનાત્મક સુરક્ષા અંગે નવા અને ગંભીર સવાલો ઊભા કર્યા છે. ચેંગડુ યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી અને ચીન ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણના નિષ્ણાતોએ કરેલા આ રિસર્ચમાં ચેતવણી અપાઈ છે કે આ ફોલ્ટ લાઈન આ મહાબાંધની મજબૂતીને ગંભીરરૂપે નબળી કરી શકે છે. રિપોર્ટ મુજબ પૈઝેન ફોલ્ટ પ્લીસ્ટોસિન યુગ અંદાજે ૨૬ લાખ વર્ષ પહેલા શરૂ થયેલા હિમયુગ કાળથી સક્રિય છે અને આજે પણ તેમાં ટેક્ટોનિક હલચલના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. સંશોધકોએ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું કે, પૈઝેન ફોલ્ટના કારણે આજુબાજુના બાંધ, રસ્તા, પુલ, સુરંગો અને જળાશય ક્ષેત્રની સંરચનાત્મક સ્થિરતા પર ગંભીર અસર કરશે. ભવિષ્યમાં આ ફોલ્ટ લાઈનમાં થતી કોઈપણ હલચલ આ આખા પ્રોજેક્ટની સુરક્ષાને જોખમમાં નાંખી શકે છે.

રિસર્ચ મુજબ આ બાંધ પૈ વિલેજ વિસ્તારમાં બને છે, જે ચીનના સૌથી વધુ ભૂકંપ સંભવિત ક્ષેત્રોમાંથી એક છે. વર્ષ ૨૦૧૭માં તિબેટમાં ૬.૯ની તિવ્રતાનો ભૂકંપ આ જ ફોલ્ટના ઉત્તરી છેડા પર આવ્યો હતો, જે તેના સક્રિય હોવાનો નક્કર પુરાવો છે. બાંધ બનાવવા માટે થતી હલચલે નીચેના ખડકોને ખોખલા અને નબળા કરી દીધા છે, જેનાથી આ બાંધ ૬૦,૦૦૦ મેગાવોટના ભારે-ભરખમ કોંક્રિટના માળખા અને વિશાળ જળાશયનું વજન સંભાળી શકે તેમ નથી. ચીનના વૈજ્ઞાનિકોના રિસર્ચમાં જ આ બાબતો સામે આવી છે ત્યારે સૌથી મોટો અને ડરામણો સવાલ કુટનીતિક નહીં પરંતુ સુરક્ષાનો છે. દુનિયાનો આ સૌથી મોટો બાંધ સક્રિય ભૂકંપીય તિરાડ પર બની રહ્યો છે તો સવાલ એ નથી કે ચીન પાણી રોકશે, પરંતુ સવાલ એ છે કે હિમાલયના આ સૌથી સંવેદનશીલ ક્ષેત્રમાં ભૂકંપના કારણે આ વિશાળ બાંધ તૂટશે તો જે જળપ્રલય આવશે તેમાં ભારતના અસમ અને પૂર્વોત્તરના રાજ્યોની સ્થિતિ કેટલી ખરાબ થશે. ચીનનો મેડોગ ડેમ તૈયાર થઈ ગયા પછી દુનિયાનો સૌથી મોટો જળવિદ્યુત પ્રોજેક્ટ હશે અને તેની ક્ષમતા ૬૦,૦૦૦ મેગાવોટ હશે.

આ ડેમ ચીનના જ વર્તમાન થ્રી ગોર્જ ડેમ કરતા ત્રણ ગણી વધુ વીજળી એટલે કે વાર્ષિક ૩૦૦ અબજ કિલોવોટ વીજળી પેદા કરશે. આ ડેમને તૈયાર કરવામાં એક ટ્રિલિયન યુઆન એટલે કે અંદાજે ૧૩૭ અબજ ડોલરનો ખર્ચ થશે.

# ભાવનગરનું ‘મહા-કૌભાંડ’, શેરબજારના નામે ૩૦૦ કરોડનું ફૂલેકું ફેરવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર : ભાવનગર - ભાવનગરના ફરિયાદકા ગામના બે પિતરાઈ ભાઈઓ શેરબજારના નામે લોકો પાસેથી સારું વળતર આપવાની લાલચ આપી લોકો પાસેથી રૂપિયા એઠતા હોવાનું કૌભાંડ બહાર આવ્યું છે તેવામાં પોલીસે બંને પિતરાઈ ભાઈની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરતા આ કૌભાંડનો આંક ૩૦૦ કરોડ સુધી પહોંચવા જઈ રહ્યો છે તેવામાં પોલીસ કૌભાંડના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### ૧૦૦થી વધુ એજન્ટોની માયાજાળ : માસિક ૨૦ ટકા વળતરની લાલચ આપી હજારો રોકાણકારોને નવડાવ્યા, ભાજપ કાર્યકર સહિત બે પિતરાઈ ભાઈઓની ધરપકડ

ભાવનગર નજીકના ફરિયાદકા ગામના બે પિતરાઈ ભાઈઓ સંજય મુળજીભાઈ ધામેચા અને યોગેશ વેલજીભાઈ ધામેચાએ શેરબજારમાં રોકાણના બહાને કરોડો રૂપિયાનું આસામી કૌભાંડ આચર્યું હોવાનો પર્દાફાશ થયો છે. પ્રાથમિક તપાસમાં છેતરપિંડીનો આંકડો રૂા.૧.૨૯ કરોડ નોંધાયો છે, પરંતુ સ્થાનિકો અને એજન્ટોના અંદાજ મુજબ આ આંકડો રૂ.૩૦૦ થી ૩૫૦ કરોડ સુધી પહોંચી શકે છે. ક્રાઈમ બ્રાંચે બંનેની ધરપકડ કરી કોર્ટમાંથી ૧૩ તારીખ સુધીના રિમાન્ડ મેળવ્યા છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે ઝડપાયેલ યોગેશ ધામેચા ભાજપનો સક્રિય કાર્યકર છે અને મોટા નેતાઓ સાથે ઘરોબો ધરાવે છે. જ્યારે ધોરણ-૧૨ પાસ મુખ્ય સૂત્રધાર સંજય ધામેચા અગાઉ ઈકો ગાડી ચલાવતો હતો, જે હાલ સીસીટીવીથી સજ્જ આલીશાન બંગલામાં રહે છે. જોકે, બંનેના પરિવારોએ આ કાળા કારોબારથી અજાણ હોવાનો દાવો કર્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, યોગેશ જયંતિભાઈ ધામેચા અને સંજય મુળજીભાઈ ધામેચા બંને પિતરાઈ ભાઈઓ છે અને ભાજપમાં કાર્યકર્તા હોવાનું ખુલવા પામેલ છે.

આ કૌભાંડમાં ૩૦થી વધુ ગામોના હજારો ગરીબ અને મધ્યમવર્ગીય લોકો ભોગ બન્યા છે. આરોપીઓ રોકાણકારોને દર મહિને ૨૦ ટકા (દર અઠવાડિયે ૫ ટકા) વળતર આપવાની લાલચ આપતા હતા અને વિશ્વાસ જીતવા સ્ટેમ્પ પેપર પર લખાણ આપતા હતા. આ નેટવર્ક ચલાવવા ૧૦૦થી વધુ એજન્ટો સક્રિય હતા. ૨ મહિનાથી વળતર બંધ થતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. હાલ પોલીસ આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે. શેર બજારના નામે બન્ને ભાઈઓ એજન્ટો મારફત રોકાણકારોને રોકાણ કરાવતા હતા અને ૧૦૮ જેટલા એજન્ટો રાખ્યા હોવાનું ખુલ્યું હોવાનું તપાસનીશ પીએસઆઈ વાઢેર જણાવ્યું હતું.

# કેનેડાના ટોરોન્ટોમાં લાઈવ સ્ટ્રીટ ફેસ્ટિવલ દરમિયાન અંધાધૂંધ ગોળીબાર, ૨ ના મોત, ૩ ગંભીર

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેનેડાના ટોરોન્ટો શહેરમાં ચાલી રહેલા એક પ્રખ્યાત સ્ટ્રીટ ફેસ્ટિવલ દરમિયાન શનિવારે રાત્રે અચાનક ગોળીબાર થતાં સમગ્ર વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો. મિડટાઉન ટોરોન્ટોમાં આયોજિત વાર્ષિક લેટિન સાંસ્કૃતિક ઉત્સવ ‘સાલ્સા ઓન સેન્ટ ક્લેયર’ દરમિયાન થયેલા આ માસ શૂટિંગમાં (સામૂહિક ગોળીબાર) ઓછામાં ઓછા બે લોકોના મોત થયા છે, જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

ટોરોન્ટો પોલીસ સર્વિસના જણાવ્યા અનુસાર, આ ભયાનક ઘટના શનિવારે રાત્રે આશરે ૮ વાગ્યા પછી સેન્ટ ક્લેયર એવેન્યુ વેસ્ટ અને અર્લિંગ્ટન એવેન્યુ પાસે બની હતી. ફેસ્ટિવલની ભીડ વચ્ચે અચાનક ફાયરિંગ શરૂ થતાં જ લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને લોકોએ જીવ બચાવવા ભારે દોડધામ (ભગદડ) મચી ગઈ હતી. માહિતી મળતાં જ પોલીસ અને ઈમરજન્સી સેવાઓનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

ઘટનાસ્થળે પહોંચેલી પોલીસને પાંચ લોકો ગોળી વાગવાથી ઘાયલ હાલતમાં મળ્યા હતા, જેમાંથી બે લોકોને તબીબોએ મૃત જાહેર કર્યા હતા, જ્યારે બાકીના ત્રણને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા છે. પ્રાથમિક તપાસ બાદ ટોરોન્ટો પોલીસે સ્થિતિને અત્યંત ગંભીર ગણાવીને વિસ્તારમાં ‘એક્ટિવ શૂટર’ (સક્રિય હુમલાખોર) નું એલર્ટ જાહેર કર્યું છે. સુરક્ષાના ભાગરૂપે પોલીસે સમગ્ર વિસ્તારને સીલ કરી દીધો છે અને સામાન્ય જનતાને આ વિસ્તારથી દૂર રહેવાની કડક હિદાયત આપી છે.

આ હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો અને હુમલાખોરોનો હેતુ શું હતો તે અંગે હજુ સુધી પોલીસ દ્વારા કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. ઘટના બાદ હુમલાખોર ફરાર થઈ ગયો હોવાથી પોલીસની વિવિધ ટીમો દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસ હાલ ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ ખંગાળી રહી છે અને ત્યાં હાજર પ્રત્યક્ષદર્શીઓની પૂછપરછ કરીને પુરાવા એકત્ર કરી રહી છે.

# શિક્ષણ વિભાગમાં ‘ઉલટી ગંગા’ : પાંચ અધિકારીએ બઢતી મળ્યા બાદ અસ્વીકાર કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : સામાન્ય રીતે સરકારી તંત્રમાં અધિકારીઓ અને કર્મચારીઓ બઢતી માટે વર્ષો સુધી રાહ જોતા હોય છે, પરંતુ ગુજરાતના શિક્ષણ વિભાગમાં ‘ઉલટી ગંગા’ સમાન કિસ્સો બહાર આવ્યો છે. ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ કર્યા બાદ ૫ અધિકારીએ આ પ્રમોશન અસ્વીકાર કરીને પોતાની મૂળ જૂની સેવામાં પરત જવાની લેખિત માગ કરી હતી, જેને સરકારે મંજૂરી આપતા હવે તેઓ ફરી વર્ગ-૩ના કર્મચારી તરીકે ફરજ બજાવશે.

શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષે ૨૬ ડિસેમ્બર-૨૦૨૫થી લઈને ચાલુ વર્ષે ૨૫ જૂન-૨૦૨૬ સુધી બહાર પડાયેલી વિવિધ અધિસૂચનાઓ અન્વયે સરકારી ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષક વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓને ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં હંગામી ધોરણે બઢતી અપાઈ હતી. આ બઢતી મેળવ્યા બાદ આ અધિકારીઓએ જે-તે નિયુક્ત જગ્યાએ હાજર પણ થઈ ગયા હતા. પરંતુ ત્યારબાદ ૫ જેટલા અધિકારીએ ઉચ્ચ હોદ્દા પર કામ કરવાનો અસ્વીકાર કર્યો હતો અને મૂળ સંવર્ગ મદદનીશ શિક્ષક વર્ગ-૩માં પુનઃ પરત જવા વિભાગને રજૂઆત કરી હતી. કમિશનર શાળાઓની કચેરીની દરખાસ્તને ધ્યાને રાખી શિક્ષણ વિભાગ દ્વારા અધિકારીઓની માગણી સ્વીકારી તેમના પર વહીવટી અને નાણાકીય શરતો પણ લાગુ કરી છે. બઢતીનો અસ્વીકાર કરનાર આ અધિકારીઓ તેમના પછી બઢતી મેળવનાર જુનિયર કર્મચારીઓ સામે પોતાની સિનિયોરિટી ગુમાવશે. ઉપરાંત, બઢતીની ના પાડ્યાની તારીખથી એક વર્ષની મુદત સુધી અથવા ત્યારપછી નવી જગ્યા ખાલી પડે તે બંનેમાંથી જે મોડું હોય ત્યાં સુધી, ભવિષ્યમાં બઢતી માટે તેમના નામની કોઈ વિચારણા કરવામાં આવશે નહીં.

# ચાર વર્ષ બાદ પુનઃઆકારણી પર રોક, માત્ર અભિપ્રાય બદલાવના આધારે કાર્યવાહી અમાન્ય: ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાત હાઈકોર્ટે આવકવેરા વિભાગને મહત્ત્વપૂર્ણ ઝટકો આપતાં સ્પષ્ટ કર્યું છે કે, જો કરદાતાએ મૂળ આકારણી દરમિયાન તમામ જરૂરી માહિતી અને દસ્તાવેજો રજૂ કર્યા હોય તો સંબંધિત આકારણી વર્ષ પૂર્ણ થયાના ચાર વર્ષ બાદ માત્ર વિભાગના બદલાયેલા અભિપ્રાયના આધારે ફરી આકારણી શરૂ કરી શકાય નહીં. જસ્ટિસ એ.એસ. સુપેહિયા અને જસ્ટિસ વૈભવી ડી. નાણાવટીની ખંડપીઠે ઇન્કમટેક્સ એક્ટની કલમ ૧૪૮ હેઠળ જારી કરાયેલી નોટિસને ગેરકાયદેસર ઠેરવી રદ કરી હતી.

મામલાની વિગતો મુજબ, કરદાતાએ આકારણી વર્ષ ૨૦૧૨-૧૩ માટે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ આવકવેરા રિટર્ન દાખલ કર્યું હતું. મૂળ આકારણી પ્રક્રિયા દરમિયાન આવકવેરા અધિકારીએ રૂ.૧.૮.૦૯ લાખની કરમુક્ત ડિવિડન્ડ આવક તેમજ રૂ.૧.૭૪ કરોડના લાંબા ગાળાના મૂડીલાભ અંગે વિગતવાર માહિતી માંગી હતી. કરદાતાએ તમામ જરૂરી ખુલાસા અને દસ્તાવેજો રજૂ કર્યા બાદ ૧૯ માર્ચ, ૨૦૧૫ના રોજ કલમ ૧૪૩(૩) હેઠળ આકારણી પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારબાદ વિભાગે ૩૦ માર્ચ, ૨૦૧૯ના રોજ કલમ ૧૪૮ હેઠળ નોટિસ જારી કરીને આકારણી ફરીથી ખોલવાનો પ્રયાસ કર્યો હતો. વિભાગનું કહેવું હતું કે, કરમુક્ત આવક સંબંધિત ખર્ચની કપાત કલમ ૧૪છ અને નિયમ ૮ડ મુજબ કરવામાં આવી નહોતી.

હાઈકોર્ટે નોંધ્યું હતું કે, મૂળ આકારણી દરમિયાન તમામ જરૂરી વિગતો રેકોર્ડ પર ઉપલબ્ધ હતી અને વિભાગ કોઈ નવી હકીકત કે પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ રહ્યું હતું. કોર્ટે જણાવ્યું હતું કે, નવી સામગ્રી વિના હાથ ધરાયેલી કાર્યવાહી માત્ર “ચેન્જ ઓફ ઓપિનિયન” સમાન ગણાય છે, જે કાયદેસર નથી.

ખંડપીઠે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે, ઇન્કમટેક્સ એક્ટની કલમ ૧૪૭ હેઠળ ચાર વર્ષ બાદ પુનઃઆકારણી માત્ર ત્યારે જ થઈ શકે, જ્યારે કરદાતાએ કોઈ મહત્ત્વપૂર્ણ હકીકત છુપાવી હોય અથવા ખોટી માહિતી આપી હોય.

# ૧૧૬૦ કરોડનું ઈથેનોલ કૌભાંડ, બાળક-ગર્ભવતી મહિલાઓનું રેશન ચાંઉ કરી જનારા ૪ અધિકારી પકડાયા

(એજન્સી દ્વારા)

ભોપાલ : મધ્ય પ્રદેશમાં ઈથેનોલ બનાવવાના નામે એક બહુ મોટું કૌભાંડ સામે આવ્યું છે. અહીં સરકારી અધિકારીઓ, રાઈસ મિલ માલિકો અને ઈથેનોલ પ્લાન્ટના સંચાલકોએ ભેગા મળીને આશરે ?૧,૧૬૦ કરોડનો સરકારી ચોખા સગેવગે કરી નાખ્યો છે. ઈથેનોલ બનાવવા માટે આપેલા આ ચોખાનો ઉપયોગ કરવાને બદલે તેને ગુપ્ત રીતે પાછા સરકારી ગોડાઉનોમાં જ જમા કરાવી દેવાતા હતા. આ મોટી છેતરપિંડી પકડાતા જ પોલીસે તપાસ માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવી છે અને આ મામલે અત્યાર સુધીમાં ૪ લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે.

મધ્ય પ્રદેશમાં ઈથેનોલ બનાવવા માટે સરકાર દ્વારા ૫ લાખ મેટ્રિક ટન (એટલે કે ૫૦ લાખ ક્વિન્ટલ) સરકારી ચોખાની ફાળવણી કરવામાં આવી હતી, જેની અંદાજિત બજાર કિંમત ૧૧૬૦ કરોડ રૂપિયા જેટલી થાય છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, આ કોઈ સામાન્ય ચોખા નહોતો પરંતુ તે ફોર્ટિફાઈડ એટલે કે ખાસ પોષણયુક્ત ચોખા હતા. દેશમાં ગરીબ બાળકો, સગર્ભા મહિલાઓ અને કિશોરીઓને કુપોષણ તેમજ એનિમિયા (લોહીની ઊણપ) જેવી ગંભીર બીમારીઓથી બચાવવા માટે આ ચોખા રેશનિંગ અને સરકારી યોજનાઓ હેઠળ વહેંચવાના હતા, જેને આ કૌભાંડીઓ ચાંઉ કરી ગયા.

આ કરોડો રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ૨ જૂને બાલાઘાટના સરકારી ગોડાઉનમાંથી ઈથેનોલ બનાવવા માટે ચોખા ભરીને નીકળેલી ત્રણ ટ્રકો પોતાના સાચા સરનામે પહોંચી જ નહીં. સરકારી ચોપડે આ ચોખા છિંદવાડાના ઈથેનોલ પ્લાન્ટમાં મોકલવાના હતા, પરંતુ તેના બીજા જ દિવસે આમાંથી એક ટ્રક બાલાઘાટની જ એક ખાનગી રાઈસ મિલમાં ઊભેલી પકડાઈ ગઈ અને બાકીની બે ટ્રકો પણ ગુમ હતી.

આ શંકાસ્પદ ઘટના સામે આવ્યા બાદ પોલીસે જીની રચના કરીને બાલાઘાટ, છિંદવાડા અને સિવની જેવા વિસ્તારોમાં દરોડા પાડ્યા છે. અત્યાર સુધીમાં પોલીસે ચોખા ભરેલી ૧૨ ટ્રકો જપ્ત કરી છે અને ટ્રાન્સપોર્ટર્સ સહિત ૪૦થી વધુ લોકોની કડક પૂછપરછ શરૂ કરી દીધી છે.

તપાસમાં બહાર આવ્યું છે કે આ કૌભાંડનું નેટવર્ક અત્યંત શાતિર રીતે કામ કરતું હતું. ઈથેનોલ પ્લાન્ટના સંચાલકોને સરકાર તરફથી ફોર્ટિફાઈડ ચોખા ૨૩૨૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના સબસિડી વાળા ભાવે મળતા હતા, જ્યારે ખુલ્લા બજારમાં ઈથેનોલ બનાવવા માટે વપરાતા ‘ટુકડા ચોખા’ માત્ર ૨૧૦૦ રૂપિયામાં મળી જતા હતા. ઈથેનોલ પ્લાન્ટના માલિકો આ મોંઘા સરકારી ચોખામાંથી ઈથેનોલ બનાવવાના બદલે તેને ૨૮૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે ખાનગી રાઈસ મિલર્સને વેચી દેતા હતા. રાઈસ મિલર્સ આ ચોખાને નવી ગુણીઓમાં પેક કરીને કસ્ટમ-મિલ્ડ ચોખાના નામે પાછા સરકારી ગોડાઉનોમાં જમા કરાવી દેતા હતા. આનાથી મિલર્સને ડાંગરમાંથી ચોખા બનાવવાનો (મિલિંગનો) ખર્ચ બચી જતો, તેઓ સરકાર પાસેથી મિલિંગ ચાર્જ પણ વસૂલી લેતા અને અસલમાં મિલિંગ માટે મળેલી ડાંગરને ખુલ્લા બજારમાં ઊંચા ભાવે વેચીને કરોડોનો નફો કમાતા હતા.

સરકારી નિયમો મુજબ ગોડાઉનમાં જે જૂના ચોખાનો સ્ટોક પડ્યો હોય તેને પહેલા ઈથેનોલ માટે આપવાનો હોય છે (ફર્સ્ટ ઈન ફર્સ્ટ આઉટ - ફીફો નિયમ). પરંતુ, કેટલાક ભ્રષ્ટ અધિકારીઓએ કૌભાંડીઓને ફાયદો કરાવવા માટે આ નિયમ નેવે મૂકીને એકદમ નવા અને ફોર્ટિફાઈડ ચોખાનો સ્ટોક ફાળવી દીધો હતો.

# નિવૃત્ત કર્મચારીઓ સરકારી આવાસો તેમને જ વેચવાનો દાવો કરી શકે નહીં : હાઈકોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : નિવૃત્ત થયા બાદ સરકારી કર્મચારીઓ એવો હક દાવો ન કરી શકે કે તેમને ફાળવેલા સરકારી આવાસો તેમને જ વેચી દેવામાં આવે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જે.સી. દોશીએ મહત્ત્વપૂર્ણ ચુકાદામાં ઉક્ત કાયદાની પરિસ્થિતિને સ્પષ્ટ કરી આપી છે અને નિવૃત્ત કર્મચારીઓની એસો.ની અપીલ રૂ. ૧૦ હજારના દંડ સાથે ફગાવી કાઢી છે. મેઘાણીનગરમાં આવેલી સી કોલોનીના વિલા સી કોલોની કર્મચારી એસોસિએશન તરફથી હાઈકોર્ટ સમક્ષ ફર્સ્ટ અપીલ દાખલ કરવામાં આવી હતી. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે,આ કેસ કરનાર એસોસિએશનના સભ્યો વર્ગ ચારના સરકારી કર્મચારીઓ છે. તેઓ ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં સ્વીપર, ડ્રાઈવર, વોર્ડબોય, મેડ, આયાની સેવાઓ આપે છે અને તેઓ વિવાદીત પ્રોપર્ટીમાં કુટુંબ સાથે વર્ષોથી રહે છે. આ આવાસો તેમને જ્યાં સુધી સેવા ચાલુ રહેશે, ત્યાં સુધી તેઓ ત્યાં રહી શકે એ શરતે અપાયા હતા. પરંતુ હવે તેમને આવાસ ખાલી કરવા ઓથોરિટી દબાણ કરે છે. આવા મામલે રાજ્ય સરકારના ૦૪.૦૯.૧૯૮૮ના ઠરાવ મુજબ ૧૫ હજાર રૂપિયામાં આ વર્ગના કર્મચારીઓને આવાસ વેચવાની જોગવાઈ કરામાં આવેલી છે. આ નીતિ વિષયક નિર્ણયના આધારે શહેરના નરોડા વિસ્તારમાં વિજય મિલ પાસે આવેલા ક્વાર્ટ્સ સરકારે વેચ્યા હતા. તેથી સમાનતાના ધોરણે આ કેસના અપીલકર્તાઓને સરકારી ઠરાવનો લાભ આપી આવાસો વેચવાનો હુકમ કરવો જોઈએ. બીજી તરફ સરકાર તરફથી અપીલનો વિરોધ કરતા જણાવવામાં આવ્યું હતું કે,આ મામલે જોગવાઈ સ્પષ્ટ છે કે જે કર્મચારીઓ સેવામાં હોય તેમને જ આવાસની ફાળવણી થાય છે. તેવા સંજોગોમાં અપીલકર્તાઓ આવાસ પર કબજાનો દાવો કરી શકે નહીં. સરકારી કર્મચારીને નિવૃત્ત થતાં આ આવાસો ખાલી કરી દેવાના રહે છે અને તેથી આ અપીલ કરી શકાય જ નથી. વધુમાં એવી દલીલ પણ કરવામાં આવી હતી કે અપીલકર્તા જે અન્ય આવાસોની ફાળવણીના ઠરાવની દલીલ કરી રહ્યા છે, એ છસ્ઝનો નિર્ણય હતો. તેથી તેને સરકારના નિર્ણય સાથે જોડી શકાય નહીં. શહેરમાં જે વિલા સી કોલોનીનું સંકુલ સિવિલ હોસ્પિટલના રિડેવલપમેન્ટ અને હોસ્પિટલ બિલ્ડિંગ, હોસ્ટેલ્સ અને મેડિકલ સ્ટાફના રેસિડેન્શિયલ ફેસિલિટી માટે સોંપી દેવામાં આવ્યો છે. બંને પક્ષની દલીલો, કાયદાની જોગવાઈઓ અને જસ્ટિસ દોશીએ ચુકાદો આપતાં ઠરાવ્યું હતું કે,અપીલકર્તા એસોસિએશનના પ્રેસિડેન્ટનો કેસમાં કોઈ હકદાવો બનતો નથી. એટલે એ એવો દાવો કરી શકે જ નહીં કે સરકારને વિવાદીત આવાસો કર્મચારીઓને વેચવાનો આદેશ કરવામાં આવે. આ કર્મચારીઓએ નિવૃત્ત થઈ ગયા બાદ પણ વિવાદીત આવાસ પર કબજો જમાવી રાખ્યો હોઈ, તેમનું આ કૃત્ય સિવિલ હોસ્પિટલના ડેવલપમેન્ટ અથવા રિડેવલપમેન્ટ જાહેરહિતની સદંતર વિપરીત છે. આ પ્રકારના વર્તનને સહેજ પણ ચલાવી લેવાય નથી અને ભારે દંડને પાત્ર બને છે. હાઈકોર્ટે એમ પણ નોંધ્યું છે કે,જાહેર સેવા કરતી વ્યક્તિ સારી રીતે કામ કરી શકે એ હેતુથી જ તેમને સરકાર આવાસની ફાળવણી કરે છે. નહીં કે ફાળવણી મેળવનાર વ્યક્તિના પક્ષમાં કોઈ નિહિત કે કાયમી અધિકાર ઊભો કરવા માટે. એકવાર તે આવાસનો કબજો રાખવાની સત્તા સમાપ્ત થઈ જાય, પછી કબજો ચાલુ રાખવો એ સ્પષ્ટપણે અનધિકૃત ગણાય અને તેને ન્યાયી કે સહાનુભૂતિપૂર્ણ બાબતોના આધારે માન્ય રાખી શકાતું નથી.

# અવકાશમાંથી ‘‘મંગાયેલો સૂર્યપ્રકાશ અમેરિકાએ ૬૦ ફૂટના અરીસાને મંજૂરી આપી

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : અમેરિકાના કેલિફોર્નિયાની સ્ટાર્ટઅપ કંપની રિફ્લેક્ટ ઓર્બિટલએ રાત્રે સૂર્યપ્રકાશ પૃથ્વી પર પાછો મોકલવાના પ્રયોગ માટે મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ એક ફ્રિજ જેટલા કદનો ઉપગ્રહ છે જેમાં ૬૦ ફૂટ પહોળો અરીસો લગાવેલો છે. તેને આ વર્ષના અંતમાં પૃથ્વીથી લગભગ ૬૪૦ કિમી ઉપર લો અર્થ ઓર્બિટમાં મોકલવામાં આવશે. આ અરીસો અવકાશમાંથી સૂર્યના કિરણોને પકડીને રાત્રે પૃથ્વી પર એક ચોક્કસ જગ્યાએ લગભગ ૫ ચોરસ કિમીના વિસ્તારમાં લગભગ ૪ મિનિટ સુધી પ્રકાશ પાથરશે. જમીન પરથી તે પૂર્ણ ચંદ્ર જેટલો તેજસ્વી બિંદુ દેખાશે. કંપનીનો ઉદ્દેશ સૂર્યાસ્ત પછી પણ સોલર ફાર્મ ચાલુ રાખવા, આપત્તિ સમયે રાહત કાર્ય માટે પ્રકાશ આપવા અને શહેરો તથા ખેતી માટે વીજળીનો વિકલ્પ બનાવવાનો છે. જો આ પ્રયોગ સફળ થાય તો ૨૦૨૮ સુધીમાં ૧૦૦૦ અને ૨૦૩૦ સુધીમાં ૫૦૦૦ ઉપગ્રહો મોકલવાની યોજના છે. કંપનીએ જણાવ્યું કે એક અરીસાનો એક કલાકનો ખર્ચ લગભગ ૫૦૦૦ ડોલર એટલે કે ૪.૬ લાખ રૂપિયા જેટલો થશે. જોકે વૈજ્ઞાનિકો અને ખગોળશાસ્ત્રીઓ આનાથી ચિંતિત છે. તેઓનું કહેવું છે કે ૫૦,૦૦૦ જેટલા અરીસા અવકાશમાં મુકાશે તો આખી પૃથ્વી પર આકાશ તેજસ્વી થઈ જશે. કૃત્રિમ પ્રકાશના કારણે ઘણા તારાઓ પણ દેખાતા બંધ થઈ જશે અને જમીન પરથી ખગોળીય સંશોધન કરવું મુશ્કેલ બનશે. આ ઉપરાંત ડ્રાઈવરો અને પાઈલોટ્સની આંખોમાં ચમક લાગવાની અને વન્યજીવોની જૈવિક ઘડિયાળ બગડવાની પણ શક્યતા છે. કહ્યું કે આ જોખમો ઓછા છે, પરંતુ અમેરિકન એસ્ટ્રોનોમિકલ સોસાયટી અને અન્ય સંસ્થાઓ પર્યાવરણીય સમીક્ષાની માંગ કરી રહી છે. ૧૯૯૩માં રશિયાએ પણ ૬૫ ફૂટનો અરીસો અવકાશમાં ટેસ્ટ કર્યો હતો.

# કાયમી ભરતી માટે ૧૨૦૦૦ કરતા વધારે ઉમેદવારોની અરજીઓની ચકાસણી જ શરુ થઈ નથી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : એમ. એસ.યુનિવર્સિટીમાં કાયમી અધ્યાપકોની ભરતી પ્રક્રિયા અચાનક જ સ્થગિત થઈ ગઈ છે. વિવિધ ફેકલ્ટીઓમાં ૮૦૦ જેટલી જગ્યાઓ માટે ઉમેદવારો પાસે અરજીઓ મંગાવવામાં આવી હતી અને આ માટે છેલ્લી તારીખ ૩૧ મે હતી.

મળતી જાણકારી પ્રમાણે ૮૦૦ જેટલી જગ્યાઓ માટે ૧૨૦૦૦ કરતા વધારે અરજીઓ આવેલી છે પણ યુનિવર્સિટી સત્તાધીશોએ હજી સુધી આ અરજીઓની ચકાસણી પણ શરુ કરી નથી.બીજી તરફ ભરતી માટે ઓએસડી તરીકે ફરજ બજાવતા ટેકનોલોજી ફેકલ્ટીના પૂર્વ ડીન પ્રો.ધનેશ પટેલ નિવૃત્ત થઈ ગયા છે પણ તેમની જગ્યાએ અન્ય કોઈ અધ્યાપકને હજી સુધી સત્તાધીશોએ ઓએસડી બનાવ્યા નથી. સૂત્રોનું કહેવું છે કે, ચકાસણીમાં થઈ રહેલા વિલંબથી એવો સવાલ પણ ઉભો થઈ રહ્યો છે કે, સત્તાધીશો ખરેખર ભરતી કરવામાં રસ છે ખરો? ઉપરાંત અરજીઓની સ્ક્રુટિની માથાનો દુખાવો બની શકે છે.કારણકે તમામ અરજીઓ ઓનલાઈન મંગાવવામાં આવી છે.દરેક અરજી સાથે ૨૦૦ થી ૩૦૦ પાનાના બીજા ડેસ્ટોની જોડાયેલા છે.આ સંજોગોમાં સત્તાધીશોએ અરજી અને દસ્તાવેજોની હાર્ડકોપી મંગાવવાની જરુર હતી.

# ગાંધીનગરમાં શિક્ષકોનો હલ્લાબોલ: ટેટ ફરજિયાત કરાતા રાજ્યભરમાંથી શિક્ષકો વિરોધ પ્રદર્શનમાં જોડાયા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : શિક્ષકો માટે સુપ્રીમ કોર્ટના એક તાજેતરના મહત્વના ચુકાદા બાદ સમગ્ર દેશ સહિત ગુજરાતમાં ભારે નારાજગી અને આક્રોશ ફેલાયો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે શિક્ષણ સર્વિસ સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા અથવા બઢતી(પ્રમોશન) મેળવવા માટે ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટ પાસ કરવી ફરજિયાત રહેશે. આ નિર્ણયના વિરોધમાં આજે(૧૧મી જુલાઈ) રાજ્યભરની મોટી સંખ્યામાં શિક્ષકો ગાંધીનગર ખાતે ઉમટી પડ્યા હતા અને દેખાવો કરીને સરકાર સામે મોરચો માંડ્યો હતો.

ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં સ્થાનિક સ્તરે દેખાવો કર્યા બાદ આજે આ આંદોલને રાજ્યવ્યાપી સ્વરૂપ ધારણ કર્યુ છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર અને જામનગર સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં શિક્ષકો ગાંધીનગર પહોંચ્યા હતા. શિક્ષકોએ સરકાર વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો અને ૫૦ પત્રર માંગણીઓ તાત્કાલિક સ્વીકારવા દબાણ કર્યું હતું. ગાંધીનગરમાં શિક્ષકોની આટલી મોટી જનમેદનીને ધ્યાનમાં રાખીને અગમચેતીના ભાગરૂપે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

આંદોલન કરી રહેલા શિક્ષક સંગઠનોએ સરકાર સમક્ષ પોતાની મુખ્ય માંગણીઓ રજૂ કરી છે. જેમ કે, વર્ષ ૨૦૧૦ પહેલાં નિયુક્ત થયેલા તમામ અનુભવી શિક્ષકોને ફરજિયાત ટેટ પરીક્ષા આપવાના નિયમમાંથી કાયમી મુક્તિ આપવામાં આવે. પહેલી એપ્રિલ ૨૦૦૫ બાદ ભરતી થયેલા તમામ શિક્ષકોને પણ જૂની પેન્શન યોજનાનો લાભ મળવો જોઈએ. ધોરણ ૬થી ૮માં ફરજ બજાવતા શિક્ષકોની કામગીરી અને જવાબદારીને ધ્યાને રાખીને તેમને અલગ તથા વધુ ગ્રેડ પે આપવામાં આવે. ઉર્દૂ આચાર્યોને સોંપવામાં આવેલા અન્ય શાળાઓના વધારાના ચાર્જનો નિર્ણય સરકાર તાત્કાલિક પરત ખેંચે. શિક્ષક મહાસંઘના આગેવાનોએ ચીમકી ઉચ્ચારતાં જણાવ્યું હતું કે, ‘સરકાર દ્વારા અમારી લાંબા સમયથી પડતર રહેલી આ ન્યાયિક માંગણીઓ અંગે જો કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો આ લડતને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. આગામી દિવસોમાં ગુજરાતના શિક્ષકો પોતાની માંગ બુલંદ કરવા માટે દિલ્હી જઈને રાષ્ટ્રીય સ્તરે આંદોલન કરશે.’

# ૨૦૨૪-૨૫ માં ગ્રીનલેન્ડે ૧૦૫ અબજ ટન બરફ ગુમાવ્યો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : આ વર્ષે બરફવર્ષા પ્રમાણમાં સારી હતી, તેમ છતાં દરિયામાં તૂટીને પડતા હિમખંડો એટલે કે કેલ્વિંગના કારણે બરફની ખોટ વધારે રહી. તેથી એકંદરે બરફનું નુકસાન હજુ પણ નકારાત્મક રહ્યું છે. આ સતત ૨૯મું વર્ષ છે જ્યારે ગ્રીનલેન્ડની બરફની ચાદરમાં ચોખ્ખું નુકસાન નોંધાયું છે. છેલ્લી વખત ૧૯૯૬ માં તેમાં વધારો થયો હતો. ૧૯૭૦ના દાયકાથી ગ્રીનલેન્ડની બરફની ચાદર દર વર્ષે ઝડપથી ઓગળી રહી છે અને ૧૯૭૨ થી ૨૦૨૫ સુધી સરેરાશ દર વર્ષે લગભગ ૧૦૭ ગીગાટન બરફનું નુકસાન થયું છે. ૨૦૨૫ માટે અન્ય અંદાજો મુજબ નુકસાન ૧૨૯ થી ૧૩૯ ગીગાટનની આસપાસ હતું, જે લાંબા ગાળાની સરેરાશ કરતા થોડું ઓછું છે કારણ કે વસંત અને ઉનાળામાં વધારે બરફવર્ષા થઈ હતી. ગ્રીનલેન્ડમાં એટલો તાજો પાણી સંગ્રહિત છે કે જો તે સંપૂર્ણ ઓગળી જાય તો વૈશ્વિક સમુદ્ર સપાટી લગભગ ૭ મીટર વધી શકે છે. બરફની આ ચાદરમાં હજારો વર્ષ જૂના હવાના પરપોટા પણ સંગ્રહિત છે જે પૃથ્વીના હવામાનનો ઈતિહાસ કહે છે. જ્યારે બરફ ઓગળે છે ત્યારે તે રેકોર્ડ પણ હંમેશા માટે નાશ પામે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે બરફનું આ નુકસાન સમુદ્રની સપાટી, દરિયાઈ પ્રવાહો અને હવામાનની પેટર્ન પર ગંભીર અસર કરે છે, તેથી તેના પર સતત નજર રાખવી જરૂરી છે.

# ટેટ પરીક્ષાના વિરોધમાં ગાંધીનગર ખાતે ૩૦ હજાર પ્રા. શિક્ષકોના ધરણાં





ગાંધીનગર - કચ્છઉદય : અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આદેશના પગલે સત્યાગ્રહ છાવણી, ગાંધીનગર ખાતે ટેટ મુક્તિની માંગ સાથે રાજ્યભરના પ્રાથમિક શિક્ષકોનો રાજ્યકક્ષાનો ધરણા કાર્યક્રમ યોજાયો હતો. વર્ષ ૨૦૧૦ પહેલાં નિમણૂક પામેલા પ્રાથમિક શિક્ષકોને ટેટ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે તેવી મુખ્ય માંગ સાથે ગુજરાતના તમામ ૩૪ જિલ્લાઓમાંથી અંદાજિત ૩૦ હજારથી વધારે પ્રા. શિક્ષકો ગાંધીનગર પહોંચ્યા હતા. શિક્ષકોએ સરકાર સામે સૂત્રોચ્ચાર કરી અન્યાયી ટેટ પરીક્ષા રદ કરવાની માંગ બુલંદ કરી હતી. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલું ટેટ મુક્તિ આંદોલન હવે વધુ તેજ બનવાના સંકેતો વચ્ચે શિક્ષકો દ્વારા સરકારને વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવા અપીલ કરવામાં આવી રહી છે. આ બાબતે સોમવારે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો રાજ્યના મુખ્યમંત્રી અને બંને શિક્ષણમંત્રીઓને આ બાબતે આવેદનપત્ર પાઠવશે. શિક્ષકો માટે બઢતી મેળવવા જ નહીં પરંતુ નોકરી ચાલુ રાખવા માટે પણ ટેટ ફરજીયાત કરવાના સુપ્રિમ કોર્ટના આદેશનો રાજ્યભરમાં વ્યાપક વિરોધ થયો છે. અગાઉ જિલ્લા મથકોએ ધરણાં સાથે કલેકટરો, ધારાસભ્યો અને સાંસદોને આવેદનપત્ર આપ્યા બાદ બીજા તબક્કામાં રાજ્યકક્ષાના ધરણાં કાર્યક્રમમાં શનિવારે રાજ્યભરમાંથી શિક્ષકોના ધાડેધાડા ગાંધીનગરમાં ઉતરી પડીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. વર્ષ ૨૦૧૦ પહેલાના શિક્ષકોને ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટમાંથી કાયમી મુકિતની મુખ્ય માંગ દોહરાવવા સાથે શિક્ષક સંગઠન દ્વારા ઉગ્ર આંદોલનની ચિમકી આપવામાં આવી છે.

ટેટ પરીક્ષા બાબતે આગામી સમયમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા કોઈ હકારાત્મક કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં દિલ્હી ખાતે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા દેશવ્યાપી આંદોલન સાથે રાષ્ટ્રીય કક્ષાના ધરણાં કાર્યક્રમ યોજાશે અને દેશના તમામ સાંસદોને આવેદનપત્ર આપી કેન્દ્ર સરકાર દ્વારા હસ્તક્ષેપ કરવા દબાણ કરવામાં આવશે. સુપ્રિમ કોર્ટનો ચુકાદો આવ્યાના દિવસથી જ રાજ્યભરના શિક્ષકો આગબબુલા થયેલા છે અને આ મુદ્દે રાજ્ય અને કેન્દ્ર સરકારની દરમિયાનગીરી માંગી રહ્યાં છે.

નિવૃતિની નજીક પહોંચી ગયેલા ઘણા શિક્ષકો તો નોકરી છોડી દેવાનું પણ મન બનાવી રહ્યાં છે.જો આમ થશે તો રાજ્યના હજારો બાળકોનું શિક્ષણ કાર્ય જોખમાઈ જશે તેવી ભીતિ વ્યક્ત કરાઈ છે.

શિક્ષકો અને સંગઠનોનું કહેવું છે કે, જેઓ વર્ષ ૨૦૧૦ પહેલાથી એટલે કે છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષ કરતાં વધુ સમયથી શાળાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યા છે, તેમની પાસે શૈક્ષણિક કાર્યનો બહોળો અનુભવ છે.

આવા અનુભવી શિક્ષકોને પણ આ ઉંમરે ટેટની પરીક્ષા પાસ કરવાનો નિયમ થોપી દેવો તે તદ્દન ગેરવ્યાજબી અને અન્યાયકર્તા છે.વિરોધ પ્રદર્શન દરમિયાન શિક્ષકોએ આક્રોશ ઠાલવ્યો હતો કે સરકાર શિક્ષકોને ખોટી રીતે હેરાન કરવા અને નવી પરીક્ષાઓ લાવીને માત્ર 'તૂત' ઊભું કરવાનો પ્રયાસ કરી રહી છે, જે કોઈ કાળે સાંખી લેવામાં નહીં આવે. જો સરકાર વર્ષ ૨૦૧૦ અગાઉના અનુભવી શિક્ષકોને આ નિયમમાંથી તાત્કાલિક મુક્તિ નહીં આપે, તો આગામી દિવસોમાં આ વિરોધ પ્રદર્શન દેશવ્યાપી બની રહેશે.

સત્યાગ્રહ છાવણી વિસ્તારમાં શિક્ષકોના વાહનોની સંખ્યા એટલી વધી પડી હતી, કે કાર પાર્કિંગ ફુલ થઈ ગયા હતાં. સર્વિસ રોડ પર ટ્રાફિના પ્રશ્નો પણ ઉભા થયા હતાં. રાજ્યના દરેક જિલ્લામાંથી આવેલા શિક્ષક સંગઠનના પદાકારીઓની માંગણી એ રહી હતી, કે વર્ષ ૨૦૧૦ પહેલા ભરતી થયેલા શિક્ષકોને ટેટ પાસ કરવાથી મુક્તિ આપવામાં આવે. આ ઉપરાંત ૨૦૦૫ બાદ ભરતી થયેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવામાં આવે, કેળવણી નિરીક્ષકની ભરતીમાં પગાર રક્ષણ આપવા, ધોરણ ૬ થી ૮ના શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડપે આપવા, એચ. ટાટ આચાર્યોને વધારાની શાળાનો ચાર્જ ન સોંપવા, બિન શૈક્ષણિક કામગીરી ન કરાવવા, તાલીમોનો અતિરેક્ત બંધ કરવા, વર્ગ ૧ અને ૨ ની ભરતીમાં પ્રાથમિક શિક્ષકનો અનુભવ માન્ય રાખવા, ૨૦૦૫ પહેલાના શિક્ષકોના ખાતાની જમા રકમ જી.પી.એફ. માં જમા કરવા, બદલી પામેલ શિક્ષકોને ૧૦૦ ટકા છૂટા કરવા સહિતની માંગ કરવામાં આવી હતી. ધરણાં કાર્યક્રમમાં રાજ્યસંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી જૈમિન પટેલ, કર્મચારી મહામંડળના પ્રમુખ સતીશ પટેલ ઉપરાંત વિવિધ મંડળોના આગેવાનો, રાજ્યસંઘ, જિલ્લા સંઘ અને તાલુકા સંઘના હોદ્દેદારો સાથે રાજ્યભરમાંથી વિશાળ સંખ્યામાં શિક્ષક ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છ જિલ્લામાંથી નયનસિંહ જાડેજા, કેરણાભાઇ આહિર, હરિસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, વિલાસબા જાડેજા ઉપરાંત વિવિધ તાલુકા સંઘના પ્રમુખ, મહામંત્રી, જિલ્લા - તાલુકા અને ગૃપ પ્રતિનિધિઓ મળી ૩૦૦ થી વધારે શિક્ષકો ઉપસ્થિત રહ્યા હોવાનું જિલ્લા સંઘના કાર્યાધ્યક્ષ હરદેવસિંહ જાડેજા અને સિનિયર ઉપપ્રમુખ જીતેન્દ્ર ઠક્કરે જણાવ્યું હતું.

# વરસાદ ખેંચાતા કચ્છમાં પાણી અને ઘાસચારાની તંગી સર્જાઈ

**કચ્છમાં પશુધન - ઘાસચારા કટોકટી જાહેર કરવા માંગ કરાઈ**

ભુજ - કચ્છઉદય : વરસાદ ખેંચાતા કચ્છમાં સર્જાયેલી ગંભીર પાણી અને ઘાસચારા કટોકટી, ગૌચર જમીનો પરના દબાણો તથા માલધારી - પશુધનના અસ્તિત્વના પ્રશ્ને તાત્કાલિક કચ્છ પશુધન - ઘાસચારા કટોકટી જાહેર કરી યુદ્ધના ધોરણે રાહત કામગીરી શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

કચ્છ જિલ્લા કિસાન કોંગ્રેસ સમિતિ ચેરમેન અને રાષ્ટ્રીય કિસાન પરિષદ મહામંત્રી યોગેશભાઈ પોકારે મુખ્યમંત્રી, કૃષિમંત્રી અને કલેકટરને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, કચ્છમાં વરસાદ ખેંચાતાં માલધારીઓ, પશુઓના જીવન અને ગામડાંઓના અસ્તિત્વ સામે ગંભીર સંકટ ઊભું થયું છે. કચ્છના લાખો પશુઓ માટે પાણી અને ઘાસચારો જીવન - મરણનો પ્રશ્ન બની રહ્યો છે. બીજી તરફ ગૌચર જમીનો પર વર્ષોથી થયેલા દબાણો, ઘટતું ચરિયાણ અને પાણીના સ્ત્રોતોની અછતને કારણે પરિસ્થિતિ વધુ વિકટ બની રહી છે. જેથી તાત્કાલિક કચ્છમાં તાત્કાલિક સર્વે કરીને ગંભીર અસરગ્રસ્ત વિસ્તારોમાં "પશુધન અને ઘાસચારા કટોકટી" જાહેર કરવામાં આવે, દરેક તાલુકામાં સરકારી સહાયથી ઘાસચારા ડેપો તાત્કાલિક શરૂ કરી પૂરતા જથ્થામાં સબસિડીયુક્ત અથવા જરૂરિયાતમંદ માલધારીઓને નિઃશુલ્ક ઘાસચારો ઉપલબ્ધ કરાવવામાં આવે, જરૂરિયાત મુજબ કેટલ કેમ્પ/ઢોરવાડા શરૂ કરી પાણી, ઘાસચારો, છાંયડો અને પશુચિકિત્સાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવે, ગામેગામ પશુઓ માટે ટેન્કર દ્વારા પાણી પહોંચાડવા વિશેષ પશુ-પાણી રાહત યોજના તાત્કાલિક અમલમાં મૂકવામાં આવે, કચ્છની તમામ ગૌચર જમીનોનું સમયમર્યાદામાં ડિજિટલ સર્વે અને સીમાંકન કરીને ગેરકાયદેસર દબાણો સામે નિષ્પક્ષ કાર્યવાહી કરવામાં આવે, ગૌચર જમીનો પર થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવા જિલ્લા કક્ષાની વિશેષ ટાસ્ક ફોર્સ બનાવવામાં આવે, ઉદ્યોગો, સરકારી પ્રોજેક્ટો કે અન્ય હેતુ માટે લેવાયેલી ગૌચર જમીનના બદલામાં કાયદેસર ધોરણે વૈકલ્પિક ગૌચર જમીન ઉપલબ્ધ કરાવવામાં આવે, દરેક તાલુકામાં ઘાસચારા અને પાણીની ઉપલબ્ધતાની દૈનિક સમીક્ષા માટે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવે, પશુઓમાં ભૂખમરો, કુપોષણ અને રોગચાળો અટકાવવા મોબાઈલ પશુચિકિત્સા ટીમો તાત્કાલિક કાર્યરત કરવામાં આવે, કચ્છ માટે લાંબા ગાળાની "કચ્છ ઘાસચારા અને પશુ-જળ સુરક્ષા નીતિ" ઘડી કાયમી ચારા બેંક અને પાણીના અનામત સ્ત્રોત ઊભા કરવામાં આવે, તળાવો, ચેકડેમો, પરંપરાગત જળસ્ત્રોતો અને પશુઓ માટેના અવાડાઓને તાત્કાલિક ભરવા અને પુનર્જીવિત કરવા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

આવેદનપત્ર મળ્યાના ૭ દિવસમાં જિલ્લા કક્ષાએ ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી નક્કર કાર્યવાહી અને જાહેર એક્શન પ્લાન રજૂ કરવામાં આવે. જો સમયસર અસરકારક પગલાં લેવામાં નહીં આવે અને પશુધનને નુકસાન થશે, તો તેની નૈતિક અને વહીવટી જવાબદારી સંબંધિત તંત્રની રહેશે. જરૂર પડ્યે કચ્છના માલધારીઓ, ખેડૂતો અને પશુપ્રેમીઓના હિતમાં લોકશાહી અને અહિંસક રીતે જિલ્લા કક્ષાનું જનઆંદોલન શરૂ કરવાની ફરજ પડશે તેવી માંગ કરી છે.

# ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ભારતે પોતાની ભૂમિકા મજબૂત કરી

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જુલાઈ ૨૦૨૬માં ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડનો ત્રણ-દેશનો પ્રવાસ કરીને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ભારતની હાજરીને વધુ મજબૂત બનાવી. ચીનના વધતા પ્રભાવ અને અમેરિકાની નીતિઓ અંગેની અનિશ્ચિતતાની વચ્ચે આ પ્રવાસનો હેતુ વેપાર, ઉર્જા, સંરક્ષણ, ક્રિટિકલ મિનરલ્સ અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં ભાગીદારીને નવી ઊંચાઈએ લઈ જવાનો હતો. પ્રવાસની શરૂઆત ઈન્ડોનેશિયાથી થઈ. અહીં ભારત અને ઈન્ડોનેશિયાએ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવાનો નિર્ણય કર્યો. વેપાર અને રોકાણ ઉપરાંત સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, ક્રિટિકલ મિનરલ્સ, સ્વચ્છ ઉર્જા અને ડિજિટલ અર્થતંત્રમાં સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો. ભારતે સમર્થન આપેલ પ્રમ્બન મંદિરના પુનઃસ્થાપન કાર્યને પણ દ્વિપક્ષીય સાંસ્કૃતિક સંબંધોના ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવ્યું. સંરક્ષણ ક્ષેત્રે બ્રહ્મોસ મિસાઈલ સહિતના સહયોગની શક્યતાઓ પર પણ ચર્ચા થઈ.

બીજા તબક્કામાં મોદી ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન પહોંચ્યા જ્યાં સૌથી મહત્વપૂર્ણ સમજૂતીઓ થઈ. ભારત અને ઓસ્ટ્રેલિયાએ નાગરિક પરમાણુ ઉર્જા માટે ઓસ્ટ્રેલિયાથી ભારતમાં યુરેનિયમના વ્યાવસાયિક પુરવઠા અંગે ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા. પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે આ સમજૂતીથી ભારતના ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઉર્જા ઉત્પાદનના લક્ષ્યને નવો વેગ મળશે. આ ઉપરાંત બંને દેશોએ સંરક્ષણ અને સુરક્ષા પર સંયુક્ત ઘોષણા કરી અને દરિયાઈ સુરક્ષા માટે રોડમેપ તૈયાર કર્યો. સાયબર સુરક્ષા, ક્રિટિકલ ટેકનોલોજી અને સપ્લાય ચેઈન માટે નવી ભાગીદારી શરૂ કરવામાં આવી અને ક્રિટિકલ મિનરલ્સ કોરિડોર બનાવવા પર પણ સહમતિ થઈ. વેપારના ક્ષેત્રમાં વ્યાપક આર્થિક સહકાર કરારને ઝડપથી પૂર્ણ કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો. બંને ક્વાડ ભાગીદાર દેશોએ મુક્ત, ખુલ્લા અને નિયમ-આધારિત ઈન્ડો-પેસિફિક માટેની પ્રતિબદ્ધતા ફરી દોહરાવી.

પ્રવાસના અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી ન્યૂઝીલેન્ડ પહોંચ્યા અને ત્યાં પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે દ્વિપક્ષીય વાતચીત કરી. આર્થિક અને વેપારિક સંબંધોને ગાઢ બનાવવા, રોકાણ વધારવા અને ભારતીય સમુદાય સાથે જોડાવા પર ચર્ચા થઈ. ન્યૂઝીલેન્ડ સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની વાટાઘાટો પૂર્ણ થયા બાદ આગામી ૧૫ વર્ષમાં ૨૦ બિલિયન ડોલરના રોકાણની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી. એકંદરે આ ત્રણ-દેશના પ્રવાસ દ્વારા ભારતે મિસાઈલ અને સંરક્ષણ સહયોગથી લઈને યુરેનિયમ અને પરમાણુ ઉર્જા, ક્રિટિકલ મિનરલ્સ અને રમતગમતની કૂટનીતિ સુધીના તમામ મોરચે ઈન્ડો-પેસિફિકમાં પોતાની વ્યૂહાત્મક ભાગીદારીને નવી દિશા આપી છે.

# વિયેતનામમાં બોટ પલટી જતાં ૧૫ ભારતીય પ્રવાસીઓના મોત

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ૧૧ જુલાઈના રોજ વિયેતનામના ફુ કુઓક ટાપુ નજીક એક પ્રવાસી બોટ પલટી જતાં ઓછામાં ઓછા ૧૫ ભારતીય પ્રવાસીઓના મોત થયા છે. આ બોટ હોન મે રુટ ટાપુથી અન થોઈ પોર્ટ તરફ જઈ રહી હતી ત્યારે લગભગ ૪૦૦ મીટર દૂર મોટા મોજાઓ અને ખરાબ દરિયાઈ પરિસ્થિતિને કારણે પલટી ગઈ. બોટમાં કુલ ૩૬ લોકો સવાર હતા જેમાં ૩૨ ભારતીય પ્રવાસી, ત્રણ ક્રૂ મેમ્બર અને એક એટેન્ડન્ટનો સમાવેશ થતો હતો. આ દુર્ઘટનામાં ૨૧ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા જેમાંથી બેની હાલત ગંભીર છે.

મૃતકોમાં ૧૦ લોકો તમિલનાડુના, ત્રણ આંધ્ર પ્રદેશના અને બે કેરળના હોવાનું ભારતીય દૂતાવાસે જણાવ્યું છે. મીડિયા અહેવાલો અનુસાર મોટાભાગના લોકો લાવા મોબાઈલ્સ કંપનીના કર્મચારીઓ અને ડિસ્ટ્રિબ્યુટર્સ હતા જેઓ સેલ્સ ટાર્ગેટ પૂરો કર્યા બાદ કંપની તરફથી આયોજિત વિયેતનામ પ્રવાસ પર ગયા હતા. આ ઘટનાના સમાચાર ભારતમાં ફેલાતા જ દુખ અને શોકની લાગણી ફેલાઈ ગઈ. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે. વિયેતનામમાં ભારતીય દૂતાવાસે આને દુખદ ઘટના ગણાવી છે અને હો ચી મિન્હ સિટી અને હનોઈમાં ઈમરજન્સી કંટ્રોલ રૂમ શરૂ કર્યા છે જેથી અસરગ્રસ્ત પરિવારોને મદ મળી શકે. તેલંગાણા સરકારે પણ કંટ્રોલ રૂમ બનાવ્યો છે. વિયેતનામના વડાપ્રધાને પણ આ મામલાની તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. ફુ કુઓક કોરલ રીફ અને આઈલેન્ડ હોપિંગ માટે જાણીતો ટાપુ છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં ત્યાં ભારતીય પ્રવાસીઓની સંખ્યા વધી છે.

# પ્રાકૃતિક ખેતીએ સ્વસ્થ જમીનથી ટકાઉ ભવિષ્યનો માર્ગ

**પ્રાકૃતિક ખેતીથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ થયું બમણું : જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી : ખેડૂતોની સમૃદ્ધિ, સ્વસ્થ જમીન, પર્યાવરણ સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી જ અસરકારક અને વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત ઉપાય**

જુનાગઢ - કચ્છઉદય : પ્રાકૃતિક ખેતી માત્ર પરંપરાગત કૃષિ પદ્ધતિ નથી, પરંતુ ટકાઉ કૃષિ અને આબોહવા પરિવર્તન સામે લડવાનો વૈજ્ઞાનિક માર્ગ છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા સંશોધનોએ આ વાતને વૈજ્ઞાનિક પુરાવા સાથે સાબિત કરી છે. સંશોધન મુજબ પ્રાકૃતિક ખેતી અપનાવવાથી માત્ર પાંચ વર્ષમાં જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ૦.૪૫ ટકાથી વધીને ૦.૯૩ ટકા થયું છે. વરસાદી / સિંચાઈનું પાણી જમીનમાં ઉતરવાનો દર ૬.૫૦ સે.મી./કલાકથી વધીને ૧૪.૫૦ સે.મી./કલાક થયો છે, જ્યારે ભેજ સંગ્રહ ક્ષમતા ૧૨.૭૫ ટકાથી વધીને ૧૯.૮૪ ટકા નોંધાઈ છે. આ સાથે પ્રાકૃતિક ખેતી દ્વારા દર વર્ષે પ્રતિ હેક્ટર ૪થી ૮ ટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ જેટલો આબોહવા સંબંધિત લાભ મળી શકે છે. આ સંશોધનના તારણોને લોકભવન ખાતે રાજ્ય સ્તરીય પ્રાકૃતિક ખેતી સમીક્ષા બેઠકમાં રજૂ કરાયા હતા, જેને માન. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ પણ મહત્વપૂર્ણ ગણાવ્યા હતા.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં જમીનના નમૂનાઓનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને ઓર્ગેનિક કાર્બનની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. અભ્યાસમાં સૌરાષ્ટ્રની જમીનમાં સરેરાશ ૦.૫૭ ટકા ઓર્ગેનિક કાર્બન નોંધાયો હતો. જેમાં જિલ્લાઓ પ્રમાણે પોરબંદરમાં (૦.૮૨%), ગીર સોમનાથમાં (૦.૭૫%) અને જૂનાગઢમાં (૦.૭૨%) પ્રમાણ જોવા મળ્યું હતું, જ્યારે સુરેન્દ્રનગરમાં (૦.૪૪%), ભાવનગરમાં (૦.૪૫%) અને જામનગરમાં (૦.૪૬%) તે પ્રમાણ તુલનાત્મક રીતે ઓછું નોંધાયું હતું. સંશોધન દર્શાવે છે કે જે જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધુ છે ત્યાં જમીનની ફળદ્રુપતા, ભેજ સંરક્ષણ અને કૃષિ ઉત્પાદકતા પણ વધુ સારી છે. વિવિધ ખેડૂતોના ખેતરોમાં કરાયેલા અભ્યાસમાં પ્રાકૃતિક ખેતીના નોંધપાત્ર પરિણામો સામે આવ્યા છે. પાંચ વર્ષ સુધી પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતના ખેતરોમાં જમીનની છિદ્રાળુતા ૩૪.૬૩ ટકાથી વધીને ૪૧.૦૮ ટકા થઈ હતી, જ્યારે જમીનની ઘનતા ૧.૪૨થી ઘટીને ૧.૩૬ થઈ હતી. આ ફેરફારોના કારણે જમીનમાં હવા અને પાણીનો પ્રવાહ સુધરે છે, મૂળનો વિકાસ સારો થાય છે અને પાકની ઉત્પાદન ક્ષમતા લાંબા ગાળે જળવાઈ રહે છે.

સંશોધનનું વધુ એક મહત્વપૂર્ણ પાસું આબોહવા પરિવર્તન સાથે જોડાયેલું છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગમાં ઘટાડો, પાક અવશેષોનું પુનઃચક્રિયકરણ, જીવામૃત જેવા પ્રાકૃતિક ઈનપુટ્સનો ઉપયોગ તથા ઓછી ખેડ જેવી પદ્ધતિઓ જમીનમાં કાર્બન સંગ્રહ વધારવામાં મદદરૂપ બને છે. પરિણામે ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે અને પ્રાકૃતિક ખેતી એક અસરકારક ક્લાઈમેટ - સ્માર્ટ એગ્રીકલ્ચર તરીકે ઉભરી રહી છે. આજે જ્યારે જમીનના સ્વાસ્થ્યમાં ઘટાડો અને આબોહવા પરિવર્તન જેવા પડકારો સમગ્ર વિશ્વ સામે ઊભા છે, ત્યારે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનું આ સંશોધન સ્પષ્ટ સંદેશ આપે છે કે પ્રાકૃતિક ખેતી ખેડૂતોની સમૃદ્ધિ, સ્વસ્થ જમીન અને પર્યાવરણના સંરક્ષણ માટે અસરકારક તથા વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત માર્ગ છે. ભારતના વર્ષ ૨૦૭૦ના નેટ ઝીરો લક્ષ્યને હાંસલ કરવામાં પણ પ્રાકૃતિક ખેતી મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

# રાહ જોવડાવ્યા પછી વરસાદ અચાનક તૂટી પડે તો તેની આગોતરી સાવધાની જરૂરી

**ક્યારેક ક્યારેક ચોમાસાના અંતમાં પણ ભારે વરસાદ પડ્યો છે ગમે ત્યારે વરસાદ તૂટી પડે તો ત્યારે તંત્ર દ્વારા પહેલેથી સાવધાની રાખી હોય તો લોકોને અને તંત્રના સ્ટાફને પણ છેલ્લી ઘડીએ તકલીફ અને દોડાદોડી ન થાય**

ભુજ - કચ્છઉદય : સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત મુંબઈ અને ભારતના બીજા વિસ્તારોમાં જોરદાર વરસાદ પડી ચૂક્યો છે અને તેના હાલ આપણે જોઈ રહ્યા છીએ ત્યારે હવે કચ્છ ઉપર પણ ધીમે ધીમે વાદળો જમાવટ કરી રહ્યા છે અને પૂર્વ કચ્છમાં તો વરસાદ ધીમે ધીમે ચાલુ પણ થઈ ગયો છે ત્યારે ભૂતકાળના અનુભવો ઉપરથી પાઠ લઈ અને ભુજમાં સંભવિત વરસાદ પહેલાં જ પૂર્વ તૈયારી ખૂબ જ જરૂરી છે. આમ તો સરકારી તંત્ર અગાઉથી આયોજન મીટીંગો યોજી આયોજન અને વ્યવસ્થા કરતી જ હોય છે પરંતુ ઘણીવાર છેલ્લી ઘડીએ વ્યવસ્થા તંત્ર હાંફી જાય છે. ફક્ત સરકારી તંત્ર દ્વારા નહીં પરંતુ લોકોએ પણ જાગૃત રહી અને પહેલેથી સાવધાની રાખવી જરૂરી છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર ૨૦૨૨માં ચોમાસાના અંત ભાગમાં ભુજમાં ભારે નુકસાન કરતો વરસાદ પડ્યો હતો. તો એવી જ રીતે તેના પહેલાં ૨૦૦૩માં ખાવડા બન્ની અને ભુજ ગ્રામ્ય વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને કેન્દ્ર સરકારની મદદ લેવી પડી હતી. ૨૦૧૧માં પણ ભારે વરસાદથી શહેરની મુખ્ય બજારો અને ભુજના અનેક નિચાણવાળા વિસ્તારો પાણી પાણી થઈ ગયા હતા.

ભુજમાં સંજોગનગર, બસ સ્ટેશન રોડ, વાણીયાવાડ, અનમ રીંગ, હમીરસર તળાવના ઓગનમાં પાસે આવેલ વિસ્તાર, ઓરીએન્ટ કોલોની, ઉમેદનગર કોલોની, સ્ટેશન રોડની આજુબાજુના નીચાણવાળા વિસ્તારો વગેરે સહિત જ્યાં જ્યાં ભૂતકાળમાં પાણી ભરાયું છે ત્યાં સાવધાની રાખવી જરૂરી છે. હોસ્પિટલ રોડ અને સ્ટેશન રોડ પાસેથી દેશલપર તળાવ તરફ જુદા જુદા વિસ્તારોનું પાણી ઠાલવતા પાણી નિકાલના નાળાં ઉપર ભવિષ્યનું ધ્યાન રાખ્યા વગર આડેધડ મંજૂરી આપીને ખડકી દેવાયેલા બિલ્ડીંગોને કારણે આ બધા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની પૂરતી સંભાવના રહે છે ત્યારે તે નાલામાંથી બરોબર પાણી નીકળી જાય તે માટે જરૂરી વ્યવસ્થા અને સફાઈ તાત્કાલિક કરાવવી જોઈએ. ઉપરાંત નીચાણવાળા વિસ્તારમાંથી પાણી ખેંચવા માટે હેવી મોટરપંપ તૈયાર રાખવા જોઈએ. ગ્રામ્ય વિસ્તારના માર્ગ અને નખત્રાણા જતા માર્ગો ઉપરના કોઝવે તથા અન્ય જગ્યાએ આવેલા આવા જ બેઠા પુલ ઉપરથી પાણી પસાર થતું હોય ત્યારે લોકો અને ખાસ કરીને વાહન ચાલકોએ પણ સાવધાની રાખવી જોઈએ. પાણી ગમે એટલું ઓછું દેખાતું હોય તો પણ ચોમાસામાં કોઝવેથી દૂર રહી ઉભા રહી જવું. જરૂર પડે પાછા ચાલ્યા જવું કારણ કે ભૂતકાળમાં એવા બનાવ બની ગયા છે કે અચાનક વહેતા પાણીની સપાટી વધી ગઈ છે. ભારેખમ વાહનો પણ તણાઈ ગયા છે. કેટલાક લોકોના જીવ પણ ગયા છે. આવા સંજોગોમાં જોખમી વિસ્તારોમાં વાહન ચાલકો અને લોકો પ્રવેશે નહીં તે માટે આ વિસ્તારોની યાદી બનાવી પોલીસ બંદોબસ્ત રાખવા અગાઉથી ટુકડીઓનું ગઠન કરવું જોઈએ. જેથી સમય આવે જલ્દી મોકલી શકાય અને નિર્દોષ જિંદગી પાણીમાં તણાઈ જતાં બચી જાય.

ચોમાસામાં ભરાતા પાણીથી રોગચાળો ફેલાઈ શકે છે એટલે તેના માટે અગાઉથી દવાઓનો પૂરતો સ્ટોક હોસ્પિટલોમાં રાખવો જોઈએ. રસ્તા પર આજુબાજુ ગંદા ઉકરડા અગાઉથી ઉપડાવી લેવા જોઈએ નહીં તો પાણીમાં તે મિક્સ થઈ અને લોકોના ઘરમાં અથવા દુકાનોમાં ઘૂસી જવાની સંભાવના રહે છે. લોકોને સ્થળાંતર કરવા માટે વાહનો ઉપરાંત મજબૂત યાંત્રિક હોડીઓ પૂરતા પ્રમાણમાં તૈયાર રાખવી જોઈએ. આ ઉપરાંત તો જરૂર પડે ફૂડ પેકેટ બનાવવા માટેની બધી જ સામગ્રી પણ કોઈ સુરક્ષિત ઉંચાણવાળી જગ્યાએ તૈયાર રાખવી જોઈએ. જે વિસ્તાર ભૂતકાળમાં સંપર્ક વગરના થઈ ગયા હોય તેવા ગામડાઓ અને વિસ્તારોમાં પહેલેથી જરૂરી સામગ્રીઓ પહોંચાડી દેવી જોઈએ જેથી બીજી વ્યવસ્થા પહોંચે એ દરમિયાન તેઓ પોતાની મેળે જ પોતાની વ્યવસ્થા કરી શકે. ચોમાસામાં લાઈટ જવાની પૂરી સંભાવના રહે છે અને કોઈ પણ આપત્તિ આવે ત્યારે સુધી પહેલા લાઈટ જાય છે એવા સમયમાં દરેક ગામમાં એકાદ જનરેટર અને તે લાંબો સમય ચાલી શકે તેટલું તેના ઈંધણની વ્યવસ્થા કરી રાખવી જોઈએ. જેથી આપત્તિમાં અંધારામાં વ્યવસ્થા કરવાની તકલીફ ન પડે. જરૂરી વિસ્તારમાં તાલપત્રી વગેરે પણ તૈયાર રાખવા જોઈએ. આ ઉપરાંત લોકો અને સરકારી કર્મચારીઓ માટે પૂરતા પ્રમાણમાં ટોર્ચ પણ રાખવી જોઈએ.

જથ્થાબંધ માર્કેટ કે જ્યાં મોટો અનાજનો જથ્થો રહેતો હોય તે પાણીથી બગડે નહીં તે માટે પણ પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ. પાણી વધારે ભરાતા હોય અને ડૂબી જવાની શક્યતાઓ હોય ત્યાં લોકો તરી શકે તે માટે ટાયર અને એની મદદરૂપ વસ્તુઓ પણ લોકોએ અને તંત્રએ તૈયાર રાખવી જોઈએ. વેચાણવાળા વિસ્તારના લોકોને જ્યાં ખસેડવાના હોય તે જગ્યાએ પણ ખોરાક અને આરામની તથા કેટલાક સમય ત્યાં રહેવાની આગોતરી વ્યવસ્થા પૂરતી કરી રાખવી જોઈએ.

## લોકોએ અને સરપંચોએ રાખવાની સાવધાની

અચાનક મોટા પ્રમાણમાં આફત આવી પડે ત્યારે સરકારી તંત્ર એકલા હાથે તેની સામે એવી પરિસ્થિતિમાં કામ કરવામાં ચોક્કસ મુશ્કેલી અનુભવે છે એવા સંજોગોમાં લોકો અને ગામના સરપંચોએ પણ આગોતરી સાવધાની રાખવી જોઈએ. સૌપ્રથમ ગામમાં અને પોત પોતાના ઘરમાં દૂધનો બનાવવાનો મિલ્ક પાવડર, ચા, ખાંડ, લોટ, મીઠું અને તેલ, બટાકા ડુંગળી, જરૂરી મસાલા, તેલ, સુકા નાસ્તાઓ વગેરેનો પૂરતો સ્ટોક અગાઉથી રાખી લેવો જોઈએ જેથી ક્યારેક સંપર્ક તૂટી જાય તો ખાદ્ય સામગ્રીની તકલીફ ન પડે. પીવાના પાણીના પણ બાટલા સમયાંતરે પૂરતા ભેગા કરી રાખવા જોઈએ. જેથી ગામ લોકો શુદ્ધ પાણી વગર અટકે નહીં. આ ઉપરાંત દરેક ઘરમાં અને ગામમાં સામૂહિક રસોડું શરૂ કરવાની જરૂર પડે તો તેના માટે ગેસના બાટલા અને બધી ખાદ્ય સામગ્રી ચોમાસામાં તૈયાર રાખવી જોઈએ. દરેક સરપંચે ગામમાં પીવાના પાણીનું ફિલ્ટર મશીન તથા જનરેટર અચૂક વસાવી લેવું જોઈએ. દરેક ગામમાં એક મોટી યાંત્રિક હોડી પણ રાખવી જોઈએ જેથી આજુબાજુ પાણી ભરાય તો ત્યારે ઈમરજન્સી હેરફેર અટકે નહીં. સરકારે પણ આ માટે મદદ કરવી જોઈએ. નિચાણવાળા વિસ્તારોને સાવધાન કરી અને તેમની વૈકલ્પિક વ્યવસ્થા ગામના કોઈ ઊંચાણવાળી ટેકરી ઉપર આવેલા સ્થળે વ્યવસ્થા કરી રાખવી જોઈએ. વરસાદમાં પશુઓની પૂરતી સંભાળ લઈ તેમને સલામત જગ્યાએ રાખવા જોઈએ. તેઓ છૂટા મુકવા નહીં જેથી તે નદી કે વહેતા પાણીમાં તણાઈ ન જાય. તેમના માટે ઘાસચારા અને અન્ય જરૂરી ખોરાકની પણ પૂરતી વ્યવસ્થા રૂપે પહેલેથી સંગ્રહ કરી રાખવો જોઈએ. ગામનો સંદેશા વ્યવહાર તૂટી ન જાય તેના માટે મોટી પાવર બેંક અને ગામના મુખ્ય વ્યક્તિઓના અને વ્યવસ્થા સાથે સંકળાયેલા લોકોના મોબાઈલ રિચાર્જ કરવા માટે બેટરી અને જનરેટર આધારિત મીની રિચાર્જ પાવર સ્ટેશન તૈયાર રાખવું જોઈએ. ગામમાં જેટલા ઘર હોય તે પ્રમાણમાં મીણબત્તી અને ટોર્ચ તથા તેના પાવર અને ગામ લોકોની જરૂરિયાત પ્રમાણેની તથા ઈમરજન્સીમાં જરૂર પડી શકે તેવી પૂરતી દવાઓનો સ્ટોક પણ રાખવો જોઈએ.

# ગાંધીધામ રેલવે સ્ટેશન ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વિશેષ શિબિર યોજાઈ

ગાંધીધામ - કચ્છઉદય : 'યોગથી નિરોગી જીવન'ના સંદેશને સાકાર કરતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ગાંધીધામ રેલવે સ્ટેશન ખાતે યોગ, પ્રાણાયામ અને ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ૫૦થી વધુ રેલવે કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે યોગના મહત્વને નજીકથી અનુભવ્યું હતું.

આધુનિક જીવનશૈલી અને વધતા કામના દબાણ વચ્ચે માનસિક તણાવ, ચિંતા અને આરોગ્ય સંબંધિત સમસ્યાઓમાં વધારો થઈ રહ્યો છે. આવા સમયમાં યોગ અને ધ્યાન વ્યક્તિને સંતુલિત, સ્ફૂર્તિમય અને સ્વસ્થ જીવન જીવવામાં મદદરૂપ બને છે. આ હેતુને ધ્યાનમાં રાખી યોજાયેલી શિબિરમાં આર્ટ ઓફ લિવિંગના અનુભવી પ્રશિક્ષકો નરેન્દ્રભાઈ કચ્છી અને યાત્રીબેન કચ્છીએ કર્મચારીઓને વિવિધ યોગાસનો, પ્રાણાયામની પદ્ધતિઓ તેમજ ધ્યાનની ક્રિયાઓનું માર્ગદર્શન આપ્યું હતું.

પ્રશિક્ષકોએ યોગના વૈજ્ઞાનિક અને વ્યવહારુ પાસાઓ અંગે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું હતું કે નિયમિત યોગાભ્યાસ શરીરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે, સ્નાયુઓને મજબૂત બનાવે છે અને શરીરમાં નવી ઊર્જાનો સંચાર કરે છે.

પ્રાણાયામ દ્વારા શ્વાસોચ્છવાસની પ્રક્રિયા સુવ્યવસ્થિત બનતાં મનમાં શાંતિ અને એકાગ્રતા વધે છે, જ્યારે ધ્યાન દ્વારા આંતરિક સ્થિરતા અને સકારાત્મક વિચારોનો વિકાસ થાય છે.

શિબિર દરમિયાન કર્મચારીઓએ વિવિધ આસનો અને શ્વાસની કસરતોમાં ભાગ લઈ ઉત્સાહપૂર્વક યોગાભ્યાસ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન અનેક કર્મચારીઓએ જણાવ્યું હતું કે યોગ અને ધ્યાન દ્વારા તેઓએ માનસિક હળવાશ, તણાવમાંથી મુક્તિ અને નવી સ્ફૂર્તિનો અનુભવ કર્યો હતો. નિયમિત યોગાભ્યાસ વ્યક્તિગત જીવન ઉપરાંત કાર્યક્ષેત્રમાં પણ કાર્યક્ષમતા વધારવામાં મદદરૂપ બને છે તેવો મત પણ ઉપસ્થિતોએ વ્યક્ત કર્યો હતો.

રેલવે જેવી જવાબદારીસભર સેવામાં કાર્યરત કર્મચારીઓ માટે શારીરિક તંદુરસ્તી અને માનસિક સંતુલન જાળવવું અત્યંત જરૂરી હોવાથી આવા આરોગ્યલક્ષી કાર્યક્રમોનું વિશેષ મહત્વ હોવાનું ઉપસ્થિત અધિકારીઓએ જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન યોગને જીવનશૈલીનો અભિન્ન ભાગ બનાવી સ્વસ્થ અને સુખી જીવન જીવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજનમાં ગાંધીધામ રેલવે સ્ટેશનના સ્ટેશન પ્રબંધક રાજેશકુમાર, નિરીક્ષક મહાવીરજી તથા વિવેક રાવલ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ સક્રિય સહયોગ આપ્યો હતો.

કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોએ નિયમિત યોગ અને ધ્યાન અપનાવી સ્વસ્થ સમાજ અને સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## કંપની દ્વારા શક્તિ નિયમોના લીરા : તંત્ર કંપનીના ઘૂંટણીયે

# વરસાણા સ્થિત કચ્છ કેમિકલ કંપનીમાં કરંટ લાગતા શ્રમિકનું મોત

**કચ્છ કેમિકલની ઘટનાએ ઔદ્યોગિક સલામતી સામે અનેક સવાલો ઊભા કર્યા : શ્રમિકોની સુરક્ષા અંગે તપાસમાં અનેક પાસાં ચકાસવાની જરૂર સલામતીના નિયમોનું ખરેખર પાલન થયું હતું કે માત્ર કાગળ પૂરતું? : ઇલેક્ટ્રિકલ સેફ્ટીથી લઈને PPE સુધી તમામ વ્યવસ્થાની તપાસ જરૂરી : શ્રમિકના મોત બાદ ફેક્ટરીની સલામતી વ્યવસ્થાનું ઓડિટ જરૂરી બન્યું : સેફ્ટી ઓડિટ, તાલીમ અને સુરક્ષા સાધનો અંગે થશે ઊંડાણપૂર્વક તપાસ?**

**"કંપનીનો દાવો : તમામ સલામતી નિયમોનું પાલન કરીએ છીએ; શ્રમઆયુક્તનો સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ"**

અંજાર : અંજાર તાલુકાના વરસાણા સ્થિત કચ્છ કેમિકલ કંપનીમાં કામ દરમિયાન ઈલેક્ટ્રિક શોર્ટ લાગતા એક શ્રમિકનું મોત નીપજ્યું હોવાનું પોલીસમાં અકાળમોતનો દાખલો નોંધાયો છે.મૃતક અરવિંદ લક્ષ્મણભાઈ યાદવ (ઉ.વ.૩૨), મૂળ બિહારના વતની અને હાલ કચ્છ કેમિકલ કંપનીની લેબર કોલોનીમાં રહેતા હતા. તેઓ ડ્રિલ મશીન પર કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક ઈલેક્ટ્રિક શોર્ટ લાગતા ગંભીર રીતે દાઝ્યા હતા. પ્રથમ તેમને ભાઈ હોસ્પિટલ, આદીપુર ખસેડાયા હતા, જ્યાંથી વધુ સારવાર માટે રામબાગ સરકારી હોસ્પિટલ લઈ જવાયા હતા. જોકે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.અંજાર પોલીસે મદદેજીજી કલમ-૧૯૪ હેઠળ અકાળમોતનો દાખલો નોંધી મૃતદેહનું પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વધુ તપાસ પીએસઆઈ જે.એસ. ચુડાસમા ચલાવી રહ્યા છે.

આ સંદર્ભે કંપનીના યુનિટ હેડ શ્રી પુરોહિતની સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે અમે તમામ નીતિ નિયમોના પાલન કરી રહ્યા છીએ. તો વળી બીજી તરફ ગાંધીધામમાં રાજ્ય સરકાર ની શ્રમઆયુક્ત કચેરીના શ્રી પટેલ નો સંપર્ક કરવાનો પ્રયાસ તેમના ફોનની ઘંટડી રણકતી રહી હોવાથી વિફળ નીકળ્યો હતો.

### સવાલો ઊભા કરતો અકસ્માત : જવાબદારો સામે કડક કાર્યવાહી થશે?

ગાંધીધામ :વરસાણા સ્થિત કચ્છ કેમિકલ કંપનીમાં શ્રમિકના કરંટ લાગવાથી થયેલા મોત બાદ અનેક સવાલો ઊભા થયા છે. ફેક્ટરી ઈન્સ્પેક્ટર, લેબર કમિશનર, ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય વિભાગ , શ્રમ વિભાગ તથા સ્થાનિક આરોગ્ય તંત્ર દ્વારા ઘટનાની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવી જરૂરી બની છે. **ઉઠતા સવાલો...** ★ ઘટનાસ્થળે સલામતીના નિયમોનું પાલન થતું હતું કે નહીં? ★ શ્રમિકને જરૂરી સેફ્ટી કિટ અને ઈલેક્ટ્રિકલ પ્રોટેક્શન આપવામાં આવ્યું હતું? ★ મશીનરીનું નિયમિત સેફ્ટી ઓડિટ અને ઈન્સ્પેક્શન કરવામાં આવતું હતું? ★ કંપની પાસે ઈમરજન્સી રેસ્ક્યુ અને ફર્સ્ટ એઈડની પૂરતી વ્યવસ્થા હતી? ★ જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી થશે કે માત્ર કાગળ પરની તપાસ થશે?

શ્રમિકના મોતની ઘટનાને માત્ર અકાળમોત તરીકે નહીં, પરંતુ ઔદ્યોગિક સલામતીના દૃષ્ટિકોણથી ગંભીરતાથી તપાસી જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી રહી છે.

### શ્રમિકોની સલામતી કે માત્ર કાગળ પરના નિયમો?

ગાંધીધામ :કચ્છના ઔદ્યોગિક વિસ્તારમાં વારંવાર બનતા અકસ્માતો વચ્ચે શ્રમિકોની સલામતી અંગે ફરી ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ફેક્ટરીઓમાં સલામતીના નિયમોનું કડક પાલન થાય છે કે નહીં તે અંગે સત્તાવાળાઓએ ઊંડાણપૂર્વક તપાસ કરવી જરૂરી બની છે.

**તપાસમાં ધ્યાન આપવા જેવા મુદ્દા...** ★ શ્રમિકોને ઈન્સ્યુલેટેડ ગ્લોવ્સ, સેફ્ટી શૂઝ, હેલ્મેટ અને અન્ય ઈ આપવામાં આવતા હતા? ★ ઈલેક્ટ્રિકલ મશીનરીનું નિયમિત મેન્ટેનન્સ અને સેફ્ટી ટેસ્ટિંગ કરવામાં આવતું હતું? ★ નવા અને કોન્ટ્રાક્ટ શ્રમિકોને સલામતીની તાલીમ આપવામાં આવતી હતી? ★ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટથી બચાવ માટે જરૂરી સુરક્ષા ઉપકરણો કાર્યરત હતા? ★ અકસ્માત બાદ કંપનીએ શ્રમ કાયદા મુજબ તાત્કાલિક સંબંધિત વિભાગોને જાણ કરી હતી? ★ ફેક્ટરીમાં અગાઉ પણ આવા અકસ્માતો બન્યા છે કે નહીં અને તે અંગે શું કાર્યવાહી થઈ હતી? શ્રમિકોની સુરક્ષા કોઈ ઔપચારિકતા નહીં પરંતુ કાનૂની અને માનવીય જવાબદારી છે. આ ઘટનાની નિષ્પક્ષ તપાસ બાદ જો કોઈ બેદરકારી સામે આવે તો જવાબદારો સામે કડક કાર્યવાહી થવી જોઈએ અને ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ અટકાવવા અસરકારક પગલાં લેવાં જરૂરી છે.

## અંજાર GIDC સામે રોન્ગ સાઈડમાં ધસી આવેલા ટ્રેલરે યુવકને હડફેટે લેતાં કાળમુખો અકસ્માતઃ ૨૪ વર્ષીય નારણ દાફડાનું મોત

અંજાર - કચ્છઉદય : અંજાર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કચ્છ એન્જીનીયરિંગની સામેના રોડ પર વધુ એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં એક બેફામ ગતિએ અને રોન્ગ સાઈડમાં આવેલા ટ્રેલરે ૨૪ વર્ષના આશાસ્પદ યુવકને અડફેટે લેતા તેનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું છે. અકસ્માત સર્જી ટ્રેલર ચાલક વાહન મૂકી નાસી છૂટ્યો હતો.

બનાવની વિગત એવી છે કે, રામદેવનગર, જી.આઈ.ડી.સી. અંજાર ખાતે રહેતા કિશનભાઈ પુંજાભાઈ દાફડાના ૨૪ વર્ષીય ભાઈ નારણ પુંજાભાઈ દાફડા ગત તારીખ ૧૦/૦૭/૨૦૨૬ના સાંજે આશરે ૬:૧૪ વાગ્યાના અરસામાં રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન ટ્રેલર નંબર GJ-12-BW-5065 ના ચાલકે પોતાના કબ્જાનું વાહન પૂરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે રોન્ગ સાઈડમાં ચલાવી નારણભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નારણભાઈને માથાના ભાગે ગંભીર અતિશય ઈજાઓ અને શરીરે છોલછાલ થતાં તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ચાલક અકસ્માતગ્રસ્તોને મદદ કરવા કે પોલીસને જાણ કરવાના બદલે નાસી ગયો હતો.

મૃતકના ભાઈ કિશનભાઈએ જણાવ્યું હતું કે, ભાઈના હિન્દુ ધર્મના રીત-રિવાજ મુજબ અંતિમ સંસ્કાર અને વિધિ પૂર્ણ કર્યા બાદ તેઓએ ગત રોજ અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ટ્રેલર ચાલક સામે બી.એન.એસ. કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી. એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો દાખલ કર્યો છે. આ અકસ્માત અંગે એ.એસ. આઈ નરશીભાઈ મેઘાભાઈ ઝાપડીયા અને સાયબર પોલીસ સબ ઈન્સ્પેક્ટર સી. એસ. ગઢવી વધુ તપાસ ચલાવી રહ્યા છે.


अष्टम पुण्य तिथि

श्रद्धांजलि



तन समर्पित-मन समर्पित, और यह जीवन समर्पित
चाहता हूँ देश के धरती, तुझे कुछ और भी दूँ..

श्रद्धेय स्व. श्री राजकृपालजी

30-01-1930 - 12-07-2018

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।
कीर्तिर्यस्य सः जीवति ।
मृत्यु नहीं है अंतिम क्षण, उसके बाद भी है जीवन।
जब तक सुकर्म के अवशेष, तब तक रहता जीवन शेष ॥

संस्थापकः शिक्षा भारती - हापुड़ (उ. प्र.)
पूर्व राष्ट्रीय कोशाध्यक्ष - विद्याभारती अखिल भारतीय शिक्षा संस्थान

"नवजीवन का दीप जगाकर आपने दी पहचान दिशा दिखा सबके जीवन को पुण्य का किया है काम
वटवृक्ष सी सौम्य छाया, सबके लिए समान आज हृदय से कर रहे है शत् शत् आपको प्रणाम"

सुमित्रा राजकृपाल ग्रुप के संस्थापक
हमारे प्रेरणास्रोत पूज्य बाबूजी को हमारा शत शत नमन !

CELEBRATING 130 YEARS OF WOOD

श्रद्धावंत
समस्त गर्ग परिवार

SRG PLY & BOARDS
Sumitra Rajkripal Group
SINCE 1895


#### કાયદાની મર્યાદા અને જોગવાઈનો ગેરલાભ

## ધંધાની નવી મોડસ ઓપરેન્ડીથી કચ્છમાં ડ્રગ પેડલરો બેફામ

**નાની માત્રામાં ડ્રગ્સનું વેચાણ કરતાં આરોપીઓ જામીન પર છૂટી જાય છે : ઠેકઠેકાણે પોલીસ દ્વારા એનડીપીએસના કેસ કરાય છે પરંતુ જથ્થો ઓછો હોવાનું અવલોકન : કેટલાક સ્થળોએ ખાખીધારીઓ જ ઓછી ક્વોન્ટીટીના કેસની સવલત કરી આપતા હોવાની ચર્ચા**

ભુજ - કચ્છઉદય : રાજયમાં દરિયાઈ માર્ગે અબજો રૂપિયાનું ડ્રગ્સ પકડાય છે. અલગ અલગ વિસ્તારોમાં ડ્રગ્સના બંધાણીઓ વધી જતા તાજેતરમાં ડીજીપી જી.એસ.મલિકે આ બદીને ડામવા માટે તમામ થાણાઓને કેસ કરવા સુચના આપી હતી. પરંતુ કરવા ખાતરની કાર્યવાહી કરતી પોલીસે મોટા ભાગના કિસ્સામાં માત્ર કેસ જ કર્યા છે. ડીજીપીનો હેતુ હતો કે, ડ્રગ્સ પકડાય, તેને ખરીદનારા - વેચનારા, સેવન કરનારા પકડાય જેથી આ સાયકલ તુટે. પરંતુ કડક અમલવારી કરે તો ઘણા અમલદારોના હપ્તા બંધ થાય તેમ જણાતા મોટે ભાગે માત્ર કરવા ખાતર કેસ થયા છે. પશ્ચિમ કચ્છમાં પોલીસે ઉપરા ઉપરી ગાંજાના કેસ કર્યા પરંતુ મોટા ભાગના કિસ્સામાં માલ ૧૦ હજારની અંદર હતો. ઓછી ગુણવતા હોવાના કારણે ડ્રગ્સ પેડલરો છુટી જાય છે અને જેને પકડયા હતા તે તમામ બંધાણીઓ હતા. ખરેખર ડ્રગ્સના કેસમાં વિશેષ પંચનામુ, વીડિયોગ્રાફી સહિતની કામગીરી કરવાની હોય જેથી એક કેસ કરવામાં ઓછામાં ઓછા આઠથી દસ કલાક થાય છે. પરંતુ પોલીસની ઢીલાશના કારણે આરોપીઓ એટલો સમય પણ લોકઅપમાં રહેતા નથી. પકડાયા બાદ પણ ચાર્જશીટ કરવામાં શોધાતી છટકબારીથી કોર્ટમાં પણ આવા આરોપીઓને સજા થતી નથી.

વરિષ્ઠ અધિકારીઓ નીચેના કર્મચારીઓ દ્વારા થતી ડ્રગ્સની કામગીરીમાં નજર નાખશે તો કેટલીક ખામીઓ નજર આવશે.

નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ દરેક પ્રકારના નશીલા પદાર્થ માટે સ્મોલ, ઈન્ટરમીડિયેટ અને કોમર્શિયલ ક્વોન્ટિટી નક્કી કરવામાં આવી છે. આરોપી પાસેથી મળતા જથ્થાના આધારે ગુનો અને સજાની જોગવાઈ નક્કી થતી હોવાથી ઘણા પેડલરો હવે કાયદાની આ જોગવાઈનો ગેરલાભ ઊઠાવી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં ભ્રષ્ટ પોલીસ કર્મચારી જ ઓછા માલની ગોઠવણ કરી આપે છે. કાયદાની જોગવાઈઓનું જ્ઞાન મેળવી તેઓ હવે માત્ર સ્મોલ ક્વોન્ટિટીમાં જ ડ્રગ્સનો જથ્થો રાખીને આરોપીઓ વેપાર કરતા હોવાની ચર્ચા ચાલી રહી છે.

પેડલરો પોતાની પાસે ક્યારેય મોટો જથ્થો રાખતા નથી. ગ્રાહકોની માગ પ્રમાણે જ ડ્રગ્સ મગાવી બે કે ત્રણ નાના ઝીપર પેકેટમાં સપ્લાય કરવામાં આવે છે. જો પોલીસના હાથે ઝડપાઈ જાય તો પણ આરોપી પાસેથી મોટા ભાગે સ્મોલ ક્વોન્ટિટી જ મળી આવતી હોવાથી પોલીસ માટે કાયદાકીય મર્યાદા ઊભી થાય છે. પરિણામે કેટલાક કિસ્સામાં પોલીસ સ્ટેશનમાંથી જ જામીન આપવા અથવા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂઆત બાદ આરોપીને મુક્ત કરવાની ફરજ પડતી હોવાનું જાણવા મળે છે. જાણકારોનું માનવું છે કે અનેક વિસ્તારોમાં નાના પેડલરોનું નેટવર્ક ઝડપથી વિસ્તરી રહ્યું છે. ખાસ કરીને ગાંજાના વેચાણમાં સંકળાયેલા શખ્સો કાયદાની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને જ પોતાનું મોડ્યુલ ચલાવી રહ્યા છે. જેના કારણે મોટા જથ્થા ઝડપાવાના બનાવો ઘટ્યા છે, પરંતુ નાના પ્રમાણમાં સતત થતો પુરવઠો પોલીસ માટે પડકારરૂપ બન્યો છે. જે રીતે ડ્રગ્સના નાના પેડલરો ઝીપરની અંદર સ્મોલ ક્વોન્ટિટીમાં ડ્રગ્સની હેરાફેરી કરતા થયા છે, તે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાના જથ્થાના વારંવાર થતા ગુનાઓ સામે વધુ અસરકારક કાયદાકીય વ્યવસ્થા અંગે વિચારણા કરવાની જરૂર છે. પૂર્વ કચ્છના ગાંધીધામ - અંજાર

અનુસંધાન પાના નં.૫ પર

### કયા જથ્થાને સ્મોલ, ઇન્ટરમીડિયેટ અને કોમર્શિયલ ક્વોન્ટિટી ગણવામાં આવે છે?

- **હેરોઈન :** ૫ ગ્રામ સુધી સ્મોલ, ૫થી ૨૫૦ ગ્રામ ઈન્ટરમીડિયેટ અને ૨૫૦ ગ્રામથી વધુ કોમર્શિયલ.
- **અફીણઃ** ૨૫ ગ્રામ સુધી સ્મોલ, ૨૫ ગ્રામથી ૨.૫ કિલોગ્રામ ઈન્ટરમીડિયેટ અને ૨.૫ કિલોગ્રામથી વધુ કોમર્શિયલ.
- **મોર્ફિનઃ** ૫ ગ્રામ સુધી સ્મોલ, ૫ થી ૨૫૦ ગ્રામ ઈન્ટરમીડિયેટ અને ૨૫૦ ગ્રામથી વધુ કોમર્શિયલ.
- **ગાંજોઃ** ૧ કિલોગ્રામ સુધી સ્મોલ, ૧ થી ૨૦ કિલોગ્રામ ઈન્ટરમીડિયેટ અને ૨૦ કિલોગ્રામથી વધુ કોમર્શિયલ.
- **ચરસઃ** ૧૦૦ ગ્રામ સુધી સ્મોલ, ૧૦૦ ગ્રામથી ૧ કિલોગ્રામ ઈન્ટરમીડિયેટ અને ૧ કિલોગ્રામથી વધુ કોમર્શિયલ.
- **કોકા પાનઃ** ૧૦૦ ગ્રામ સુધી સ્મોલ, ૧૦૦ ગ્રામથી ૨ કિલોગ્રામ ઈન્ટરમીડિયેટ અને ૨ કિલોગ્રામથી વધુ કોમર્શિયલ.
- **કોકેઈનઃ** ૨ ગ્રામ સુધી સ્મોલ, ૨ થી ૧૦૦ ગ્રામ ઈન્ટરમીડિયેટ અને ૧૦૦ ગ્રામથી વધુ કોમર્શિયલ.
- **એમડીઃ** ૨ ગ્રામ સુધી સ્મોલ, ૨ થી ૫૦ ગ્રામ ઈન્ટરમીડિયેટ અને ૫૦ ગ્રામથી વધુ કોમર્શિયલ.
- **એલએસડીઃ** ૨ મિલીગ્રામ સુધી સ્મોલ, ૨ થી ૧૦૦ મિલીગ્રામ ઈન્ટરમીડિયેટ અને ૧૦૦ મિલીગ્રામથી વધુ કોમર્શિયલ.


786/92 કચ્છ મુસ્લિમ સમાજનું ગૌરવ 786/92
મુબારક બાદી...



પલેજા અહેમદ હાજી મોહમ્મદ

આપે Customs House Agent (CHA) ભારતમાંથી માત્ર ૧૬૩ ઉમેદવારો સફળ થયા, જેમાં કચ્છના મુસ્લિમ સમાજના યુવાન પલેજા અહેમદ હાજી મોહમ્મદએ સફળતા મેળવી સમાજ, પરિવાર અને સમગ્ર કચ્છનું નામ રોશન કર્યુ છે. તે બદલ અલ્લાહ તઆલા તમને વધુ સફળતાઓ, બરકત અને દીર્ઘ આયુષ્ય અતા કરે અને યુવાનો માટે પ્રેરણારૂપ બનાવે. દિલથી મુબારકબાદ!

આ સફળતા માત્ર તમારી નથી,
પરંતુ સમગ્ર કચ્છ મુસ્લિમ સમાજ માટે ગૌરવની ક્ષણ છે.

::: શુભેચ્છક :::
હાજી મોહમ્મદ હાજી ઉમર પલેજા -પિતા
• મોહસીન હાજી મોહમ્મદ પલેજા -ભાઈ • મકબૂલ હાજી મોહમ્મદ પલેજા -ભાઈ
એમ.એમ. ઓવરસિસ (પડાણા-ગાંધીધામ)
એમ.એમ. એન્ટરપ્રાઈઝ (ગાંધીધામ)
સૈલાની શિપિંગ એન્ડ લોજિસ્ટિક્સ (કંડલા)


## ગાંધીધામની નવી સુંદરપુરીમાં જુગારધામ પર પોલીસનો દરોડો

**બે મહિલાઓ સહિત ચાર જુગારીઓ રૂ. ૧૩,૭૦૦ની રોકડ સાથે ઝડપાયા**

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે નવી સુંદરપુરી વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના વડે હાર-જીતનો જુગાર રમી રહેલી બે મહિલાઓ સહિત ચાર શખ્સોને બાતમીના આધારે ત્રાટકીને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસ રેઈડ દરમિયાન જુગારીઓ પાસેથી હજારોની રોકડ જપ્ત કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગઈકાલ તારીખ ૧૭/૦૭/૨૦૨૬ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યાના અરસામાં નવી સુંદરપુરી ઈમામ ચોક નજીક જાહેરમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોવાની બાતમી ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસના હેડ કોન્સ્ટેબલ જનકભાઈ ગોરધનભાઈ લકુમને મળી હતી. જેના આધારે પોલીસે ઘટનાસ્થળે રેઈડ કરતા જુગાર રમતા ચાર આરોપીઓઃ (૧) દશરથભાઈ મૂળજીભાઈ પ્રજાપતિ, (૨) મનોજભાઈ વાઘજીભાઈ ઠક્કરને ઝડપી લીધા હતા. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી જુગારના પટમાંથી રોકડા રૂ. ૧૩,૭૦૦/- અને ૫૨ ગંજીપાના જપ્ત કર્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા આરોપીઓ પૈકી દશરથભાઈ પ્રજાપતિ અગાઉ વર્ષ ૨૦૨૪માં પણ ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકે જુગારના ગુનામાં પકડાઈ ચૂક્યો છે અને તેનો ગુનાહિત ઈતિહાસ છે. આ મામલે એ.એસ.આઈ. મયુરગીરી હરેશગીરી ગોસ્વામી અને એ.એસ.આઈ. રમેશભાઈ બાવલભાઈ મેણીયા જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.